# PE-2 PERSPECTIVES IN EDUCATION

**યુનિટ-૧ કેળવણીની તાત્વિક વિચારસરણીઓ**

૧.૧ તત્વજ્ઞાનની અને શૈક્ષણિક તત્વજ્ઞાનની : સંકલ્પના અને શિક્ષણમાં તેનું મહત્વ

૧.૨ શિક્ષણના પ્રકાર – ઔપચારિક અને અનૌપચારિક

૧.૩ સ્વામી વિવેકાનંદ અને જે.કૃષ્ણમૂર્તિના શિક્ષણના વિચારો

(જીવન કવન,કેળવણીની સંકલ્પના,શિક્ષણના ધ્યેયો,અભ્યાસક્રમ,અધ્યયન અધ્યાપન પધ્ધતિ,ગુરુ શિષ્ય સંબંધ અને શિસ્ત)

૧.૪ તાત્વિક વિચારસરણીઓ

(પરિચય,પુરસ્કર્તા,શિક્ષણનો અર્થ,શિક્ષણના ધ્યેયો,અભ્યાસક્રમ,અધ્યયન-અધ્યાપન પધ્ધતિ,ગુરુ-શિષ્ય સંબંધ અને શિસ્ત)

૧.૪.૧ આદર્શવાદ

૧.૪.૨ પ્રકૃતિવાદ

૧.૪.૩ વાસ્તવવાદ

૧.૪.૪ વ્યવહારવાદ

**યુનિટ-૨ ભારતમાં શિક્ષણ વ્યવસ્થા**

૨.૧ પ્રાચીન ભારતમાં શિક્ષણ : વેદકાળ અને બૌધકાળ દરમિયાન ભારતમાં શિક્ષણ

(ઐતિહાસિક ભૂમિકા,અર્થ,મહત્વ,વિશિષ્ટતાઓ,અભ્યાસક્રમ,પધ્ધતિ અને ગુરુ શિષ્ય સંબંધ)

૨.૨ પ્રાચીન ભારતની શિક્ષણ સંસ્થાઓ – નાલંદા વલભી તક્ષશિલાનો પરિચય

૨.૩ શિક્ષણ દ્વારા સુધારણા – ગીજુભાઈ બધેકાની દ્રષ્ટીએ

૨.૪ ગાંધીજીની વર્ધા મૂળભૂત શિક્ષણની યોજના-નઈ તાલીમ

**યુનિટ-૩ સ્વાતંત્ર્ય ભારતમાં શિક્ષણની નીતિઓ અને પંચો**

૩.૧ યુનિવર્સિટી શિક્ષણ પંચ (૧૯૪૮-૪૯)

૩.૨ માધ્યમિક શિક્ષણ પંચ (૧૯૫૨-૫૩)

૩.૩ રાષ્ટ્રીય શિક્ષણ પંચ (૧૯૬૪-૬૬)

૩.૪ શિક્ષણની રાષ્ટ્રીય નીતિ (૧૯૮૬)

૩.૫ સંશોધિત રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (૧૯૯૨)

**યુનિટ-૪ શિક્ષણ વ્યવસ્થાના નુતન પ્રવાહો**

૪.૧ NEP ૨૦૨૦: શાળા શિક્ષણની તારેહનું પુનઃગઠન,શાળાનો અભ્યાસક્રમ અને શિક્ષણ પધ્ધતિ

૪.૨ NEP ૨૦૨૦: ભવિષ્યમાં આવનાર તાલીમી કોલેજોની વ્યવસ્થા

૪.૩ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ (અર્થ,જરૂરિયાત,કલમો)

૪.૪ RTE અંતર્ગત પ્રવેશની પ્રક્રિયાનો પરિચય

**યુનિટ-૧ કેળવણીની તાત્વિક વિચારસરણીઓ**

**૧.૧ તત્વજ્ઞાનની અને શૈક્ષણિક તત્વજ્ઞાનની : સંકલ્પના અને શિક્ષણમાં તેનું મહત્વ**

**તત્વજ્ઞાનની સંકલ્પના:**

તત્વજ્ઞાનમાં તત્વ એટલે શું એ સૌપ્રથમ વિચારવું પડે. ભારતમાં યુગોથી તત્વની શોધ કરવાનો અનેક મનીષીઓ અને ચિંતકોએ પ્રયાસ કર્યો છે. તત્વજ્ઞાન એ તત્વનું, જીવનના તત્વનું યા જીવનનું વ્યાપક અને વૈશેષિક દર્શન છે. જીવનનાં રહસ્યોનો તાગ મેળવવાનો તત્વજ્ઞાન પ્રયાસ કરે છે. જીવનનાં સુક્ષ્મતમ રહસ્યો અને તત્વોની સનાતન ખોજ એ તત્વજ્ઞાનનો વિષય રહ્યો છે. માનવજીવનના ઉષ:કાળથી જ પોતાના જીવનને પામવાનો, જીવનનાં રહસ્યોને તાગવાનો પ્રયાસ કરે છે. માનવનો સ્વ અને જીવન પ્રત્યે જોવાનો આગવો દ્રષ્ટિકોણ એ તત્વજ્ઞાનનો વિષય રહ્યો છે. માનવ પોતાના જન્મથી જયારે પોતાની જીવનયાત્રા આરંભે છે ત્યારેથી જ તે कोऽहम પોતે કોણ છે, શા માટે જન્મ પામ્યો છે, જીવનનું અંતિમ ધ્યેય શું છે તે જાણવાનો અને પામવાનો પ્રયાસ કરતો રહ્યો છે, તેમાંથી તત્વજ્ઞાનનો જન્મ થયો છે. તે સ્વની શોધ આદરે છે, તે પોતાને જન્મ આપનાર પરમ તત્વની શોધ આદરે છે, જીવનનાં સનાતન સત્યની શોધ આદરે છે અને છેવટે તે તત્વમસિ કહીને આશ્વાસન શોધે છે. આમ છતાં, યુગોથી પોતાની શોધમાં....પરમ તત્ત્વની શોધમાં નીકળેલ માણસ હજી સુધી જીવનના મૂળભૂત તત્ત્વને પામી શક્યો નથી. તેથી, આપણા ઋષિમુનિઓએ પણ સોऽહમ્ કહીને અને પરમ તત્ત્વ માટે નૈતિક નૈતિ શબ્દોદ્‌ગાર કાઢીને પોતાની સીમાઓ અંકિત કરી દીધી છે.

તત્ત્વજ્ઞાન યા દર્શન એ માનવનું જીવન પરંતુ સનાતન ચિંતન છે. તત્ત્વજ્ઞાન શબ્દનો અંગ્રેજી પર્યાય Philosophy છે. આ શબ્દમાં બે શબ્દો આવેલા છે. તે Philos (Love – પ્રેમ) અને Sophia (Knowledge – જ્ઞાન)માંથી ઊતરી આવેલો છે. આથી, તત્ત્વજ્ઞાનનો અર્થ વિદ્યાનુરાગ અથવા જ્ઞાનાનુરાગ એવો થાય છે. જ્ઞાન એ સત્યની સનાતન ખોજ અને સત્યનું અવેષણ છે. આથી, તત્ત્વજ્ઞાન દ્વારા માનવ જીવનસાગરમાંથી સત્યનાં સનાતન મૌક્તિકો પામવાની ચિંતન દ્વારા પ્રયાસ કરે છે. કેટલાક ચિંતકો તત્ત્વજ્ઞાનને 'love for wisdom' દાક્ષિણ્યનો અનુરાગ કહે છે. મનુષ્ય જીવનાનુભવોમાંથી જ્ઞાન પ્રાપ્ત કરીને દક્ષતા દાક્ષિણ્ય પ્રાપ્ત કરે છે. તેનું જીવનદર્શન વ્યાપક અને વિશાળ બને છે. જીવનના મહાપ્રસ્થાનથી મૃત્યુની મંગલયાત્રા સુધીનાં સર્વ રહસ્યો શોધવાનો, તેમનામાંથી સત્ય તારવવાનો સતત પ્રયાસ કરે છે. આ તત્ત્વજ્ઞાન છે. જે માનવ આ રહસ્યોને શોધે છે, શોધવા માટે ચિંતન કરે છે તે તત્ત્વજ્ઞાની છે.

દર્શન શબ્દનો ઉપયોગ ક્યારે શરૂ થયો તે કહેવું કઠિન છે. ઈશોપનિષદ, શુક્લ યજુર્વેદ સંહિતાના અન્તિમ ચાલીસામા અધ્યાયના એક શ્લોકમાં દયે' શબ્દ પ્રયોજાયો છે. આ અર્થમાં દર્શન શબ્દનો પ્રથમ ઉપયોગ થયો જણાય છે. "ॐ हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितम् मुखम्, तत् त्वं पूषन् अपावृणु, सत्य धर्माय 'दृष्टये' ॐ" - ईशोपनिषद्

સત્યનું મુખ સુવર્ણથી ઢંકાયેલું છે. તેથી હે સૂર્ય, સત્ય ધર્મના દર્શન માટે તું અમને પ્રેરિત કર.

આમ, દર્શન શબ્દ સત્યને અનાવૃત કરવાના પ્રયાસરૂપે કરવામાં આવ્યો છે, ભારતીય સંસ્કૃતિની પરિભાષામાં દર્શનનો એક શાસ્ત્ર તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે. પતંજલિના યોગસૂત્રનું વિવેચન કરતા પ્રાચીન પંચશિખાચાર્ય નામના ભાષ્યકારે દર્શન – તત્વજ્ઞાનની વ્યાખ્યા આપતાં કહ્યું છે..."एकमेव दर्शनम्, ख्यातिरेव दर्शनम् અહીં ખ્યાતીનો અર્થ જ્ઞાન થાય છે. દર્શન એટલે જ જ્ઞાનની અખંડ જ્યોતને અજવાળે સત્યનું દર્શન એ જ સાચુ દર્શન યા તત્વજ્ઞાન છે. જે માનવ જીવનનાં પરમ રહસ્યોની, સત્યની ખોજ કરે છે, તેને

માટે ચિંતન કરે છે તે જ સાચો તત્ત્વજ્ઞાનાતિ છે. तत्त्वं जानाती स: तत्त्वज्ञ: I તત્ત્વજ્ઞાનની વિશાળતામાં જ્ઞાન, વિજ્ઞાન અને આત્મજ્ઞાનના બધા વિષયોનો સમાવેશ થાય છે. તે બ્રહ્મ અને બ્રહ્માંડનાં રહસ્યોની શાશ્વત ખોજ છે.

એમ કહેવાયું છે કે, "Education is the apprenticeship of life." કેળવની એ જીવનની પૂર્વતાલીમ – પૂર્વતૈયારી છે. પ્રત્યેક માનવ અને માનવસમાજને પોતાનું એક આગવું અને વિશિષ્ટ દર્શન હોય છે. આ દર્શન અનુસાર તે પોતાનું જીવન, પોતાન સમાજ અને સામાજિક સંસ્થાઓનું નિર્માણ કરે છે. કેળવણી અને તત્ત્વશાનને લોહીની સગાઈ (blood relation) છે. તત્ત્વજ્ઞાન અને શિક્ષણ વચ્ચેનો સંબંધ દર્શાવતા કેટલાક કેળવણીકારોનાં મંતવ્યો જોઈશું.

કેળવણીકારોનાં મંતવ્યો :

(1) "Education without philosophy is blind and philosophy without education is invalid."
તત્ત્વજ્ઞાન વિનાની કેળવણી અંધ છે અને કેળવણી વિનાનું તત્ત્વજ્ઞાન નિરર્થક છે.

(2) "Philosophy may be defined as the theory of education in its most general phase."

તત્ત્વજ્ઞાન એ મહદંશે કેળવણીની વિચારધારા છે. -John Dewey

(3) "Education without philosophy would mean understand the precise nature of education."
a failure to understand the precise nature of education," - Gentile
તત્ત્વજ્ઞાન વિનાની કેળવણી એટલે કેળવણીના સ્વરૂપને સમજવાની પામવાની નિષ્ફળતા.

(4) "Education is a laboratory, in which philosophical distinctions concrete and tested."

- John Dewey

કેળવણી એ એવી પ્રયોગશાળા છે કે જેમાં દાર્શનિક વિશિષ્ટતાઓ સંગીન બને છે અને તેમનું મૂલ્યાંકન શક્ય બને છે. હવે ઉપરનાં મંતવ્યો જોયા પછી કેળવણીનો તત્ત્વજ્ઞાન સાથેના સંબંધ પર વિચારણા કરીશું,

**(1) કેળવણી એ તત્ત્વજ્ઞાનનું ક્રિયાત્મક પાસું છે અથવા કેળવણી એ ગતિશીલ તત્ત્વજ્ઞાન છે.**

તત્ત્વજ્ઞાન જીવનના ચિંતનમાંથી ઉદ્ભવે છે. તેથી, તત્ત્વજ્ઞાનનું કાર્ય જીવનનાં આદર્શો અને મૂલ્યો પ્રતિપાદિત કરવાનું છે. તત્ત્વજ્ઞાને આપેલા આદર્શો અને મૂલ્યોને સાકાર કરવાનું કાર્ય કેળવણી કરે છે.

જ્હૉન એડમ્સના કથનાનુસાર,

"Education is the dynamic side of philosophy. It is the active aspect of philosophical belief."

- Adams

- તત્ત્વજ્ઞાન કેળવણીને ક્રિયાત્મક માર્ગે વાળે છે.
- તત્ત્વજ્ઞાન એ શક્તિ છે.
- તેને પ્રવાહિત કરવાનું કાર્ય કેળવણી કરે છે.
- તત્ત્વજ્ઞાન માત્ર 'હોવું જોઈએ કે થવું જોઈએ' તેવા આદર્શો આપે છે જ્યારે કેળવણી એ આદર્શોનું અમલીકરણ કરે છે.
- તત્ત્વજ્ઞાન કેળવણીને આંગળી ચીંધવાનું, દિશાસૂચન કરવાનું કાર્ય કરે છે.

કેળવણી તત્ત્વજ્ઞાને આપેલાં આદર્શો અને મૂલ્યોને કાર્યન્વિત કરે છે. તત્ત્વજ્ઞાન એ જીવનનો મૂળભૂત વ્યાપાર છે. તે કેળવણીના હેતુઓ, આદર્શો અને મૂલ્યો ઘડે છે. તે કેળવણીની નાવનું સુકાન છે. કેળવણીની વેલ જીવનના દર્શનની ભૂમિમાંથી જ પાંગરે છે. તે કેળવણીનું પ્રેરક, પ્રોત્સાહક અને નિયંત્રક બળ છે. **ગોડફે થોમસન** કહે છે, "કેળવણીની પ્રક્રિયા અને તેનાં કાર્યો ફિલસૂફીથી જ પ્રેરાયેલાં હોય છે."

બ્રુબેકરના શબ્દોમાં કહીએ તો,

“ફિલસૂફી જ કેળવણીને દિશા આપે છે, તેના કાર્યક્રમનું સ્વરૂપ બાંધે છે, તેનાં સાધનોની પસંદગીનાં મૂલ્યો આપે છે અને તે જ શિક્ષકના કાર્યને ચેતન બક્ષે છે.”

શિક્ષણના કાર્યક્રમના ઈંટ એ તત્ત્વજ્ઞાન છે. કેળવણીની ભાવના અને કાર્યક્ષેત્રને વિશાળ બનાવે છે.

જેમ્સ રોસ કેળવણી અને તત્ત્વજ્ઞાનનો સંબંધ દર્શાવાતાં કહે છે,

"Philosophy and education are like the two sides of the same coin, present different views of the thing and that one is implied by other." - J. S. Ross

કેળવણી અને તત્ત્વજ્ઞાન એક જ સિક્કાની બે બાજુઓ છે. એક જ બાબત માટેના વિવિધ દૃષ્ટિકોણો રજૂ કરે છે. બંનેનો એકબીજામાં સમાવેશ થઈ જાય છે.

(2) **કેળવણી અને તત્ત્વજ્ઞાન અન્યોન્યાશ્રિત છે** :

તત્ત્વજ્ઞાન કેળવણીનું કલેવર ઘડે છે. તેને આદર્શો, મૂલ્યો અને દૃષ્ટિ આપે છે. સાથેસાથે ચિંતનની સમૃદ્ધિ વધતાં કેળવણી એ તત્ત્વજ્ઞાનને સમૃદ્ધ બનાવે છે. સહાય વિના કેળવણી યોગ્ય માર્ગે કદમ મિલાવી શકતી નથી. Education is philosophy in action and philosophy is latent education." તત્ત્વજ્ઞાનનો કેળવણીમાં વિનિયોગ થવાથી કેળવણીની સમસ્યાઓને સારી રીતે સમજી શકાય છે. તેને શૈક્ષણિક તત્ત્વજ્ઞાન કહેવામાં આવે છે. “A sound philosophy of education is based on adequate philosophy of life." શિક્ષણનું તત્ત્વજ્ઞાન જીવનના તત્ત્વજ્ઞાનની પારદર્શિતામાંથી જન્મે છે. તત્ત્વજ્ઞાનની ભૂમિમાંથી કેળવણીના ઉદ્દેશો જન્મે છે. આ ઉદ્દેશો પર આધારિત અભ્યાસક્રમ રચાય છે અને મૂલ્યાંકનની પ્રક્રિયા દ્વારા કેળવણીના ઉદ્દેશોનું મૂલ્યાંકન થાય છે. કેળવણીની પ્રક્રિયા, કેળવણીના ઉદ્દેશો, અભ્યાસક્રમ, મૂલ્યાંકન વગેરે જીવનમાંથી જન્મેલા કેળવણીના તત્ત્વજ્ઞાન પર આધારિત છે.

“Education is applied philosophy." તત્ત્વજ્ઞાન યા દર્શનનું કાર્યાન્વયન કેળવણી કરે છે. કેળવણીને મૂળભૂત ઉદ્દેશ માનવના વર્તનમાં અપક્ષિત પરિવર્તન લાવવાનો છે. માનવને નરમાંથી નારાયણ અને નારીને નારાયણી બનાવવાનો છે. આવા પરિવર્તિત અને પરિમાર્જિત માનવનો જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ – તેનું જીવનદર્શન તેનો અભિગમ વગેરે પરિવર્તન પામે છે. આથી, કેળવણી દ્વારા દર્શન યા તત્ત્વજ્ઞાન પર પણ અસરો જન્મે છે. તેઓ એકબીજા સાથે આદાનપ્રદાન કરે છે. દર્શન એ કેળવણીનું ચિંતનાત્મક પાસું છે અને કેળવણી એ દર્શનનું ક્રિયાન્વિત પાસું છે, તેથી જ એક ચિંતકે દર્શાવ્યું છે,

"The process of education cannot go along right lines without the help of philosophy.” - Gentile

તત્ત્વજ્ઞાનની સહાય વિના કેળવણી યોગ્ય માર્ગે પ્રસ્થાન કરી શકતી નથી. તત્ત્વજ્ઞાન એ કેળવણીનું પ્રસ્થાનબિંદુ છે. તેથી જ સ્પેન્સર કહે છે તેમ...

"True education is practicable only by a true philosopher." - Spancer

(3) **મહાન દાર્શનિકો મહાન કેળવણીકારો હતા** :

તત્ત્વજ્ઞાન અને કેળવણીનો સંબંધ અવિભાજ્ય છે. જીવનના સંદર્ભમાં જે જે મનીષીઓએ ચિંતન કર્યું તેમના દર્શનનું પ્રતિબિંબ કેળવણીના સમગ્ર કાર્યક્રમોમાં જોવા મળે છે. તત્ત્વજ્ઞાન અને કેળવણી એક જ સિક્કાની બે બાજુઓ છે. આથી, જે દાર્શનિકોએ પોતાની વિશિષ્ટ ચિંતનધારા રજૂ કરી તે જ દાર્શનિકોએ કેળવણી વિશે પણ ચિંતન કર્યું છે. તેઓએ પોતાની વિચારધારા અનુસાર કેળવણીના ક્લેવરની કલ્પના કરી છે. તેમના આદર્શો, તેમનાં મૂલ્યો વગેરે તેમના કેળવણીના દર્શનમાં મૂર્તિમંત થાય છે. પ્લેટો, એરિસ્ટોટલ, કેન્ટ, ટંકાર્ન, ચાંપીજી, વિવેકાનંદ, કૃષ્ણમૂર્તિ, રાધાકૃષ્ણનનુ જેવા દાર્શનિકોએ જીવનના તત્ત્વજ્ઞાન સાથે કેળવણીનું પણ પોતાની રીતે વિશિષ્ટ તત્ત્વજ્ઞાન આપ્યું છે.

(4) **તત્ત્વજ્ઞાન એ સર્વ પ્રકારના શિક્ષણનો પાયો છે** :

પ્રત્યેક વ્યક્તિને પોતાનું આગવું જીવનદર્શન હોય છે. આ જીવનદર્શન તેની રહેણીકરણી, માન્યતાઓ અને આચાર વિચારમાં પ્રતિબિંબિત થાય છે. તત્ત્વજ્ઞાનના પાયા પર કેળવણીની ઇમારત ઊભી થાય છે. કોઈ પણ યુગમાં કેટલીક વ્યક્તિઓ જીવન વિશે આગવો દષ્ટિકોણ ધરાવે છે. આ દર્શનને આધારે તે માનવવનમાં પરિવર્તન લાવવાનો પ્રયાસ કરે છે. કેળવણી એક એવું સબળ માધ્યમ છે કે જે જે તે યુગની અને વ્યક્તિની આગવી દાર્શનિક ધારાને ઉચિત રીતે સ્થાન્વિત કરી શકે. આ દષ્ટિએ બુદ્ધ, મહાવીર, શંકરાચાર્ય, ઈસુ ખ્રિસ્ત, દયાનંદ સરસ્વતી વગેરેએ પોતપોતાની રીતે જીવનનું આગવું અને વૈશિષક દર્શન રજૂ કર્યું. આ પ્રકારના દર્શનને ક્રિયાન્વિત કરવાનું કાર્ય કેળવણી કરે છે. વ્યક્તિ કે સમાજજીવનમાં પરિવર્તન આણવાની પ્રક્રિયાને શિક્ષણ કહેવાય છે. આથી, શિક્ષણ આપવા પાછલ ચોક્કસ દૃષ્ટિ કે દર્શન હોવું અનિવાર્ય છે. આ કાર્ય તત્ત્વજ્ઞાન કરે છે.

**(5)તત્ત્વજ્ઞાન દ્વારા જીવનમાં શિક્ષણના મહત્ત્વની ખોજ કરી શકાય છે** :

તત્ત્વજ્ઞાન તથ્યોની ચર્ચા કરે છે. જે પૂર્વે અસ્તિત્વમાં હોય છે. આપણા શૈક્ષણિક અનુભવોને આધારે આપણે તે તથ્યોને સ્વીકાર કરીએ છીએ. તત્ત્વજ્ઞાન જીવનમાં શિક્ષણની અગત્ય થી છે તેની ખોજ કરે છે.

એચ. એન. હોર્નના મંતવ્ય મુજબ...

"જે રીતે રસ્તા પર લાગેલાં સંકેતબોર્ડ વિવિધ માર્ગોથી એક જ નગર તરફ જવાનો સંકેત કરે છે. તે જ રીતે, વિભિન્ન તો એક જ અર્થનો સંકેત કરે છે. વસ્તુતઃ જીવનની વાસ્તવિકતા જ દર્શનનું ઈશ્વરીનગર છે અને સંકેતબોર્ડોમાં શિક્ષણ પણ એક જ છે."

પ્રત્યેક વ્યક્તિ જન્મજાત ફિલસૂફ હોય છે. એ દૃષ્ટિએ પણ શિક્ષણ અને તત્ત્વજ્ઞાન એકબીજા સાથે સંકળાયેલાં છે. માનવના જીવનદર્શનને શિશ્નાદર્શનથી છૂટું પાડી શકાય તેમ નથી. જીવનના દર્શનમાંથી શિક્ષણની આગવી ફિલસૂફી પ્રગટ થાય છે.

**(6) તત્ત્વજ્ઞાન શિક્ષણનાં વિવિધ પાસાંને પ્રગટ કરે છે** :

શિક્ષણનાં વિવિધ પાસાંનો આધાર તત્ત્વજ્ઞાન પર રહેલો છે. શિક્ષણનું એક પણ પાસું એવું નથી કે જેને દાર્શનિક ન હોય. ધા દર્શન શિક્ષણના ઉદ્દેશો, અભ્યાસક્રમ, પદ્ધતિઓ, પાઠ્યપુસ્તકો, શિરા વગેરે નિર્ધારિત કરવામાં મહત્વની ભાગ ભજવે છે. જીવનના દર્શન દ્વારા શિક્ષણનું દર્શન પ્રાપ્ત થાય છે અને આ દર્શન કેળવણીનાં વિવિધ પાસા પર અગત્યની અસરો જન્માવે છે. : h

ટૂંકમાં, શિક્ષણ અને તત્ત્વજ્ઞાનનો સંબંધ નીચેના મુદ્દાઓ પરથી સ્પષ્ટ થશે :

શિક્ષણ અંગેનાં બધાં જ આંદોલનો માટે મોટા મોટા તત્ત્વજ્ઞાનીઓ કે દાર્શનિકો જવાબદાર હતા.

તત્ત્વજ્ઞાન જીવન કેવું હોવું જોઈએ તે દર્શાવે છે જ્યારે શિક્ષણ જીવનને યોગ્ય રીતે જીવવા જેવું બનાવે છે.

તત્ત્વજ્ઞાન જીવનના આદર્શો અને લક્ષ્યાંકો નિશ્ચિત કરે કેળવણી કાર્યક્રમો દ્વારા આ લક્ષ્યાંકોને સિદ્ધ કરવાનો પ્રયાસ કરે છે.

તત્ત્વજ્ઞાન એ સૈદ્ધાંતિક બાજુ છે; કેળવણી વ્યવહાર, પ્રાયોગિક બાજુ છે. તત્ત્વજ્ઞાન એ ચિંતનાત્મક પાસું છે જ્યારે કેળવણી ગત્યાત્મક પાસું છે.

**શૈક્ષણિક તત્ત્વજ્ઞાનની પરિભાષા** :

પ્રવર્તમાન સદીમાં શૈક્ષણિક તત્ત્વજ્ઞાન એ તત્ત્વજ્ઞાનની એક પ્રશાખા તરીકે અસ્તિત્વમાં આવી છે. શૈક્ષણિક તત્ત્વજ્ઞાન એ તત્ત્વજ્ઞાનની પ્રાયોજિત (applied) શાખા છે. જીવન અને શિક્ષણ અવિભાજ્ય છે. આથી, શિક્ષણ દ્વારા જીવનના પ્રશ્નોનું વિશ્લેષણ કરવામાં આવે છે. જીવનનાં અંતિમ સત્યોને શોધવાનો તત્ત્વજ્ઞાન દ્વારા પ્રયાસ થાય છે. શૈક્ષણિક તત્ત્વજ્ઞાન આ પ્રશ્નોને શિક્ષણની નજરે નિહાળે છે અને શિક્ષણના કાર્યક્રમો દ્વારા તે પ્રશ્નોને હલ કરવાનો પ્રયાસ કરે છે.

- તત્ત્વજ્ઞાન એ બધી વસ્તુઓનું વિજ્ઞાન છે. તેમાં પિંડ અને બ્રહ્માંડના સર્વ વિષયોનો સમાવેશ થાય છે. જ્ઞાન, વિજ્ઞાન અને આત્મજ્ઞાન જેવા વ્યાપક વિષયો તેમાં સમાવિષ્ટ છે જ્યારે શૈક્ષણિક તત્ત્વજ્ઞાન શિક્ષણની સમસ્યાઓને નિહાળે છે, તેમના ઉપાયો સૂચવે છે.
- શિક્ષણનું તત્ત્વજ્ઞાન શિક્ષણની સમસ્યાઓની જ તલસ્પર્શી છણાવટ કરે છે. તેમનું સમગ્રરૂપે અધ્યયન કરે છે. તે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી આ સમસ્યાઓને નિહાળીને તેમને હલ કરવાનો પ્રયાસ કરે છે.
- ખાસ કરીને તત્ત્વજ્ઞાને આદર્શો કે પ્રબોધેલાં મૂલ્યો અને સિદ્ધાંતોનું વ્યવહારમાં અમલીકરણ કરતું શાસ એટલે શૈક્ષણિક દર્શનશાસ્ત્ર.
- શૈક્ષણિક તત્ત્વજ્ઞાનમાં તત્ત્વજ્ઞાનના વિષયવસ્તુ ઉપરાંત શિક્ષણના હેતુઓ, અભ્યાસક્રમ, શિક્ષણપદ્ધતિઓ, શિસ્ત, શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેના સંબંધોનું અધ્યયન કરવામાં આવે છે.

ટૂંકમાં, તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોનું શિક્ષણમાં અમલીકરણ કરતું શાસ્ત્ર એટલે શૈક્ષણિક તત્ત્વજ્ઞાન.

**૧.૨ શિક્ષણના પ્રકાર – ઔપચારિક અને અનૌપચારિક**

**કેળવણીનો શબ્દાર્થ** :

કેળવણી માટે અંગ્રેજીમાં વપરાતા Education શબ્દ સાથે કેળવણીના અર્થને મૂર્ત કરે તેવી વિભિન્ન પરિભાષાઓ સંકળાયેલી છે. આ પરિભાષાઓ જોવાનો આપણે પ્રયાસ કરીશું.

(1) Education - કેળવણી શબ્દ માટે અંગ્રેજીમાં education શબ્દ વપરાય છે. તેમાં બે શબ્દો છે એટલે ur of (ની બહાર) અને હાનો અર્થ I had એ થાય છે. આનો અર્થ એ થયો કે બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓને આવી તેનું નામ કેળવણી. કેળવણી એટલે જ બાળકની અંતર્ગત શક્તિઓનું આવિષ્કરણ અને પરિમાર્જન, શિક્ષણ બાળકની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિઓને પિછાણી તેમનું યોગ્ય રીતે આવિષ્કરણ કરે છે. એટલે શિક્ષક એ બાળકોનો એવો સંસ્કારશિલ્પી છે કે જે પોતાની સમગ્ર શક્તિ ખર્ચીને બાળકોની સર્વદેશીય પ્રતિમા અને પ્રતિભાનું સંવર્ધન કરે છે.

(2) અંગ્રેજી શબ્દ Education લેટિન શબ્દમાંથી ઊતરી આવ્યો છે. એટલે કે Education શબ્દ લેટિન ભાષાના ત્રણ શબ્દોને આધારે ઉત્પન્ન થયો છે, એવું માનવામાં આવે છે.

(1) Educare - એનો અર્થ થાય છે to educate, to bring up, to raise.

To Educate - કેળવણી આપવી, કેળવવું, તાલીમ આપવી, શક્તિઓને કેળવવી.

To Bring up - ઉછેરવું, સંવર્ધન કરવું.

To raise – ઉગાડવું, પેદા કરવું, ઉછેરવું.

(2) Educare - એનો અર્થ થાય છે to bring forth; to lead out

To bring forth - પેદા કરવું, જન્મ આપવો.

To lead out દોરવું, રસ્તો બતાવવો, માર્ગદર્શન આપવું.

(3) Educatum – એનો અર્થ થાય છે Act of teaching or training.

Act of teaching or training – અધ્યાપન કરવું અથવા તાલીમ આપવી, પ્રશિક્ષણ.

ઉપરોક્ત ત્રણે શબ્દોના અર્થ પ્રમાણે Education શબ્દનો અર્થ The act of training, bringing up and leading out થાય છે. તેથી, આપણે એમ કહી શકીએ કે Education શિક્ષણ એટલે પ્રશિક્ષણ, સંવર્ધન અને પથદર્શન,

આની સાથે educationના પર્યાયવાચી શબ્દ તરીકે pedagogy શબ્દ પણ વપરાય છે. pedagogyમાં રહેલો Paides-a boy and again to lead. i.e. to lead the boy.

આમ, Pedagogy શબ્દ દ્વારા પણ કેળવણી એટલે પથદર્શન એવો અર્થ થાય છે.

**કેળવણીનો વાસ્તવિક અર્થ** :

ઉપરોક્ત વ્યાખ્યાઓ કેળવણી વિષેના જુદા જુદા ચિંતકોનાં વલણોનો નિર્દેશ કરે છે. કેળવણી એટલે જ ઘડતર. તે એક અનંત સાધના છે, જેના દ્વારા માનવ જન્મથી મૃત્યુપર્યંત વિકાસને માર્ગે સતત પ્રયાણ કરે છે. કેળવણી એ માનવના સર્વાંગણી વિકાસની પ્રક્રિયા હોવાથી તે સતતગામી પ્રક્રિયા છે. માનવના શારીરિક, માનસિક, સાંવેગિક અને નૈતિક ઉત્થાન કરાવનારી, ઉન્નત પ્રક્રિયા છે. આના અનુસંધાનમાં કેળવણીની નિમ્નલિખિત પરિભાષા કેળવણીના ઉન્નત કાર્ય પર ઠીક પ્રકાશ ફેંકે છે.

**કેળળણીનો સંકુચિત અર્થ** :
સંકુચિત અર્થમાં જોઈએ તો કેળવણીમાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવે છે :

- કેળવણી એ શાળા—મહાશાળાઓમાં અપાતું અક્ષરજ્ઞાન છે.

- કેળવણી એ માહિતીનું વિતરણ છે.

- શાળા—મહાશાળામાં જેણે અભ્યાસ કર્યો હોય તેણે જ કેળવણી લીધી છે, એમ આપણે કહી શકીએ છીએ.

આ ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે શાળા–મહાશાળાઓમાં અપાતી કેળવણીને સંકુચિત અર્થમાં કેટલાક લોકો કેળવણી કહે છે. આ પ્રકારનું શિક્ષણ બાળકને નિશ્ચિત યોજના અનુસાર, નિશ્ચિત સમય સુધી, ચોક્કસ શિક્ષણ પદ્ધતિઓ દ્વારા આપવામાં આવે છે. આ પ્રકારની કેળવણી શાળા ને મહાશાળાઓની દીવાલોમાં સીમિત હોય છે. બાળક શારીરિક અને માનસિક રીતે જ્યારે અપરિપક્વ હોય છે ત્યારે આ પ્રકારની કેળવણી તેના જીવન ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આથી જ આવી કેળવણીનું મહત્વ સમજાવતાં જ્હોન ડ્યુઈ કહે છે, “without such formal education it is not possible to transmit all the resources and achievement of a complex society.” સંકુલ સમાજની રિધ્ધિ-સિધ્ધી પ્રાપ્ત કરવા માટે આ પ્રકારની કેળવણી પણ આવશ્યક છે. કેળવણીના સંકુચિત અર્થ માટે જે.એસ.મેકેન્ઝીનું કથન નોંધપાત્ર છે.
“In narrower sense, it may be taken to mean any consciously directed effort to develop and cultivate our powers.”

**કેળળણીનો વ્યાપક અર્થ** : વ્યાપક અર્થમાં કેળવણી એ માત્ર માહિતીવિતરણ કે સ્થૂળ જ્ઞાન સંપાદન નથી. તેના દ્વારા માનવમાં ચૈતન્યનો આવિર્ભાવ થાય છે. પુસ્તકિયા અક્ષરજ્ઞાન ઉપરાંત માનવને જે તેજપંથનો યાત્રી બનાવી શકે, જેના દ્વારા માનવ સર્વ બંધનોમાંથી મુક્તિ પામી ઊર્ધ્વગામી બની શકે તે સાચી કેળવણી કહી શકાય. તેથી, કેળવણીની પ્રક્રિયા એ માનવ માટેની સર્વતોમુખી જીવનસાધના બની જાય છે.

તે શાળા-મહાશાળાઓમાંથી જ પ્રાપ્ત થતી નથી, પરંતુ વિશ્વના પર્યાવરણમાંથી માનવને થયેલા અનુભવો, જેમાંથી જ્ઞાન અને ડહાપણ જન્મે છે તે કેળવણીનાં પ્રેરક પરિબળો બની રહે છે. તેથી, કેળવણીકાર J. S. Mackenizeના શબ્દોમાં જોઈએ તો–

"In wider sense, it is a process that goes on throgh life, and is promoted by almost every experience in life. It may even be said to be the chief end to life.”)

વ્યક્તિના જીવનઘડતરમાં જે બાબતો પ્રભાવશાળી અસરો જન્માવે છે, તે સૌનો કેળવણીમાં સમાવેશ થાય છે.

"Education in its widest sense includes everything that exerts a formative influence."

**ઔપચારિક કેળવણી** :

- કાળ મર્યાદા નિશ્ચિત હોય છે.
- સુયોજિત અભ્યાસક્રમ, પદ્ધતિઓ વગેરે નિશ્ચિત હોય છે.
- આયોજિત સંસ્થાઓ શાળા-મહાશાળાઓમાં ઔપચારિક શિક્ષણ અપાય છે
- સભાનતાપૂર્વકની પ્રક્રિયા છે.
- ભણનારા અને ભણાવનાર બંને પોતાની પ્રવૃત્તિઓથી સભાન હોય છે.
- પ્રત્યક્ષ પણ ક્ષણજીવી અસર ધરાવનાર પ્રક્રિયા છે.
- ભણેલું ઘણું ભૂલી જવાય છે.
- શિક્ષણ સમાનતાપૂર્વકની પ્રક્રિયા બને છે.
- આથી તેનું પરીક્ષણ, મૂલ્યાંકન ઔપચારિક રીતે થઈ શકે છે.
- ઓછા સમયમાં ઔપચારિક શિક્ષણ પ્રાપ્ત થઈ શકે છે કેમ કે તે આયોજિત હોય છે.
-

**કેળવણી (અનૌપચારિક કેળવણી)** :

- બાળકના જન્મથી માંડીને મૃત્યુપર્યન્ત ચાલે છે.
- કેળવણી એ અનાયાસ પ્રક્રિયા છે.
- વ્યક્તિને માટે ઊભી થતી પરિસ્થિતિઓ વાતાવરણ, અનુભવો વગેરેમાંથી વ્યક્તિ શિક્ષણ મેળવે છે.
- આયોજિત સંસ્થાઓ ઉપરાંત વ્યક્તિ અન્ય સંસ્થાઓ જેવી કે ધર્મ, રાજ્ય, મેદાન વગેરેમાંથી શિક્ષણ મેળવે છે.
- આમાં પૂર્વયોજિત શિક્ષણ હોતું નથી. એટલે આવી સભાનતા હોતી નથી.
- અભાનપણે પણ વ્યક્તિ કેળવણી મેળવી શકે છે.
- અપ્રત્યક્ષ પરંતુ દીર્ઘજીવી અસર ધરાવનારી પ્રક્રિયા છે.
- અનુભવો પર્યાવરણમાંથી શીખેલું, અનુભવેલું કદી ભૂલાતું નથી.
- કેળવણી પ્રક્રિયા હોવાથી આવું કોઈ ઔપચારિક મૂલ્યાંકન થઈ શકતું નથી.
- કેળવણી આજીવન પ્રક્રિયા છે, જેથી કેળવણી પ્રાપ્ત કરતાં વધુ સમય લાગે છે.
- તે અનુભવોમાંથી, પર્યાવરણમાંથી પ્રાપ્ત થાય છે.

**૧.૩ સ્વામી વિવેકાનંદ અને જે.કૃષ્ણમૂર્તિના શિક્ષણના વિચારો**

**સ્વામી વિવેકાનંદ શિક્ષણના વિચારો** :

**પ્રસ્તાવના** :

અંગ્રેજના શાસનકાળમાં પ્રસ્થાપિત થયેલી ઔપચારિક શિક્ષણ પ્રથાના વિરોધમાં શિક્ષણપ્રથાનો એક જબરજસ્ત ભારતીય વિકલ્પ લઈ વૈદની પરંપરાને ઉજાગર કરી ભારતીય સંસ્કૃતિનો ઉત્તુંગ માપદંડ પ્રસ્થાપિત કરવા સ્વામી દયાનંદ સરસ્વતીએ જે અરસામાં તર્કનિષ્ઠા અને બુદ્ધિગમ્યતાથી માનવપરિવર્તન અને સમાજપરિવર્તનનું પુણ્યકાર્ય આરંભ્યું તે જ અરસામાં સ્વામી વિવેકાનંદ ભારતીય સંસ્કૃતિની વિચારધારામાં પ્રવેશ્યા. ભારતના યુવાનોને અને સમગ્ર ભારતવાસીઓને "Arise, Awake and stop not'નું પ્રેરક સૂત્ર આપી ભારતીય સંસ્કૃતિની – હિંદુત્વના ધ્વજદંડને લઈ વિશ્વધર્મ પરિષદમાં ભારતીય સંસ્કૃતિનો ડંકો વગાડનાર સ્વામી વિવેકાનંદ એક અનોખા દેશપ્રેમી અને સંત હતા. ગુલામી અને ગરીબીમાં સડતા ભારતની તેમણે દર્દશા જોઇ, ભારતનો લોકો અને ભારતીય સંસ્કૃતિમાં સત્ત્વ અને સ્વત્વનાં દર્શન કર્યાં, અને ખૂબ જ વિચારપૂર્વક તેમણે ધર્મ અને સંસ્કૃતિનો વ્યવહારમાં સમન્વય કરી માનવ ઉત્કર્ષ અને રાષ્ટ્રીય ઉત્કર્ષની અહાલેક જગાવી. બાળપણના ખૂબ તોફાની અને અતિ તેજસ્વી નરેન્દ્ર નામના આ યુવાને ચોગાન રા નામ સાર્થક કર્યું છે. સ્વામી રામકૃષ્ણની પરમ ભક્તિ અને તેમના સંન્યસ્તથી આકર્ષાઈ તે તેમના પ્રજ્ઞાવાન શિષ્ય બન્યા અને ભારતના

અન્ય સાધુ-સંતો કરતાં તેમણે પોતાના તેજસ્વી અને મેધાવાન વ્યક્તિત્વ દ્વારા પોતાની આગવી ઓળખ સ્થાપિત કરી છે. તેમણે પ્રબોધેલો માર્ગ આજે પણ ભારતના અનેકાનેક યુવાનોને અને ભારતવાસીઓને આજે પણ પ્રસ્થાન કરવા પ્રેરે છે. તેમના વ્યક્તિત્વમાં વિવેક + આનંદ બંનેનો સમન્વય થયો હતો. સ્વામી વિવેકાનંદે જો કે રાષ્ટ્રોત્કર્ષ અને સમાજોત્કર્ષના એક વાહન તરીકે શિક્ષણને સ્વીકાર્યું છે. તેથી, તેમણે પોતાનું સળંગ સૂત્ર અને સભાન શિક્ષણદર્શન ઊભું ર્યું નથી. રાષ્ટ્રસેવાના યજ્ઞમાં શિક્ષણની મહત્તા સમજીને તેમણે શિક્ષણ ચિંતન કર્યું છે, પરંતુ તેમનાં શિક્ષણ ચિંતનને એક બાજુ અધ્યાત્મના રંગે વેદાંતથી રંગાયેલું હતું, તો બીજી તરફ અનન્ય દેશપ્રેમથી રંગાયેલું હતું. તેમના જીવનના વિશિષ્ટ કાર્ય અંગે નિર્દેશ કરતાં જવાહરલાલ નહેરુ જણાવે છે કે,
"Vivekanand's life's mission was the service of mankind through social service, mass education, religious revival and social awakening through education." - Jawaharlal Nehru. જનસેવા એ જ પ્રભુસેવા તેમનો જીવનમંત્ર હતો. ધર્મો રક્ષતિ રક્ષિતઃ તેમનો રિણામંત્ર હતો. શિક્ષણ એ જાગૃતિનો જન મહોત્સવ છે એ તેમનું પરમ લક્ષ્ય હતું. આવા નરેન્દ્રમાંથી વિવેકાનંદ બનેલા સ્વામી વિવેકાનંદના જીવનની એક આછેરી ઝલક મેળવીએ.

**સ્વામી વિવેકાનંદનો જીવન પરિચય** :
સને 1863ની 12મી જાન્યુઆરીએ સંવત 1919 ના પોષ વદ સાતમને સોમવારે જન્મ કલકત્તા મુકામે થયો હતો. તેમનું શરૂઆતનું નામ વીરે પછીથી નરેન્દ્રનાથમાં પરિવર્તન થયું હતું. નરેન્દ્ર બાળપણમાં ખૂબ તોફાની હતા. તે જ્ઞાતિએ બંગાળી મંત્રિય હતા. તેમની માતા ભુવનેશ્વરી દેવીએ બાળપણમાંથી જ તેમના પર ધાર્મિક સંસ્કારોનું કરવાનો પ્રયાસ કર્યો હતો. માતા પાસેથી રામાયકા મહાભારતની વાર્તાઓનું બાળપણમાં શ્રવણ કર્યું. આ તેમની અનૌપચારિક કેળવી હતી. એક વિદ્યાર્થી તરીકે તેઓ અતિ પ્રતિભાશાળી વિદ્યાર્થી હતા. છ વર્ષની નાની ઉંમરે તેમને પાઠશાળામાં ઔપચારિક કેળવણી માટે મૂક્યા હતા. માત્ર સાત વર્ષની ઉંમરે તેમણે 'મુખ્યબાધ' નામનું સંસ્કૃત વ્યાકરણ અને રામાયણ તેમ જ મહાભારતના કેટલાપ ભાગો કંઠસ્થ કરી લીધા હતા, અને 1871માં આઠ વર્ષની ઉંમરે પ્રખ્યાત પંડિત ઈચંદ્ર | વિદ્યાસાગરની 'મેટ્રોપોલિયન ઈન્સ્ટિટ્યુટમાં' નવમાં ધોરણમાં નરેન્દ્ર દાખલ થયા હતા.
તેમને રમતગમત, તરણવિદ્યાનો અને મુક્કાબાજીનો પણ વિરલ શોખ હતો. સને 1879માં તે કૉલેજમાં દાખલ થયા અને ઉચ્ચ શિક્ષણ સાથે સંગીતની પણ તાલીમ લીધી અને એક અચ્છા સંગીતકાર બન્યા. તેમના વિદ્યાર્થીજીવન વિશે નોંધતાં તેમન પ્રધાનાચાર્ય મિસ્ટર હેસ્ટી નોંધે છે 'નરેન્દ્રદત્ત વસ્તુતઃ એક પ્રતિભાશાળી વિદ્યાર્થી મેં વિશ્વના અનેક દેશોની યાત્રા કરી છે પરંતુ નરેન્દ્રનાથ જેવો શક્તિશાળી વિદ્યા યુવક મેં જર્મનીનાં વિશ્વવિદ્યાલયોમાં પણ જોયો નથી."
આવા પ્રતિભાશાળી યુવક નરેન્દ્રે તેમના પ્રધાનાચાર્ય મિસ્ટર હેસ્ટીની પ્રેરણાથી સને 1881 નવેમ્બર માસમાં દક્ષિણેશ્વરની યાત્રા કરી. દક્ષિણેશ્વરમાં શ્રી. રામકૃષ્ણ પરમહંસ સાથે યુવક નરેન્દ્રની પ્રથમ મુલાકાત થઈ. તેમણે સ્વામી રામકૃષ્ણ પરમહં સામે પ્રથમ વાર પોતાનું આત્મમંથન રજૂ કર્યું. સ્વામી રામકૃષ્ણ પરમહંસ સાથેની મુલાકાત તેમના જીવનમાં અભૂતપૂર્વ પરિવર્તન આણ્યું. આ એક અપૂર્ણ ઘટના હતી. યુવક નરેન્દ્રને સ્વામીશ્રીના અંગત પરિચયથી આત્મસંતોષ પ્રાપ્ત થયો. તેઓ જ્યારે બીજી વાર સ્વામીશ્રીના દર્શને ગયા ત્યારે તેમને શિવ-શક્તિનો સાક્ષાત્કાર થયો. તેમની યુવાવસ્થામાં તેમનું ચારિત્ર્યઘડતર થયું. તેમના ચારિત્ર્યઘડરમાં ત્રણ પરિબળોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. (1) કૌટુંબિક સંસ્કારો, બહુમુખી પ્રતિભા અને સ્વામી રામકૃષ્ણ પરમહંસની વિચારધારાનો પ્રભાવ. સ્વામી શ્રી રામકૃષ્ણ પરમહંસે તેમની બધી શંકાઓનું સમાધાન બ કરી તેમને સંસારરૂપી કઈપમાંથી ઊંચકીને અધ્યાત્મ યાત્રાના પંથે પ્રયાણ કરવા પ્રેર્યા. સ્વામી રામકૃષ્ણ પરમહંસની મહાસમાધિ પછી તેમણે અને તેમના મિત્રોએ આજીવન બ્રહ્મચર્ય અને અપરિગ્રહની પ્રતિજ્ઞા લઈ સંન્યસ્ત ધારણ કર્યું.
તેમણે પૌર્વાત્ય અને પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિઓની પરિચર્ચા કરી તાલવગાહન કર્યું અને ભારતીય તત્ત્વદર્શનનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો.
ઈ.સ. 1887થી 1893 સુધી તેમણે ભારતભરમાં પરિભ્રમણ કર્યું. 31મી મે, 1883ના રોજ સ્વામીજીએ અમેરિકાની વિશ્વધર્મ પરિષદમાં જવા પ્રસ્થાન કર્યું. તે પૂર્વે આ જ અરસામાં તેમણે પોતાનું વિવેકાનંદ નામ ધારણ કર્યું. અમેરિકાની વિશ્વન પરિષદમાં તેમણે હિંદુ ધર્મ અને સંસ્કૃતિ પર પ્રવચન આપી સમગ્ર જનસમૂહ મંત્રમુગ્ધ કર્યો. ત્યાં તેમણે હિંદુ ધર્મ, ખ્રિસ્તી ધર્મ અને બૌદ્ધ ધર્મ પર પણ મનનીય પ્રવચનો આપ્યાં. તેમના પુનરાગમન બાદ ભારતમાં તેમનું અભૂતપૂર્વ સન્માન થયું તેઓ પોતાના અલ્પ જીવનકાળ દરમિયાન લોકકલ્યાણ દ્વારા આત્મકલ્યાણ માટે સતત ઝઝૂમતા રહ્યા તેઓ ભારતીય સંસ્કૃતિના પ્રેરક ઉદ્ગાતા હતા. 4થી જુલાઈ, 1902ના

દિવસે તેમનો ભૌતિક પ્રહ્મલીન થયો. પોતાની અલ્પાયુ દરમિયાન તેમણે ભારતીય સંસ્કૃતિના ઉત્થાન અને લોકસમૂહના શિક્ષસ માટે સતત પ્રયત્નો કર્યાં. તેઓ અધ્યાત્મ, શિક્ષણ અને સમાજીકરણના ત્રિવેણી તીર્થ સમાન હતા.

**વિવેકાનંદનું જીવનદર્શન :**

મહાન ભારતીય સંત અને અધ્યાત્મચિંતક એવા સ્વામી વિવેકાનંદનું જીવદર્શન અત્યંત ગૌરવપૂર્ણ અને પ્રેરણાદાયક છે. આર્નોલ્ડ ટોયન્ત્રી તેમને મધ્ય એજિલ આપતાં જણાવે છે કે....

"The world today can only be saved through India's spiritual heritage and specially through the path blazed by Ramkrishna and Vivekanand" - Arnold Toyanbee

ભારતના આધ્યાત્મિક વારસા દ્વારા અને સ્વામી રામકૃષ્ણ અને વિવેકાનંદે પ્રશસ્ત કરેલા માર્ગ દ્વારા જ આજના વિશ્વને બચાવી શકશે. તેઓ આધ્યાત્મિક રાષ્ટ્રભક્ત હતા. યુવાચેતનાના પ્રેરક આધારસ્તંભ હતા. તેઓ માનવમાત્રમાં ઈશ્વરનું દર્શન કરવાનું કહે છે. સ્વામી વિવેકાનંદ એટલે વેદાંતનું માનવીય સ્વરૂપ. વિવેકાનંદ એટલે જ તાત્ત્વિક વેદાંત. આજે વિજ્ઞાને માનવને સુજ્ઞ બનાવ્યો છે, પરંતુ સક્ષમ બનાવ્યો નથી. હિંસા, લોભ, ઘમંડ, સત્તાએ આપણને સૌને આંધળાભીંત બનાવી મૂક્યા છે. વિજ્ઞાને મુક્ત સ્વૈરવિહાર કર્યો છે. આમ તો જગત શરૂઆતથી જ વિરોધાભાસી રહ્યું છે, પરંતુ આજનું જંગત એટલી હદે વિરોધાભાસી બની ગયું છે કે અદનો આદમી પણ આજે શૂન્યમનસ્ક સમાધાન બની રહ્યો છે. તેથી, સાંપ્રત પરિસ્થિતિમાં ભારત માટે સ્વામી વિવેકાનંદનું જીવનદર્શન વા પ્રેર્યા. અને તેમનું પ્રદાન મહત્ત્વનું બની રહ્યું છે. તેઓ સ્વામીશ્રી રામાની વિચારધારા મિત્રોએ અનુસાર માનતા હતા કે આત્મન: મોક્ષાર્થમ્ બાધિત્વ । તેમના મંતવ્ય મુજબ માનવ પોતાના આત્માનો ઉદ્ધાર કરવા જયારે મથે છે ત્યારે જગતના ભલાનો પણ વિચાર કરે છે. મનુષ્ય જ્યારે પ્રશ બને છે ત્યારે વિશ્વનું કલ્યાણ કરે છે.

તેઓ જનસામાન્યના ઉત્થાન માટે સતત પ્રયત્નશીલ રહ્યા. તેમના મંતવ્ય મુજબ, “મૃત્યુપર્યન્ત કાર્યરત રહો, હું તમારી સાથે છું. મૃત્યુ પછી પણ હું તમને સહાય કરીશ. જીવન અને મૃત્યુનો છાયા-પ્રકાશ જેવો સંબંધ છે. ફરજ માટે છેવટ સુધી લડતા રવી. સંપત્તિ, વૈભવ, આનંદ પ્રમોદ ક્ષણિક હોય છે.”

તે સ્વયં રાષ્ટ્રભક્ત હતા. તેમના કથન મુજબ, “શું દેરરીત આત્મસ્વરૂપ છું. હું રાષ્ટ્રની જાગૃતિ માટે આવ્યો છું. હું રાષ્ટ્રની કુંડલિની ઊર્જા જાગ્રત કરવા માટે આવ્યો છું.

તેઓ જનસામાન્યના ઉત્થાન માટે શિક્ષણને મહત્ત્વનું ગણતા હતા. તેમના જીવદર્શનમાં ત્રણ પરિબળોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે; ધર્મ, શિક્ષણ અને સમાજ સાચો ધર્મ એ સ્વધર્મ છે, તે દૈવી ઉજાસ છે. તેમના જીવનદર્શનમાં સમાનતા મહત્ત્વની હતી. તેઓ માનતા કે સક્ષમ વર્ગોએ નબળા વર્ગોના ઉત્થાન માટે સંનિષ્ઠ પ્રયત્નો આદરગ જોઈએ. રાષ્ટ્રીય ઉત્થાન માટે યુવાનોનું ચારિત્ર્ય ઘડતર થવું જોઈએ. તેથી જ તેને યુવાનોને હાકલ કરે છે,

“Arise, Awake and stop not till thy goal is reached.”

તેમનાં વિચારોમાં વૈદિક તત્ત્વદર્શન અને ઈસ્લામિક તત્ત્વદર્શનનો સમન્વ હતો. આ અંગેનું તેમનું જીવનદર્શન સ્પષ્ટ છે.

"We want to lead mankind to a place where there is neither the Veda, The Bible and the Kuran. I see in my mind's eye the future perfect India rising out of this chaos and strife, glorious and invincible, with vedanta brain and Islamic body." - Vivekanand

તેઓ વેદ, બાઈબલ અને કુરાનથી ઉપર ઊઠીને મનઃચક્ષુ વડે ભાવિ ભારતનું પૂર્ણ ચિત્ર દોરે છે. એવું ભારત કે જે અરાજકતા અને ઝઘડાઓથી મુક્ત હશે, કે ગૌરવશાળી અને ભવ્ય હશે. જેનું મગજ વૈદાન્તનું હશે અને દેહ ઈસ્લામનો હશે. અખંડ અને ભવ્ય ભારતની આવ સમન્વયકારી ભવ્ય, કલ્પનાતીત પ્રતિમ સ્વામી વિવેકાનંદ જ કંડારી શકે.

તેમના મંતવ્ય મુજબ દેશભક્ત થવાનું પહેલું પગલું એ છે કે ભૂખે મરતા લાખો દેશબંધુઓ માટે લાગણી ધરાવવી. તેમણે જણાયું હતું કે, “આપણે એક રાષ્ટ્ર તરીકે આપણું વ્યક્તિત્વ ખોઈ બેઠા છીએ; ભારતવર્ષની દુર્દશાનું કારણ પણ એ જ છે.”

તેઓ જનતારૂપી વિરાટનું સમર્થન કરતા હતા. પહેલી પૂજા જનતારૂપી વિરાટ દેવોની જ જોઈએ. જ આપણા દેવો છે તેમ તે માનતા હતા.

આમ, તેમણે ધર્મ, રાષ્ટ્ર અને વિરાટની કલ્પના કરી છે. તેમણે વિશ્વધર્મ અને સર્વધર્મ સમભાવનો પાયો નાખ્યો છે. તેમણે કેળવણીમાં પૂર્ણત્વની સાધના નિહાળી હતી અને સાધનામાં કેળવણીનું પૂર્ણત્વ નિહાળ્યું હતું.

**વિવેકાનંદનું શિક્ષણદર્શન** :

સ્વામી વિવેકાનંદનું જીવનદર્શન વ્યાપક અને વૈશેષિક હતું. તેમનું જીવનદર્શન સમન્વયકારી હતું, તેટલું જ તેમનું શિક્ષણદર્શન વ્યાપક હતું. તેઓ પ્રવર્તમાન કેળવણીપ્રથાના વિરોધી હતા. તેઓ પ્રશ્ન કરે છે, "વિદેશી ભાષામાં બીજા વિચારોને ગોખી મારીને તમારા મગજમાં એ બધું ભરીને તેમજ વિશ્વવિદ્યાલયોની ઉપાધિઓ કેળવીપ્રથાના મેળવીને તમે તમારી જાતને શિક્ષિત ગણો છો ? આને આપણે કેળવણી કહીશું ? તેનો ઉદ્દેશ્ય શો છે ? તમારા વિશાળ દેશને આનાથી શો લાભ ? તમારી કેળવણી ગરીબ લોકોનું આક્રંદ દૂર કરી શકશે ? તેઓ એવી કેળવણીમાં શ્રદ્ધા ધરાવતા હતા કે જેથી ચારિત્ર્યનું ઘડતર મગજની શક્તિ વધે, બુદ્ધિનો વિકાસ થાય અને મનુષ્ય આત્મનિર્ભર બને. તેઓ સૈદ્ધાંતિક શિક્ષણ કરતાં વ્યાવહારિક શિક્ષણ પર ભાર મૂકતા હતા. તેઓ સૂચવતા કે તમારા સમગ્ર કાર્યક્ષેત્રોમાં તમારે વ્યાવહારિક બનવું જોઈએ. માત્ર સિદ્ધાંતોના ઢગલેઢગલાથી સમગ્ર દેશ વિનાશને આરે આવીને ઊભો છે. આમ, તેઓનું શિક્ષણદર્શન જીવનલક્ષી અને જીવનકેન્દ્રી હતું.

**શૈક્ષણિક દર્શનના આધારભૂત સિદ્ધાંતો** :

તેમના શિક્ષણદર્શન મુજબ શિક્ષણના સિદ્ધાંતો નીચે મુજબ ગણાવી શકાય :

(1) સામાન્ય લોકોમાં શિક્ષણનો પ્રચાર-પ્રસાર કરવો. કારણ કે, રાષ્ટ્રની પ્રગતિ સામાન્ય જનસમૂહ પર નિર્ભર છે.

(2) શિક્ષણ દ્વારા વ્યક્તિનો શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ થવો જોઈએ.

(3) સાચું શિક્ષણ એ સચિત્ર્ય ઘડતરનું શિક્ષણ છે. જેનાથી મન સબળ બને, બુદ્ધિનો વિકાસ થાય અને વ્યક્તિ આત્મનિર્ભર યા સ્વાવલંબી બને તે સાચું શિક્ષણ કરી શકાય.

(4) સ્ત્રી શિક્ષણના કેન્દ્રમાં ધર્મનું પ્રાધાન્ય હોવું જોઈએ. કારણ કે, સ્ત્રીઓ જ ધર્મચારિણી અને ધર્મપાલિકા હોય છે.

(5) ધાર્મિક શિક્ષણ પુસ્તકો દ્વારા નહિ, પરંતુ વ્યવહાર, આચરણ અને સંસ્કારો દ્વારા આપવું જોઈએ.

(6) રાષ્ટ્રીય અને માનવીય શિક્ષણનો પ્રારંભ ઘરથી જ થવાઁ જોઈએ. જ્યાં બાળકો પોતાના પરિવારજનોને પ્રેમ કરતાં શીખે અને ત્યાર બાદ સમાજનો સભ્ય બન્યા પછી વ્યક્તિમાંથી સમષ્ટિને પ્રેમ કરતું થાય.

(7) પાઠ્યપુસ્તકમાં ભૌતિક અને આધ્યાત્મિક બંને પ્રકારના વિષયોનો અભ્યાસક્રમ હોવી જોઈએ.

(8) શિક્ષણમાં ગુરુનું વિશિષ્ટ સ્થાન છે. શિક્ષક અને વિદ્યાર્થીઓ સ્નેહના સૂત્રે બંધાયેલા હોવા જોઈએ.

(9) શિક્ષણમાં ટેનિકલ અને અન્ય વિષયોના જ્ઞાનની વ્યવસ્થા હોવી જોઈએ જેથી દેશના ઉદ્યોગોનો વિકાસ થઈ શકે.

(10) શિક્ષણમાં છોકરીઓ અને છોકરાઓને સમાન શિક્ષણ આપવું જોઈએ.

**સ્વામી વિવેકાનંદનું શિક્ષણદર્શન** :

**કેળવણીની પરિભાષા** :

સ્વામી વિવેકાનંદના મંતવ્ય અનુસાર, મનુષ્યમાં જન્મથી જ પૂર્ણત્વ પડેલું હોય છે. શિક્ષણ એ આજન્મ પૂર્ણતાના આવિષ્કારની પ્રક્રિયા છે. તેમના મંતવ્ય મુજબ....

"Education may be described as a development of faculty. Education is the menifestation the perfection already existing in man.”

તેમના મંતવ્ય અનુસાર માનવમાં કેટલીક શક્તિઓ વિદ્યમાન હોય છે. કેળવણી દ્વારા આ શક્તિઓના વિકાસથી પૂર્ણત્વ પામી શકાય છે. તેઓ માનતા કે કેળવણી એ ખોજની પ્રક્રિયા છે. “Learning is really discovering."

- કેળવણીની સહાયથી વ્યક્તિ પોતાની અંદર પડેલા જ્ઞાનની ખોજ કરે છે અને તે પામે છે. દરેક બાળક પોતે સહજ રીતે વિકાસ પામે છે. જેમ છોડ પોતાની આગવી રીતે વિકાસ પામે છે અને આપણે માત્ર એની સંભાળ લઈએ છીએ તે રીતે બાળકને તેની પોતાની રીતે – આગવી રીતે વિકસવા દેવું જોઈએ.
- શિક્ષણ એ જન્મદત્ત પૂર્ણતા પ્રગટાવવાની અને ઈચ્છાશક્તિના સાર્થક નિયંત્રણની પ્રક્રિયા છે.
- શિક્ષણ એ ખિલવણીનું કાર્ય છે.
- તમારા મગજમાં અને જીવનભર રહીને કાળો કેર વરતાવતી માહિતીનો સંચય એ કેળવણી નથી. જે જીવનનું ઘડતર કરે, મનુષ્યને મ પણ બનાવે, તેનો ચારિત્ર્યવિકાસ કરે એવા વિચાર-પાચનની આપણે જરૂર છે.
- મનુષ્ય પરમાત્માનું સ્વરૂપ હોવાથી જન્મથી જ તે પૂર્ણ હોય છે અને શિક્ષ એ પૂર્ણતા બહાર લાવવાનું કાર્ય કરવાનું છે.

**શિક્ષણના ઉદ્દેશો** :

વિવેકાનંદની શિક્ષણની સંકલ્પનાનાં મૂળ વેદાંતના અદ્વૈતવાદમાં રહેલાં છે. તેમના મંતવ્ય અનુસાર શિક્ષણના ઉદ્દેશો નીચેના જેવા હોઈ શકે :

- મનુષ્યની આંતરિક શક્તિઓને બર્હિજગતમાં પ્રગટ કરવી.
- મનુષ્યમાં રહેલી પૂર્ણતાનું પ્રગટીકરણ કરવું.
- વ્યક્તિમાં આત્મવિશ્વાસ, આત્મશ્રદ્ધા, આત્મત્યાગ, આત્મનિયંત્રણ, આત્મનિર્ભરતા, આત્મજ્ઞાન જેવા અલૌકિક સદ્ગુણોનો વિકાસ કરવો.
- કેળવણીનું અંતર ધ્યેયમુક્તિનું છે. વ્યક્તિએ પોતાની શક્તિઓનો ઉપયોગ મુક્તિની પ્રાપ્તિ માટે કરવો જોઈએ.
- મનુષ્યનો શારીરિક, માનસિક, સાંવેગિક, ધાર્મિક, નૈતિક, ચારિષિક, સામાજિક અને આર્થિક વિકાસ કરવો.
- મનુષ્યમાં માનવપ્રેમ, સમાજસેવા, વિશ્વચેતના અને વિશ્વબંધુત્વ જેવા ગુણોનો વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ અને રાષ્ટ્રભક્તિના ગુણોનો વિકાસ કરવો. "No education can be called national unless it inspires love for country." - Swami Vivekanand

**અભ્યાસક્રમ** :

વિવેકાનંદ અધ્યાત્મવાદી હોવા છતાં તેમને માનવસંસારના વ્યવહારના અધ્યાત્મના સમન્વયમાં વિશ્વાસ હતો. તેથી, તેઓ માનતા કે માનવજીવનનું પરમ અને ચરમ લક્ષ્ય મુક્તિ એ શરીરના સાધન દ્વારા સંસારમાં રહીને પણ પ્રાપ્ત કરી શકાય સાર્થક છે. તેથી તેમણે એક બાજુ વેદાંત, અધ્યાત્મ, ધર્મ અને નીતિના શિક્ષણ પર ભાર મૂક્યો તો બીજી બાજુએ ભારતીય પ્રજાની તત્કાલીન સ્થિતિ જોતાં તેમણે લૌકિક સમૃદ્ધિ માટે ભાષા, વિજ્ઞાન, મનોવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ટેક્નોલૉજી, વ્યાવસાયિક શિક્ષણ, કલા, કૃષિ, ઈતિહાસ, ભૂગોળ, ગણિત, રાજનીતિ જેવા વિષયોના શિક્ષણને પણ આવશ્યક લેખ્યું છે. ભારતીય પ્રજાના શરીરસૌષ્ઠવ અને મનોસૌષ્ઠવ માટે તેમણે શારીરિક શિક્ષણ, વ્યાયામ અને રમતગમતો જેવા વિષયો પર પણ ભાર મૂક્યો છે. તેઓ અંગ્રેજી ભાષાના શિક્ષણના પણ હિમાયતી હતા. તેઓ માનતા કે,

"What we need is to study different branches of the knowledge that is our own, and with it the English language and Western Science, we used technical education and all also that will develop industries, so that men instead of secking for service may earn enaugh to provide for themselves and save against a raing day." - Swami Vivekanand

**અધ્યાપન અધ્યયન પદ્ધતિ** :

અધ્યાપન અધ્યયન પદ્ધતિ અંગે સ્વામીજી પોતાના આગવા વિચારો ધરાવે છે. તેમની અધ્યાપન-અધ્યયન પદ્ધતિ આધ્યાત્મિક કરી શકાય તેવી પદ્ધતિ છે. આ પદ્ધતિનો આધાર મનુષ્યધર્મ છે. આ પદ્ધતિમાં ગોખણપટ્ટીને સ્થાન નથી. વિદ્યાર્થીના પ્રચલિત અને એકાગ્રતા પર ભાર મૂકવામાં આવ્યો છે.

**પધ્ધતિનાં વિશિષ્ટ લક્ષણો :**

- યૌગિક વિધિ દ્વારા ચિત્ત-વૃત્તિઓનું નિયંત્રણ
- એકાગ્રતા યા કેન્દ્રીયક પદ્ધતિ (Method of Concentration). આ પધ્ધિત દ્વારા મનને અભ્યાસ માટે એકાગ્ર કરવું.
- તર્ક, ભાભાન, વિચારવમાં, ઉપદેશ વિધિ વગેરે દ્વારા શાન પ્રાન કરવું.
- વિધાર્થીઓને વ્યક્તિગત સલામ અને માર્ગદર્શન તેમના મંતવ્ય મુજબ માહિતી | ભરી દેવાથી જ અધ્યયન થઈ જતું હોય તો દુનિયામાં પુસ્તકાલય થી વધુ વિદ્વાન ગણાય.
- તેઓ પુસ્તકો દ્વારા જ્ઞાન મેળવવાના વિરોધી હતા. જ્ઞાન મેળવવા માટે પુસ્તકો પર આધાર રાખવાની પદ્ધતિને તેમણે પ્રેમકારક ગણાવી છે.
- પદાર્થો, ઘટનાઓ અને વ્યક્તિનો પ્રત્યક્ષ અનુભવ જ્ઞાનસંપાદન માટે આવશ્યક.

**શિક્ષકનું સ્થાન :**

સ્વામી વિવેકાનંદના મંતવ્ય અનુસાર.....

"No one was really taught by another. Each of us has to tach himself.The external teacher affers only the suggetion which rouses the internal teacher to work to understand things."

વાસ્તવમાં કોઈ કોઈને શીખવી શકતું નથી. દરેકે સ્વયં શિક્ષણ મેળવવું પડે છે. બાહ્ય શિક્ષણ આપણી અંદરના શિક્ષકને (આત્મા ચૈતન્યને વિવિધ બાબતો સમજવા પ્રેરે છે.

તેમના મંતવ્ય અનુસાર શિક્ષક એક મિત્ર, પરામર્શક અને પથપ્રદર્શક છે. આ માટે શિક્ષકમાં નીચેનાં ગુણ લક્ષણો હોવાં જોઈએ.

- તે શસ્ત્રોના કર્મને જાતો હોવો જોઈએ.
- શાસ્ત્રનો મર્મજ્ઞ હોવી એઈએ.
- મન, હૃદય અને આત્માથી પવિત્ર હોવો જોઈએ. તે જ્ઞાનપ્રાપ્તિની પૂર્વશરત છે.
- જે ગુરુ માત્ર શબ્દવૈભવમાં જ રાચે છે તે તેની ભીતરનો આત્મા ગુમાવી બેસે છે.
- શિષ્યે જ્ઞાનપ્રાપ્તિ માટે ગુરુનો ગૃહવાસ કરવો જોઈએ.

કેળવણીનો એક આદર્શ ગુરુનો ગૃહવાસ છે. ગુરુના અંગત જીવન સાથે છેડાયા વિના કેળવણી સંભવી શકે જ નહિ. બાલ્યાવસ્થાથી જ શિખે એવા ગુરુ સાથે નિવાસ કરવો જોઈએ કે જેમનું ચારિત્ર્ય અગ્નિનાં જેવું શુદ્ધ હોય. સર્વોત્તમ જ્ઞાનનો એ આરાધક હોય.

- શિક્ષકે બાળકો સાથે નિકટના, આત્મિયતાપૂર્ણ ઘનિષ્ઠ સંબંધો સ્થાપિત કરવા જોઈએ.
- બાળકોની પ્રવૃત્તિઓ સાથે મગ્ન થવું જોઈએ.
- બાળકો પ્રતિ અસીમ પ્રેમ, અનન્ત ધૈર્ય અને વાસ્તવિક સહાનુભૂતિ રાખવી જોઈએ.
- સંસાર અને સમાજ પ્રત્યે ઉચિત દૃષ્ટિકોણ બાળકોમાં વિકસાવવો જોઈએ.
- બાળકની જ્ઞાનપ્રાપ્તિના આડે આવતા તમામ અવરોધો દૂર કરવા તત્પર રહેવું જોઈએ.
- તે પોતે જ બાળકોને શિક્ષણ આપી રહ્યો છે, તેવા ભ્રયથી હંમેશાં દૂર રહેવું જોઈએ.
- વિદ્યાર્થીઓ વિવિધ જ્ઞાનેન્દ્રિયો દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરી શકે તેવી તકોનું નિર્માત્ર કરવું જોઈએ.

**શિષ્યનાં લક્ષણો :**

શિષ્યમાં સતત જ્ઞાનપિપાસા, શોધવૃત્તિ, પવિત્રતા અને ખંત ઉપર સ્વામીજી ખાસ ભાર મૂકે છે. તેઓ મનસા-વાચા-કર્મણા શિષ્ય પવિત્ર રહેવું જોઈએ તેની હિમાયત કરે છે.

**શાળા :**

વિવેકાનંદના મંતવ્ય મુજબ શાળા એ રાષ્ટ્રીય ઉત્થાનની એક પ્રયોગશાળા બની રહેવી જોઈએ. જ્યાં રાષ્ટ્રપ્રેમ, દેશભક્તિ અને સમર્પણ તેમજ સદાચારના મંત્રો ગુંજી રહેવા જોઈએ. બાળકની પ્રથમ શાળા તેનું ઘર છે. દેશની શિક્ષણવ્યવસ્થા રાષ્ટ્રભાવનાના રંગે રંગાયેલી હોવી જોઈએ. દેશની નિરક્ષરતા જોઈને તેમને લાગ્યું હતું કે ગરીબનાં સંતાનો જો શાળાએ આવી ન શકે તો શાળાએ એમની પાસે જવું જોઈએ. આમ, એ સમયમાં પણ સ્વામી વિવેકાનંદ દૂરવર્તી શિક્ષણની, આજીવન શિક્ષણની તેમજ અનૌપચારિક શિક્ષણની હિમાયત કરી હતી. કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના શાળામાં બધાંને માટે પ્રવેશની સુવિધાઓ હોવી જોઈએ, તેવો મત તેઓ ધરાવતા હતા. શાળાનાં કાર સાને માટે ખુલ્લાં હોય અને શાળાનું વાતાવરણ બાળકના વિકાસને તેવું પ્રસન્ન અને ઉષ્માપૂર્ણ હોવું જોઈએ, મુક્ત હોવું જોઈએ. તેમના મંતવ્ય અનુસાર એમની કલ્પનાની શાળા શિક્ષણની સાર્વત્રિકતાને સિદ્ધ કરે તેવી હોવી જોઈએ. આ ઉપરાંત, સ્વામીજીએ બધાં જ રાજ્યોની રાજધાનીઓમાં કૃષિ ઉદ્યોગો અને કલાનાં કેન્દ્રો ઊભાં કરવાની હિમાયત કરી હતી. શિક્ષણ સંસ્થાઓનું કર્તવ્ય સામાન. જનસમાજની જરૂરિયાતો અને રાષ્ટ્રીય વિકાસને પોષવાનું હોવું જોઈએ, તેવું તે દૃઢપણે માનતા હતા.

**સ્ત્રીશિક્ષણ :**

સ્વામી વિવેકાનંદ દીનતા, હીનતા અને પરાધીનતાના કટ્ટર વિશે | હતા. તેમના અભિપ્રાય પ્રમાણે આપણા દેશના પતનનાં અનેક કારણોમાંનું એ નારીજાતિની અવગણના યા ઉપેક્ષા છે. તેથી, તેઓ સ્ત્રીશિક્ષણના પ્રખર હિમાયતી હતા તેમના કથન મુજબ, "Educate your woman first and then they will tell y what reforms are necessary for them. In matters concerning them, who are you? - Swami Vivekanand

જે દેશ અને પ્રજા નારીસમાજને સન્માન આપતાં નથી, તે દેશ કે તે સમાય ક્યારેય ઉન્નત થતો નથી. ભારતના સ્ત્રીસમાજે સીતાજીને પગલે ચાલી વિકાસ સાધ જોઈએ. તે ભારતની સર્વોત્તમ નારીનાં પ્રતીક સમાન છે. તેઓના મંતવ્ય મુજબ, કેળવાયેલી અને ચારિત્ર્યવાન બ્રહ્મચારિણીઓએ શિક્ષણનું કામ ઉપાડી લેવું જોઈએ. ગામડાંમાં અને શહેરી વિસ્તારમાં જઈને આવી સ્ત્રીઓએ શિક્ષણના પ્રચાર અને પ્રસાર માટે પ્રયત્નો કરવા જોઈએ. તેમણે ઈતિહાસ, પુરાણ, ધર્મ, લલિત કલાઓ તેમજ ચારિત સા ઘડતરનું જ્ઞાન તેમણે આપવાનું છે. સીવણ, ગૂંથણ, ગૃહવ્યવસ્થા અને બાળઉછેર વિશે જેમ પણ શિક્ષણ જોઈએ. સ્ત્રીઓએ નીડર અને હિંમતવાન બનવું જોઈએ. તેઓ કહે છે તેમ 'સંસ્કૃત, પવિત્ર અને હિંમતવાળી માતાઓનાં મંદિરોમાં જ મહાપુરુષોનું અવતરણ થાય છે."

**સામાન્ય જનસમાજ માટેનું શિક્ષણ :**

કોઈ પણ રાષ્ટ્ર-ખાસ કરીને ભારતના ઉત્થાન માટે જનસામાન્યની કેળવ અનિવાર્ય બની છે. તેઓ કહે છે તેમ.... "मेरे विचार से जनसामान्य की अवहेलना करना महान् राष्ट्रीय पाप और हमारे पतन का कारण है। जब तक भारत की सामान्य जनता की एक बार फिर अच्छी शिक्षा, अच्छा भोजन और अच्छी सुरक्षा नहीं प्रदान की जायगी, तब तक अधिक से अधिक राजनीति भी व्यर्थ होगी वे हमारी शिक्षा | के लिये धन देते हैं, वे हमारे मंदिरों का निर्माण करते हैं, पर इनके बदले में उनको । ठोकरें मिलती हैं। वे हमारे दासों के समान है। यदि हम भारत का पुनरुत्थान करना चाहते है, तो हमें उनको शिक्षित करना होगा।"

આવા લોકોને ઘેર ઘેર જઈને કેળવણી આપવી પડશે. સ્વામીજીના મંતવ્ય મુજબ સંન્યાસીઓએ ધર્મ ઉપરાંતની પ્રવૃત્તિઓમાં શિક્ષણની પ્રવૃત્તિ હાથ ધરવી જોઈએ. તેઓ માનતા હતા કે જ્યાં સુધી આપણા કરોડો દેશબાંધવો અજ્ઞાની અને ભૂખ્યાં રહેશે ત્યાં સુધી તેમના ભોગે કેળવાયેલા, છતાં પણ તેમના પ્રત્યે દુર્લક્ષ કરનારા તેમની અવગણા કરનાર દરેક માણસને હું દેશદ્રોહી સમજું છું. જેટલા પ્રમાણમાં દેશના કે રાષ્ટ્રના સામાન્ય જનસમૂહની કેળવણી તેમનામાં જ્ઞાનનો ફેલાવો થશે તેટલા પ્રમાણમાં રાષ્ટ્રની ઉન્નતિ થઈ શકશે. તેમના વ્યક્તિત્વને ખીલવવાનો એક માત્ર ઉપાય તેમને કેળવણી આપવાનો છે. જો તેમ કરીશું, તો એક ભગીરથ કાર્ય થયેલું ગણાશે. તેમને જો કેળવણીના વિચારો આપીશું તો પછી તેઓ પોતે જ તેમનો ઉદ્ધાર જાતે કરશે.

**માતૃભાષા શિક્ષણનું માધ્યમ :**

તેઓ માનતા કે કેળવણીનું માધ્યમ સંસ્કૃત ભાષા નહિ, માતૃભાષા જ હોવું જોઈએ. પ્રાદેશિક ભાષાો કે માતૃભાષામાં તેમને શિક્ષણ આપવું જોઈએ. તેમને તેમના વ્યવસાયો જેવા કે, ખેતી, વેપાર કે જીવનલક્ષી કેળવણી તેમની બોલાતી ભાષામાં જ અપાવી જોઈએ. 5115

**ધાર્મિક શિક્ષણ :**

સ્વામી વિવેકાનંદ ધર્મને કેળવણીનું અંતઃલક્ષ્ય માનતા હતા. લોકોને સાચા twi અને અર્થમાં ધર્મ દ્વારા આધ્યાત્મિક શિક્ષણ મળવું જોઈએ. સત્યની પૂજા કરો, સત્યનો સાક્ષાત્કાર કરો. સત્યના સાક્ષાત્કાર માટે જે નરપુંગવો હસતે મોંએ મૃત્યુને ભેટતા હોય, ઉછેર જેમની પાસે ત્યાગ જેવું રક્ષાકવચ હોય અને બુદ્ધિ જેવી તલવાર હોય તેવા વીરપુરુષોની આજે જરૂર છે. ધર્મ દ્વારા 'જનસેવા એ જ પ્રભુસેવા'ની તેઓ દીક્ષા આપે છે. સ્વામીજીના મંતવ્ય મુજબ, "પ્રાચીન ધર્મો એમ કહેતા કે જે ઈશ્વરમાં નથી માનતો તે નાસ્તિક છે." નૂતન ધર્મ એમ કહે છે, "જેને પોતાની જાતમાં શ્રદ્ધા નથી એ નાસ્તિક છે. આ જાતની શ્રદ્ધા જ જગતને વધુ સારું બનાવી શકે છે."

**વિવેકાનંદના શિક્ષણદર્શનનું મૂલ્યાંકન** :

સ્વામીજીના જીવનદર્શન અને શિક્ષણદર્શનમાં અધ્યાત્મનો સમન્વય થયેલો છે. તેમના મંતવ્ય મુજબ...

- ચિંતન અને ક્રિયામાં (કર્મમાં) કોઈ અંતર રહેવું જોઈએ નહિ.
- સૌને માટે શિક્ષણની સમાન તકો ભેદભાવ વિના ઉપલબ્ધ હોવી જોઈએ.
- તેમના મંતવ્ય મુજબ, શિક્ષણ એ જ્ઞાન, કર્મ અને ભક્તિનો ત્રિવેણી સંગમ છે.
- કોઈ કોઈને શીખવી શકતું નથી, વ્યક્તિ સ્વયં શીખી શકે છે.
- કેળવણી એ સમાજ ઉત્થાન સાથે રાષ્ટ્રીય ઉત્થાનની પ્રક્રિયા છે.
- સત્યનો સાક્ષાત્કાર એ સત્યનું શોધન એ જ સાચો ધર્મ છે. આ જાતની ધાર્મિક કેળવણી આપવી જોઈએ.
- સ્ત્રીઓને શિક્ષણ નહિ આપવાથી રાષ્ટ્રની અધોગતિ થાય છે.
- માતૃભાષા દ્વારા જનસામાન્યને શિક્ષર આપવું જોઈએ.
- ધર્મ ઉપરાંત સામાન્ય અને વ્યાવસાયિક શિક્ષણ તેમજ ટેક્નોલોજીના શિક્ષણનો પ્રબંધ શિક્ષણ વ્યવસ્થામાં હોવી જોઈએ.
- કેળવણી એટલે માનવમાં રહેલી પૂર્ણતાનું પ્રાગટ્ય.

સ્વામીજીના વિચારોથી અભિભૂત થઈને આપણા પૂર્વ પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુએ તેમને ભવ્ય અંજલિ યથાર્થ રીતે જ આપી છે

"Rooted in the past and full of pride in India's prestige, Vivekanand was yet modern in his approach to life's problems, and was a kind of bridge between the past of India and her present." - Jawaharlal Nehru

- **જે.કૃષ્ણમૂર્તિના શિક્ષણના વિચારો**

**ભૂમિકા :**

વર્તમાન શિક્ષણ પ્રણાલીના ઉદ્દેશ્ય, વિષયવસ્તુ, શિક્ષણ પદ્ધતિ, અનુશાસન વ્યવસ્થા વગેરે બાબતો સાથે આજે પ્રશ્નો ઉઠાવવામાં આવે છે. વિજ્ઞાન, યંત્રવિજ્ઞાન અને અધ્યાત્મવિજ્ઞાને આ દિશામાં સૌને વિચારતા અને પ્રયોગ કરતા કર્યા છે. પર્યાવરણની અસમતુલા, વસ્તી વધારો, વધતા જતા ગરીબી અને ભૂખમરો તથા હિંસાની પરિસ્થિતિનો સામનો કરવાની મનુષ્યની અનિવાર્ય ફરજ થઈ પડી છે. પરિણામે પર્યાવરણ શિક્ષણ, સમાનતા માટેની કેળવણી, શાંતિ માટેની કેળવણી અને ભાઈચારા માટેની કેળવલીના નવા અભિગમોની આવશ્યક્તા ઊભી થઈ છે. ભારતીય તત્વચિંતકોના શિક્ષણદર્શનમાં અને ભારતીય તાત્વિક વિચારધારાઓમાં આ પ્રકારના અભિગમોનો ઉલ્લેખ છે. શ્રી જે. કૃષ્ણમૂર્તિ આપછી પ્રાચીન શિક્ષણ પદ્ધતિ તથા પ્રવર્તમાન શિક્ષણ પદ્ધતિને આ બાબતોના સંદર્ભમાં વિશેષ દૃષ્ટિથી જુએ છે. કૃષ્ણજી પ્રવર્તમાન શિક્ષણ પ્રણાલી દ્વારા પ્રાપ્ત જ્ઞાન (નોલેજ)નો સ્વીકાર કરે છે ખરા પણ આંતરિક અને બાહ્ય જગત વિષેની ઉચ્ચ આલોચનાત્મક જાગૃતિ પર અધિક ભાર મૂકે છે. શિક્ષણ દ્વારા જ્ઞાન પ્રાપ્તિ અને કૌશલ્ય પ્રાપ્તિને સ્વીકારે છે પણ તે દ્વારા આત્મજ્ઞાનની પ્રક્રિયામાંથી જન્મતી સમજબુદ્ધિનો વિશેષ સ્વીકાર કરે છે. તેમના શિક્ષણ ચિંતનમાંથી પ્રવર્તમાન શિક્ષણમાં પરિવર્તન લાવવા માટેના ઉપાયી, વિકલ્પો કે કોઈ ચોક્કસ યોજનાઓ તારવવી સરળ નથી તે તો તદ્દન નવા મૂલ્યાંકનો હાથ ધરવા કહે છે અને મનના ફેરફારની વાત કરે છે, સ્વ-વિકાસની વાત કરે છે.

શ્રી જે. કૃષ્ણમૂર્તિ જીવનમાંથી જ જીવનનું ધ્યેય શોધવાનું કહે છે. પરિવર્તનને માટે કોઈ સમૂહગત ક્રિયા કે સંસ્થાગત પ્રયત્નો હોઈ શકે જ નહિ, તેને માટે તો આપણે જાતે જ ઉપર ઊઠવું પડે અને આપણી જાતને સમજાવવી પડે. આપણે જીવનકાર્ય, તે વિષેની માનસિક સજ્જતા તથા ચેતનાની સાચી સમજ કેળવવાનો પ્રયત્ન કરવાનો છે. તેઓ કહે છે : "જો તો કૃષ્ણમૂર્તિને વ્યક્તિગત રીતે પૂજશો, જે તમો તમારું માન અને આદર એ વ્યક્તિને આપશો તો દુઃખી થશો, કારણ કે એ વ્યક્તિ તો લીન થશે, એનું અસ્તિત્ત્વ નહીં રહે, કારણ વ્યક્તિ નાશવંત છે. પરંતુ જો તમો સત્યના ઉપાસક બનશો તો તમો સત્યના જ એક ભાગ બની જશો." આત્મશોધનના ક્ષેત્રે

'સ્વખોજ માટેની તત્ત્વાલોચના' (philosophi- zation)ની પ્રક્રિયા ઉપર તેમણે ખાસ ભાર મૂકયો છે. માનવના સ્વાતંત્ર્યને ખાસ કરીને બંધનમુક્ત વિચાર સ્વાતંત્ર્યને તેમણે મહત્ત્વ આપ્યું છે.
વર્તમાન સમયમાં વૈજ્ઞાનિકો, સમાજસુધારકો અને તત્ત્વચિંતકો "માનવસમાજના રૂપાંતરમાં જ્ઞાનનું સ્થાન"નો જે રીતે સ્વીકાર કર્યો છે તે જ જે. કૃષ્ણમૂર્તિના જીવનનો સંદેશ છે.

**જીવનવૃત્તાંત (૧૮૯૫-૧૯૮૭)**

જે. કૃષ્ણમૂર્તિનો જન્મ મે, ૧૮૯૫ના દિવસે મદ્રાસથી ૧૫૦ માઇલના અંતરે આવેલ આંધ્રના ત્રિચુર જિલ્લાના મદનાપલ્લી નામના હતો. સંસ્કૃત બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલા તેઓ માતા-પિતાના આઠમા સંતાન હતા. એટલે જ તેમનું નામ શ્રીકૃષ્ણના નામ પરથી કૃષ્ણમૂર્તિ રખાયું.
જડ્ડુ કૃષ્ણમૂર્તિ નારાયણપ્પાના જીવનના વિવિધ તબક્કાઓ બી. જી. દેસાઈ આ (૧૯૮૧) પ્રમાણે ગણાવે છે.
૧. બાળપણ :દત્તકવિધિ અને વિશેષ સ્વરૂપની પ્રાપ્તિ. ૧૮૯૫થી ૧૯૧૧
૨. પ્રથમ ઘડતર : વ્યક્તિ અને સંસ્થા દ્વારા ઘડતર ૧૯૧૧થી ૧૯૨૦
૩. સ્વતંત્ર ઘડતર : સાક્ષાત્કાર થવો૧૯૨૧થી ૧૯૨૧થી ૧૯૩૧
૪. સ્વઘડતર કાર્ય : બંધનમુક્ત અવસ્થા ૧૯૨૯થી ૧૯૮૭

બાળપણમાં માતાનું અવસાન અને પિતાની નોકરી છૂટી ગઈ. તેઓ શ્રીમતી એની બેસન્ટ અને થીઓસોફિકલ સોસાયટીના પરિચયમાં હતા. શ્રીમતી બેસન્ટે તેમને દત્તક લઈને વિશિષ્ટ પ્રકારનો પ્રેમ આપી એક અવતાર તરીકે તેમનું ઘડતર કર્યું.
સોળ વર્ષની ઉંમરે શ્રીમતી એની બેસન્ટ એમને ઈંગ્લેન્ડ લઈ ગયા. થિયોસોફિસ્ટોએ તેમના ભાષાકીય અભ્યાસને પ્રાધાન્ય આપ્યું. ત્યારબાદ એની બેસન્ટની એક જાહેરાતને કારણે કૃષ્ણમૂર્તિ જગદ્ગુરુ તરીકે ઓળખાયા. ભારતમાં પણ તેઓએ એ રીતે ખ્યાતિ મેળવી. "શ્રી ગુરુચરણે" પુસ્તિકા લખી. "પૂર્વના તારક સંઘ" સંસ્થાની સ્થાપના કરી.
વ્યક્તિ દ્વારા ઘડતર અને સંસ્થા દ્વારા ઘડતર બાદ ત્રીજા તબક્કામાં તેમનું સ્વતંત્ર ઘડતર થયું. તેઓ કહેતા; "વ્યક્તિએ પોતાને સર્વબંધનમાંથી મુક્ત કરવી છે. વ્યક્તિ જયાં સુધી આવી મુક્તિ હાંસલ ન કરે, આત્મજ્ઞાનને માર્ગે ન વળે, ચેતનાને ન ઝંઝોડે ત્યાં સુધી તે પરમતત્ત્વને પામી શકે નહિ." કૃષ્ણમૂર્તિના નાના ભાઈના અવસાન બાદ તેમને આંતરિક અનુભૂતિ થઈ અને "સાક્ષાત્કાર" થયો. કંઈક લાધ્યું - પરમતત્ત્વ પ્રાપ્ત થયું તેમ તેમના જીવનદર્શનના લખાણોમાં ઉલ્લેખ છે.
અંતિમ તબક્કામાં એમણે બધાં બંધનો તોડયાં. ગુરુપદનો અને સંસ્થાકીય સંબંધનો ઈન્કાર કર્યો. તેમનું લક્ષ્ય પરમતત્ત્વ પર કેન્દ્રિત થયું અને તે માટે સાધના આરંભી. તેમનો સ્વ'ની સુધારણાનો તર્ક બુદ્ધિગ્રાહ્ય સ્વરૂપે પ્રવચનો દ્વારા પ્રશ્ન-ચર્ચા દ્વારા પ્રસાર પામ્યો તેઓ કહેતા, '"મારે કોઈ અનુયાયી જોઈતા નથી. કોઈ પોતાને મારો શિષ્ય કહે એ વિચાર જ મને ગમતો નથી. તમે પરિપકવતાનાં ફળરૂપે નીપજતી તમારી પોતાની સમજના શિષ્ય બનો."
**તત્ત્વમીમાંસા** : કૃષ્ણમૂર્તિના મતાનુસાર સત્ય એ પરમતત્ત્વ છે. તે પરિવર્તનશીલ અને સર્જનાત્મક છે. સ્વ-જ્ઞાન દ્વારા ખોટી માન્યતાઓમાં પરિવર્તન આવે અને સર્જનાત્મક વિચારો દ્વારા પરમતત્ત્વની અનુભૂતિ થાય. પૂર્વવર્તી સિદ્ધાંત કે મૂલ્યાંકનના આધાર વિના તત્ત્વમીમાંસાના ક્ષેત્રે તેમનું પ્રદાન વિશિષ્ટ છે. આધ્યાત્મિક સ્વની પ્રાપ્તિ માટે તેમણે વૈયક્તિક જીવનને અને ખાસ કરીને વૈચારિક સ્વને પ્રાધાન્ય આપ્યું છે.
તેમણે 'સમજપૂર્વકનું જીવનનું સભરપણું' અંતિમ સત્યને પામવા માટે જરૂરી છે તેમ સૂચવ્યું છે. તેમના મતે સત્યને શોધવા માટે વ્યક્તિએ જીવનની બહાર જવાની જરૂર નથી. વ્યક્તિગત જીવનમાં યોગ્ય વ્યવહાર જીવનને સભર બનાવે છે. જીવનના આધાર સમાન 'નિયમ' અને 'ધર્માનુસાર જીવન' જ સત્યની ઝાંખી કરાવી શકે. સત્ય એ કોઈ અમૂર્ત વિચાર નથી એ તો એક અનુભવ છે. જીવનથી દૂર ભાગ્યા વિના તેને સભર બનાવતાં જવાથી માનવને આનંદ મળે છે અને એ બાહ્ય અને આંતરિક આનંદ એ જીવનનો હેતુ, સભર જીવન જીવવાનો હેતુ છે.
વ્યક્તિએ પોતાના જીવનકાળ દરમ્યાન ખરા અર્થમાં જીવનકાળને સમજવાના પ્રયત્ન કરતાં રહેવું જોઈએ, જીવન માટે કેટલાક કાયદાઓ છે તેની સમજણ પ્રાપ્ત કરવા અર્થેનો જીવનમાર્ગ હોવો જોઈએ. બીજા અર્થમાં કહીએ તો જીવનના મૂલ્યોની શોધ એ જ સત્યની શોધ. કૃષ્ણમૂર્તિ પરમતત્ત્વને માટે કશું જ મૂર્ત રજૂ કરતા નથી કે તેનું વર્ણન પણ આપતા નથી. શાસ્ત્રી જયેન્દ્ર દવે

(૧૯૮૬)ના મતે 'માણસને અરીસામાં પોતાની છબી જોવાની ભલામણ કરીને ખસી જાય છે... જગતના તત્ત્વચિંતકો પોતાની જ મીમાંસાઓ સૌને તે ઠસાવવાનો પ્રયત્ન કરતાં હોય છે ત્યારે તેમણે કોઈ બાબતનું ખંડન કરતી કે સાબિત કરતી નીતિ-રીતિ આપવાનો પ્રયત્ન કર્યો નથી. ભલે વ્યક્તિએ વ્યક્તિએ આ મીમાંસા અલગ રહે."
કૃષ્ણમૂર્તિ 'હું'ને અંગે ભારપૂર્વક સૂચન છે. વ્યક્તિને બંધનોમાંથી (સર્વ પ્રકારના બંધનોથી) મુક્ત થવાનું અને પળેપળને જાગૃત એવી સભાનાવસ્થામાં જીવવાનું સૂચવે છે. સ્વજ્ઞાનને માટે અવલોકન અને વૈચારિક પરિપ્રેક્ષ્યમાં વિહરતી થયેલ બંધનમુક્ત અનુભૂતિને પ્રાધાન્ય આપવાનું સૂચવે છે.
તેઓનો જીવન અંગેનો દૃષ્ટિકોણ જ જીવનનો હેતુ સૂચવે છે,
"Life is relationship, Life action in relationship, when do understand relationship, or when relationship is confused, than seek a fuller meaning."
જીવન એક સંબંધ છે. ખરા અર્થમાં કહીએ તો જીવનકાર્ય એ સંબંધો શોધવા, બાંધવા, વિકસાવવા, અને જાળવવાનું ગણિત છે. અહીં વ્યક્તિના જીવન સાથેના જીવનની હર પળ સાથેના સંબંધોની વાત છે. વ્યક્તિના માત્ર અન્ય વ્યક્તિ સાથેના નહિ, પ્રકૃતિ સાથેના, પ્રાણી સાથેના, પદાર્થો કે વસ્તુઓ સાથેના સંબંધો એ જીવન છે. આ સંબંધોની સંતુલન ભરેલી પરિસ્થિતિમાં કશોક વિક્ષોભક અનુભવ થાય છે ત્યારે જ માણસ વૈચારિક સ્વત્વને આગળ વધારીને તેનો ખરો અર્થ જાણવાની કોશિશ કરે અને ખરો અર્થ પામે છે. ઘણા વિચારકો જીવનને વૈચારિક, વ્યાવસાયિક, આધ્યાત્મિક એમ અલગ પાડે છે. તેમના મતે આવા ભાગલા જ શક્ય નથી. જીવનકાર્યને, નિજને પ્રેમ કરવો અને પ્રેમપૂર્વકનું પરિપૂર્ણ સભર જીવન જ માનવનો જીવનહેતુ હોઈ શકે. વ્યક્તિને તેના સંબંધોથી જ અભ્યાસી શકાય અને પોતાને અભ્યાસવા માટે આ દર્પણ જ સ્વજ્ઞાન, સમજ અને સત્ય આપે. કૃષ્ણમૂર્તિ આને માટે 'ધ્યાન'ને જરૂરી ગણે છે. "સમગ્ર જીવન ધ્યાન છે. જીવનને નાના ટુકડાઓમાં નહિ પણ તેની સમગ્રતામાં જોવા, અખિલાઈને સમજવા અને તેનો વિનિમય કરવા માટે, સ્થળ અને કાળ વિનાનું દર્શન ધ્યાનના કારણે છે."
જે. કૃષ્ણમૂર્તિનું તત્ત્વમીમાંસાત્મક ચિંતન ફલક ઘણું મોટું છે. શબ્દાડંબર નથી, સમજવું સરળ નથી અને જીવનાભિમુખ પણ છે. તેમની સલાહ 'હું' ને સમજવા અને જોવા ઉન્નત્ત થવું તે છે. તેઓ આંતરદર્શનને પ્રાધાન્ય આપે છે. વ્યક્તિનું તે જ જીવન ધ્યેય છે, તેનાથી જ ફિલસૂફી જન્મે, પછી ભલે તે વ્યક્તિએ વ્યક્તિએ ભિન્ન હોય "(તેથી) કેવળ જાગૃત જ થાઓ. પળે પળની (આવી) વ્યાપક સમજ, સજાગ અવસ્થા, સાવધાનતા, તટસ્થ આત્મસાક્ષી ભાવનું તલસ્પર્શી સર્વગ્રાહ્ય અવલોકન થતાં અહમ્ આપોઆપ અદૃશ્ય થઈ જાય અને ચિત્તલક્ષી જ્ઞાન વિકસે...

**જ્ઞાનમીમાંસા** :
જ્ઞાન એટલે વિગતોનો સમુચ્ચય. માહિતીયુક્ત જ્ઞાનને માટે સ્મૃતિ શબ્દ પ્રચલિત છે. તેઓ સ્મૃતિને આ રીતે સમજાવે છે. તથ્યલક્ષી સ્મૃતિ, સંચયરૂપી સ્મૃતિ અને ચિત્તલક્ષી સ્મૃતિ. પરંપરાગત સ્વરૂપમાં માહિતીને તથ્યલક્ષી સ્મૃતિ કહેવાય. મનોવૈજ્ઞાનિક ટેવો, પૂર્વગ્રહો વગેરે વ્યવહારાધિત જ્ઞાનને સંચયરૂપી સ્મૃતિ કહેવાય. જ્યારે સ્વ-જ્ઞાન, સ્વખોજ, અનુભૂતિને ચિત્તલક્ષી સ્મૃતિ કહેવાય.
જે.કૃષ્ણમૂર્તિ માહિતીની સાથે સારાનરસાના વિવેકને સાંકળે છે, તેને માટે તેઓ પ્રેમ શબ્દ વાપરે છે. જ્ઞાનની તથ્યલક્ષી સ્મૃતિરૂપ પરંપરાગત સ્વરૂપની મર્યાદાઓ તેઓ સ્પષ્ટ કરે છે અને સ્વ-શાનની પ્રતિષ્ઠાને આગળ કરે છે. તેઓના મતે આપણે બધા શબ્દો અને વિગતની માહિતીથી ભરેલા છીએ અને તેને આપણે જ્ઞાન કહીએ છીએ. પણ આ જ્ઞાનની પાછળ ભય પણ લાગ જોઈને હુમલો કરવા માટે છૂપાયેલ છે. અહીં ખોટાપણાનો ભય હોઈ શકે, ખોટી સમજનો ભય હોઈ શકે, ખોટા અર્થઘટનોનો ભય હોઈ શકે. તેમજ માત્ર અનુવાદક તરીકેની સમજનો ભય હોઈ શકે. આમ, તેની સાથે ભય છે, વિવેક નહીં. વિવેકવિહીન એટલે કે પ્રેમવિહીન જ્ઞાન વ્યક્તિનો નાશ કરે છે.

"Knowldge of us are filled with words, with information which we call knowldge, and without it, we are lost, so there is always fear lurk- ing, behind this geneen of words of information. Where there is fear there is no love, and knowldge without love, destroy us."

વ્યક્તિ જે જાણે છે તે કયાંકથી સીધેસીધું મેળવેલ છે. તેણે તેનું ભાષાંતર કરેલ છે. પરંપરાગત અર્થમાં આપણે તેને જ્ઞાન કહીએ છીએ. તેના માટે અન્ય કોઈ કે વ્યક્તિ પોતે શંકા ઉઠાવે, સત્યાસત્યની ચર્ચા શકય બને. પરંતુ જ્યારે વ્યક્તિ સ્વખોજ બાદ અનુભૂતિથી જે મેળવે છે તે તેના માટે ખરા અર્થમાં 'જ્ઞાન'' છે. તેને આપણે વેદાંતમાં અર્થજ્ઞાન કહીએ છીએ.
ભારતીય તત્ત્વજ્ઞાનમાં જે. કૃષ્ણમૂર્તિના સ્વજ્ઞાનનું મહત્ત્વ વિશેષ છે. માહિતી સ્વરૂપની હકીકતો, વિગત વિષયક ખ્યાલના સિદ્ધાંતો, તારણો, સૂત્રી એ જ્ઞાન નથી. માણસે પોતાના જીવન અંગેની શૂદ્રતા, છીછરાપણું, ક્રૂરતા, હિંસા, લોભ, તૃષ્ણા, દૈનિક ચિંતા, વગેરેને સમજવા, નિરખવા અને તદ્‌વિહીન સભર જીવન અંગેનું જ્ઞાન કેળવવું જોઈએ.
'જ્ઞાન' શબ્દની કૃષ્ણમૂર્તિની વિભાવના ખરેખર સમજવા જેવી છે; 'જ્ઞાન' તત્ત્વતઃ પર આધિન નથી પણ સ્વઆધિન છે. આત્મનિરીક્ષણના કાર્યમાં ગ્રંથ કે ગુરુ કે બીજા કશાની જરૂર નથી. તમારી પાસેની વિગત, તમારા વિચાર અને લાગણીની સમગ્ર પ્રક્રિયા સમજવી એટલે કે બધા વિચારોથી, બધી લાગણીઓથી મુક્ત થવું. પરિણામે, તમારું મન, તમારું સમગ્ર અસ્તિત્ત્વ બધું શાંત બની જાય, આ જીવનસૌંદર્યની અનુભૂતિ જ્ઞાન છે.
કૃષ્ણમૂર્તિના પુસ્તક શિક્ષણ સંવાદમાં 'જ્ઞાન અને બુદ્ધિ' અંગેના તેમના વિચારો આ રીતે વ્યક્ત થયેલા છે.
'સ્પષ્ટતાથી વાસ્તવિક રીતે, સમતુલ અને તંદુરસ્તપણે વિચારવાની શક્તિ એ બુદ્ધિ છે. જેમાં અંગત લાગણી, અભિપ્રાય, પૂર્વમત કે રુચિ ન હોય એવી અવસ્થા જોડાયેલી છે. સીધી સમજણ પ્રાપ્ત કરવાની શક્તિ એ બુદ્ધિ. જેમાં ભૂતકાળની વિગતોનો સતત ઉમેરો થતો રહે એ જ્ઞાન છે. જ્ઞાન મૂળ માહિતીના અમુક ચુકાદાને કે મૂલ્યાંકનને પકડી રાખે છે. વિષયોના જ્ઞાન સાથે નાતજાતની કે સામૂહિક પ્રથા છે, રૂઢિ છે (વિષય, એકમ, મુદ્દો, સંકલ્પના...) જ્ઞાનના ત્રણ પ્રકાર છે : વૈજ્ઞાનિક, સામૂહિક અને અંગત !'
કેળવણીકારોએ ફક્ત માહિતી જ્ઞાન જ આપવાનું નથી. બુદ્ધિશાળી બનાવવાના છે. પુસ્તકો અને ચર્ચા દ્વારા બુદ્ધિશાળી બનવામાં સહાય કરવાની છે. દુનિયામાં સમતુલાથી, તંદુરસ્તપણે, કેવી રીતે જીવવું તે શોધી કાઢવામાં મદદરૂપ થવાનું છે.

**મૂલ્યમીમાંસા** :
સૌંદર્યમીમાંસા અને આચારમીમાંસાની ચર્ચા મૂલ્યમીમાંસાને અંતર્ગત હોય. મૂલ્ય વિષેની સીધી ચર્ચા જે. કૃષ્ણમૂર્તિના લખાણોમાં નથી એમ દર્શાવતા શાસ્ત્રી જયેન્દ્ર દવે (૧૯૮૬) લખે છે કે, તેમની દૃષ્ટિએ શાશ્વત જીવનમૂલ્યોને મહત્ત્વના ગણી શકાય. શ્રદ્ધા, સેવા, સ્વાર્પણ, ત્યાગ, પ્રેમ, સહકાર, દયા, ઔદાર્ય, પરોપકાર જેવા સદ્‌ગુણોને આ પ્રકારના મૂલ્યોમાં ગણી શકાય. વળી આ મૂલ્યોની સમજ વૈચારિક રીતે સ્વની જ હોય એ જોતાં વૈયક્તિક મૂલ્યોને પાયામાં ગણીએ. જીવન પ્રત્યેની શાશ્વતવૃષ્ટિ (વિવેકદૃષ્ટિ) વ્યક્તિને સ્વજ્ઞાનની સમીપ લઈ જાય, સ્વજ્ઞાન આપે. વૈશ્વિક મૂલ્યોનો સીધેસીધો સ્વીકાર નહીં તે તો વિચાર છે. આ વિચારને મહત્ત્વ પણ આત્મશોધન બાદ અપાય છે. આ લખાણમાં સાધન મૂલ્યનો સ્વીકાર છે. સ્વજ્ઞાન એ લક્ષ્ય (સાધ્ય મૂલ્ય) છે; પરંતુ અહીં મહત્ત્વ સાધન મૂલ્યને છે.
ડૉ. સાવિત્રી વ્યાસ (૧૯૮૯) સૌંદર્ય વિષેનું તેમનું ચિંતન આ રીતે સ્પષ્ટ કરે છે ઃ "ચિત્રકાર કે કવિ ચિત્ર અને કવિતામાં પોતાના પ્રયાસ રજૂ કરે છે પણ સૌંદર્ય તો તે કૃતિના પોતાનામાંથી જ આવે છે. જ્યારે કર્તાના પ્રયાસો પૂરેપૂરા અટકે છે ત્યારે સત્ય તેના હોવાપણામાંથી બહાર આવે છે. જયારે કતૃત્ત્વ અને તત્સંબંધી વિચારો અટકે અને સ્વની પણ ગેરહાજરી હોય એવી બંધનમુક્તિ સ્થિતિમાં જ તે લાધે છે."
"You enjoy the beauty yourself... when the mind is utterly still, without being forced or trained into quiescence, when it is silent because the self is inactive, then there is creation."
હવે આચારસંહિતાનું તેમનું ચિંતન સમજીએ.
"સંજોગોએ ફરજ પાડી ન હોય એવી આચારસંહિતા શોધી કાઢવી એ જીવનની એક અત્યંત કઠિન બાબત છે. સંજોગો અને લોકો અમુક રીતે વર્તવાની વ્યક્તિને ફરજ પાડે છે. શું વ્યક્તિનું આચરણ અંદરથી પ્રગટી શકે ?... સંભાળની લાગણી થવી તે સ્નેહ આચરણ છે. વસ્તુની જેમ માવજત કરીએ તેમ તેના પ્રત્યે સંવેદનશીલ બનીએ. તેથી સ્નેહ, મૃદુતા, માયાળુતા, ઉદારતાની ભાવના હોવી જોઈએ. આવો સ્નેહ હોય ત્યાં સ્નેહ જ આચરણ કરાવશે અને તેનો આધાર સ્થળ, કાળ, વ્યક્તિ, બનાવથી પર હોય. આમ, આચરણમાં 'સ્નેહભાવ'ને કૃષ્ણજી મુખ્ય ગણે છે અને તે વ્યક્તિની તમામ જીવંતક્ષણો દરમ્યાન નિરપેક્ષ રીતે આચારમાં ઓતપ્રોત થઈ જવો જોઈએ."

આ વિગતને કૃષ્ણજી આ રીતે નિરૂપે છે : "આયાસમાં વિચાર અને આચારનો સમન્વય એ મુખ્ય બાબત છે. વિચાર અને આચાર બન્નેને સાથે રાખવા એ બધા આયાસોનું લક્ષ્ય છે. પણ આ બન્ને વિરોધાત્મક છે. ભલે રહ્યા. જેમ વિરોધ અધિક તેમ બેધ્યાન અવસ્થા અને તેમાંથી પરિણમતો આચાર શ્રેષ્ઠ "

**શિક્ષણ ચિંતન** :

કૃષ્ણજીની જ્ઞાન અંગેની વિભાવનાની વિશેષતા એ છે કે તેમણે 'જ્ઞાન' અને 'સમજબુદ્ધિ' એ બે બાબતો તરફ વિશેષ ધ્યાન દોર્યું છે. પુસ્તકોની માહિતીને તેમણે જ્ઞાન તરીકે જ્યારે તેના ઉપર થતી માનસિક, ચૈતસિક એવી બ્રેઈન સ્ટોર્મીંગ પ્રોસેસથી થતી અનુભૂતિને સમજબુદ્ધિ કહી છે. તેમના મતે, "જ્ઞાન મેળવવું, કાર્યકુશળતા આવવી તે શિક્ષણ નથી. સંપૂર્ણ રીતે જીવનનો મર્મ સમજવો એ જ ખરું શિક્ષણ છે." માનવ જીવનના રહસ્યને પામવા માટેની ક્રિયા અને તે દ્વારા સભર જીવન જીવવાની ક્રિયાને અધ્યયન પ્રક્રિયા તરીકે તેમણે દર્શાવી છે. વળી આ ક્રિયાની ભૌતિકતા તેમણે નથી દર્શાવી પણ આંતરદર્શનને પ્રાધાન્ય આપેલ છે.

તેમની દૃષ્ટિએ શિક્ષણનો ભૌતિક વ્યવહાર કે જેમાં માહિતીની આપ-લે થાય છે તે સ્વતંત્ર વિચાર કરવાની શક્તિને અતિશય મુશ્કેલ બનાવે છે. કોઈ વ્યક્તિ, સંસ્થા કે વિચારસરણીના અનુગામી બનવાથી તો જીવન સામાન્ય કક્ષાનું બને. તે બુર્ઝવા જીવન (જન્મ લીયા, પઢે, શાદી હુઈ, બચ્ચે હુએ ઔર મર લયે) કહેવાય. જીવન જીવવાનો એ યાંત્રિક માર્ગ છે. પોતાની એષણાઓ, ભ્રષ્ટાચાર, હિંસા, પશુતા, બેદરકારી અને જાલિમગીરીવાળા સામાન્ય કહેવાય. નોકરી શોધવી, કાર્યદક્ષ હોય કે ન હોય નોકરીને વળગી રહેવું અને નોકરી કરતાં કરતાં મૃત્યુને શરણે થવું આવું સામાન્ય જીવન તેઓ જીવે છે. કશી નવીનતા નહિ, કશી તાજગી નહિ, જીવનમાં કશો આનંદ નહિ, કશું જાણવાનું નહિ, ભાવનાની ગાઢતા નહિ, આવેગ નહિ, કશું શોધવાનું નહિ, પણ માત્ર સ્વીકારી લેવાનું–માનવના આ કાર્ય માટે શિક્ષણ નથી. જ્યાં સુધી શિક્ષણના પરિણામે જીવનની સભરતાની દૃષ્ટિ ન આવે ત્યાં સુધી શિક્ષણનો કોઈ અર્થ નથી. તેમના મતે 'શિક્ષણ માત્ર મનને કેળવવું, કાર્યકુશળતા વધારવી, જ્ઞાન સંપાદન કરવું, વિગતો જાણીને સુસંગત કરવી તે નથી. સંપૂર્ણ રીતે જીવનનો મર્મ સમજવો એ જ ખરું શિક્ષણ છે." વ્યક્તિએ પોતાની આસપાસની પરિસ્થિતિ, કુદરત, પક્ષીઓ, પ્રાણીઓ, વનસ્પતિ, જીવન વગેરેના આલોચક બનવાનું છે. ડૉ. સાવિત્રી વ્યાસ જે. કૃષ્ણમૂર્તિના શિક્ષન્ન ચિંતન અંગેના તેમના આલોચનાત્મક અભ્યાસ (૧૯૮૯)માં તેઓની શિક્ષણ વિભાવના અંગેના વિચારોનું દોહન આ રીતે રજૂ કરે છે : "પોતાની જાતને સમજવી એ જ શિક્ષણ. એ સમજ કેળવવા વ્યક્તિ, વર્તન-પરિવર્તન માટે અનુભવો મેળવે પ્રગતિશીલ ક્રિયા કરે જેના પરિણામે વ્યક્તિ સમગ્રતયા પરિવર્તન પામે તે પ્રક્રિયા એટલે શિક્ષણ."

'હું કશું જાણતો નથી' તે પૂર્વ શરત અને વર્તમાનની બહાર શીખવાનું કદી હોતું નથી. એમ વિચારી વર્તમાન (જીવન)ને કશાકથી મુક્ત એવી સમગ્રતામાં જીવતાં જીવતાં પોતાની જાતને ઓળખવી એ શિક્ષણનો પ્રધાન આશય છે.

"The whole movement of life is learning. There is never a time, in which there is no learning. Every action is a movement of learning, and every relationship is learning... knowledge is measureable more or less but in learning, there is no measure."

શીખવાનું વર્તમાનની બહાર સંભવ જ નથી. વ્યક્તિ પોતે કશું જ જાણતો નથી તેમ મનથી માની અનુભવો મેળવવા પ્રગતિશીલ ક્રિયા કરે છે. પોતાના પ્રત્યેક વર્તનોને સમગ્રતયા અનુભવે છે અને મૂલવે છે અને તદ્નુરૂપ પુનઃક્રિયા કરે છે. ત્યારે આ શીખવાની ક્રિયા થાય છે અને વ્યક્તિ પ્રાપ્તિની અનુભૂતિ કરે છે.

**તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે પ્રદાન** :

જે. કૃષ્ણમૂર્તિનું તત્ત્વચિંતન 'આત્મશોધન'ના ક્ષેત્રને સંલગ્ન છે. સ્વજ્ઞાનને માટે છે. તે માટે અવલોકન, તપાસ, આલોચના, મુક્ત ચિંતનને મહત્ત્વ આપે છે. બૌદ્ધિક એવી તર્કપ્રણાલીઓ જ્ઞાનને માટે આવશ્યક છે તેમ સ્વીકારે છે. આત્મશોધન માટે જરૂરી છે સમજબુદ્ધિ તેમ તેઓનો મત છે. આદર્શવાદી તત્ત્વચિંતકોની વિચારસરણી પ્રમાણે તેઓ પણ આત્માનુભૂતિને લક્ષ્ય તરીકે સૂચવે છે. સારા માનવના પુષ્પીકરણને માટે તેઓ સ્વની બંધનમુક્ત અનુભૂતિને મહત્ત્વ આપે છે. તેઓ સત્ય આંતરિક છે તેમ જણાવે છે. તેને માટે જીવનને જોવું, તટસ્થ ભાવે જોવું અને તેની સાથે સંવાદિતા સાધી બંધનમુક્ત અનુભૂતિ પ્રાપ્ત કરવી તે મહત્ત્વનું છે. આ નિરીક્ષણ દરમ્યાન અવલોકન કરનાર એટલે કે સાધક જ જે કાંઈ જોવાનું છે તેમાં ઓતપ્રોત થાય તેમ સૂચવી સાધ્ય મૂલ્યને બદલે સાધક મૂલ્યને અગ્રિમતા આપે છે. તેઓની બંધનમુક્ત અનુભૂતિની આ વાત સમજવી સંકુલ છે. ચેતનાના પરિવર્તનની ક્ષણોને સ્થળ અને કાળ રહિત પામવાનું તેમનું આ સૂચન તત્ત્વચિંતનને તર્કસંગત પદ્ધતિમાં મૂકી આગવી મીમાંસા રજૂ કરે છે.

તેઓનાં 'સંવાદ'માં તર્કબદ્ધતા છે. જીવન, પ્રકૃતિ, આચાર, વગેરેના સંદર્ભમાં સામાન્ય વ્યવહારથી શરૂ કરી તેઓ આદર્શ વ્યવહાર સ્પષ્ટ કરે છે. તત્ત્વાલોચનામાં વૈશ્વિક મૂલ્યોનો સીધેસીધો સ્વીકાર નહીં અને સંસ્કારબદ્ધતા (conditioning)ની પરંપરાગત પર એવી મીમાંસા કરવાનું વ્યક્તિ પર છોડી દે છે, અને પોતે ખસી જાય છે. રહસ્યને પામવા માટે સ્વાતંત્ર્ય, સંવાદિતા, ધ્યાન અને બંધનમુક્ત અનુભૂતિ, જેવી આત્મશોધનને જરૂરી બાબતો તેઓ પોતાની વિશિષ્ટ શૈલીથી સમજાવે છે પણ તેનો જ તમે સ્વીકાર કરો તેમ કહેતા નથી.

આત્મશોધનના ક્ષેત્રે તત્ત્વચિંતકોએ જે મીમાંસા રજૂ કરી છે તેમાં તેમનું સ્થાન વિશિષ્ટ છે તેમ કહી શકાય.

**જે. કૃષ્ણમૂર્તિનું શિક્ષણ દર્શન :**

વિદ્યાર્થીઓની માનસિક ભૂમિકામાં પરિવર્તન લાવવું. તેમની બુદ્ધિને જાગૃત કરી શું વિચારવું તે શીખવવું. માત્ર નોકરી-ધંધા માટે જ નહિ પણ જીવનની ગૂંચવણો દૂર કરવા તેમજ જીવનના સંપૂર્ણ વિકાસના શિક્ષણને કૃષ્ણજી મહત્ત્વનું માને છે. પ્રવર્તમાન સમયમાં ઔદ્યોગીકરણ, જ્ઞાનનો વિસ્ફોટ અને જીવનના બહુવિધ કાર્યોને કારણે વ્યક્તિ સમક્ષ અનેકવિધ દિશાઓમાંથી પ્રશ્નો ઊભા થાય છે ત્યારે વ્યક્તિને માટે જીવનમાં સંવાદિતા અતિ મહત્ત્વની છે. સ્વ માટે સ્વના વિકાસને મહત્ત્વ આપતાં તેઓ માણસને પોતાના વિચારની જાણ થતાં સ્વજ્ઞાનમાંથી જ દિશા મળે છે તેમ તેઓ સૂચવે છે. વિસંવાદિતા આવે ત્યારે તેનો સામનો કરે અને તેનાથી દૂર ન ભાગે પણ સમજ બુદ્ધિથી તેનો સામનો કરવા માટેની અપૂર્વ સમજ કેળવે તે શિક્ષણ છે.

તેઓ શિક્ષણ એટલે શું તે પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે, પોતાની જાતને સમજવી એ જ શિક્ષણ, અને એ જ સમજ કેળવવા વ્યક્તિ જીવન કાર્યો કરી અનુભવો મેળવે. જેને પરિણામે વ્યક્તિ સમગ્રતયા પરિવર્તન પામે તે પ્રક્રિયા એટલે શિક્ષણ, પ્રવર્તમાન સમયમાં સુસંવાદી અને પ્રજ્ઞાશીલ માણસનું ઘડતર એ જ શિક્ષણકાર્ય હોઈ શકે તેમાં બેમત નથી.

શૈક્ષણિક હેતુઓની દૃષ્ટિએ સ્વ-ના વિકાસને કેન્દ્રસ્થાને મૂકતાં તેઓ વૈયક્તિક હેતુને પ્રાધાન્ય આપે છે. તેઓ સમાજ અને વ્યક્તિના પારસ્પરિક સંબંધના વિકાસને મહત્ત્વ આપે છે. 'વ્યક્તિમાં જે કાંઈનિહિત છે તેના પ્રક્ષેપો જ સમાજ છે. વ્યક્તિ અને સમાજ બે ભિન્ન સત્તાઓ નથી અને એક સિક્કાની બે બાજુઓ પણ નથી. '' એમ દર્શાવતાં તેઓ વ્યક્તિમત્તાનું ઘડતર થતાં ફલશ્રુતિરૂપ સમાજોન્નતિનું ધ્યેય સિદ્ધ થશે તેમ સમજાવે છે. તેમની વાત ઘણા વિચારકો સમાજને સુધારવા માટે સમાજના ભ્રષ્ટાચારોને દૂર કરવા માટે વ્યક્તિને પોતાને જ સુધરવાની જે વાત કરે છે તેની સાથે સુસંગત છે !

અભ્યાસક્રમમાં 'જ્ઞાન' કેન્દ્રસ્થાને નહીં. તેનાથી તો વ્યક્તિ જ્ઞાનકોષ સ્વરૂપે તૈયાર થાય. આપણે તો સારા માનવની જરૂર છે. અભ્યાસક્રમમાં જીવનને કેન્દ્રસ્થાને મૂકવાની વાત તેઓ કહે છે. વિદ્યાકીય વિષયોને તેઓ પૂરતું મહત્ત્વ આપવાનું સ્વીકારે છે. તેના કારણે વૈચારિક મન તૈયાર થશે. તે જ વિચાર કરશે. લલિતકળાનું શિક્ષણ, જાતીય શિક્ષણ અને ધાર્મિક શિક્ષણને તેઓ મહત્ત્વ આપે છે. વિદ્યાર્થીના શોખની તપાસ કરી તેને અનુરૂપ અભ્યાસક્રમમાં વિવિધતા હોય તો વ્યક્તિમત્તાના ઘડતરના શિક્ષણ કાર્યક્રમને પૂરતો વેગ મળી રહે છે તેમ તેઓ કહે છે.

અંતિમ લક્ષ્યની દૃષ્ટિએ વિચારવાદી એવા કૃષ્ણમૂર્તિ શિક્ષણ પદ્ધતિની દૃષ્ટિએ વૈયક્તિક પદ્ધતિને મહત્ત્વની ગણે છે. તમારે જેને શિક્ષણ આપવાનું છે તે જે જાણવા ઇચ્છતો હોય તે પ્રશ્ન દ્વારા રજૂ કરે અને તેને તેના ઉકેલ તરફ શિક્ષક લઈ જાય. આ માટે ચોક્કસ એવી શિક્ષણની કાર્યયોજનાઓ વિદ્યાર્થી સમક્ષ મૂકી તેમાંથી તેને તેની જાતે જ સ્વકાર્ય દ્વારા, કુદરતના સાનિધ્યમાં, આધ્યાત્મિક વાતાવરણમાં અભ્યાસ કરવાનું સૂચવી શકાય.

'શિક્ષણ એટલે ભયથી મુક્ત એવી સમગ્રતામાં જીવતા મનુષ્યનું નિર્માણ કરવું'' જે કૃષ્ણમૂર્તિના આ વિચારને કાર્યાન્વિત કરવા ઋષિવેલી સંસ્થા (ચિત્તોડ), રાજઘાટ શાળા (વારાણસી) અને પરદેશમાં કૉંવ સ્કૂલ (કેલિફોર્નિયા), બ્રોકવુડ પાર્ક (ઇંગ્લેન્ડ), વગેરે કાર્યરત છે. પ્રવર્તમાન સમયમાં જે. કૃષ્ણમૂર્તિના શિક્ષણ ચિંતનની પ્રસ્તુતતા એટલે; સ્વ દ્વારા વ્યક્તિની વ્યક્તિમત્તાનું ઘડતર. સમાજોન્નતિ માટે સમાજના એક ઘટક તરીકે વ્યક્તિનો વિકાસ.

### ૧.૪ તાત્વિક વિચારસરણીઓ

#### ૧.૪.૧ આદર્શવાદ

આદર્શવાદનો અર્થ અને પરિભાષા :

આદર્શવાદ એટલે કે Idealism. આ શબ્દની ઉત્પત્તિ પ્લેટોના વિચારવાદી સહાંતથી થઈ છે. આ સિદ્ધાંત પ્રમાણે "અંતિમ સત્તા (વાસ્તવિકતા) વિચારો અથવા વૈચારવાદની છે. મૂળ શબ્દ Ideaism છે પરંતુ ઉચ્ચારણની સરળતા માટે તે L' અક્ષરને જોડવામાં આવ્યો છે. આદર્શવાદ વસ્તુ કરતાં વિચારો, ભાવો તથા આદર્શોનું મહત્ત્વ સ્વીકારે છે.

પ્રકૃતિ કરતાં માનવ, માનવ વ્યક્તિત્વનો વિકાસ અને આધ્યાત્મિક મૂલ્યોને વનનું 'કલ્પ માને છે.

આદર્શવાદના મતે ભૌતિક જગત કરતાં આધ્યાત્મિક જગત વધુ ઉત્તમ અને મહાન છે. કારણ કે, ભૌતિક જગત નાશવંત છે જયારે આધ્યાત્મિક જગત વિચાર, ભાવ તથા આદર્શોનું બનેલું છે. જેના જ્ઞાનથી મન તથા આત્માનું જ્ઞાન થાય છે. જેથી આધ્યાત્મિક જગત જ સત્ય છે. આમ, આદર્શવાદ, પ્રકૃતિ તથા વૈજ્ઞાનિક તત્ત્વો કરતાં વિચાર, ભાવ અને આદર્શોને વધુ મહત્ત્વ આપે છે. આ ગુણો પ્રાપ્ત કરીને જ માનવ પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરતાં કરતાં પોતાના આત્માનું સાચું જ્ઞાન પ્રાપ્ત કરીને પરબ્રહ્મ પરમેશ્વર સાથે સાક્ષાત્કાર કરી શકે છે. આદર્શવાદના મતે દેશ તથા કાળમાં સૃષ્ટિનો ક્રમ, નિત્ય તથા આધ્યાત્મિક સત્યના પ્રકટીકરણને કારણે ચાલે છે. પેટ્રિકે આદર્શવાદની તુલના ભૌતિકવાદ સાથે કરીને તેનો અર્થ સ્પષ્ટ કર્યો છે. તેના મતે જેમ ભૌતિકવાદ જગતનો આધાર પદાર્થમાં જુએ છે, તેમ આદર્શવાદ જગતનો આધાર 'મન' Mindમાં જુએ છે. એટલે કે ભૌતિકવાદ પદાર્થને મનથી પહેલાં ગણે છે જયારે આદર્શવાદ મનને પદાર્થથી પહેલાં ગણે છે.

આદર્શવાદના વિકાસમાં સોક્રેટિસ, પ્લેટો, બર્કલે, પેસ્ટોલોજી, શોપન હોવર તેમજ ભારતીય વેદો, ઉપનિષદો, મહર્ષિઓ અને અરવિંદ પોપ વગેરેનો ફાળો છે. આદર્શવાદનો અર્થ સમજવા તેની કેટલીક પરિભાષા જોઈએ.

- આદર્શવાદી દર્શનનું વિવિધરૂપ છે, પરંતુ તેનું આધારભૂત તત્વ છે કે 'જગતની ઉત્પત્તિનું કારણ મન તથા આત્મા છે, જેનું વાસ્તવિક સ્વરૂપ માનસિક સ્વરૂપ છે." - જે. એસ. રોસ
- જગતને સમજવા માટે મન અથવા મસ્તિષ્ક સર્વોપરી છે. તેના માટે સ મહત્ત્વની વાત એ છે કે મન સંસારને સમજવામાં લાગેલું રહે અને અન્ય કોઈ બાબતને તેનાથી વધુ વાસ્તવિક ગણવામાં ન આવે. કારણ કે, મો વધુ વાસ્તવિક અન્ય કોઈ પણ બાબતને ગણવી તે મનથી જ કલ્પના હશે – બ્રુબેકર

આદર્શવાદ મનુષ્યના આધ્યાત્મિક પક્ષ પર વધુ ભાર આપે છે. કારણ મનુષ્યના અને જીવન માટે સૌથી અગત્યની બાબત આધ્યાત્મિક મૂલ્ય આદર્શવાદીઓને વિશ્વાસ છે કે મનુષ્ય પોતાના સીમિત મનને અસીમિત મ જ પ્રાપ્ત કરે છે. તેઓ માને છે કે વ્યક્તિ અને જગત બંને બુદ્ધિની અભિવ્ય છે. તેઓ કહે છે કે ભૌતિક સંસારની વ્યાખ્યા મન દ્વારા જ કરવામાં આવે – હેન્ડરસન

આદર્શવાદીઓને વિશ્વાસ છે કે બ્રહ્માંડને પોતાની બુદ્ધિ અને ઇચ્છા છે બધી જ ભૌતિક વસ્તુઓને તેની પાછળ મન દ્વારા સ્પષ્ટ કરી શકાય. - એફ. બી. રોજન

આદર્શવાદ એવો સિદ્ધાંત છે જે અંતિમ સત્તા આધ્યાત્મિકતાને માને છે. – ડી. એમ. દત્તા

**આદર્શવાદની વિશેષતા** :

- વસ્તુ કરતાં વિચારને વધુ મહત્ત્વ
- નિર્જીવ પ્રકૃતિ કરતાં મનુષ્યને વધુ મહત્ત્વ
- આધ્યાત્મિક સત્ય અને મૂલ્યોમાં વિશ્વાસ
- વ્યક્તિત્વના વિકાસને મહત્ત્વ
- વિવિધતામાં એકતાના સિદ્ધાંતને સંપૂર્ણ સમર્થન
- આત્મા અને મન વાસ્તવિક છે

**શિક્ષણમાં આદર્શવાદ** :આદર્શવાદી વિચારધારાને શિક્ષણમાં લાવનારમાં મોખરે છે – પ્લેટો, પેસ્ટોલોજી અને ફ્રોબેલ. આદર્શવાદના મતે શિક્ષણ એ માનવસમાજની આવશ્યક સંસ્થા છે. કારણ કે, તેમાં આધ્યાત્મિક કારણોની જરૂરિયાત સમાયેલી છે. આદર્શવાદ એ

પ્રકૃતિવાદ કરતાં ભિન્ન છે. પ્રકૃતિવાદમાં પ્રકૃતિને જ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે જ્યારે આદર્શવાદમાં જ્ઞાન, કલા, નૈતિકતા તથા ધર્મને મહત્ત્વ આપવામાં આવ્યું છે. આદર્શવાદ પ્રમાણે શિક્ષણ એ આધ્યાત્મિક જરૂરિયાત છે, પ્રાકૃતિક નહીં. શિક્ષણ દ્વારા માનવના મૂળ સ્વભાવને (પ્રકૃતિને) આધ્યાત્મિક પ્રકૃતિમાં બદલવાનો છે. આદર્શવાદ પ્રમાણે શિક્ષણે માનવને સાચા અર્થમાં માનવ બનાવ્યો છે.

**આદર્શવાદ અને શિક્ષણના હેતુઓ** :

**(૧) આત્માનુભૂતિ** : આદર્શવાદ પ્રમાણે માનવએ ઈશ્વરની સૌથી મહાન તથા સુંદર કૃતિ છે. જેથી માનવના વ્યક્તિત્વને ઉન્નત બનાવવાનું છે, વ્યક્તિત્વ ઉન્નત બનાવવું એટલે આત્મબોધ અથવા આત્માનુભૂતિ. આત્માનુભૂતિનો અર્થ એવો પણ ઘટાવી શકાય કે સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણમાં રહીને પોતાના આત્મા વિષે સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવું. આ અંગે રોસ કહેતા કે, "આદર્શવાદ પ્રમાણે શિક્ષણનો ઉદ્દેશ છે – વ્યક્તિત્વનો ઉત્કર્ષ અથવા આત્માનુભૂતિ એટલે આત્માની સર્વોચ્ચ શક્તિઓ અથવા ક્ષમતાઓનું વાસ્તવિક રૂપ આપવું.'

**(૨) આધ્યાત્મિક વિકાસ કરવો** : આદર્શવાદીઓ ભૌતિક જગત કરતાં આધ્યાત્મિક જગતને વધુ મહત્ત્વ આપે છે. જેથી આદર્શવાદ પ્રમાણે શિક્ષણનો ઉદ્દેશ બાળકનો આધ્યાત્મિક વિકાસ કરવાનો છે. આ અંગે રસ્કે કહેલું, "શિક્ષ માનવજાતિને એવી બનાવવાની છે કે તે પોતાની સંસ્કૃતિની સહાય વડે આધ્યાત્મિક જગતમાં વધુમાં વધુ પૂર્ણતા સહિત પ્રવેશી શકે તથા આધ્યાત્મિક જગતની સીમાઓનો વિસ્તાર પણ કરી શકે.

**(૩) અમર આદર્શો તથા મૂલ્યોની પ્રાપ્તિ** : આધ્યાત્મિક આદર્શનાં મુખ્ય મૂલ્યો સત્યમ્, શિવમ્ તથા સુન્દરમ્ છે. આદર્શવાદીઓના મતે જયાં સુધી આ મૂલ્યોનો વિકાસ નહીં થાય ત્યાં સુધી આધ્યાત્મિક પૂર્ણતા પ્રાપ્ત નહીં થાય.

**(૪) સંસ્કૃતિનું સંરક્ષણ, સંવર્ધન અને હસ્તાન્તરણ** : માનવે રચનાત્મક કાર્યો દ્વારા સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણનો વિકાસ કર્યો છે. ધર્મ, નૈતિકતા, કલા, સાહિત્ય વગેરે મનુષ્યએ કરેલાં કાર્યોનું પરિણામ છે. આ સાંસ્કૃતિક સંપત્તિ પર દરેક વ્યક્તિનો હક્ક છે. જેથી દરેક વ્યક્તિએ સંસ્કૃતિથી પરિચિત બનવાનું છે, તેનું રક્ષણ કરવાનું છે તથા તેના વિકાસમાં સક્રિય ભૂમિકા ભજવવાની છે. બાળકને સંસ્કૃતિથી પરિચિત કરાવવાનો છે જેથી તે સંસ્કૃતિના સંરક્ષ૦ અને સંવર્ધનમાં સહયોગ આપી શકે.

**(૫) પવિત્ર જીવન માટે તૈયાર કરવો** :આદર્શવાદીઓના મતે બાળકમાં આધ્યાત્મિક મૂલ્યો માટે શ્રદ્ધા ઉત્પન્ન કરવા માટે એવી પરિસ્થિતિનું સર્જન કરવું જોઈએ કે જેમાં રહીને તે પવિત્ર જીવન જીવીને આધ્યાત્મિકતા પ્રાપ્ત કરી શકે. આ અંગે ફ્રોબેલ કહ્યું હતું, '"શિક્ષણનો હેતુ છે – ભક્તિપૂર્ણ, પવિત્ર ત કલંકરહિત જીવનની પ્રાપ્તિ."

**(૬) જન્મજાત પ્રકૃતિને આધ્યાત્મિક પ્રકૃતિમાં બદલવી** : આદર્શવાદના મતે બાળકની આધ્યાત્મિક વિકાસ કરવા માટે તેની જન્મજાત પ્રકૃતિને આધ્યાત્મિક પ્રકૃતિ બદલવી જરૂરી છે.

**(૭) બાળકને બુદ્ધિમાન તથા વિવેકી બનાવવો** : આદર્શવાદીઓના મતે વિશ્વ વ્યવસ્થિત છે, વિશ્વની તમામ બાબતોને સમજી શકાય છે, તેની બધી બાગ તર્કપૂર્ણ છે. વિશ્વ એવા નિયમોથી ચાલે છે કે જે નિયમોને બદલી શકતા નથી. આ સિદ્ધાંતોની શોધ કરવા બાળકને બુદ્ધિમાન બનાવવું જરૂરી છે. ઉપરાંત, વિવિધતામાં એકતા માટે બાળકે વિવેકી બનવું જરૂરી છે.

**આદર્શવાદ અને પાઠ્યક્રમ** :

આદર્શવાદના મતે બાળકના સર્વાંગી વિકાસ માટે પાઠ્યક્રમમાં જ્ઞાનાત્માક, ભાવાત્મક અને ક્રિયાત્મક એમ ત્રણે બાબતોનો સમન્વય કરવો જોઈએ. કોઈ એક જ બાબતનું અધ્યયન કરવાથી વ્યક્તિનો વિકાસ એકાંગી બની જાય છે. વ્યક્તિમાં પૂર્ણતા નથી આવતી. આદર્શવાદીઓના મતે બધા જ વિષયો મહત્ત્વના છે, કોઈ પણ વિષયની ઉપેક્ષા કરવી યોગ્ય નથી. સારો અને સમન્વિત પાઠ્યક્રમ બાળકને વિવેકશીલ, બુદ્ધિમાન, સ્વસ્થ, ભાવાત્મક દૃષ્ટિથી સબળ, જીવિકોપાર્જનમાં સફળ બનાવે છે. આ ઉપરાંત, આદર્શવાદીઓના મતે પાઠ્યક્રમમાં સ્થિરતા હોવી ન જોઈએ તે ગતિશીલ હોવા જોઈએ. ભાષા, સાહિત્ય, ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, કળા, કવિતા, ધર્મ, અધ્યાત્મવાદ, આચારશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, સંગીત જેવા વિષયોનો પાઠ્યક્રમમાં સમાવેશ કર કરવો જોઈએ.

**આદર્શવાદ અને શિક્ષણ પદ્ધતિ :**

આદર્શવાદ શિક્ષણપદ્ધતિની બાબતમાં ખૂબ જ ઉદાર છે. બાળક અને શિક્ષકને અનુકૂળ હોય તેવી કોઈ પણ શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરી શકાય. સોક્રેટિસે પ્રશ્નોત્તર પદ્ધતિ, પ્લેટોએ સંવાદ પદ્ધતિ, એરિસ્ટોટલે આગમન નિગમન, પેસ્ટલીએ ઈન્દ્રિયોનું શિક્ષણ તથા ક્રિયાઓના શિક્ષણને મુખ્ય સ્થાન આપ્યું છે. હર્ટ નિદર્શન પદ્ધતિને ઉત્તમ ગણાવે છે તો ફ્રોબેલ ખેલ-કૂદને પ્રાધાન્ય આપે છે. કેટલાક આદર્શવાદીઓ વાદ-વિવાદ તથા વ્યાખ્યા પદ્ધતિ અપનાવવાનું કહે છે. આમ, આદર્શવાદ કોઈ ચોક્કસ પદ્ધતિને મહત્ત્વ ન આપતાં જરૂર પ્રમાણેની પદ્ધતિ અપનાવવાનું કહે છે. આ અંગે બટલર કહે છે, “આદર્શવાદીઓ પોતાને શિક્ષણ પદ્ધતિના નિર્માતા તથા નિર્ધારક સમજે છે. તેઓ કોઈ એક પદ્ધતિના ભક્ત બનવાનું પસંદ કરતા નથી...

**આદર્શવાદ તથા શિક્ષક :**

આદર્શવાદીઓ શિક્ષણમાં શિક્ષકને મહત્ત્વનું સ્થાન આપે છે. શિક્ષકે બાળક A સમક્ષ આદર્શ વ્યક્તિત્વ પ્રદર્શિત કરવાનું છે. તે જોઈને બાળક પણ આદર્શ વ્યક્તિત્વ પ્રાપ્ત કરે અને આધ્યાત્મિકતા તરફ દોરાય. શિક્ષકમાં આત્મજ્ઞાન, આત્મક્રિયાશીલતા શ્રેણી:સમાં મ તથા આધ્યાત્મિક ગુણો હોવા જોઈએ. આ અંગે રોસ લખે છે.' એક પ્રકૃતિવાદી માત્ર કાંને બ્રેઈને અનુષ્ટ બની શકે છે પરંતુ આર્શિવાદી સુંદર ગુલાબના મુખ્યને જોયાનું ઈચ્છે છે. માટે શિક્ષક પોતાના પ્રયત્નોથી બાળકને, જે પોતાની પ્રકૃતિ અનુસાર વિકસિત બને છે. તેની ઉચ્ચતા સુધી પહોંચાડવામાં સહાય કરે છે જયાં બાળક પોતે એકલો પહોંચી શકતો નથી."

**આદર્શવાદ અને શિસ્ત :**

આદર્શવાદીઓ શિસ્તને ખૂબ જ પ્રાધાન્ય આપે છે. બાળક માટે કડક શિસ્તની જરૂરિયાત છે. બાળકો શિસ્તમાં હોવાં જોઈએ. જે બાળકો શિસ્તમાં નહીં હોય તો તેમન આધ્યાત્મિક વિકાસ નહીં થાય. આદર્શવાદી દમનકારી શિસ્ત કરતાં પ્રભાવત્મક સ્તરે વધુ મહત્ત્વ આપે છે. શિક્ષકે પ્રેમ, સહાનુભૂતિ અને પોતાના વ્યક્તિત્વની મદદ વડે બાળકોની ક્રિયાને જરૂરી નિયંત્રણમાં રાખી તેનો આધ્યાત્મિક વિકાસ કરવાનો છે. આ અંગે ફ્રોબેલ કહે છે, “બાળકની વિગનું જ્ઞાન પ્રાપ્ત કરીને તથા તેની સાથે પ્રેમ અને સહાનુભૂતિભર્યો વ્યવહાર કરીને તેની પર નિયંત્રણ રાખી શકાય છે.”

**આદર્શવાદ તથા શાળા :**

આદર્શવાદીઓ શાળાને વિકલ માટે જરૂરી ગણે છે, જેમાં શિક્ષક બાળ આદર્શના પાઠ શીખવાડી શકે. આ માટે શાળાનું વાતાવરણ પ્રભાવશાળી હોવું જરૂ છે. શાળા એ સંસ્કૃતિનું હસ્તાંતર કરનારી શ્રેષ્ઠ જગ્યા છે.

**આદર્શવાદના ગુણદોષો :**

**ગુણ :**

- આદર્શવાદ શિક્ષણના ઉદ્દેશો નિર્ધારિત કરવામાં ખૂબ જ સ્પષ્ટ છે.
- આદર્શવાદ બાળકોમાં સત્યત્, શિવમ્ તથા સુન્દરમ્ જેવા ગુણોનો વિક કરવાનું કહે છે, જેના દ્વારા બાળકમાં ઉત્તમ ચારિત્ર્ય નિર્માત થાય.
- આદર્શવાદ શિક્ષકને મહત્ત્વનું સ્થાન આપે છે, જેમાં શિક્ષણ આદર્શ બને જેથી શિક્ષક અને સમાજનું હિત સચવાય છે.
- આદર્શવાદ આત્માનુશાસન તથા આત્મનિયંત્રણ જેવા મહત્ત્વના સિદ્ધા મહત્ત્વનું સ્થાન આપે છે.
- આદર્શવાદમાં બાળકના વ્યક્તિત્વનો આદર કરવામાં આવે છે.
- આદર્શવાદ આત્મબોધ પર બળ આપીને સર્વવ્યાપી શિક્ષણ પર ભાર મુકે છે.
- આદર્શવાદને કારણે શાળા એ સામાજિક સંસ્થા બની ગઈ છે.

**દોષ :**

- આદર્શવાદના ઉદ્દેશો અમૂર્ત છે. તે વર્તમાન કરતાં ભવિષ્યનો વિચાર વધુ કરે છે.

- શિક્ષણપદ્ધતિમાં આદર્શવાદની કોઈ ભૂમિકા નથી.
- બાળકો કરતાં શિક્ષક અને આદર્શોને વધુ મહત્ત્વ.
- આજના ઇન્ફર્મેશન ટેક્નોલોજીના યુગમાં આધ્યાત્મિકતાના વિષયો અપ્રસ્તુત જણાય છે.
- આદર્શવાદ જીવનના અંતિમ ધ્યેય તરફ લઈ જાય છે પરંતુ આજની જરૂરિયાતો અંગે તે વિચાર કરતા નથી.

### ૧.૪.૨ પ્રકૃતિવાદ

**પ્રકૃતિવાદનો અર્થ અને પરિભાષા** : ' પ્રકૃતિવાદને ભૌતિકવાદ અથવા પદાર્થવાદ પણ કહે પ્રકૃતિવાદ પ્રકૃતિને પૂર્ણ વાસ્તવિક માને છે. પ્રકૃતિ એટલે સ્થાન અને સમય પ્રમાણે બનતી એવી ઘટનાઓ કે બાબતો જે સમાન નિયમો પ્રમાણે બને છે. પ્રકૃતિવાદ પ્રમાણે માત્ર પ્રકૃતિ જ સર્વ છે. તેના સિવાય અથવા તો તેના પછી કશું જ નથી. પ્રકૃતિવાદ પ્રમાણે ભૌતિક સંસાર જ વાસ્તવિક છે. તેને આધ્યાત્મવાદમાં વિશ્વાસ નથી. પ્રકૃતિવાદ પદાર્થ, મન તથા જીવનની વ્યાખ્યા ભૌતિક તથા રાસાયણિક નિયમો દ્વારા કરીને શક્તિ, ગતિ, પ્રકૃતિના નિયમો અને કાર્યકરણના સંબંધ પર ભાર મૂકે છે. પ્રકૃતિવાદના મતે માનવે પ્રકૃતિની શોધ કરવી જોઈએ અને તે માત્ર વિજ્ઞાન દ્વારા જ થઈ શકશે, પ્રકૃતિવાદ મનને પણ પદાર્થના તાબા નીચે માને છે અને કહે છે કે અંતિમ સત્તા ભૌતિક જ છે, આધ્યાત્મિક નહીં. પ્રકૃતિવાદના મતે મનુષ્ય પ્રકૃતિનો જીવે છે, તે પ્રકૃતિની ઉપજ છે. મનુષ્યનું માત્ર ભૌતિક અસ્તિત્વ છે અને તેનું મન તેના મસ્તિષ્કની ક્રિયાનું એક ફળ છે. શક્તિ જ માત્ર અંતિમ સત્ય છે. જગતમાં પ્રકૃતિના નિયમો સિવાય અન્ય મૂલ્યો કે નિયમો નથી, પ્રકૃતિના નિયમો પ્રમાણે વર્તવું અને તેના સંપર્કમાં રહેવું જ વાસ્તવિક જીવન છે. પ્રકૃતિવાદના પુરસ્કર્તાઓ કોયેનિયસ, રુસો, જહોન લોક, હર્બર્ટ સ્વેન્સલ, ટાગોર, ગાંધીજી વગેરેને ગણાવી શકાય.

**પ્રકૃતિવાદનો અર્થ ઊંડાણપૂર્વક સમજવા તેની કેટલીક પરિભાષાઓ જાણીએ:**

પ્રકૃતિવાદની મુખ્ય વિશેષતા આધ્યાત્મિકતાનો અસ્વીકાર કરવો અથવા પ્રકૃતિ અને મનુષ્યના તાત્ત્વિક ચિંતનમાં એવી બાબતોને સ્થાન આપવાનું છે જે તેના અનુભવોથી જુદું ન હોય. – જાયસે

પ્રકૃતિવાદ એક એવો સિદ્ધાંત છે કે જે ઈશ્વરને પ્રકૃતિથી અલગ કરે છે, આત્માને ભૌતિકતાના તાબા નીચે માને છે. – વાર્ડ જેમ્સ

પ્રકૃતિવાદ વિજ્ઞાનનું તાત્ત્વિક સામાન્યીકરણ છે. તે તત્ત્વજ્ઞાનની સમસ્યાઓ પર વિજ્ઞાનના સિદ્ધાંતોના પ્રયોગ કરે છે.

પ્રકૃતિવાદ એક એવો શબ્દ છે જેનો શિક્ષણ સંબંધી-સિદ્ધાંતમાં એવી શિક્ષણપ્રણાલી માટે પ્રયોગ કરવામાં આવે છે જે શાળાઓ અને પુસ્તકો પર આધાર રાખ્યા વિના વિદ્યાર્થીના વાસ્તવિક જીવનને ક્રિયાત્મકરૂપે પ્રભાવિત કરવાનો પ્રયાસ કરે છે.

પ્રકૃતિવાદના ત્રણ રૂપ માનવામાં આવે છે. (1) ભૌતિકવાદી (પદાર્થવાદી) પ્રકૃતિવાદ (2) યંત્રવાદી પ્રકૃતિવાદ અને (3) જૈવિક પ્રકૃતિવાદ.

**શિક્ષણમાં પ્રકૃતિવાદ** :

શિક્ષણમાં પ્રકૃતિવાદનો અર્થ એવી વ્યવસ્થા સાથે છે જેમાં બાળક પોતાની પ્રકૃતિ અનુસાર વિકાસ સાધે. પ્રકૃતિવાદનો શિક્ષણમાં પ્રથમ ઉપયોગ કરવાનું શ્રેય બેક તથા કોમેનિયસને જાય છે. પરંતુ રુસોએ તેને વધુ મહત્ત્વનું ગણી શિક્ષણ ક્ષેત્રે આંદોલન છેડ્યું અને પ્રકૃતિવાદને જ સર્વોચ્ચ પ્રણાલી માની

પ્રકૃતિવાદનો વિકાસ થયો તે પૂર્વે શિક્ષણમાં પુસ્તકોને વધુ મહત્ત્વ આપવામાં આવતું હતું. શિક્ષણમાં કૃત્રિમતા લાગતી હતી, જેથી બાળકનો સ્વાભાવિક વિકાસ થતો નહોતો. તે સમયે પ્રકૃતિવાદનો ઉદ્ભવ શિક્ષણની એવી પ્રણાલી સાથે થયો કે જેશાળા અને પુસ્તકો પર આધારિત નહોતી, જે બાળકોના મનમાં જ્ઞાનને ઠાંસી ઠાંસીને ભરવાના વિરોધમાં હતી. પ્રકૃતિનું અનુસરણ જ શિક્ષણ આપવાનું સર્વશ્રેષ્ઠ સાધન છે અને તેના દ્વારા બાળકના જીવનને વ્યવસ્થિત આપવાનું છે. પ્રકૃતિ સર્વશ્રેષ્ઠ શિક્ષિકા છે. જે બાળકની શારીરિક, માનસિક, નૈતિક તથા કલાત્મક બધી જ શક્તિઓનો વિકાસ બાળકની પ્રકૃતિ અર્થાત્ પ્રવૃત્તિ, રસ-રુચિ, યોગ્યતા, ક્ષમતા તથા

જરૂરિયાત પ્રમાણે સ્વાભાવિક રૂપે કરે છે. પ્રકૃતિવાદ બાળકને શિક્ષણ આપતાં પૂર્વે શિક્ષણ ગ્રહણ કરનાર અવયવોનો વિકાસ કરવાનું સૂચવે છે.

આમ, પ્રકૃતિવાદ એ જની પરંપરાગત શિક્ષણપ્રણાલી, શિક્ષણના હેતુઓ, અભ્યાસક્રમ વગેરે સામેની ક્રાંતિ છે જેના દ્વારા બાળકનો સ્વતંત્ર તથા પ્રાકૃતિક વિકાસ થતો નથી. રુસો અને સ્પેન્સરે શિક્ષણની પ્રક્રિયામાં બાળકને મુખ્ય સ્થાન આપ્યું અને કૃતિ કૃતિનાં તથ્યો તથા પ્રક્રિયાને જ વાસ્તવિક શિક્ષણ સમજવું, આજના બાળકેન્દ્રીય શિલજ્ઞ તથા વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓના પાયામાં પ્રકૃતિવાદ જ છે.

**પ્રકૃતિવાદી શિક્ષણની વિશેષતાઓ** :

- પ્રકૃતિ તરફ પાછા ફરો.
- પુસ્તક્રિયા જ્ઞાનનો વિરોધ.
- કાળની કેન્દ્રીય સ્થિતિ
- નિષેધાત્મક શિક્ષણ
- બાળકની સ્વતંત્રતા
- ઇન્દ્રિયો જ્ઞાનનાં કાર

(1) **પ્રકૃતિ તરફ પાછા ફરી** : પ્રકૃતિવાદીઓના મતે બાળકનો વિકાસ શાળાના કૃત્રિમ વાતાવરણમાં નહીં દી) યાય તે માટે પ્રકૃતિ તરફ નજર ઘેડાવો. બાળકના સ્વાભાવિક વિકાસ માટે તેને પ્રાકૃતિક વાતાવરણમાં રહેવા દો. આ અંગે કોમેનિયસે કહેલું, "પ્રકૃતિને અનુસરો" તો રુસોએ "પ્રકૃતિ તરફ પાછા ફરો" જણાવ્યું. રુસોના મતે પ્રકૃતિ દ્વારા નિર્મિત બધી જ વસ્તુઓ નાની મારી હોય છે પરંતુ માનવના સંપર્કમાં આવવાથી તે બધી જ દૂષિત બની જાય છે.

(2) **પુસ્તક્રિયા જ્ઞાનનો વિરોધ** : સામાન્ય શિક્ષણ પદ્ધતિમાં પુસ્તકને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવેલું છે. આ પુસ્તકો ગોખીને બાળકને જ્ઞાની બનાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ત્યારે વામાં પ્રકૃતિવાદીઓએ તેનો સખત વિરોધ કર્યો છે. રુસો જેવા પ્રકૃતિવાદીના મતે બાલ્યાવસ્થા થતો માનસિક શિક્ષણ માટેનો સમય છે. આ અવસ્થામાં તેને કોઈ પણ બાબત કરીને શીખવો માળા તથા નિરીક્ષણ અને અનુભવ દ્વારા જ્ઞાન આપો..

(3) **બાળકની કેન્દ્રીય સ્થિતિ** : પ્રકૃતિવાદીઓના મતે શિક્ષણના કેન્દ્રમાં બાળક છે. બાળક માટે શિક્ષણ છે, છે. નહીં કે શિક્ષર્સ માટે બાળક. આ માટે શિક્ષકે સૌપ્રથમ બાળકની પ્રકૃતિને જાણી લેવી કાસ જોઈએ. ત્યાર બાદ બાળકનો સ્વાભાવિક, નિરંતર અને ક્રમિક વિકાસ થાય તે માટે માટે સગવડતા ઊભી કરી આપવી જોઈએ. આ સગવડતા એ પ્રકારની હોવી જોઈએ કે જેમાં "નાર બાળક પોતાની શક્તિઓ, રસ, રુચિ અનુસાર વિભિન્ન ક્રિયાઓમાં ભાગ લઈને આપમેળે પોતાનો વિકાસ સાધી શકે.

(4) **નિષેધાત્મક શિક્ષણ** : નિષેધાત્મક શિક્ષણ બાળકને એવા માર્ગ પર લઈ જવા માટે તૈયાર કરે જે તેને તેની ઉંમર પ્રમાણે તે સમજી શકે એ સત્ય તરફ લઈ જાય. નિષેધાત્મક શિક્ષ એ ગુણનું શિક્ષણ નથી પરંતુ અવગુણથી રક્ષણ કરે છે. તે સત્યનું શિક્ષણ નથી અસત્યથી બચાવે છે. તે બાળકને મોટો થાય ત્યારે સત્ય તરફ લઈ જશે. બાળક જ્યારે સત્ય, સચ્ચાઈ, સારપણને ઓળખવાની યોગ્યતા ઊભી થશે ત્યારે તેને તે ત લઈ જવામાં મદદ કરે છે.

(5) **બાળકની સ્વતંત્રતા** : પ્રકૃતિવાદીઓના મતે જ્યાં સુધી બાળકને સ્વતંત્ર વાતાવરણ નહીં આપવામ આવે ત્યાં સુધી તેનો સ્વાભાવિક વિકાસ નહીં થાય. તેમના મતે શાળા, શિક્ષક, પુસ્તક સમયપત્રક વગેરે બાળકોના કાર્યમાં હસ્તક્ષેપ કરે છે, જેથી તેનો સ્વાભાવિક વિકાર રૂંધાય છે. પ્રકૃતિવાદીઓના મતે શિક્ષકે બાળકોના કાર્યમાં હસ્તક્ષેપ કરવો જોઈએ નહીં પરંતુ તેને સ્વતંત્ર વાતાવરણ પૂરું પાડવું જોઈએ જેથી બાળક પોતાની ઇચ્છા અનુસ આપમેળે વિકાસ સાધી શકે.

(6) **ઇન્દ્રિયો જ્ઞાનનાં દ્વાર** : બાળકના મસ્તિષ્કમાં બહારથી લદાયેલા જ્ઞાનનો વિરોધ કરે છે. તેમના મતે જ્ઞાનને પ્રભાવશાળી બનાવવા માટે ઇન્દ્રિયોનું પ્રશિક્ષણ ખૂબ જ જરૂરી છે. કારણ કે ઇન્દ્રિયો જ્ઞાનના દ્વાર છે. માટે જ રુસોએ કહ્યું હતું, "ઇન્દ્રિયોનો યોગ્ય ઉપયોગ કરીને જ્ઞાનનાં દ્વાર ખોલવાં જોઈએ.

**પ્રકૃતિવાદની શિક્ષણ પર અસરો** :

દરેક વદિ વિચારધારાએ શિક્ષણની વ્યવસ્થા અને વિકાસ પર અસર કરી છે. તેવી જ રીતે પ્રકૃતિવદિ શિક્ષણના જુદાં જુદાં પાસાં પર કેવી અસર કરી છે તે જાણીએ :

**(1)પ્રકૃતિવાદ અને શિક્ષણના હેતુઓ** : શિક્ષણના જંતુઓ અંગે પ્રકૃતિવાદીઓ એકમત ધરાવતા નથી. જુદા જુદ ચિંતકોએ જુદો જુદો મત વ્યક્ત કરેલ છે. આમ છતાં પ્રકૃતિવાદીઓના મતે વ્યક્તિનો સર્વાંગી જ શિક્ષણનું મુખ્ય લક્ષ્ય છે. હર્બાટ સ્પેન્સરે કહેલું, "પૂર્ણ જાવન માટે વિદ્યાર્થીને તૈયાર કરવો એ જ શિક્ષણનો મુખ્ય હેતુ છે." આ રીતે જોતાં પ્રકૃતિવા શિક્ષણના નીચેના હેતુઓને ધ્યાનમાં રાખે છે.

1. **પૂર્ણ માનવ બનાવવો** : કેટલાક પ્રકૃતિવાદીઓના મતે આ વિશ્વ એક યંત્ર સમાન છે અને માનવ એ યંત્રનો એક ભાગ છે સાથે પોતાની રીતે પૂર્ણ પણ છે. માટે શિક્ષણનો પ્રથમ હેતુ બાળકને એવી રીતે વિકસિત કરવો જોઈએ કે જે એક કુશળ યંત્રની જેમ કાર્ય કરી શકે, રોસ આ અંગે કહે છે, "શિક્ષણનું કાર્ય એ છે કે જે માનવયંત્રને સારામાં સારો બનાવે જેથી તે પોતાના ભવિષ્યના જીવનમાં આવનાર કઠિન સમસ્યાઓનો કુશળતાપૂર્વક ઉકેલ શોધી શકે.

2. **વર્તમાન અને ભાવિ પ્રસન્નતા અને સુખની પ્રાપ્તિ** : જૈવિક પ્રકૃતિવાદીઓના મતે માનવનું લક્ષ્ય વર્તમાન અને ભવિષ્યમાં પ્રસન્નતા અને સુખ પ્રાપ્ત કરવાનું કવિ છે. જોકે મેકડૂગલ સુખ-દુઃખના આ સિદ્ધાંતને માનતા નથી. તેમના મતે સુખ અને । દુઃખ તો પ્રાકૃતિક પ્રક્રિયાનું પરિણામ છે, જેથી મેકડૂગલના મતે બાળકની મૂળભૂત પ્રવૃત્તિઓ શોધી, તેનું યોગ્ય દિશામાં માર્ગાન્તીકરણ તથા સમન્વય કરવો એ જ શિક્ષણનો હેતુ છે.

3. **જીવનસંઘર્ષ માટે તૈયાર કરવો** : આ માટે ડાર્વિને પોતાનો 'વિજય' નામનો સિદ્ધાંત આપેલ છે. જેમાં માનવનો વિકાસ જીવનના નીચલા સ્તરેથી થાય છે. તેણે જગતમાં જીવતા રહેવા માટે વાતાવરણ સાથે સંઘર્ષમાં ઉતરવું પડે છે. જેમાં શક્તિશાળીનો વિજય અને નિર્બળનો પરાજય થાય છે. જેથી ડાર્વિનના મતે શિક્ષણનો ઉદ્દેશ બાળકની એવી શક્તિનો વિકાસ કરવાનો છે જે તેને જીવનસંઘર્ષ માટે તૈયાર કહીને જીવવા યોગ્ય બનાવે છે.

4. **વાતાવરણ સાથે અનુકૂલન** : નવ-લૈમાર્કવાદીઓ પણ માને છે કે માનવનો વિકાસ જીવનના નીચલા સ્તરોથી થાય છે પરંતુ તેમના મતે પ્રાણીમાં પોતાની જાતને, પોતાની ટેવોને તથા પોતના શરીરને પોતાની પરિસ્થિતિઓ સાથે અનુકૂળ બનાવવાની શક્તિ છે. જેથી આ નવલૈમાર્કવાદીઓના મતે વ્યક્તિને તેના વાતાવરણ તથા પરિસ્થિતિઓ સાથે અનુકૂળ બનાવે તે જ સાચું શિક્ષણ છે. આમ, શિક્ષણનો ઉદ્દેશ બાળકને તેના વાતાવરણ અને પરિસ્થિતિઓની સાથે અનુકૂલ બનાવવો તે છે.

5. **જાતીય પ્રાપ્તિઓનું સંરક્ષણ અને સંવર્ધન** : કેટલાક પ્રકૃતિવાદીઓના મતે કોઈ જાતિની સંસ્કૃતિ તથા સભ્યતાનું વંશાનુક્રમ દ્વારા હસ્તાંતર થતું નથી. બર્નાડ શૉના મતે શિક્ષણનો ઉદ્દેશ આવી જાતીય પ્રાપ્તિની સુરક્ષા કરવી તથા તેનો વિકાસ કરવાનો છે. રોસ કહે છે, "આવી રીતે શિક્ષણ પેઢી દર પેઢી તે જાતીય-પ્રાપ્તિઓનું સંરક્ષણ, આગળનાને સોંપવાનું તથા વૃદ્ધિનું નામ છે."

6. **પ્રાકૃતિક વિકાસ** : રુસોએ સ્પષ્ટ કહ્યું છે કે બાળકના તંદુરસ્ત વિકાસ માટે અને શક્તિશાળી બનાવવા માટે તેની શારીરિક ક્ષમતા તથા વ્યક્તિગત ભિન્નતાને ધ્યાનમાં રાખીને તેની પ્રાકૃતિક પ્રવૃત્તિઓનો સ્વતંત્ર રીતે વિકાસ કરવી જોઈએ. એટલે કે બાળકને તેની પ્રકૃતિ અનુસાર વિકસિત કરવો એ જ પ્રકૃતિવાદીઓનો મુખ્ય હેતુ છે.

7. **વ્યક્તિત્વનો સ્વતંત્ર વિકાસ** : નન (Nunn) ના મતે શિક્ષણનો હેતુ માનવન વ્યક્તિત્વનો સ્વતંત્રરૂપે વિકાસ કરવો છે. વ્યક્તિત્વનો વિકાસ અનિયંત્રિત રૂપે થવો જોઈએ, તેમાં સ્વચ્છંદતાની ચિંતા કર્યા વગર આત્માનુભૂતિ પ્રાપ્ત કરવા તરફ ધ્યાન આપવું જોઈએ.

**(2) પ્રકૃતિવાદ અને પાઠ્યક્રમ :**

પ્રકૃતિવાદીઓ વિષયગત શિક્ષણને વધુ પ્રાધાન્ય આપતા નથી. તેઓ પ્રાકૃતિક પ્રત્યક્ષ જ્ઞાન અને ક્રિયાઓને પાઠ્યક્રમનું અંગ બનાવવાનું કહે છે. તેઓ ધાર્મિક શિક્ષણને બિનઉપયોગી ગણે છે. તેઓના મતે પાઠ્યક્રમમાં

(1) બાળકની મૂલ પ્રવૃત્તિઓ

(2) પ્રાકૃતિક રુચિઓ

(3) સ્વાભાવિક ક્રિયાઓ

(4) વ્યક્તિગત વિભિન્નતાઓ અને

(5) યૌન સંબંધી સમસ્યાઓ, નો સમાવેશ કરવો જોઈએ... જેથી તેઓ પોતાની અભિરુચિઓનો સ્વતંત્રતાપૂર્વક વિકાસ કરીને, પોતાની જુદી જુદી અવસ્થાઓની બધી જરૂરિયાતોને પૂરી કરીને, આગળ જતાં ક્રિયાશીલ તથા પ્રસન્ન માનવ બની શકે. જેથી પાઠક્રમમાં ખેલકૂદ, સ્વાસ્થ્યકક્ષા, શરીરવિજ્ઞાન, પદાર્થવિજ્ઞાન, પ્રકૃતિ નિરીક્ષણ, ભાષા તથા ભૂગોળ અને ઇતિહાસ વગેરે વિષયોનો સમાવેશ કરવી જોઈએ. હર્બર્ટ સ્પેન્સર જીવનરક્ષણને શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ માનીને શરીર વિજ્ઞાન, સ્વાસ્થ્યવિજ્ઞાન, ગણિત, રસાયણવિજ્ઞાન, જીવનવિજ્ઞાન તથા ગૃહવિજ્ઞાનને મુખ્ય સ્થાન આપ્યું. જયારે સાહિત્ય અને સાંસ્કૃતિક વિષયોને ગૌણ સ્થાન આપ્યું. આમ પણ પ્રકૃતિવાદીઓને સાહિત્યના વિષયોમાં રસ નથી. તેના બદલે કલા-કૌશલ્ય અને ઉપયોગી શૈક્ષણિક ક્રિયાઓમાં રસ છે.

**(3) પ્રકૃતિવાદ અને શિક્ષણ પદ્ધતિ :**

પ્રકૃતિવાદી શિક્ષણ બાલ–કેન્દ્રિત શિક્ષણવ્યવસ્થા છે, જેથી તે ક્રિયાપ્રધાન અને ભાવનાપ્રધાન છે. પ્રચલિત શિક્ષણવ્યવસ્થામાં શિક્ષક સામૂહિક રીતે બાળકો સમક્ષ કથન કરીને પાઠ્યપુસ્તકનું જ્ઞાન આપે છે. જેની વિરુદ્ધ પ્રકૃતિવાદ બાળકોની વૈયક્તિક ભિન્નતાને ધ્યાનમાં રાખે છે. સાથે તેની વિકાસ અવસ્થાને પણ ધ્યાનમાં રાખે છે. આમ, પ્રકૃતિવાદી શિક્ષણપદ્ધતિ મનોવૈજ્ઞાનિક છે. જેમાં મુખ્ય ત્રણ બાબતો પર ભાર મૂક્યો છે. (1) ક્રિયા દ્વારા શિક્ષણ (2) અનુભવ દ્વારા શિક્ષણ (3) ખેલકૂદ દ્વારા શિક્ષણ, પ્રકૃતિવાદીઓ શિક્ષકને માત્ર પથદર્શક ગણે છે. શિક્ષકે બાળકની સ્વાભાવિક ક્રિયાઓમાં હસ્તક્ષેપ કરવો જોઈએ નહીં. પ્રકૃતિવાદી શિક્ષણપદ્ધતિને આધારે અન્ય શિક્ષણપદ્ધતિનો આવિષ્કાર થયો છે. જેમ કે, નિરીક્ષણ પદ્ધતિ, ખેલપદ્ધતિ પદ્ધતિ, ડાલ્ટન પદ્ધતિ તથા મોન્ટેસરી પદ્ધતિ. હ્યુરિસ્ટિક

**(4) પ્રકૃતિવાદ તથા શિક્ષક :**

પ્રકૃતિવાદી શિક્ષણવ્યવસ્થામાં શિક્ષકનું સ્થાન ગૌણ છે. શિક્ષકે વિદ્યાર્થીઓ સામે ઉપસ્થિત થવાનું છે પરંતુ વિદ્યાર્થીઓની ક્રિયાઓમાં સાક્ષેપ કરવાનો નથી. તેણે મૌન હીને વર્ગમાં ઓછામાં ઓછું બોલવાનું છે. તેણે બગીચાના માળીની જેમ કામ કરવાનું છે. તેણે શિક્ષણમાં વાતાવરણ તૈયાર કરવાનું છે, તેણે બાળકોની ક્રિયાને શ્વેતા રહેવાનું મ છે. પ્રકૃતિવાદીઓના મતે શિક્ષકમાં સામાજિક, મનોવૈજ્ઞાનિક અને માનવીય ગુણ હોવા જોઈએ. જેના દ્વારા તે બાળકોની ક્ષમતા, રુચિ, સ્વભાવ અને જરૂરિયાતો જાણી શકે. શિક્ષક બાળકોની સાથે મનોરંજન કરી શકે, રમી શકે, વ્યાયામ કરી શકે તેવો હોવો જોઈએ, જેથી બાળક નિર્ભય બનીને પોતાની સ્વાભાવિક ક્રિયાઓ કરી શકે.

**(5) પ્રકૃતિવાદ અને શિસ્ત :**

પ્રકૃતિવાદ પ્રાકૃતિક પરિણામો દ્વારા શિસ્તનો સિદ્ધાંત આપે છે. રુસો અને સ્પેન્સરના મતે બાળક પ્રકૃતિના નિયમોનો ભંગ કરશે તો પ્રકૃતિ તેને દંડિત કરશે. તા- પ્રકૃતિવાદીઓ બાળકને સ્વતંત્ર વાતાવરણ આપવાનું કહે છે. ઉપરાંત, શારીરિક દંડ અને બાહ્ય હસ્તક્ષેપનો સખત વિરોધ કરે છે. કારણ કે, તેનાથી બાળકની સક્રિયતા નષ્ટ પામે છે.

**(6) પ્રકૃતિવાદ અને શાળા :**

પ્રકૃતિવાદીઓના મતે શાળા વ્યવસ્થા લચીલી, સ્વતંત્ર વાતાવરણ ધરાવતી શ્વેત અને પ્રાકૃતિક નિયમો અનુસાર હોવી જોઈએ. આમ તો પ્રકૃતિ પોતે જ એક શાળા છે, પરંતુ સામાજિક વ્યવસ્થા બનાવવા શાળા જરૂરી છે. શાળાનું વાતાવરણ પ્રાકૃતિક ચોર હોવું જોઈએ. ખુલ્લું પટાંગણ, શુદ્ધ હવા, પૂરતો સૂર્યપ્રકાશ જરૂરી કઠોર સમયપત્રક હોવું ન જોઈએ. શાળા સ્વશાસન ધરાતી હોવી જોઈએ જેમાં વિદ્યાર્થીને પોતાની રીતે નેતા તથા અનુગામી બનવાનો મોકો મળે. દા.ત. સમર હીલમાં આવેલી નીલ સ્કૂલ, ટાગોરની વિશ્વભારતી, અમદાવાદમાં ઉસ્માનપુરા વિસ્તારમાં આવેલી શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલ વગેરે શાળામાં શિક્ષકોના વિચારો વિદ્યાર્થી પર ઠોકી બેસાડવામાં આવતા નથી. ત્યાં વિદ્યાર્થીને પૂરતા પ્રમાણમાં સ્વતંત્રતા મળે છે, જેમાં બાળકો પોતાની રચનાત્મક ક્રિયાઓ દ્વારા પોતાના ચારિત્ર્ય અને વ્યક્તિત્વનો વિકાસ કરે છે.

**પ્રકૃતિવાદના ગુણ અને દોષ :**

**ગુણ :**

- પ્રકૃતિવાદ બાલકેન્દ્રિત પ્રણાલી છે. તેના કારણે આધુનિક શિશ્નમાં મનોવૈજ્ઞાનિક અને સામાજિક પ્રવૃત્તિઓનો વિકાસ થયો.
- સમાજ તથા સમાજશાસ્ત્રનું વૈજ્ઞાનિક અધ્યયન.
- અનુભવપ્રધાન પાઠ્યક્રમ પર ભાર.
- નવી-આધુનિક અનેક શિક્ષણ પદ્ધતિનો જન્મ થયો.
- શિસ્ત માટે દમનનો વિરોધ.
- પ્રકૃતિવાદે શિક્ષણને વૈજ્ઞાનિક તથા જૈવિક દ્રષ્ટિકોણ આપ્યો.
- પ્રકૃતિવાદે શિક્ષણ અને જ્ઞાનની શાખાઓ પર મોટો પ્રભાવ પાડ્યો.

**દોષ :**

- એકાંગી તથા અસંતોષજનક શિક્ષાના ઉદ્દેશો.
- પુસ્તકોની અવહેલના.
- શારીરિક શિક્ષણ પર વધુ ભાર.
- પાઠ્યક્રમમાં વૈજ્ઞાનિક વિષયો પર વધુ ભારે, સાહિત્ય કલાને ગૌણ સ્થાન.
- બાળકને અનિયંત્રિત સ્વતંત્રતા, પ્રાકૃતિક પરિણામો દ્વારા શિસ્ત યોગ્ય નથી.
- શિક્ષકનું મહત્ત્વ નથી.
- પ્રકૃતિવાદ તાત્કાલિક ઉપયોગિતા પર ભાર આપે છે.
- આધ્યાત્મિક્તાનો વિરોધ

**૧.૪.૩ વાસ્તવવાદ**

**યથાર્થવાદ(વાસ્તવવાદ)નો અર્થ અને પરિભાષા :**

યથાર્થવાદ શબ્દ અંગ્રેજી શબ્દ Realism શબ્દનો પર્યાય છે. Read શબ્દ ગ્રીક ભાષાના Res શબ્દમાંથી બનેલો છે, જેનો અર્થ થાય છે વસ્તુ. આમ, Real શબ્દનો અર્થ છે . વસ્તુસંબંધી. આમ, Real એટલે વસ્તુસંબંધી અને ism એટલે વાદ વિચારધારા. બંને શબ્દોનો અર્થ સાથે લેતાં Realism એટલે વસ્તુ સંબંધી યાદ જેને આપણે યથાર્થવાદ કહીએ છીએ. યથાર્થવાદ વસ્તુના અસ્તિત્વ સંબંધી વિચારો તરફનો એક દૃષ્ટિકોણ છે. જે પ્રમાણે સંસારની વસ્તુઓ પદાર્થ જ સત્ય છે. આ વિચારધારા પ્રમાણે માત્ર ઈન્દ્રિયો દ્વારા પાપ્ત કરેલું જ્ઞાન જ સત્ય છે. ઉપરાંત, જે આપણી સામે છે તથા જેને આપણે જોઈ શકીએ છીએ તે જ સત્ય છે. વાસ્તવવાદના પુરસ્કર્તાઓમાં મુખ્યત્વે ઈરેસ્મસ, જહોન મિલ્ટન, મોન્ટેઈન, ફ્રાન્સિસ બેકન, કોમેનિયસ, હર્બર્ટ સ્પેન્સર વગેરે હતા.

યથાર્થવાદના અર્થને વધુ સ્પષ્ટ કરવામાં નીચેની વ્યાખ્યાઓ મદદરૂપ થશે. - યથાર્થવાદનો અર્થ એવા વિશ્વાસ અથવા સિદ્ધાંત સાથે છે જે સંસારને એવો માને છે જેવો આપણને દેખાય છે. અર્થાત્ સંસાર એક પ્રપંચમાત્ર છે. – સ્વામી રામતીર્થ

યથાર્થવાદ સ્વીકારે છે કે આપણે જે કોઈ અનુભવ કરીએ છીએ, તેની પાછળ અને મળતી આવતી વસ્તુઓનું એક યથાર્થ જગત છે.

- જે. એસ. રોસ

યથાર્થવાદ જગતને સામાન્ય રીતે એવા રૂપે સ્વીકારે છે જે રૂપમાં તે આપણ, દેખાય છે. – બટલર

આમ, યથાર્થવાદ એક એવો વાદ સિદ્ધાંત છે કે જેના મતે વસ્તુઓની સત્તા યથાર્થ છે એટલે કે આપણે જે કાંઈ જોઈએ છીએ અથવા અનુભવ કહીએ છીએ જ સત્ય છે. જેનો આપણે અનુભવ કહી શકતા નથી કે નથી જોઈ શકતા તે વાસ્તવિક અને યથાર્થ નથી. આ વિચારધારા આદર્શવાદી વિચારધારાથી વિરુદ્ધ છે. યથાર્થવાદ પ્રમાણે મનુષ્યને જ્ઞાનપ્રાપ્તિ પ્રત્યક્ષ અનુભવ દ્વારા થાય છે, જેથી ભૌતિક જગત સત્ય છે. વસ્તુઓનું અસ્તિત્વ જ્ઞાનથી સ્વતંત્ર છે. આપણે વસ્તુઓના રંગ-રૂપ જોઈએ છીએ તે ખરેખર વસ્તુઓનાં અંગ છે. આ વસ્તુઓનું જ્ઞાન પ્રત્યક્ષ હોય છે, જે લોકોના અનુભવનો વિષય છે. જુદાં જુદાં વ્યક્તિઓ એક જ વસ્તુને જુદા જુદા દૃષ્ટિકોણથી જુએ છે. વસ્તુ બહાર હોય છે અને વિચાર મનમાં ચાલે છે, પરંતુ વિચાર વસ્તુ પ્રમાણે જ થાય છે, જે સત્ય છે. R

**વાસ્તવવાદના પ્રકાર** :

માનવતાવાદી યથાર્થવાદ
સામાજિકતાવાદી યથાર્થવાદ
જ્ઞાનેન્દ્રિય યથાર્થવાદ
નવયથાર્થવાદ (Neo - Realism)

**યથાર્થવાદી (વાસ્તવવાદી) શિક્ષણનો અર્થ** :

યથાર્થવાદી શિક્ષણ એટલે જે જીવનની વાસ્તવિક પરિસ્થિતિઓ અને આવશ્યકતાઓને જાણી, વ્યક્તિ અને સમાજને સુખ અને સમૃદ્ધિ દેવા માટે માર્ગ ચીંધે છે. સુખ-સાધન માટે વ્યક્તિએ આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરવી પડે. આ માટે યથાર્થવાદ વ્યાવસાયિક શિક્ષણનું મહત્ત્વ આપી વ્યક્તિને જીવનોપાર્જનની ક્ષમતા આપે છે. યથાર્થવાદ વ્યક્તિની સ્મરણશક્તિ, વિવેક અને નિર્ણયશક્તિનો વિકાસ કરે છે. આ શિક્ષણ પ્રમાણે વ્યક્તિ સંપર્ષમય જીવનમાં પણ સફળ થાય અને પોતાની આવશ્યકતાઓ પૂરી કરીને સુખેથી – આનંદથી રહે. પથાર્થવાદ ભૌતિક સમૃદ્ધિને જ પ્રાધાન્ય આપે છે, આધ્યાત્મવાદને નહીં.

**વાસ્તવવાદી શિક્ષણની વિશેષતાઓ** :

- વિજ્ઞાન પર આધારિત.
- બાળકના વર્તમાન જીવન પર વધુ ભાર.
- પ્રયોગ તથા વ્યવહારિક જીવન પર ભાર.
- પુસ્તકિયા જ્ઞાનનો વિરોધ.
- બાળકને મર્યાદિત સ્વતંત્રતા.
- જ્ઞાનેન્દ્રિયોના પ્રશિક્ષણ પર ભાર.
- વૈયક્તિકતા અને સામાજિકતાને સરખું મહત્ત્વ

**વાસ્તવવાદની શિક્ષણ પર અસરો** :

**(1) વાસ્તવવાદ અને શિક્ષણના ઉદ્દેશો** :

- **બાળકને સુખી અને સફળ જીવન માટે તૈયાર કરવો** : બાળક સમાજમાં રહીને પોતાના વ્યવહારિક જીવનની બધી જ જરૂરિયાતો પૂરી કરીને એક સફળ અને સુખી જીવન જીવી શકે તેવું શિક્ષણ હોવું જોઈએ.

- **બાળકને વાસ્તવિક જીવન માટે તૈપાર કરવી** : યથાર્થવાદ ભૌતિક જવનને જ વાસ્તવિક જીવન સમજે છે. આમ, બાળકને ભૌતિક સંસારના વાસ્તવિક જીવન માટે તૈયાર કરવાનો છે.

- **બાળકની શારીરિક અને માનસિક શક્તિઓનો વિકાસ કરવો** : બાળક નાની- મોટી સમસ્યાઓને સરળતાપૂર્વક ઊકેલી સુખ શાંતિથી જીવન જીવી શકે તે માટે તેને શારીરિક અને માનસિક રીતે તૈયાર કરવો એઈએ.

- **જ્ઞાનેન્દ્રિયોનો વિકાસ કરવો અને પ્રશિક્ષણ આપવું** : બાળક જગત અને વસ્તુઓનું પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત કરી શકે તે માટે તેની જ્ઞાનેન્દ્રિયોનો વિકાસ કરવો અને યોગ્ય પ્રશિક્ષણ આપવું જરૂરી છે.

- **બાળકને પ્રાકૃતિક અને સામાજિક વાતાવરણથી પરિચિત કરવો** : બાળકનો સંબંધ પ્રકૃતિ અને સમાજ સાથે છે, જેથી આ બંને વચ્ચે સામંજસ્ય સ્થાપવા તેને પ્રાકૃતિક અને સામાજિક વાતાવરણથી પરિચિત કરાવવો.

- **વ્યાવસાયિક શિક્ષણ આપવું** : વાસ્તવિક જીવન માટે જીવિકોપાર્જન જરૂરી છે. જીવિકોપાર્જન દ્વારા વ્યક્તિ સુખ, સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. આ માટે વ્યાવસાયિક શિક્ષણ આપવું જોઈએ.

**(2) યથાર્થવાદ અને પાઠ્યક્રમ** :

યથાર્થવાદીઓ એવા વિષયોનો પાઠ્યક્રમમાં સમાવેશ કરે છે કે જે કર ઉપયોગી હોય તથા તેને વાસ્તવિક જીવન માટે તૈયાર કરી શકે. આમ, જીવનની થાઈ પરિસ્થિતિ, જરૂરિયાતો તથા સમસ્યાઓને ધ્યાનમાં રાખતાં પસંદ કરેલા વિષયોમાં (1) પ્રકૃતિ (2) વિજ્ઞાન (3) વ્યવસાય સંબંધી વિષયોનો સમાવેશ કરેલ છે. આ ઉપરાંત દ્વિતીય કક્ષાના વિષયોમાં ભાષા, કલા અને સાહિત્યને સ્થાન આપ્યું છે. તેઓ વિષયનું પ્રમાણ ખુબ જ મોટું રાખવાનો મત ધરાવે છે જેથી વિદ્યાથી તેની પસંદગીનો વિષ્ય શીખી શકે. આ ઉપરાંત, તેમના મતે માતૃભાષા માનવવિકાસ માટે આધારશિલ છે અને જીવિકોપાર્જન માટે વ્યવસાય અત્યંત મહત્વ ધરાવે છે, જેથી પાક્રમમાં માતૃભાવ તથા ઉદ્યોગના વિષયો અવશ્ય પણ હોવા એઈએ.

**(3) યથાર્થવાદ અને શિક્ષણપદ્ધતિ** :

પ્રચલિત સામાન્ય શિક્ષસ પદ્ધતિઓ બાળકને શબ્દનું જ્ઞાન આપે છે. જેથી તે બાળકને જીવન માટે તૈયાર કરતી નથી. જેથી પથાર્થવાદીઓ ચિત્ર પદ્ધતિમાં ટાનેન્દ્રિયોને માધ્યમ બનાવીને સ્વાનુભવ તથા સ્વનિરીક્ષણ પર વધુ એક આપ્યો. આમ કાર્યવાદ શબ્દો કરતાં વસ્તુને વધુ પ્રાધાન્ય આપે છે.

આમ, બાળકને પહેલાં વસ્તુ બનાવવી જોઈએ ત્યાર બાદ શબ્દોનું જ્ઞાન આપવું થઈએ ટૂંકમાં, થથાર્થવાદીઓએ વસ્તુ દ્વારા શિક્ષણ આપવા પર ભાર મૂક્યો. જેથી દશ્ય શ્રાવ્ય સાધનોની શરૂઆત થઈ. થથાર્યવાદીઓ વર્ગખંડમાં રાત માટે સંશ્લેષણાત્મક અભિગમ અપનાવે છે. પ્રસિદ્ધ યથાર્થવાદી બેકને આગમવિવિધ શોધી. જેમાં વસ્તુ દ્વારા શબ્દનું જ્ઞાન આપવામાં આવે છે. તેમાં બાળકને પોતાની જાતે જ નિરીક્ષર, પરીશ્ર, નિર્દય દ્વારા શીખવાની તક મળે છે.

યથાર્થવાદી નિષ્ટને પ્રવાસ દ્વારા શિક્ષણ પર ભાર મૂક્યો તો જૈન લોકે નિરીક્ષર, પ્રવાસ, પ્રયોગ તથા અનુભવ દ્વારા શિક્ષણની વાત કરી. યથાર્થવાદીઓએ કેટલાંક સૂત્રો પણ આપ્યો. જેમાં વાંચન અને ગૌખણપટ્ટીનો છંદ દીને સ્વાનુભવ પર ભાર આપ્યો. તેઓને જ્ઞાનને એ મારું તથા સમર્થન કર્યું.

**(4) યથાર્થવાદ તથા શિક્ષક** :

યથાર્થવાદી શિક્ષકના સ્થાનને મધ્યમ કક્ષાનું ગઢે છે. આમ છતાં તેમના અંતે દક્ષક પાસે વિષયવસ્તુ તથા બાળકની અપેલા જરૂરિયાતોનું માન ઘેવું ઈએ. ગાય તેનાં પાનને ભાવક સમય પ્રસ્તુત કરવા માટે યોગ્ય ક્ષમતા પણ જેવી એઈએ. દર્શક પાસે વિજ્ઞાનનું જ્ઞાન આવશ્યક હોવું જ એઈએ. તે સંશોધનના ચેતક એવા એઈએ અને બાળકોને સંશોધનો માટે પ્રોત્સાહિત કરવા એઈએ. તેની પાસે એવી પતિનું નિર્માણ કરવાનો આવા હોવી જેઈએ કે જેનો બાળક નિરીક્ષા દ્વારા ચોક્કસ નિર્ણય કરી શકે. શિક્ષકને એ બાબતનો ખ્યાલ હોવો જોઈએ કે કા બાળકને, કેટલું અને ક્યારે જ્ઞાન આપવું જોઈએ. આ માટે શિક્ષકે પ્રશિક્ષણ મેળવવું જરૂરી છે.

**(5) યથાર્થવાદ અને શિસ્ત :**

યથાર્થવાદીઓ બાળકના નૈતિક તથા ધાર્મિક વિકાસ પર ભાર મૂકે છે. આ માટે બાળક પર નિયંત્રણ હોવું જરૂરી છે. આમ છતાં બાળક પર દમનાત્મક શિસ્ત લાદવી જોઈએ નહીં. એટલે કે દંડ દમન તથા ભયના આધાર પર શિસ્ત લાદવી જોઈએ નહીં. ખરેખર તો બાળક સાથે પ્રેમ અને સહાનુભૂતિપૂર્વકનું વર્તન કરીને તે ભૌતિક વાતાવરણ સાથે સરળતાથી સમાયોજન કરે તેને ધ્યાનમાં રાખવું જોઈએ. કોમેનિયસના મતે, "શાળા માતાના ખોળા બરાબર છે જ્યાં પ્રેમ, સહાનુભૂતિ અને સુરક્ષાનો સાગર ઘુઘવતો હોય છે. આમ, યથાર્થવાદીઓ પ્રભાવાત્મક (Impressionistic) તથા મુક્તયાત્મક (Emancipationistic) શિસ્તનો સમન્વય કરે છે.

**(6) યથાર્થવાદ અને શાળા :**

શાળા અંગેના વિચારોમાં યથાપવાદીઓમાં મતભેદ જોવા મળે છે, કેટલાક યથાર્થવાદીઓના મતે શાળાની જરૂરિયાત જ નથી. તેમના મતે પ્રવાસ, યાત્રા તથા ખાનગી શિક્ષક જ શિક્ષણ માટે સર્વોત્તમ છે. જ્યારે કેટલાક યથાર્થવાદીઓના મતે શાળા તથા વર્ગખંડ શિક્ષણ અત્યંત મહત્ત્વના છે. આ ચિંતકોના મતે શાળા એ સમાજનો અરિસો છે જે મસાજનું હૂબહૂ પ્રતિબિંબ રજૂ કરે છે. આમ છતાં શાળામાં માત્ર એવી જ ક્રિયાઓનું આયોજન ન કરવું જોઈએ કે જે સમાજમાં ચાલે છે, પરંતુ તે ઉપરાંત બાળકને જગત- દુનિયાનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવી ક્રિયાઓનું પણ આયોજન કરવું જોઈએ. કારણ કે, શાળા જ એકમાત્ર એવી જગ્યા છે કે વ્યક્તિ તથા સમાજની જરૂરિયાતો પૂરી શકે છે. શાળા દ્વારા બાળકની રુચિ, જરૂરિયાત તથા શક્તિ અનુસાર શિક્ષણની વ્યવસ્થા કરી શકાય છે. એટલું જ નહીં, બાળકને વ્યાવસાયિક શિક્ષમ માટે પણ શાળા જરૂરી છે. શાળા અંગે પોતાનો વિચાર જણાવતાં કોર્યેનિસે કહેલું, "શાળા એ મનુષ્યનું વાસ્તવિક નિર્માણ કરનારી જગ્યા છે."

**યથાર્થવાદના ગુણદોષ :**

- યથાર્થવાદ પ્રમાણે શિક્ષણ વ્યાવહારિક હોવું જોઈએ.
- યથાર્થવાદના મતે હું જે આજે આ સમયે છે, તે સત્ય અને વાસ્તવિક છે.' આ માપદંડના આધારે શિક્ષણના ઉદ્દેશો ખૂબ જ મહત્ત્વના છે.
- વિજ્ઞાનને મહત્ત્વનું સ્થાન આપ્યું છે. આધુનિક યુગમાં વિજ્ઞાન વગરનું જીવન અશક્ય લાગે છે. વિના વિજ્ઞાન, વિશ્વાસ નહીં. આગમન પદ્ધતિનો વિકાસ થયો. ઉપરાંત, પ્રયોગાત્મક, સહસંબંધ પદ્ધતિઓના પ્રયોગ પર ભાર મૂકવામાં આવ્યો.
- દમનાત્મક શિસ્તના બદલે પ્રભાવાત્મક અને સ્વતંત્ર શિસ્તના સમન્વય પર ભાર.
- વસ્તુનિષ્ઠતા પર ભાર આપ્યો. જેથી વિશ્લેષણાત્મક દૃષ્ટિનો વિકાસ થયો.
- શાળામાં પ્રેમ, સહાનુભૂતિ અને માનવતાના ગુણોના વિકાસને પ્રાધાન્ય આપ્યું.

**દોષ :**

- યથાર્થવાદ ભૌતિકજગતની સમાજે જ સર્વસ્વ ગણે છે. તેઓ મુખ્ય ત્રણ પ્રશ્નોનો ઉત્તર આપવામાં નિષ્ફળ ગયા છે (1) શું આ ભૌતિક જગતની રચના પાછળ કોઈ બીજી શક્તિ નથી ? (2) શું આ ભૌતિક જગતની જ સત્તા અંતિમ છે? (3) સૃષ્ટિની સમાતા કઈ છે?
- યથાર્થવાદીઓના જ્ઞાનેન્દ્રિયો જ્ઞાનના દ્વાર છે. વસ્તુઓના સંપર્કથી જ જ્ઞાન પ્રાપ્ત થાય છે. ત્યારે પ્રશ્ન થાય છે કે આપણા મનમાં થતી કલ્પના, કેવી રીતે થાય છે ? ખામીયુક્ત જ્ઞાન કેવી રીતે થાય છે ?
- યથાર્થવાદ કલ્પના, સંવેગ તથા સ્થાયીભાવનો સ્વીકાર નથી કરતો.
- વિજ્ઞાનને પ્રાધાન્ય, પરંતુ કલા તથા સાહિત્યની ઉપેક્ષા.
- આદર્શો પર વિશ્વાસ નથી. જેથી આદશવિહોણું શિક્ષણ નિરાશા તરફ પણ લઈ જાય તથા પ્રગતિ વધુ કઠિન બને છે. જીવન માટે કેટલાક આદર્શ જરૂરી છે, જેમાં યથાર્થવાદનો વિરોધ છે.

**૧.૪.૪ વ્યવહારવાદ**

પ્રયોજનવાદ (વ્યવહારવાદ) અર્થ અને પરિભાષા :

પ્રયોજન શબ્દની ઉત્પત્તિ ગ્રીક શબ્દ hagma માંથી થયેલી છે. જેનો આ છે - a thing done, business, effective action એવો થાય છે. બીજો ગ્રીક શબ્દ Pramitikos એટલે કે વ્યવહારિક (Practical) એવો અર્થ થાય છે માટે Pragmatism એટલે વ્યવહારવાદ એવો અર્થ થઈ શકે. બધાં મૂલ્યો, વિચારો, નિર્ણય કે સત્યનો સાચો અંદાજ એનાં બાવરિય અમલીકરણ અને પરિણામોનાં આધારે થઈ શકે છે.

- પ્રયોજનવાદ આપણને અર્થ, સત્ય, જ્ઞાન અને વાસ્તવિકતા તરફ દોરી જાય છે.
- પ્રયોજનવાદ એ મનનો પ્રિય છે.
- વિચારી અને સત્યની કૃતિ છે.
- નિર્ણયતા સ્વરૂપે વાસ્તવિક્તાનો સિદ્ધાંત છે.
- Pragmatism is a theory of earth. a theory of truth a theory of knowledge a theory of reality - James B. Prett
- પ્રયોજનવાદ નૂતન આદર્શવાદ તરફ દોરી જતી વિચારધારા છે. જે વાસ્તવિકતાને મહત્ત્વ આપે છે.
- ક્રિયાત્મક અને આધ્યાત્મિક મૂલ્યોનું સંક્રમણ કરે છે.
- સંપૂર્ણ મૂલ્યનિષ્ઠ સંસ્કૃતિ એ નિપુર્ણ વ્યક્તિઓના સંનિષ્ઠ પ્રયાસોની નીપજ હશે.

**પ્રયોજનવાદની દષ્ટિએ કેળવણીના ઉદ્દેશો :**

**ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને ડ્યૂઈના મત અનુસાર ઉદ્દેશોમાં ત્રણ બાબતોનો સમાવેશ થવો જોઈએ.**

(1) ઉદ્દેશો વિદ્યાર્થીઓની ક્રિયાઓ આધારિત હોવા જોઈએ.

(2)પ્રવૃત્તિઓ અને જરૂરિયાતો પર આધારિત હોવા જોઈએ.

(3) વિદ્યાર્થીઓનો સહયોગ પ્રાપ્ત થવો જોઈએ.

(4) તે વિશિષ્ટ અને તાત્કાલિક (Specific and immediate) હોવા જોઈએ. સામાન્ય અને અંતિમ (general and ultimate) હોવા જોઈએ નહિ પ્રયોજનવાદની દૃષ્ટિએ કેળવણીના ઉદ્દેશો નીચેના જેવા હોવા જોઈએ.

(1) **મૂલ્યનિર્માણ (Creation of values) :** પ્રયોજનવાદ અનુસાર કેળવણીનો ઉદ્દેશ મુલ્યનિર્માણનો હોવો જોઈએ. ક્રિયાઓ – પ્રવૃત્તિઓ અને અનુભવો દ્વારા મૂલ્યોનું નિર્માણ થાય છે. આથી, મૂલ્યોના નિર્ધારણ માટે શારીરિક, બૌદ્ધિક, સૌંદર્યાત્મક, નૈતિક તથા ધાર્મિક ક્રિયાઓને માધ્યમ બનાવવું જોઈએ. કેળવણી દ્વારા એવો માનસિક વિકાસ થવો જોઈએ કે જેથી મૂલ્ય-નિર્ધારણ થઈ શકે.

(2) **અધિકતમ વિકાસ (Maximum growth) :** કેળવણી દ્વારા વ્યક્તિનો વધુ ને વધુ વિકાસ થતો રહેવો જોઈએ. આવો વિકાસ પરાસ્પરિક આદાનપ્રદાન અને પરિવર્તનશીલ સમાજવ્યવસ્થાથી શક્ય બને છે. વ્યક્તિ સતત વિકાસશીલ બની રહે તે લોકશાહી સમાજચનામાં સંભવિત છે. તેથી કેળવણી દ્વારા વ્યક્તિને એવી તકો પ્રાપ્ત થવી જોઈએ કે જેથી વ્યક્તિ સતત વિકાસ કરતી રહે.

(3) **સુસંવાદી વિકાસ (Harmonious Development) :** આદર્શવાદીઓની જેમ પ્રયોજનવાદીઓ આધ્યાત્મિક મૂલ્યોમાં વિશ્વાસ ધરાવતા નથી, પરંતુ તે મનુષ્યના શારીરિક, બૌદ્ધિક, સૌંદર્યાત્મક, સામાજિક, નૈતિક તેમજ ધાર્મિક વિકાસની ઉપેક્ષા પણ કરતા નથી. વિદ્યાર્થીઓ કેટલીક પ્રવૃત્તિઓ હાથ ધરે છે. તેમાંથી તેમને કેટલાક અનુભવો પ્રાપ્ત થાય છે. આને લીધે તેમનો શારીરિક, બૌદ્ધિક, સામાજિક અને નૈતિક વિકાસ શક્ય બને છે. શિક્ષણનો ઉદ્દેશ વિદ્યાર્થીઓની જરૂરિયાતો, અભિરુચિઓ અને શક્તિઓનું એવી રીતે માર્ગાન્તરીકરણ કરવાનું છે કે જેનાથી વિદ્યાર્થીની જે તે વાતાવરણમાં જરૂરિયાતો સંતોષાઈ શકે.

**(4) સામાજિક કુશળતા (Social efficiency) :** કેળવણીનો એક ઉદ્દેશ બાળકોનું સામાજિકીકરણ કરવાનો હોવો જોઈએ. સામાજિક કુશળતામાં આર્થિક કુશળતા થા કાર્યક્ષમતાનો પણ સમાવેશ થાય છે વ્યવહારવાદીઓના મંતવ્ય અનુસાર સંસ્કૃતિ એ સામાજિક કુશળતાન પર્યાય છે. સામાજિક રીતે કાર્યક્ષમ વ્યક્તિ સંસ્કારી હોવી જોઈએ - સુસંસ્કૃત હોવી જોઈએ અને સુસંસ્કૃત માનવ એ સામાજિક રીતે કુશળતા ધરાવતો હોય છે. પ્રયોજનવાદી શિક્ષણ એ આમ તો ઉપયોગિતાવાદી શિક્ષણ કહી શકાય. શાળાએ બાળકોને એવું શિક્ષણ આપવું જોઈએ કે જેઓ પોતાના સમાજજીવનમાં પૂર્ણ જીવન જીવી શકે.

**(5) વૈયક્તિક અને સામાજિક અનુકૂલન (Individual and Social Adjustment) :** પ્રયોજનવાદીઓની દૃષ્ટિએ કેળવણી એવી હોવી જોઈએ કે જેથી બાળક પોતાની વાસ્તવિકતાઓનું અને મૂલ્યોનું સર્જન જાતે જ કરી શકે. કેળવણી એક અનુકૂલનની પ્રક્રિયા છે. કેળવણી દ્વારા વિદ્યાર્થી અન્ય વ્યક્તિઓ સાથે, સમાજ સાથે અને પરિસ્થિતિ કે વાતાવરણ સાથે અનુકૂલન સાધવાની ક્ષમતા પ્રાપ્ત કરી શકે. કેળવણી દ્વારા વ્યક્તિએ પરિસ્થિતિ કે વાતાવરણ સાથે માત્ર અનુકૂલન સાધવાનું નથી, પરંતુ પરિસ્થિતિનો મુકાબલો કરી તેના પર કાબૂ પણ મેળવવાનો છે. કેળવણી દ્વારા વિદ્યાર્થીનો માનસિક વિકાસ એવો થવો જોઈએ કે જેથી સફળતાપૂર્વક પરિસ્થિતિઓ અને સમસ્યાઓનો સામનો કરી શકે.

**(6) વર્તમાન જીવનની સમૃદ્ધિ (Rich Present life) :** કેળવણી દ્વારા વ્યક્તિનું જીવન સભર અને સમૃદ્ધ બનવું જોઈએ. પ્રયોજનવાદીઓ વર્તમાન અને તાત્કાલિક ભવિષ્યમાં શ્રદ્ધા ધરાવે છે. તેથી, તેઓ માને છે કે કેળવણીનો મહત્ત્વનો ઉદ્દેશ વ્યક્તિના વર્તમાન જીવનને મૂલ્યવાન અને સમૃદ્ધ તેમજ આનંદપ્રદ બનાવવું જોઈએ.

(7) **અનુભવોનું સતત પુનર્નિર્માણ** : કેળવણીનો એક મહત્ત્વનો ઉદ્દેશ ઊભી થતી નવી પરિસ્થિતિઓમાં અનુભવોનું પુનર્ગઠન કરી તેમનું પુનર્નિર્માણ કરવાનો છે, પ્રત્યેક અનુભવ એ બીજા અનુભવોનો જનક છે અને કેળવણીનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને શિક્ષણપ્રદ અનુભવો પૂરા પાડવાનો હોવી જોઈએ. અધ્યયન એ અનુભવોનું સંક્રમણ છે અને અનુભવોના આદાન પ્રદાનની પ્રક્રિયા છે.

**અભ્યાસક્રમ** :

**(1)ઉપયોગિતાનો સિદ્ધાંત (Principle of utility)** પ્રયોજનવાદીઓના મંતવ્ય અનુસાર અભ્યાસક્રમ ઉપયોગી થાય તેવી હોવી જોઈએ. અભ્યાસક્રમમાં એવા વિષયોનો સમાવેશ કરવો જોઈએ કે જે બાળકોને વર્તમાન જીવનમાં ઉપયોગી નીવડે. તે વ્યક્તિની માનવીય સમસ્યાઓનો મુકાબલો કરવાનું સામર્થ્ય કેળવે. ગમે તેવી પરિસ્થિતિનો સામનો કરી શકે તેવી ક્ષમતા અભ્યાસક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં પેદા થવી જોઈએ. તેથી, પ્રયોજનવાદીઓના મંતવ્ય અનુસાર અભ્યાસક્રમમાં ભાષાઓ, સ્વાસ્થ્ય વિજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ, ગણિત, વિજ્ઞાન અને શારીરિક શિક્ષણનો સમાવેશ થવો જોઈએ. છોકરીઓ માટે અભ્યાસક્રમમાં ગૃહવિજ્ઞાન (Home Science)નો પ્રબંધ કરવો જોઈએ. આ ઉપરાંત, છોકરાઓ માટે કૃષિવિજ્ઞાનનો વિષય હોવો જોઈએ.

ઉપયોગિતાવાદનો સિદ્ધાંત બાળકો માટે વ્યાવસાયિક શિક્ષણની હિમાયત કરે છે. અભ્યાસમમાં વિવિધ વ્યવસાયોના શિક્ષણનો પ્રબંધ હોવો જોઈએ. વ્યાવસાયિક શિક્ષણ સાથે સામાન્ય જ્ઞાનના શિક્ષણની પણ જોગવાઈ હોવી જોઈએ. તેઓ ધંધાદારી (occupation) શિક્ષણની પણ હિમાયત કરે છે.

**(2) રુચિનો સિદ્ધાંત (Principle of child's natural interest):** પ્રયોજનવાદીઓની વિચારધારા અનુસાર અભ્યાસક્રમ બાળકોની રસ-રૂચિ, અભિયોગ્યતાઓ અને તેમના વિવિધ શોખોને અનુસરીને ઘડાવો જોઈએ. બાળકની વિકાસની અવસ્થાઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમનું નિર્માણ થવું જોઈએ. વિદ્યાર્થીઓની જરૂરિયાતો અને શક્તિઓને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમનું નિર્માણ થવું ોઈએ. જ્હોન ડ્યૂઈના મંતવ્ય અનુસાર, 'These natural interests are the natural resources, the universal capital, upon the exercises of which depends the actual growth of the child." - John Dewey

પ્રાથમિક શાળાઓમાં બાળકો જિજ્ઞાસુ હોય છે. તેથી, તેમને વાર્તાલાપ, ખોજ, રચનાત્મક અભિવ્યક્તિ ગમે છે. આથી, પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની રુચિ અનુસાર પ્રકૃતિનું અધ્યયન, હસ્તકલા, રેખાચિત્ર ચિત્રકલા જેવા વિષયો શીખવવા જોઈએ.

(૩) **બાળકોના અનુભવનો સિદ્ધાંત ('rinciple of child's extreme)**: પ્રયોજનવાદીઓના મંતવ્ય અનુસાર અભ્યાસક્રમ વિદ્યાર્થીઓના અનુભવો, ભાવિ વ્યવસાયો અને પ્રવૃત્તિઓ પર આધારિત હોવો જોઈએ. શાળાઓમાં સામાન્ય વિષયોની સાથેસાથે અભ્યાસક્રમમ સ્વતંત્ર, અર્થપૂર્ણ અને સામાજિક પ્રવૃત્તિઓને પણ સ્થાન હોવું જોઈએ. કર્ણના મંતવ્ય અનુસાર

"If these activities take the character of activities of the community of which the school is an organ, they will develop moral virtues, result in attitudes of initiative and independence and will give training in citizenship and promote self – Dewey

**(4)જ્ઞાનની અખંડિતતા અને એકીકરણનો સિદ્ધાંત : (Principle of integration) :** વ્યવહારવાદી જ્ઞાનનું વિભાજન કરી, તેને વિષયોના ચોકઠામાં વહેંચી નાખવાની પ્રણાલિકા તરફ સખત નાપસંદગી દર્શાવે છે. તે માને છે કે અભ્યાસક્રમમાં વિષય વિષય વચ્ચે જે કૃત્રિમ દીવાલો કે ઊભી કરવામાં આવી છે તેમને તોડી નાખવી જોઈએ. કેળવણીનો અગત્યના ઉદ્દેશ બાળકની માનસિક નિતિ" વિસ્તારવાનો હોવો એઈ બાળક જે પ્રવૃત્તિમાં પરોવાયેલું હોય તેને જે કોઈ જ્ઞાન સાથે સંબંધ હોય તે તમામનો ઉપયોગ કરવાની જ ખરી જરૂરિયાત છે. જ્ઞાનની જાળવવા માટે આજે શિક્ષણમાં ભાર મુકાતો જોવા મળે છે. શાળામાં વિષયોનો સમવાય સાધવો જેઈએ આજે એકીકૃત જ્ઞાન માટે કેટલાક કેન્દ્રીય વિષયોની હિમાયત થઈ રહી છે. તેમાં ભાષા, સમાજવિદ્યા, સામાન્ય જ્ઞાન અને ગણિતશારાનો સમાવેશ થાય છે. એકીકરણનું પ્રેરક બળ અને સાધક માનવ પોતે જ છે. પ્રજનવાદીઓ એકીકરણના નિયામક તરીકે બાળકને જ ગણે છે. તેઓ માને છે કે બાળકના સમાન્ય જીવન અનુભવો ને વિશિષ્ટ પ્રવૃત્તિ જ જ્ઞાનનું એકીકરણ સાધી શકશે.

**શિક્ષકની ભૂમિકા** :

(1) **શિક્ષક પ્રયોગશીલ હોવો જોઈએ** : પ્રયોજનવાદીઓ માને છે કે શિક્ષણમાં શિક્ષકનું સ્થાન ખૂબ અગત્યનું છે. તે વ્યવહાર, તાલીમ પામેલો અને કાર્યક્ષમ શિક્ષક હોવો જોઈએ. તેનામાં દૂરદર્શિતા અને આંતરસૂઝ હોવાં જોઈએ. તેણે શિક્ષણ માટેની પરિસ્થિતિઓ ઊભી કરીને વિદ્યાર્થીઓને ધ પ્રોત્સાહિત કરવા જોઈએ. તેને જુદા જુદા શિક્ષણના પ્રયોગોમાં શ્રદ્ધા હોવી જોઈએ. પ્રયોગાત્મક પદ્ધતિનો શિક્ષણમાં વિનિયોગ કરવો જોઈએ

(2) **તે વિદ્યાર્થીઓનો મિત્ર અને માર્ગદર્શક હોવો જોઈએ**: પ્રેમનાથના ૫ શબ્દોમાં, The child's personality should not be over shadowed by that of the teacher. The teacher is a friend and a helper, he is to provide child with opportunities for experimenting in the school and on the field." - Premnath

શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓનું વ્યક્તિત્વ ઢંકાઈ જવું જોઈએ નહિ. તે વિદ્યાર્થીઓનો મિત્ર અને મદદગાર છે. તેણે વિદ્યાર્થીઓને પ્રયોગ કરવાની તકો ઊભી કરી આપવી જોઈએ, શાળામાં અને શાળા બહાર

(3)અનુભવો માટે પ્રેરણા આપનાર પ્રકૃતિવાદીઓ બાળકોના શિક્ષણમાં શિક્ષકની દખલ વિશ્વના નથી, આદર્શવાદીઓ મિક્ષને જ મિત્રોના કેન્દ્રમાં રાખે છે જયારે પ્રયોજનવાદીઓ મધ્યમ માર્ગ અપનાવે છે. વી શિક્ષક મદદગારની, મિત્રની અને માર્ગદર્શકની તેમજ અનુભવોનું આયોજન કરનારની ભૂમિકા ભજવે છે. “The teacher's fune, is to assist the child when he is in difficulty and to guide his general development in the light as a superior wisdom, which the child does not possess."

તે તેનો શ્રેપાનું સહભાગી છે, તે બાળકીના નૂતન માનસનું સર્જન છે. છે. પ્રો. લેન્સના મંતવ્ય મુજબ પ્રયોજનવાદમાં

**શિક્ષક નીચેની ભૂમિકા ભજવે છે.** "The teacher has to be a student of child mind, sensitive to the kinds of experiences of children at different ages, and imaginative in his efforts to involve the children in the excitement of scientific inquiry." તે વિદ્યાર્થીઓના માનસનો અભ્યાસી હોવો જોઈએ.જુદી જુદી વયનાં બાળકોને પુરા પાડવાના અનુભવો. પ્રત્યેસંવેદનશીલ હોવો જોઈએ. વિદ્યાર્થીઓમાં જુસ્સો અને વૈજ્ઞાનિક ખોજ કરવાની લગની લાગે તે માટે કલ્પનાશીલ પ્રયાસો કરતો હોવો જોઈએ.

**પ્રોજનવાદ અને શિસ્ત (discipline) :**

પ્રયોજનવાદીઓ સામાજિક શિસ્ત (Social discipline) પર ભાર મૂકે છે. જહોન ડ્યૂઈના મંતવ્ય અનુસાર શિસ્ત એ એક પ્રકારનું માનસિક વલણ છે. વિદ્યાર્થીઓમાં શિસ્ત માટે સામાજિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ. ક્રીડા અને શિક્ષણનો સુભગ સમન્વય સાધવી જોઈએ. આનાથી વિદ્યાર્થીઓમાં આંતરિક શિસ્ત (inner discipline) કેળવાશે. વિદ્યાર્થીઓને જવાબદારીથી કામ સોંપવાં જોઈએ.વિદ્યાર્થીઓમાં સહયોગ ભાવના કેળવવી. સામાજિક પ્રવૃત્તિનું આયોજન કરવું જોઈએ.

"Pragmatism is in favour of social discipline through the joint activities in the school." - B. D. Bhatia

**પ્રયોજનવાદ અને શાળા** : પ્રયોજનવાદીઓના મંતવ્ય અનુસાર શિક્ષણ-કેળવણી એક સામાજિક પ્રક્રિયા છે. તેથી, શાળા એ સમાજની લઘુ આવૃત્તિ છે. તે સમાજનું પ્રતિનિધિત્વ કરે છે. શાળામાં સામાજિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ.શાળાએ બાળકોને વાસ્તવિક સ્વરૂપનાં સામાજિક અનુભવો પૂરા પાડવા જોઈએ.

વિદ્યાર્થીઓનું સામાજિકીકરણ થાય તેવા પ્રયાસો કરવા જોઈએ. સહકાર, સહિષ્ણુતા, સ્નેહ, સંપ વગેરે દ્વારા ઉચ્ચ સામાજિક ગુણોનું સંવર્ધન કરવું જોઈએ. ઉચ્ચ સામાજિક પરંપરાઓ અને પ્રણાલિકાઓ શાળામાં ઊભી કરવી જોઈએ. સમાજ સાથે ઘનિષ્ઠ સંપર્ક જાળવવો જોઈએ. સામાજિક સમસ્યાઓ હલ કરવા પ્રયાસો કરવા જોઈએ,

"School should be true representative of the society." – Dewey

**પ્રયોજનવાદની દૃષ્ટિએ શિક્ષણ પદ્ધતિઓ** :

પ્રયોજનવાદના પુરસ્કર્તાઓએ પરંપરાગત શિક્ષણની પદ્ધતિઓનો અસ્વીકાર કર્યો છે. શિક્ષણ પદ્ધતિઓ ઉપયોગિતાના સિદ્ધાંત પર આધારિત હોવી જોઈ વિદ્યાર્થીઓનાં રસ-રુચિ અને કક્ષાનુસાર શૈક્ષણિક પદ્ધતિઓનો ઉપયોગ થવો જોઈએ બાળક એ શિક્ષણપ્રણાલીનું કેન્દ્ર છે. પ્રયોજનવાદ શિક્ષણ પદ્ધતિઓમાં બાળક પર ભા મૂકે છે. પાઠ્યપુસ્તકો, અધ્યાપક કે વિષયો પર ભાર મૂકતો નથી. શિક્ષણ પદ્ધતિ નીચેના સિદ્ધાંતો પર આધારિત હોવી જોઈએ.

**(i) શિક્ષણ એક હેતુપૂર્ણ પ્રક્રિયા**: શિક્ષણ એક હેતુપૂર્ણ પ્રક્રિયા છે. બાળકને કેળવણીના હેતુઓની સભાનતા હોવી જોઈએ. બાળકે સ્વયં જ્ઞાન પ્રાપ્ત કરવા માટે યોગ્યતા પ્રાપ્ત કરવી જોઈએ. રોસના મંતવ્ય અનુસાર શિક્ષણની પ્રક્રિયા હેતુપૂર્ણ હોવી જોઈએ તેનો અર્થ એ થયો કે બાળકનાં રસ-રુચિ, અભિયોગ્યતાઓ અનુસાર શિક્ષણની પદ્ધતિઓ જોઈએ.

**(ii) ક્રિયા દ્વારા શિક્ષણ (પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ) (Learning by doing):** પ્રયોજનવાદીઓ ક્રિયા દ્વારા યા પ્રવૃત્તિ દ્વારા શિક્ષણની હિમાયત કરે છે. બાળકો શાળા ક્રિયા દ્વારા યા પ્રવૃત્તિ દ્વારા અનુભવો પ્રાપ્ત કરે છે. આ અનુભવો દ્વારા તે શિક્ષણ મેળવે છે. દરેક શૈક્ષણિક પ્રક્રિયામાંથી બાળક વિવિધ અનુભવો પ્રાપ્ત (ક) કરે છે. બાળક હેતુપૂર્ણ ક્રિયાઓ અને પ્રવૃત્તિઓ કરે છે. તેમાંથી તેને વાસ્તવિક પરિસ્થિતિમાં વાસ્તવિક અનુભવ પ્રાપ્ત થાય છે. બાળકને વાસ્તવિક પરિસ્થિતિમાં પ્રવૃત્તિઓ અથવા ક્રિયાઓ દ્વારા શિક્ષણ આપવું જોઈએ.

**(iii) બાળકને વાસ્તવિક જીવન પરિસ્થિતિમાં શિક્ષણ આપવું** : શિક્ષણ પદ્ધતિઓ બાળકના વાસ્તવિક જીવનની પરિસ્થિતિ સાથે સુસંગત હોવી જોઈએ. તેને જીવનલક્ષી વાસ્તવિક પરિસ્થિતિમાં મૂકી તેને જીવનના વાસ્તવિક અનુભવો પૂરા પાડી શકાય તેવી શિક્ષણ પદ્ધતિઓનું નિર્માણ કરવું જોઈએ.

**(iv) એકીકરણનો સિદ્ધાંત** : વિદ્યાર્થીઓના અધ્યયનમાં છે. માનવીય મન સ્વયં એક સમગ્ર એકમ છે. તેના જુદા જુદા ભાગ હોતા નથી. હક્સલેના મંતવ્ય અનુસાર, “Man himself should be “the integral factor' and the co– ordination of knowledge and experience should be made in human terms."Huxley

જ્ઞાન એકકૃત થાય તે રીતે સમવાય યા અનુબંધ પદ્ધતિથી શિક્ષણ આપવું જોઈએ.

**આ સિદ્ધાંતો અનુસાર વ્યવહારવાદીઓએ પ્રોજેક્ટ પદ્ધતિ (પ્રકલ્પ પદ્ધતિ, પરિયોજના પદ્ધતિ)ની હિમાયત કરી છે.**

**પ્રયોજનવાદના ગુણ / દોષો :**

**ગુણ:**

- આ વાદ 'વિચાર' કરતાં 'ક્રિયા' યા પ્રવૃત્તિ પર વધુ ભાર મૂકે છે.
- વિચાર વ્યવહારમાં પરિણત થવો જોઈએ.
- તેણે શિક્ષણમાં – નૂતન વિચારધારા – પ્રગતિશીલ શિક્ષણ – પ્રવૃત્તિકેન્દ્રી અભ્યાસક્રમ – એકીકૃત અભ્યાસક્રમ જેવી વિચારસરણીઓ પ્રચલિત કરી છે.
- વિદ્યાર્થીઓને વર્તમાન અને વ્યવહારિક સમાજજીવન માટે તૈયાર કરે છે.
- તે સામાજિક અને લોકશાહી યુક્ત શિક્ષણની હિમાયત કરે છે. કારણ કે તે સમાનતા, સ્વતંત્રતા, સહકાર વગેરે ગુણોનો વિકાસ કરે છે.
- તે પ્રયોગાત્મક અને ઉપયોગી શિક્ષણ પર ભાર મૂકે છે.
- પ્રોજેક્ટ પદ્ધતિ તેનું મહત્ત્વનું પ્રદાન છે.

**દોષ :**

- પ્રયોજનવાદીઓ આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોની ઉપેક્ષા કરે છે.
- તે પૂર્વનિર્ધારિત આદર્શ અને મૂલ્યો કે માન્યતાઓનો સ્વીકાર કરી શકતો નથી.
- તે માત્ર ઉપયોગિતા અને પરિણામોના નિષ્કર્ષ પર સત્યનું નિર્ધારણ કરે છે.
- તે શાશ્વત મૂલ્યોની અવહેલના કરે છે. આ વિચારધારા સત્યને પરિવર્તનશીલ માને છે.
- તે સાંસ્કૃતિક આદર્શો એવમ્ મૂલ્યોની ઉપેક્ષા કરે છે.
- શિક્ષણના કોઈ નિશ્ચિત ઉદ્દેશનું નિર્માણ કર્યું નથી.
- આમ છતાં વ્યવહારવાદે કેળવણીમાં અને શિક્ષણની વિચારધારામાં ક્રાન્તિ સર્જી છે. આનાથી પ્રયોગાત્મક શિક્ષણ, પ્રોજેક્ટ પદ્ધતિ દ્વારા શિક્ષણ, ક્રિયા અને અનુભવો દ્વારા શિક્ષણના કેટલાક વિચારો અને સિદ્ધાંતો પ્રાપ્ત થયા છે, જેનો આધુનિક કેળવણી પ્રથામાં વિનિયોગ થઈ રહ્યો છે.

## યુનિટ-૨ ભારતમાં શિક્ષણ વ્યવસ્થા

### ૨.૧ પ્રાચીન ભારતમાં શિક્ષણ : વેદકાળ અને બૌધકાળ દરમિયાન ભારતમાં શિક્ષણ

### ૨.૨ પ્રાચીન ભારતની શિક્ષણ સંસ્થાઓ – નાલંદા વલભી તક્ષશિલાનો પરિચય

## નાલંદા

**નાલંદા વિસ્તાર :**

બિહારનો એક જિલ્લો અને વિશ્વપ્રસિદ્ધ પ્રાચીન વિદ્યાકેન્દ્ર. ભૌગોલિક સ્થાન : 25° 07´ ઉ. અ. અને 85° 25´ પૂ. રે.. તે પટણાથી આશરે 88 કિમી. દૂર ગંગાને કાંઠે અગ્નિખૂણે બડગાંવ ગામની હદમાં આવેલ છે. નાલંદા જિલ્લાનું ક્ષેત્રફળ 2,355 ચોકિમી. છે. તેના અર્થતંત્રનો આધાર ખેતી ઉપર છે અને ત્યાં ગંગાનદીની નહેરોની સુવિધા છે. આ જિલ્લો સમુદ્રથી દૂર હોવાથી શિયાળામાં ઠંડી અને ઉનાળામાં ગરમી વધારે પડે છે. ત્યાં વરસાદનું પ્રમાણ 1,200થી 1,600 મિમી. છે. ડાંગર, ઘઉં, જવ, મકાઈ, કઠોળ, સરસવ

આ જિલ્લાના મુખ્ય પાક છે. જમીન ફળદ્રૂપ છે અને સિંચાઈની સગવડને લીધે વરસમાં બે કે વધુ પાક લેવાય છે. લોકોનો મુખ્ય ધંધો ખેતી અને પશુપાલન છે. ત્યાં સુતરાઉ અને ગરમ કાપડ, તેલની મિલો તથા હાથબનાવટના કાગળનો ઉદ્યોગ છે. જિલ્લાની વસ્તી 2011માં 28,72,523 હતી. મોટા ભાગની વસ્તી ગ્રામવિસ્તારમાં રહે છે.

**<u>નાલંદા *ઈતિહાસ* :</u>**

ફાહિયાને ઈ. સ. 410માં આ સ્થળની મુલાકાત લીધી હતી. તેણે નાલંદા વિદ્યાપીઠનો ઉલ્લેખ કર્યો નથી. નાલંદા વિદ્યાપીઠની સ્થાપના ક્યારે થઈ તે નિશ્ચિતપણે જાણવા મળતું નથી. 1902માં નાલંદા પાસે થયેલ ઉત્ખનન પરથી જાણવા મળે છે કે ત્યાં મહાન બૌદ્ધ વિદ્યાપીઠ આવેલી હતી. ગુપ્તવંશના રાજાઓ તથા હર્ષવર્ધન પાસેથી આર્થિક સહાય મેળવીને તેનો વિકાસ થયો હતો. પાંચમી સદીથી તેને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળી અને એશિયાના વિવિધ દેશોમાંથી તેજસ્વી વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા ત્યાં જતા હતા. ભારતમાં આવેલા બે ચીની પ્રવાસીઓ હ્યુએન સાંગ તથા ઇત્સિંગે નાલંદા વિદ્યાપીઠ વિશે વિગતો આપી છે.

ચીની પ્રવાસી યુઆન શુઆંગના જણાવવા મુજબ રાજા શક્રાદિત્યે (કુમારગુપ્ત પહેલો) એક મઠ બાંધીને નાલંદાનો પાયો નાખ્યો. એના પુત્ર બુદ્ધગુપ્તરાજે (સ્કંદગુપ્ત) એમાં ઉમેરો કર્યો અને પૌત્ર તથા ગુપ્તરાજે (પરાગુપ્તે) તે કાર્ય આગળ વધાર્યું. ગુપ્તરાજના પુત્ર બાલાદિત્યરાજે (નરસિંહગુપ્ત, 468-472) અને તેના પુત્ર વજ્રે (કુમારગુપ્ત બીજો) વિહારનું બાંધકામ વિસ્તારી પૂર્ણ કર્યું.

**<u>નાલંદા વિદ્યાપીઠ</u>**<u>પરિચય :-</u>

1.6 કિમી. લાંબા અને 0.80 કિમી. પહોળા વિસ્તારમાં ફેલાયેલી હતી. તેના મધ્યસ્થ મહાવિદ્યાલયમાં સાત મોટા ખંડો અને ત્રણસો નાના ખંડો હતા. વિહારનાં મકાનો અને સ્તૂપો આયોજનપૂર્વક બંધાયેલાં હતાં. મકાનો ભવ્ય અને બહુમાળી હતાં. આ વિદ્યાપીઠમાં 11 વિહારો, જુદા જુદા સ્તૂપો, મંદિરો તથા વિશાળ માર્ગો મળી આવ્યાં છે. સમગ્ર વિસ્તારમાં ઇમારતો મુખ્યત્વે ઉત્તર-દક્ષિણ પ્રયોજાઈ છે. તેની પૂર્વમાં વિહાર તથા પશ્ચિમે મંદિર તથા સ્તૂપ છે. નાલંદાના વિહારોમાં ખુલ્લા ચોકની ચારેતરફ ઓરડા હતા અને પ્રવેશ માટે નાનો મંડપ હતો. મંડપની સામેની દીવાલે પૂજાસ્થાન હતું. નાલંદામાં 3 નંબરની જગ્યા પરનો સ્તૂપ સૌથી વિશાળ છે. ત્યાં ઊંડાં અને પારદર્શક તળાવો નીલકમલથી શોભાયમાન હતાં. ત્યાંનું શાંત અને પવિત્ર વાતાવરણ વિદ્યાનું પોષક હતું. વિદ્યાપીઠમાં અધ્યાપન માટે વિશાળ ખંડો, ચિંતન માટે યોગગુફાઓ, સરોવરો અને કુંજો હતાં. 'ધર્મગંજ' નામે પ્રસિદ્ધ પુસ્તકાલય રત્નસાગર, રત્નોદધિ અને રત્નરંજક નામના ત્રણ ભવ્ય પ્રાસાદોનું બનેલું હતું. તેમાં વિવિધ વિષયોની હજારો હસ્તપ્રતો હતી. રત્નોદધિને નવ માળ હતા. વિદ્યાર્થીઓ આ જગપ્રસિદ્ધ વિદ્યાપીઠમાં અભ્યાસાર્થે આવતા હતા. તે વિદ્યાપીઠમાં ભારત ઉપરાંત, ચીન, જાપાન, મોંગોલિયા, મધ્ય એશિયા, કોરિયા, જાવા, તિબેટ વગેરે દેશોમાંથી વિદ્યાર્થીઓ વિદ્યાના અભ્યાસાર્થે આવતા હતા. તેમાં પ્રવેશ માટે પરીક્ષા લેવામાં આવતી અને 10 માંથી 2 અથવા 3 ઉમેદવારો ઉત્તીર્ણ થતા. તેમાં ભણાવાતા વિષયોમાં બૌદ્ધ ધર્મની 18 શાખાઓ, વેદો, હેતુવિદ્યા, શબ્દવિદ્યા, વ્યાકરણ, સાંખ્ય, તર્કશાસ્ત્ર, ચિકિત્સાવિદ્યા, ગણિતશાસ્ત્ર, ન્યાય, યોગ, સાહિત્ય, જ્યોતિષ વગેરેનો સમાવેશ થતો હતો. એશિયાનું તે મહાન સાંસ્કૃતિક કેન્દ્ર હતું અને બૌદ્ધ ધર્મનું જ્ઞાન ત્યાંથી અન્ય દેશોમાં ફેલાયું હતું.

આઠસો વર્ષ પર્યંત આ વિદ્યાપીઠે ભારત તથા એશિયાના અનેક દેશોની વિવિધ પ્રજાઓનો માનસિક વિકાસ સાધ્યો હતો. એ માત્ર ભારતની જ નહિ, પરંતુ સમસ્ત એશિયાની તત્કાલીન સુપ્રસિદ્ધ વિદ્યાપીઠ હતી. ઈસવી સનની સાતમી સદીમાં એ સમસ્ત જગતમાં અદ્વિતીય આંતરરાષ્ટ્રીય વિદ્યાપીઠ હતી. વિદ્યાર્થીઓને અધ્યાપન, આવાસ, ભોજન, ઔષધ વગેરે સુવિધા વિના મૂલ્યે મળતી. વિદ્યાપીઠને રાજાઓએ દાનમાં આપેલાં અનેક ગામોની આવકમાંથી બધું ખર્ચ મળી જતું. પ્રસિદ્ધ ચીની પ્રવાસી હ્યુએન સાંગ સાતમી સદીમાં ત્યાં 5 વર્ષ હતા ત્યારે ત્યાં 5,000 વિદ્યાર્થીઓ ભણતા હતા. તેમણે વિદ્યાપીઠનાં મકાનો, પ્રાકૃતિક સૌન્દર્ય વગેરેનું સરસ વર્ણન કર્યું છે. ત્યારબાદ ચીની પ્રવાસી ઈત્સિંગ (ઈ. સ. 673) તે વિદ્યાપીઠમાં રહ્યા હતા. આ વિદ્યાપીઠમાં ધર્મપાલ, ચક્રપાલ, ગુણમતિ, સ્થિરમતિ, પ્રભામિત્ર, જ્ઞાનમિત્ર, શીલભદ્ર જેવા પ્રસિદ્ધ વિદ્વાનો અધ્યાપન કરતા. વિદ્યાપીઠનું સંચાલન એક મુખ્ય ભિક્ષુ, વિદ્યાવિષયક તથા વ્યવસ્થાવિષયક સમિતિઓની મદદથી કરતા હતા. નવમી સદીમાં નાલંદાના 12 ભિક્ષુઓ, પ્રથમ 7 તિબેટી ભિક્ષુઓને સ્થાપિત કરવા તિબેટ ગયા હતા. બંગાળના પાલ વંશના રાજાઓ નાલંદા વિદ્યાપીઠને ઘણી મદદ કરતા.

**નાલંદા વિદ્યાપીઠ** પતન :

બારમી અને તેરમી સદીઓમાં મુસ્લિમ આક્રમકોએ નાલંદા વિદ્યાપીઠની ઈમારતોનો આગ લગાડીને નાશ કર્યો. અનેક વિદ્યાઓની હજારો હસ્તપ્રતોનો તેમાં નાશ થયો. ત્યાંના અધ્યાપકો, વિદ્યાર્થીઓ વગેરેને મારી નાખવામાં આવ્યા. કેટલાક તે દરમિયાન ત્યાંથી નાસી ગયા હતા.

## વલ્લભી વિશ્વવિદ્યાલય

**વલભી વિદ્યાપીઠ વિસ્તાર:**

સૌરાષ્ટ્રના પૂર્વભાગમાં ભાવનગરની વાયવ્યે 29 કિમી.ના અંતરે વલભી ગામમાં આવેલી પ્રાચીન વિદ્યાપીઠ. ઈ. સ. 470માં વલભી મૈત્રકોની રાજધાની બની તે પહેલાંયે તે અસ્તિત્વમાં હતી અને શૈક્ષણિક પ્રવૃત્તિ ચાલુ હતી.

**વલભી વિદ્યાપીઠ** *ઈતિહાસ* :

વર્તમાનકાળ જેવી સુસંગઠિત શિક્ષણ-સંસ્થાઓ તે સમયે ન હતી. 'કથાસરિત્સાગર'માંની કથામાં ગંગા દોઆબના દ્વિજ વસુદત્તનો પુત્ર વિષ્ણુદત્ત વિદ્યાપ્રાપ્તિ વાસ્તે વલભી આવ્યાનો ઉલ્લેખ છે. તે પરથી પ્રાક્-મૈત્રકકાળમાં પણ વલભી પ્રસિદ્ધ વિદ્યાધામ હોવાની ખાતરી થાય છે. બૌદ્ધ આચાર્ય સ્થિરમતિ તથા ગુણમતિ અને જૈન સૂરિ મલ્લવાદીની વિદ્યાકીય પ્રવૃત્તિઓ પરથી વલભીની વિદ્યાધામ તરીકેની મહત્તા ચોથી-પાંચમી સદીમાં પણ ચાલુ રહી હતી તેમ જણાય છે. ગુપ્તકાળ દરમિયાન વલભીમાં વેદ-વેદાંતના શિક્ષણની સંભાવના પણ સૂચિત થાય છે, કારણ કે ઋગ્વેદભાષ્ય અને નિરુક્ત ટીકાના કર્તા, ભર્તૃધ્રુવના પુત્ર સ્કંદસ્વામી વિક્રમાદિત્યના ધર્માધ્યક્ષ હરિસ્વામીના ગુરુ અને વલભીના વતની હતા.

**વલભી વિદ્યાપીઠ** પરિચય :-

વલભીમાં ત્રયી વિદ્યાઓ (ત્રૈવિદ્ય) તથા ચતુષ્ટયી વિદ્યાઓના (ચાતુર્વિદ્ય) જાણકાર બ્રાહ્મણો હતા; તે મૈત્રકકાળનાં દાનશાસનો પરથી જાણવા મળે છે. વલભીમાં મગધના નાલંદા જેવી ઉચ્ચ શિક્ષણ માટેની મોટી વિદ્યાપીઠ હતી. તેમાં શબ્દવિદ્યા, ન્યાયવિદ્યા, અભિધર્મવિદ્યા, શિલ્પવિદ્યા તથા ચિકિત્સાવિદ્યાનું જ્ઞાન આપવામાં આવતું હતું. તેમાં બે અથવા ત્રણ વર્ષનો અભ્યાસ કરીને વિદ્યાર્થીઓ બૌદ્ધ ન્યાય તથા દર્શનનું ઉચ્ચ શિક્ષણ મેળવતા હતા. વલભી વિદ્યાપીઠમાં પ્રવેશ વાસ્તે પરીક્ષા લેવામાં આવતી, જેમાં દસમાંથી ત્રણેક વિદ્યાર્થી સફળ થતા. જેમણે પ્રાચીન તથા નવીન ગ્રંથોનું તલસ્પર્શી અધ્યયન કર્યું હોય, તેઓને ત્યાંની વાદસભામાં દાખલ કરવામાં આવતા હતા. ત્યાં જુદા જુદા મતોની ચર્ચા કરીને, જે પોતાના અભિપ્રાયની સર્વોચ્ચતા પુરવાર કરતા, તેઓ સર્વત્ર માન મેળવતા. તેઓને રાજાઓ ભૂમિદાન આપતા. વાદસભામાં ઉચ્ચશ્રેણી મેળવનારનાં નામ વિદ્યાપીઠના પ્રવેશદ્વાર પર લખવામાં આવતાં. તેઓમાંના કેટલાક તો રાજદરબારોમાં જઈ, પોતાનું જ્ઞાન તથા તેજસ્વિતા દર્શાવી ઉચ્ચ હોદ્દા પર નિમણૂક મેળવતા.

ચીની પ્રવાસી ઇત્સિંગના જણાવવા મુજબ વલભી વિદ્યાપીઠ તે સમયની વિશ્વપ્રસિદ્ધ નાલંદા વિદ્યાપીઠની સમાન કક્ષાની હતી. ત્યાં પરમજ્ઞાની અચલ, આચાર્ય સ્થિરમતિ, ગુણમતિ, આચાર્ય બુદ્ધદાસ તથા વિમલગુપ્ત જેવા પ્રકાંડ પંડિતો વસતા હતા. આ ઉપરાંત એવા બીજા અનેક વિદ્વાનો ત્યાં થઈ ગયા હશે.

મૈત્રકકાળ દરમિયાન વલભીમાં બૌદ્ધ ભિક્ષુઓ તથા ભિક્ષુણીઓના વિશાળ વિહારો બંધાયા હતા; તેથી ત્યાં બૌદ્ધ ધર્મના શિક્ષણની પ્રવૃત્તિ મોટા પાયા પર ચાલતી હતી તેમ કહી શકાય. મૈત્રક રાજા ભટાર્કે વલભીમાં વિહાર બંધાવ્યો. ધ્રુવસેનના સમયમાં તેના ભાણેજ દુદ્દાએ વલભીમાં મહાવિહાર બંધાવ્યો. તે પછીના રાજાઓએ વિહારોને ભૂમિદાન આપ્યાં, એટલે વિહારોની સાથે વિદ્યાપીઠનો પણ ઉત્તરોત્તર વિકાસ થયો. દુદ્દાના મહાવિહારમાં ધર્મગ્રંથોના સંગ્રહ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવતું હતું. હ્યુએન શ્વાંગના સમયમાં (સાતમી સદી) વલભીમાં બૌદ્ધોના સોએક વિહારો હતા અને તેમાં એકંદરે છ હજાર ભિક્ષુઓ વસતા હતા.

## તક્ષશિલા

**તક્ષશિલા વિસ્તાર:**

પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને વિદ્યાસંસ્કારના કેન્દ્રરૂપ જગવિખ્યાત નગરી. પ્રાચીન ભારતના રાવળપિંડી શહેરની પશ્ચિમે પાંત્રીસ કિમી.ના અંતરે આવેલું આ સ્થળ ગાંધાર પ્રાન્તની રાજધાની હતું. રામના ભાઈ ભરતે આની સ્થાપના કરેલી અને પુત્ર તક્ષને અહીંનો રાજા નીમેલો. એના નામ ઉપરથી આ રાજધાની તક્ષશિલા તરીકે ઓળખાઈ, એવો

વાલ્મીકિ રામાયણમાં ઉલ્લેખ છે. ઈ. સ. પૂ.ના છઠ્ઠા સૈકામાં ઈરાનીઓની, બીજા સૈકામાં ઇન્ડો-બૅક્ટ્રિયનોની અને પહેલા સૈકામાં સીથિયનોની તો ઈસુના પ્રથમ સૈકામાં કુષાણોની અને પાંચમા સૈકામાં હૂણોની રાજસત્તા અહીં પ્રવર્તતી હતી. ઈસુના છઠ્ઠા સૈકામાં આ શહેરનો નાશ થયો. મધ્ય એશિયા અને ભારત વચ્ચેના વેપારી માર્ગ ઉપરનું સ્થાન હોઈ એનું રાજકીય મહત્વ તો હતું જ પણ એક વિદ્યાકેન્દ્ર તરીકેની એની ખ્યાતિ વિશ્વમાં હતી.

**<u>તક્ષશિલા</u>** <u>*ઈતિહાસ:*</u>

ઈ. સ. પૂ. સાતમી સદીથી ઈસવી છઠ્ઠી સદી સુધી તક્ષશિલા અપ્રતિમ ખ્યાતિ ધરાવતું વિદ્યાકેન્દ્ર હતું. ઉજ્જયિની, મથુરા, મિથિલા, રાજગૃહ, વારાણસી જેવાં મહાનગરો તથા કુરુ–કોશલ જેવા પ્રદેશોમાંથી નાતજાતના ભેદભાવ વિના વિદ્યાર્થીઓ અહીં ઉચ્ચ શિક્ષણ લેવા આવતા હતા. આ વિદ્યાકેન્દ્ર ગુરુકુલ સ્વરૂપનું હતું. વિદ્યાર્થીઓ ગુરુ–આચાર્યને ઘેર રહેતા હતા. ગરીબ વિદ્યાર્થીઓ દિવસે ગુરુના ઘરનું કામ કરતા અને રાતે અભ્યાસ કરતા. શ્રીમંત વિદ્યાર્થીઓ ફી ભરીને ભણતા. વિષમ પરિસ્થિતિમાં પણ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા.

**<u>તક્ષશિલા</u>** <u>પરિચય :</u>

આચાર્ય જીવક, ભગવાન કૌટિલ્ય, વૈયાકરણી પાણિનિ, કોશલ સમ્રાટ પ્રસેનજિત અહીંના વિદ્યાર્થી હતા. જીવક અને કૌટિલ્ય અહીં આચાર્યપદે રહેલા. બ્રાહ્મણદર્શનનું આ વિદ્યાકેન્દ્ર હોઈ અહીં ત્રણ વેદ, વ્યાકરણ અને દર્શન મુખ્ય વિષયો હતા. ઉપરાંત વૈદક, શલ્યકર્મ, ગજવિદ્યા, ધનુર્વિદ્યા, યુદ્ધવિદ્યા, જ્યોતિષ, નામું, વાણિજ્ય, કૃષિ, ખગોળ, સંગીત, નૃત્ય, ચિત્ર વગેરે વિષયોનું અહીં અધ્યાપન થતું. અહીં વિશેષજ્ઞતા માટે જ વિદ્યાર્થીઓ આવતા.
ચારિત્ર્યનું ઘડતર, વ્યક્તિત્વનો વિકાસ, ધર્મ અને નીતિનું સિંચન, સંસ્કૃતિનું સંરક્ષણ વગેરે આ વિદ્યાકેન્દ્રનાં વ્યાવર્તક લક્ષણો હતાં. આજની મુક્ત વિદ્યાપીઠનું આ પૂર્વકાલીન સ્વરૂપ હતું. પદવી પરીક્ષા ન હતી. અભ્યાસ પૂરો કર્યા પછી વ્યાવહારિક અનુભવ માટે વિદ્યાર્થીઓ દેશાટને જતા.

**<u>તક્ષશિલા</u>**<u>પતન :</u>

હૂણોના આક્રમણને પરિણામે આ નગરનો નાશ થયો તે પહેલાં ચીની પ્રવાસી ફાહિયાન અહીં આવ્યો હતો; પરંતુ સાતમી સદીમાં આવેલા યુઅન શ્વાંગે આ નગરની મુલાકાત લીધી તે વખતે તે ખંડિયેર અવસ્થામાં હતું, આ નગરના અવશેષો પ્રજાને પ્રત્યક્ષ કરવાનું પ્રથમ કાર્ય જનરલ કનિંગહામે 19મી સદીના ઉત્તરાર્ધમાં કર્યું હતું. પરંતુ તેનું વ્યવસ્થિત ઉત્ખનન સર જ્હૉન માર્શલના માર્ગદર્શન હેઠળ આ સદીની શરૂઆતમાં હાથ ધરવામાં આવ્યું અને ત્યારપછી 1944–45માં સર મોર્ટિમર વ્હીલરે તેના પર વિશેષ પ્રકાશ પાડ્યો હતો.

**૨.૩ શિક્ષણ દ્વારા સુધારણા – ગીજુભાઈ બધેકાની દ્રષ્ટીએ**

**ગીજુભાઈ બધેકાનું શિક્ષણદર્શન:**

ગીજુભાઈના અનુસાર શિક્ષક કેવાં હોવા જોઈએ / ગીજુભાઈના અનુસાર એક સારા શિક્ષકના ગુણો:-

૧) બાળકનું સ્વતંત્ર વ્યક્તિત્વ:- બાળકોનું સ્વતંત્ર વ્યક્તિત્વ હોય છે. શિક્ષકે બાળકોના 'સ્વ'ને – સ્વતંત્ર વ્યક્તિત્વને પિછાણીને તેના વ્યક્તિત્વને સ્વીકાર કરીને શિક્ષણનું આયોજન કરવું જોઈએ. શિક્ષણ બાળકેન્દ્રી હોવું જોઈએ. શિક્ષકે બાળકનાં ગમા- અણગમા ઓળખીને શિક્ષણનું આયોજન કરવું જોઈએ.

૨) પ્રત્યેક બાળકમાં અનેકવિધ અંતગર્ત શક્તિઓ રહેલી છે. બાળકની અંતર્ગત શક્તિઓ, લાગણીઓ વગેરેનો સ્વીકાર કરી, તેમની સાથે સંવાદ સાધી શિક્ષણનું આયોજન કરવું જોઈએ.

૩) શિક્ષણ દ્વારા બાળકને સ્વાવલંબી અથવા આત્મનિર્ભર બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. બાળકો સ્વાશ્રયી બને તે અત્યંત જરૂરી છે.

૪) બાળકના શિક્ષણ માટે ઘર અને શાળામાં યોગ્ય પર્યાવરણનું નિર્માણ કરવું જોઈએ. ઘર અને શાળાનું પર્યાવરણ મુક્ત, પ્રસન્નતા પ્રેરક હોવું જોઈએ.

૫) શિક્ષણ દ્વારા બાળકનો શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ થવો જોઈએ.

૬) શિક્ષણ દ્વારા વિવિધ પ્રકારના જીવનાનુંભવો પૂરા પાડવા જોઈએ.

૭) વિદ્યાર્થીઓને પ્રાકૃતિક વાતાવરણનું સાન્નિધ્ય પ્રાપ્ત થવું જોઈએ.

૮) ઈન્દ્રિયો દ્વારા શિક્ષણ આપવું જોઈએ. વિદ્યાર્થીઓને ઈન્દ્રિયોના વિકાસની કેળવણી આપવી જોઈએ.

૯) કેળવણી દ્વારા બાળકોની સર્જનાત્મકતાનો વિકાસ થવો જોઈએ. દરેક બાળકમાં સર્જનશીલતા (Creativity) હોય છે. આપણા ઘરો અને શાળાઓ બાળકોની સર્જનાત્મક અભિવ્યક્તિનાં કતલખાનાં બનતાં જાય છે ત્યારે બાળકોનાં હ્રદયની નિર્મળ ભાવનાઓના વિકાસ માટે ચિત્ર, સંગીત જેવી કલાઓ ઉપરાંત બાળવાર્તા, બાળનાટક, લોકગીતો, લોકવાર્તાઓ અને કલાસંગ્રહને ઉત્તેજન આપી તેમની સર્જનાત્મક અભિવ્યક્તિને વિકસાવવી જોઈએ.

**કેળવણીની વિભાવના/ બાળશિક્ષણની વિભાવના:**

ગીજુભાઈ બાળકેન્દ્રી શિક્ષણના હિમાયતી હતા. તેમણે બાળકના 'સ્વતંત્ર વ્યક્તિત્વના સ્વીકાર'નાં સિદ્ધાંતને નજર સમક્ષ રાખ્યો હતો. એટલે તેઓ શિક્ષક સહ બાળક (વિદ્યાર્થી) વચ્ચેના પારસ્પરિકતાને મહત્વ આપતા હતા. તેઓના મંતવ્ય અનુસાર "બાળકોને શીખવવામાં ખરું તો હું જ શીખ્યો છું, તેમને નીચેથી ઉંચે લઇ જતાં સાથે સાથે હું પણ ચડતો ચાલ્યો. તેમનો ગુરુ થતાં મેં તેમનું ગુરુપણું સમજી લીધું." આ ઉપરથી તેમની બાળશિક્ષણની વિભાવના બાળકોનું શિક્ષણ એટલે..

બાળકના 'સ્વ'ની શોધ (self discovery) બાળક પોતે પોતાની જાતને પિછાણે તે બાળકમાં રહેલી સુષુપ્ત અંતર્ગત શક્તિઓનો વિકાસ અને પરિસ્થિતિ સાથે અનુકુલન બાળશિક્ષણ એટલે પારસ્પરિકતા Mutualityનો વિકાસ કેળવણી એટલે બાળકોને વિવિધ શિક્ષણાનુભાવો દ્વારા પ્રાપ્ત થયેલું જ્ઞાન.

કેળવણી એટલે બાળકોનો શારીરિક, માનસિક, નૈતિક કે આધ્યાત્મિક વિકાસ

**શિક્ષણનાં ઉદ્દેશો:**

- ગીજુભાઈની વિચારધારા અનુસાર શિક્ષણના ઉદ્દેશો નીચે પ્રમાણે ગણાવી શકાય.

- શિક્ષણ દ્વારા બાળકના સ્વનો વિકાસ સ્વની શોધ.
- બાળકનો શારીરિક, માનસિક અને નૈતિક કે આધ્યાત્મિક વિકાસ કરવો.
- બાળકોની ઇન્દ્રિયોનો વિકાસ.
- બાળકોને વિવિધ પરિસ્થિતિઓ અને પર્યાવરણ કે વ્યક્તિઓ સાથે અનુકૂલન સાધવા પ્રેરવા.
- બાળકોમાં રહેલી વિવિધ અંતર્ગત સુષુપ્ત શક્તિઓનો વિકાસ કરવો.
- બાળકોમાં પ્રકૃતિ તરફ પ્રેમ કે અનુરાગ કેળવવા.
- બાળકોમાં સ્વાવલંબન, આત્મનિર્ભરતા, પ્રેમ, આત્માનુશાસન જેવા ગુણોનો વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓની મૌલિક સર્જનાત્મક શક્તિઓને બહાર લાવી તેમનો વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓની અવલોકન શક્તિનો વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં વિવિધ કૌશલ્યોનો વિકાસ કરવો, સર્જનાત્મકતા, શ્રવણકોશલ્ય, અ ને લેખન કોશલ્યનો વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓની સૌંદર્યાનુભુતીને પ્રોત્સાહન આપવું.

**શિક્ષણ પદ્ધતિઓ** :

૧) ઈન્દ્રિયોનું શિક્ષણ અને ઈન્દ્રિયો દ્વારા શિક્ષણ

૨) અવલોકન દ્વારા શિક્ષણ

૩) ક્રિયા દ્વારા શિક્ષણ

૪) પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ

૫) અનુભવ દ્વારા શિક્ષણ

**શિક્ષકની ભૂમિકા** : તેમના મંતવ્ય મુજબ શિક્ષકમાં નીચેના ગુણો અપેક્ષિત છે.

નાનાં બાળકોના શિક્ષણમાં શિક્ષકનું સ્થાન મહત્વનું છે. શિક્ષક એ બાળકોનો પ્રેરણા સ્ત્રોત છે, તેમનો આરાધ્યદેવ છે. બાળકોના ચારિત્ર્યઘડતરમાં શિક્ષકનો ઊંડો પ્રભાવ હોય છે.

- શિક્ષકે બાળકો સાથે સંપૂર્ણ તાદાત્મય સાધવું જોઈએ.
- શિક્ષકે બાળકોને વાંચવા જોઈએ, તેમની જરૂરિયાતો, અપેક્ષાઓ આકાંક્ષાઓને સમજી લેવી જોઈએ.
- બાળકનાં સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર કરવો જોઈએ.
- બંને વચ્ચે પારસ્પરિકતાની ભાવના કેળવાવી જોઈએ.
- શિક્ષકે બાળક દ્વારા પોતાના 'સ્વ'ની શોધ આરંભવાની છે.
- તે બાળકોની સાથે સદેવ શીખતો રહેતો હોવો જોઈએ, સતત અધ્યયનશીલ હોય.
- તેનામાં મૌલિક ચિંતનશક્તિ અને મૌલિક સર્જનાત્મક શક્તિ હોવાં જોઈએ.
- તેનામાં વાર્તાકથન, નાટ્યલેખન, મૌખિક અભિવ્યક્તિ જેવાં કોશલ્યો કેળવાયેલા હોવાં જોઈએ, તેનું ચારિત્ર્ય ઉમદા પ્રકારનું હોવું જોઈએ, તે અધ્યાત્મિકતાનો યાત્રી હોવો જોઈએ.

- એવો શિક્ષક શિક્ષક નથી, વૈજ્ઞાનિક હોવો જોઈએ, બાળકોને પોતાની રીતે વિકસતા તેમનું સતત અવલોકન કરતાં રહેવું જોઈએ.
- તેનામાં પ્રયોગશીલતા હોવી જોઈએ, તે પરંપરાના પૂજારી ન હોય, પરંતુ તેને પ્રયોગશીલતામાં રસ હોય, નવું કરવાની વૃત્તિવાળો હોય.
- તે આત્મસંયમી હોય, વાણીનો સંયમ રાખનારો હોય
- બાળકો તરફ પૂર્વગ્રહ ધરાવનાર ન હોય, બાળકોને ક્યાંક પણ
- અન્યાય ન થાય તેની સતત કાળજી લેનાર હોવો જોઈએ. બાળકોની સ્થૂળ, માનસિક અને આધ્યાત્મિક આવશ્યકતાઓનું અવલોકન કરી તે આવશ્યકતાઓની પૂર્તિ માટે તે સતત પ્રયત્નશીલ હોય.

**ગીજુભાઈના અનુસાર શિક્ષક કેવાં હોવા જોઈએ / આવા શિક્ષક.......**

- વાચાળતા કરતાં મોનને મહત્ત્વ આપનાર હોય.

- બાળકોને શીખવવાની ક્ષમતા કરતાં અવલોકન માટે પ્રેરવાની ક્ષમતા ધરાવતો હોય.

- મિથ્યા આત્માભિમાનને બદલે જે નમ્રતાનો ઉપાસક હોય.

- પોતાની ભૂલો સ્વીકારીને તે ભૂલો સુધારવાનો જે સતત પ્રયત્ન કરતો હોય.

- જેનામાં બાળકો માટે માતૃત્વની મમતા હોય અને પિતૃત્વનો પ્યાર હોય.

- બાળકો માટે જે પ્રેમ, સહાનુભૂતિનો ગહન સ્ત્રોત બની રહેલો હોય.

- તેને પોતાના કાર્યમાં શ્રદ્ધા હોય, કર્મયોગી હોય, નિષ્ઠાવાન હોય.

આવાં લક્ષણો ધરાવતો શિક્ષક બાળકોની ઉજ્જવળ આવતી કાલનો ઘડવૈયો બની શકે.

## ૨.૪ ગાંધીજીની વર્ધા મૂળભૂત શિક્ષણની યોજના-નઈ તાલીમ

**નઈ તાલીમ** :

ભારતના શિક્ષણક્ષેત્રે ગાંધીજીનું વિશિષ્ટ પ્રદાન. વિદ્વાનોએ તેને અલગ અલગ નામે વર્ણવી છે. ખુદ ગાંધીજીએ પોતે તેને ગ્રામોદ્યોગ દ્વારા અપાતું રાષ્ટ્રીય શિક્ષણ' એવું વર્ણનાત્મક નામ આપ્યું હતું. ઝાકિર હુસેન સમિતિએ તેને બુનિયાદી તાલીમ' અથવા પાયાની કેળવણી' એવું નામ આપ્યું. એ જ અર્થમાં તેને ‘જીવનશિક્ષણ' એવું નામ પણ મળ્યું. વર્ધામાં વિદ્વાનોએ પરિષદ ભરેલી તેથી તે વર્ધા-શિક્ષણ અને કાકાસાહેબ કાલેલકરે તેને અનુબંધ-શિક્ષણ એવું નામ આપ્યું. નઈ તાલીમ ‘સ્વાવલંબી શિક્ષણ' અને ચારિત્ર્ય તથા સમાજસેવા ઉપર ભાર મૂકે છે તેથી તેને ‘ચારિત્ર્યશિક્ષણ' અને ‘સેવાશિક્ષણ' એમ પણ કહ્યું. નઈ તાલીમનો આશય વિશ્વમાં સર્વોદય હોઈ તેને સર્વોદય- શિક્ષણ' પણ કહ્યું. આમ નઈ તાલીમને અનેક નામો આપવામાં આવ્યાં હતાં. પણ પાછળથી વર્ધા-શિક્ષણ યોજના', ‘પાયાની કેળવણી', ‘બુનિયાદી તાલીમ' અને ‘નઈ તાલીમ' નામો વધુ પ્રચલિત બન્યાં.

ગાંધીજીની કેળવણીની ફિલસૂફી હિંદમાંની અથવા બીજા દેશોમાંની પ્રાચીન કે અર્વાચીન કેળવણીની ચળવળોના અભ્યાસનું પરિણામ નથી. કેળવણીનો એમનો સિદ્ધાંત મૌલિક, યુગપ્રવર્તક અને ક્રાંતિકારી છે; આ દેશના રાજકીય, સામાજિક અને આર્થિક જીવનના તેમના બહોળા અને લાંબા અનુભવમાંથી ઉદ્ભવ્યો છે. ગાંધીજી સમજી ગયેલા કે હિંદ સદીઓથી જે

બૂરાઈઓ અને બદીઓથી પીડાઈ રહ્યો છે તેનો એકમાત્ર રામબાણ ઈલાજ કેળવણી છે. પરદેશમાંથી આયાત કરવામાં આવેલી હિંદની વર્તમાન કેળવણીની પદ્ધતિ અહીંની પ્રજાની પ્રકૃતિ તથા સંસ્કૃતિને અનુકૂળ નહોતી. સમાજની જરૂરિયાતો સાથે તેને બંધબેસતી કરવા માટે તેમાં ધરમૂળ ફેરફારો જરૂરી હતા.

ગાંધીજી એવી સમાજવ્યવસ્થાની જરૂરિયાત પર ભાર મૂકે છે કે જેમાં દરેક પોતાના જીવનનું સર્વોચ્ચ ધ્યેય સિદ્ધ કરી શકે. ગાંધીજીની કલ્પનાની સમાજવ્યવસ્થા સત્ય અને અહિંસાના પાયા ઉપર રચાયેલી હોઈ, આ સિદ્ધાંતો પર રચાયેલી સમાજવ્યવસ્થા આર્થિક, સામાજિક, રાજકીય તેમજ ધાર્મિક વગેરે તમામ પ્રકારના શોષણથી મુક્ત હોય; વર્ગવિહીન સમાજ, ગ્રામસ્વરાજ અથવા ગ્રામ-પંચાયતોના પાયા પર રચાયેલી હોય. આમ ગાંધીજીની કેળવણીની યોજનામાં તેમની કલ્પનાઓનો સમાજ પડેલો હતો. લગભગ ચાલીસ વરસ જેટલા સમય સુધી પ્રયોગ અને અખતરાઓ પછી ગાંધીજીએ 1937માં રાષ્ટ્રવ્યાપી પાયા પર તેનો અમલ કરવા માટે કેળવણીની આ યોજનાને છેવટનું સ્વરૂપ આપ્યું.

વર્ધા યોજના અથવા પાયાની રાષ્ટ્રીય કેળવણીના નામથી ઓળખાતી નવી યોજનાની ગાંધીજીએ ‘હરિજન’માં કરી. તેમના વિચારો, પ્રચલિત ખ્યાલો તથા કેળવણીકારોની સ્વીકૃત પરંપરાગત માન્યતાઓથી વિરુદ્ધ હતા. આથી ટીકાકારો ઘણા હતા. ગાંધીજીએ ટીકાકારોને પોતાની યોજનાની વિગતો આપી, જેથી થોડાકનો વિચારપલટો થયો. એ જ અરસામાં વર્ધાની મારવાડી હાઈસ્કૂલ (નવભારત વિદ્યાલય) પોતાનો રૌપ્ય મહોત્સવ ઊજવી રહી હતી. તેના વ્યવસ્થાપકોએ એ પ્રસંગે ગાંધીજી ‘હરિજન’પત્રમાં કેળવણીની જે યોજનાનું નિરૂપણ કરી રહ્યા હતા તેની ચર્ચા કરવા માટે રાષ્ટ્રીય ભાવનાવાળા કેળવણીકારોની એક નાનકડી પરિષદ બોલાવી. 1937ના ઑક્ટોબર માસની 22, 23 તારીખોએ ગાંધીજીના પ્રમુખપદ નીચે વર્ધામાં અખિલ ભારત રાષ્ટ્રીય કેળવણી પરિષદ મળી. પરિષદમાં બહુ થોડા કેળવણીકારો હતા. પ્રેક્ષકો તો હતા જ નહિ. તે કેવળ એક કાર્ય કરવા માટેની સભા હતી. તેમાં ડૉ. ઝાકિર હુસેન, પ્રો. કે. ટી. શાહ, આચાર્ય વિનોબા ભાવે, કાકા કાલેલકર જેવા નામાંકિત કેળવણીકારો હતા. પરિષદે નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર કર્યા :

(1) સાત વરસ સુધી મફત અને ફરજિયાત કેળવણી રાષ્ટ્રવ્યાપી પાયા પર અપાવી જોઈએ.

(2) કેળવણી માતૃભાષા દ્વારા અપાવી જોઈએ.

(3) આખા સમય દરમિયાન કેળવણીની પ્રક્રિયા કોઈ પ્રકારના શારીરિક અને ઉત્પાદક કામની આસપાસ ગૂંથાવી જોઈએ; બાળકનું વાતાવરણ લક્ષમાં રાખીને, પસંદ કરેલા મધ્યવર્તી હસ્તઉદ્યોગની જોડે બને ત્યાં સુધી અનુસંધાન તેવી રીતે, તેની બધી શક્તિઓનો વિકાસ થાય તેવું શિક્ષણ અપાવું જોઈએ.

(4) આ શિક્ષણપદ્ધતિમાંથી ધીરે ધીરે શિક્ષકનો પગાર નીકળી રહે તેમ હોવું જોઈએ.

પરિષદે ઉપરના ઠરાવો લક્ષમાં રાખીને વિગતવાર અભ્યાસક્રમ તૈયાર કરવા માટે ડૉ. ઝાકિર હુસેનના પ્રમુખપદ નીચે અગ્રગણ્ય કેળવણીકારોની એક સિમિત નીમી. આ સમિતિએ પરિષદમાં ઉદ્ભવેલા તમામ પ્રશ્નોની બધી બાજુએથી તપાસ કરી 1937ના ડિસેમ્બરની બીજી તારીખે પોતાનો અહેવાલ ગાંધીજીને સુપરત કર્યો આ અહેવાલમાં જેને વર્ધા યોજના' તરીકે ઓળખવામાં આવે છે.

આ યોજનાનાં મહત્ત્વનાં લક્ષણોમાં **પ્રથમ લક્ષણ મફત અને ફરજિયાત કેળવણી'** હતું. સાતથી ચૌદ વરસ વચ્ચેનાં સઘળાં છોકરા તથા છોકરીઓને મફત અને ફરજિયાત કેળવણી આપવી. માબાપ ઈચ્છે તો, ખાસ છૂટ તરીકે છોકરીને બાર વરસ પૂરાં થયે ઉઠાડી લઈ શકે. આ ઉપરથી એવું અનુમાન નથી થતું કે પૂર્વપ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ તથા પ્રૌઢ કેળવણીની જરૂરિયાત નથી. ગાંધીજીની કેળવણીની ફિલસૂફીમાં કેળવણીની બધી કક્ષાઓનો સમાવેશ થાય છે; પરંતુ દેશની વિશિષ્ટ પ્રકારની પરિસ્થિતિ ધ્યાનમાં લઈને તેમણે પોતાનું પ્રથમ લક્ષ્ય સાતથી ચૌદ વરસની ઉંમરનાં બાળકોની કેળવણી ઉપર કેન્દ્રિત કર્યું. લોકશાહીના સફળ સંચાલન માટે એ લઘુતમ

સર્વાંગીણ કેળવણી અનિવાર્ય હતી. તેમના મતે ઉચ્ચ કેળવણીનો સવાલ થોડા વખત માટે મોકૂફ રાખી શકાય, પરંતુ પ્રાથમિક કેળવણીનો સવાલ તો એક ક્ષણ માટે પણ મોકૂફ રાખી શકાય નહિ.

આ યોજનાનું **બીજું મહત્ત્વનું લક્ષણ 'કેળવણીના કેન્દ્ર તરીકે ઉદ્યોગો'** હતું. કેળવણી કોઈક ઉદ્યોગ અથવા ઉત્પાદક કામ દ્વારા અપાવી જોઈએ. એ ઉદ્યોગ અથવા ઉત્પાદક કામ શાળામાં અપાતા બીજા શિક્ષણનું કેન્દ્ર બનવું જોઈએ. સમિતિએ આ માટે કેટલીક સ્પષ્ટતાઓ કરી હતી : (1) જે હાથઉદ્યોગ કે ઉત્પાદક કામ પસંદ કરવામાં આવે તેની દ્વારા કેળવણી આપવાનો ખૂબ અવકાશ હોય, (2) એ કામનો માનવ-પ્રવૃત્તિઓ અને હિતોની સાથે સ્વાભાવિક સંબંધ હોય, (3) તેનો વિસ્તાર શાળાના સમગ્ર અભ્યાસક્રમ જેટલો થઈ શકે તેમ હોય, (4) તેનો હેતુ યંત્રવત્ કોઈ ઉદ્યોગ કરી શકે એવા કારીગરો પેદા કરવાનો નથી, પણ ઉદ્યોગની ક્રિયાઓમાંથી કેળવણી મળવાનો જે અવકાશ રહેલો છે તેનો લાભ ઉઠાવવાનો છે. આથી ઉત્પાદક કામ એ શાળાના અભ્યાસક્રમનું એક અંગ હોવું જોઈએ; એટલું જ નહિ, પણ બીજા વિષયો શીખવવાની 'પદ્ધતિ' પણ તેમાંથી સૂઝવી જોઈએ. (5) બાળકો સહકારથી કામ કરે, યોજના કરે, ચોકસાઈ સાચવે, નવું વિચારે, વ્યક્તિગત જવાબદારી સમજે વગેરે ગુણો કેળવવાના છે.

આ યોજનાનું **ત્રીજું મહત્ત્વનું લક્ષણ 'સ્વાવલંબન'** હતું. બાળક ચૌદ વરસની ઉંમરે શાળા છોડીને જાય ત્યારે તેનામાં કંઈક કમાવાની શક્તિ આવેલી હોવી જોઈએ. કેળવણી આપવાની સાથે સાથે બેકારી પર 'ઘા' કરવાની યોજનાની નેમ હતી. સમિતિ સ્વાવલંબનના પાયાને સંપૂર્ણપણે માન્ય રાખે છે, પણ સંચાલનમાં રહેલાં જોખમો સામે ચેતવણી આપે છે. તેમના મતે, શિક્ષકો કદાચ પોતાનું બધું ધ્યાન અને શક્તિ બાળકો પાસેથી વધારે મજૂરી કરાવવામાં વાપરે તેની સાથે ઉદ્યોગશિક્ષણમાં બુદ્ધિ, સમાજસેવાની ભાવના, સદાચાર વગેરેના સંવર્ધનની જે શક્યતાઓ છે તેના તરફ દુર્લક્ષ ન કરે તે બાબત સતત ધ્યાનમાં રખાવી જોઈએ. બાળકોએ કરેલા ઉત્પાદનમાંથી શિક્ષકનો પગાર મળી રહે એવી અપેક્ષા રાખવામાં આવી છે. પણ શાળાનાં મકાનો, ફર્નિચર, પુસ્તકો તથા ઉદ્યોગ માટે જરૂરી સાધનો અને ઓજારો માટે થતો બાકીનો ખર્ચ રાજ્યે આપવો જોઈએ. ઉત્પાદિત માલના વચાણ માટેના વ્યવસ્થા કરવાનુ પણ રાજ્યએ માથે લેવું જોઈએ.

આ યોજનાનું **ચોથું લક્ષણ 'શિક્ષણનું માધ્યમ'** હતું. પાયાની રાષ્ટ્રીય કેળવણી માતૃભાષા દ્વારા અપાવી જોઈએ. આ સંબંધમાં સમિતિ એવું મંતવ્ય આપે છે કે, 'માતૃભાષાનું યોગ્ય શિક્ષણ એ સઘળી કેળવણીનો પાયો છે. અસરકારક રીતે બોલવાની અને શુદ્ધ તથા રીતે વાંચવા-લખવાની શક્તિ વિના કોઈ પણ માણસ ચોક્કસ રીતે વિચાર ન કરી શકે તેમજ તેને વ્યક્ત ન કરી શકે. માતૃભાષા એ બાળકોને તેની આસપાસના સમાજના વિચારો, ભાવનાઓ અને આકાંક્ષાઓના સમૃદ્ધ વારસાનો પરિચય કરાવવાનું એક સાધન છે. તેને સામાજિક કેળવણીનું તેમજ બાળકમાં નીતિ અને સદાચારના સાચા ખ્યાલો પેદા કરવાનું કીમતી સાધન બનાવી શકાય. બાળકની કલાભિરુચિ વ્યક્ત કરવા માટે માતૃભાષા સાધન છે.'

આ યોજનાનું **પાંચમું લક્ષણ 'અહિંસા'** હતું. વર્ધા- યોજનામાં ગાંધીજીનો અહિંસાનો સિદ્ધાંત સંપૂર્ણપણે વ્યાપ્ત છે. ગાંધીજીએ કેળવણીમાં અહિંસાનો સિદ્ધાંત લાગુ પાડ્યો તે અંગે મહાદેવ દેસાઈ કહે છે કે, સ્વાવલંબી કેળવણીના ખ્યાલને અહિંસાની સૈદ્ધાંતિક ભૂમિકાથી અળગો પાડી શકાય તેમ નથી. આ યોજના વર્ગવિહીન અને શોષણવિહીન સમાજ સર્જવા માગે છે એ બાબત આપણે લક્ષમાં રાખીશું નહિ તો આપણે તેને સફળ કરી શકવાના નથી. આથી આ કામ અહિંસામાં દૃઢ શ્રદ્ધા રાખીને કરવું જોઈએ. અહિંસાને દરેક અનિષ્ટના રામબાણ ઈલાજ તરીકે માનનાર વ્યક્તિએ આ યોજના નિર્માણ કરી છે એવી શ્રદ્ધાથી હાથ ધરવું જોઈએ.'

આ યોજનાનું **છઠ્ઠું લક્ષણ 'નાગરિકતાનો આદર્શ'** હતો. વર્ધા યોજનાના પ્રયોજકોનો એવો અભિપ્રાય છે કે નાગરિકતાનો આદર્શ ઘણો જ મહત્ત્વનો છે. આધુનિક ભારતમાં સામાજિક, રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક પ્રજાજીવનમાં આમવર્ગનો ફાળો અને પ્રભાવ દિવસે દિવસે વધવાનો છે. નાગરિકતાના હકો અને કર્તવ્યોનો બુદ્ધિપૂર્વક અમલ કરવાને માટે લોકોને ઓછામાં ઓછી આવશ્યક કેળવણી આપે એવી શિક્ષણપદ્ધતિ જરૂરની છે. આધુનિક સમયમાં બુદ્ધિશાળી નાગરિક, સમાજનો સક્રિય સભ્ય હોવો જોઈએ અને એક સંગઠિત સુધરેલા સમાજના સભ્ય તરીકે તેને માથે સમાજનું જે ઋણ હોય તે કશીક ઉપયોગી સેવાને રૂપે પાછું વાળવાની શક્તિ તેનામાં હોવી જોઈએ. ભારતીય નાગરિક સમાજસેવાની ભાવના ધરાવતો હોવો જોઈએ.

આ યોજનાનું **સાતમું લક્ષણ 'સહકારના પાયા પર રચાયેલા સમાજની કલ્પના'** હતું. આ યોજનાના મૂળમાં પરસ્પર સહકાર પર રચાયેલા સમાજની કલ્પના રહેલી છે. એવા સમાજમાં બચપણ અને જુવાનીની કુમળી વયમાં સમાજસેવાનો હેતુ બાળકોની સર્વ

પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત શાળામાં ભણવાના કાળમાં પણ તેમને લાગશે કે, આપણે રાષ્ટ્રીય કેળવણીના મહાન પ્રયોગમાં સીધી રીતે અને જાતે મદદ કરી રહ્યાં છીએ.

**ઉપર વર્ણવેલાં લક્ષણોને ધ્યાનમાં લઈને તેના અભ્યાસક્રમમાં નીચે જણાવેલા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.**

1. **પાયાનો ઉદ્યોગ** : સમિતિએ અનુકૂળ આવે એવા ત્રણ પાયાના ઉદ્યોગો સૂચવ્યા હતા. તેમાં (1) ખેતી, (2) કાંતણ વણાટ, (3) પુંઠાકામ, લાકડાકામ કે ધાતુકામ મનુષ્યની પ્રાથમિક અથવા મૂળભૂત જરૂરિયાત ત્રણ છે : (1) ખોરાક, (2) વસ્ત્ર અને રહેઠાણ (આશ્રય). આ મૂળભૂત જરૂરિયાતોને જે ઉદ્યોગ પોષી શકે તે પાયાનો ઉદ્યોગ કહેવાય. આવા પાયાના ઉદ્યોગમાં ખેતીના ઉદ્યોગનો (ખોરાકની જરૂરિયાત), કાંતણ અને વણાટકામના ઉદ્યોગનો (વસ્ત્રની જરૂરિયાત) અને લાકડાકામ(રહેઠાણની જરૂરિયાત)નો સમાવેશ સ્વાભાવિક રીતે થાય છે. તેથી આ ઉદ્યોગો પાયાના ઉદ્યોગો ગણાય છે.

પાયાના ઉદ્યોગની પસંદગી માટે નીચેની શરતો સૂચવવામાં આવી (1) આસપાસમાં કાચો માલ મેળવવાની સરળતા, (2) ઓછું ખર્ચાળપણું, (3) ઉદ્યોગ શરૂ કરવામાં ઓછામાં ઓછો વ્યય, (4) બાળકોની રુચિને અનુકૂળ, (5) તે દ્વારા બાળકના સર્વાંગીણ વિકાસની સરળતા, (6) જેમ જેમ બાળક ઉપલા ધોરણમાં ચડતો જાય તેમ તેમ નવી નવી શોધો કે અનુભવોની તક મળવાની શક્યતા વગેરે.

2. **માતૃભાષા** : માતૃભાષાના અભ્યાસક્રમમાં ઝાકિર હુસેન સમિતિએ ભાષા અને સાહિત્યના સર્જનાત્મક અને ઉપયોગિતાનાં એમ ઉભય મૂલ્યો પર ભાર મૂક્યો છે. સાત વરસના અભ્યાસને અંતે નીચેના ઉદ્દેશો સિદ્ધ લક્ષ્ય હતું : (1) સ્વાભાવિક રીતે અને આત્મવિશ્વાસથી વાતચીત કરવાની શક્તિનો વિકાસ, (2) કોઈ પણ વિષય પર સ્પષ્ટ, એકધારું અને મુદ્દાસર બોલવાની શક્તિનો વિકાસ, (3) અર્થગ્રહણયુક્ત ઝડપી મૂકવાચનની શક્તિનો વિકાસ, (4) સ્પષ્ટ ઉચ્ચારણ સાથે વાચનશક્તિનો વિકાસ, (5) પુસ્તકાલય કૌશલ્યોનો વિકાસ, (6) સુવાચ્ય અક્ષરે, શુદ્ધ જોડણીયુક્ત ઝડપથી લખવાની શક્તિનો વિકાસ, (7) અહેવાલલેખનનાં કૌશલ્યોનો વિકાસ, (8) અંગત અને ધંધાકીય પત્રવ્યવહારની કુશળતાનો વિકાસ, (9) શિષ્ટ સાહિત્યના અભ્યાસમાં રસ.

3. **ગણિત** : સમિતિએ ગણિતશિક્ષણનો ઉદ્દેશ એ રાખ્યો હતો કે વિદ્યાર્થીમાં તેના ઉદ્યોગને અંગે તેમજ તેના ઘર અને સમાજને અંગે ઊભા થતા સામાન્ય અંકગણિત અને ભૂમિતિના પ્રશ્નો ઝપાટાભેર ઉકેલવાની શક્તિ ખીલે.

ઉપરાંત વેપાર, વહીવટ અને નામાનું જ્ઞાન પણ મેળવે; ગણિતનું શિક્ષણ કેવળ હકીકતો અને આંકડાઓની ગણતરી પૂરતું જ સીમિત રાખવાને બદલે બાળકના જીવનમાં તે વાસ્તવિક બને. પોતાના પાયાના ઉદ્યોગમાં તથા બાગકામમાં પ્રત્યક્ષ ઊભા થતા દાખલાઓ શીખે તેમજ પોતાના ગામ, શહેર કે દેશની આર્થિક કે સામાજિક ઘટનાઓ ઉપર પ્રકાશ નાખતા આંકડા વિશે શીખે. તેમની પાસે પ્રત્યક્ષ જમીનમાપણી અને ખેતીકામ કરાવવામાં આવે તેમજ તેમનાં ગામનકાર્યના દેવાની તેમની પાસે ગણતરી કરાવવામાં આવે તે રીતે ગણિતશિક્ષણ એક સક્રિય વસ્તુ બને; એટલું જ નહિ, પણ બાળકને પોતાની સામાજિક પરિસ્થિતિ સમજવાનું અને તેનો અર્થ કરવાનું સરળ બને.

4. **સમાજવિદ્યા** : આમાં ભૂગોળ, નાગરિકશાસ્ત્ર અને વર્તમાન બનાવોનો સમાવેશ કરાયો હતો. સમાજવિદ્યાના અભ્યાસના ઉદ્દેશો આ પ્રમાણેના હતા : (1) માનવજાતની અને વિશેષે કરીને હિંદુસ્તાનની પ્રગતિમાં માનવોચિત વ્યાપક રસ ખીલે. (2) આસપાસની સામાજિક તથા ભૌગોલિક પરિસ્થિતિની યોગ્ય સમજ પેદા કરે અને તે સુધારવાની ધગશ જાગ્રત કરે. (3) જન્મભૂમિ વિશે પ્રેમ અને સદભાવની ભાવના પેદા કરે. (4) નાગરિકતાના હકો તથા જવાબદારીઓનું ભાન પેદા કરે. (5) જે ગુણો માણસને વિશ્વાસપાત્ર સાથી અને ભરોસાદાર પડોશી બનાવે તેવા વ્યક્તિગત અને સામાજિક સદગુણોનું સંવર્ધન કરે. અને (6) જગતના ધર્મો પ્રત્યે પરસ્પર આદરની ભાવના ખીલે.

5. **સામાન્ય વિજ્ઞાન** : આના અભ્યાસક્રમમાં સૃષ્ટિપરિચય, પ્રાણીશાસ્ત્ર, શરીરશાસ્ત્ર, શૌચ અને આરોગ્યવિદ્યા, વ્યાયામ, રસાયણવિદ્યા તથા તારાઓ અને ગ્રહોનો પરિચય વગેરેનો સમાવેશ કરાયો હતો.

આ પ્રકારના શિક્ષણના ઉદ્દેશો નીચે પ્રમાણે હતા : (1) કુદરતને સમભાવપૂર્વક અને બુદ્ધિથી સમજવાની દૃષ્ટિ ખીલે. (2) ચોક્કસ નિરીક્ષણની અને પ્રયોગ વડે અનુભવને કસી જોવાની ટેવો પડે. (3) આસપાસની કુદરતી ઘટનાઓમાં અને મનુષ્યની સેવામાં

વિજ્ઞાનનો ઉપયોગ કરવામાં જે અગત્યના વૈજ્ઞાનિક નિયમો લાગુ પડે છે તે સમજી શકે. અને (4) મહાન વૈજ્ઞાનિકોના જીવનમાંથી વધારે મહત્ત્વની ઘટનાઓનો પરિચય કેળવે. પાંચમા ધોરણ સુધી છોકરાઓ તથા છોકરીઓ માટે સમાન અભ્યાસક્રમ સૂચવ્યો હતો. છઠ્ઠા અને સાતમા ધોરણમાં છોકરીઓને પાયાના ઉદ્યોગને બદલે ગૃહવિજ્ઞાનનો ઉચ્ચતર અભ્યાસક્રમ લેવાની છૂટ હતી.

6. **આલેખન** : પહેલાં ચાર વર્ષ સૃષ્ટિપરિચય અને ઉદ્યોગને અંગે ચિત્રો દોરતાં શીખવાય જ્યારે છેલ્લાં વર્ષમાં સુશોભન અને યાંત્રિક ચિત્રો પર ભાર મુકાય. આલેખનના ઉદ્દેશો આ પ્રમાણે હતા : (1) આંખને આકારો તથા રંગોનું નિરીક્ષણ કરવાની અને તેના ભેદો પારખવાની કેળવણી મળે, (2) આકારો માટે સ્મરણશક્તિ ખીલે, (3) કુદરતમાં તેમજ કળામાં જે સુંદર અંશો હોય તે ઓળખતાં અને તેનો રસાસ્વાદ લેતાં શીખે, (4) રુચિકર ભાતો અને સુશોભન માટેની શક્તિ ખીલે અને (5) જે ચીજો બનાવવાની હોય તેનાં કામચલાઉ ચિત્રો બનાવાની શક્તિ ખીલે.

7. **સંગીત** : સંગીતના શિક્ષણ માટે વ્યવસ્થિત અભ્યાસક્રમ તૈયાર કર્યો નથી. તે અંગેની ભલામણો એ હતી કે બધા વર્ગોમાં કેટલાક મુખ્ય મુખ્ય રાગો અને તાલવાળો સમૂહગીતનો અભ્યાસક્રમ રાખવો. ગીતો કાળજીથી પસંદ કરવાં. તેમાં રાષ્ટ્રગીતો, લોકગીતો, ભજનો અને જુદી જુદી ઋતુઓ તથા ઉત્સવોનાં ગીતોનો સમાવેશ કરવો.

8. **હિંદુસ્તાની** : બાળકોને રાષ્ટ્રભાષાનો ઠીક ઠીક પરિચય થાય એટલા માટે સમિતિએ અભ્યાસક્રમમાં હિંદુસ્તાની ભાષાનો ફરજિયાત વિષય તરીકે સમાવેશ કર્યો હતો.

ઝાકિર હુસેન સમિતિના નિવેદન અને અભ્યાસક્રમને હરિપુરા અધિવેશનમાં અનુમોદન મળ્યું (1938), અને બુનિયાદી શિક્ષણના ફેલાવા માટે હિંદુસ્તાની તાલીમી સંઘનું નિર્માણ થયું (1939). કેન્દ્ર-સરકારની શિક્ષણવિષયક મધ્યસ્થ સલાહકાર સમિતિ(Advisory Board of Education-ABE)એ આ નવી શિક્ષણયોજનાની તપાસ માટે મુંબઈના પંતપ્રધાન બી. જી. ખેરના અધ્યક્ષપણા નીચે એક સમિત નીમી. ખેર સમિતિએ વર્ધાયોજનાના અમલ અને વિસ્તાર અંગે કેટલાંક સૂચનો કર્યાં. જ્યાં જ્યાં કૉંગ્રેસ પ્રધાનમંડળો સત્તા પર હતાં ત્યાં ત્યાં પ્રયોગ તરીકે બુનિયાદી શિક્ષણ અપાવા માંડ્યું. 1939માં બુનિયાદી માટે શિક્ષકોની તાલીમનું કાર્ય શરૂ થયું. 1942-45ની રાજકીય ચળવળ દરમિયાન બુનિયાદી શિક્ષણનો પ્રયોગ અત્યંત ધીમો પડ્યો. સરકારી પ્રોત્સાહન વગર બુનિયાદી શિક્ષણને જોઈએ તેવો વેગ મળ્યો નહિ. 1947માં આઝાદી પ્રાપ્ત થયા પછી બુનિયાદી શિક્ષણને વેગ મળ્યો.

ભારતની સાર્વત્રિક કેળવણીનું સ્વરૂપ બુનિયાદી શિક્ષણનું હશે એમ ઠરાવવામાં આવ્યું. પણ આ દરમિયાન ગાંધીજીએ કલ્પેલા મૂળભૂત બુનિયાદી શિક્ષણમાં ફેરફાર થતા ગયા. સ્વાવલંબન પરનો ભાર ઓછો થતો ગયો; શિક્ષણમાંથી શિક્ષણસાધનોનું ખર્ચ નીકળે તે પૂરતું સ્વાવલંબન સમજવામાં આવ્યું; ગામડાંના મૂળ ઉદ્યોગો પરનો આગ્રહ ઓછો થવા માંડ્યો; ઉદ્યોગ દ્વારા જ બધું શિક્ષણ અપાય તેને બદલે મૂળ ઉદ્યોગ ઉપરાંત બાળકની ભૌતિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિ દ્વારા શિક્ષણનો સમવાય સાધી વર્ગશિક્ષણ આપવું એ સિદ્ધાંત સ્વીકારાયો. સાથે સાથે સામાન્ય પ્રાથમિક શાળાઓના બુનિયાદીકરણની પ્રવૃત્તિ વેગ પકડવા માંડી. પંચવર્ષીય યોજનાઓ હેઠળ બુનિયાદી શિક્ષણનો ઝડપી વિકાસ સાધવા સારા પ્રમાણમાં નાણાંની જોગવાઈ કરવામાં આવી.

રાજ્ય-સરકારોએ અને કેન્દ્ર-સરકારે આ યોજનાનો કેળવણીની રાષ્ટ્રીય યોજના તરીકે સ્વીકાર કર્યો હોવા છતાં, સમાજની સંમતિ આ યોજનાને સંપૂર્ણપણે મળી નથી તે હકીકત છે. 'બુનિયાદી શિક્ષણ'નો પ્રશ્ન આજ પર્યંત સળગતો રહ્યો છે. બુનિયાદી શિક્ષણ વિશે જે ટીકાઓ કરવામાં આવે છે તેમાંની મુખ્ય ટીકાઓ મે મુજબ છે :

(1) નાના બાળકને કમાતો કરવો તે નરી ક્રૂરતા છે. યોજનામાં મનોવિજ્ઞાનને ક્યાંય અગત્ય અપાઈ નાનાં બાળકોના મૂળભૂત હકોને ખ્યાલમાં રાખવામાં આવ્યા નથી. (2) સાંસ્કૃતિક મૂલ્યોવાળા બધા જ વિષયોનો ઉદ્યોગ સાથે સાહજિક અનુબંધ સાધવો અશક્ય છે. (3) બુનિયાદી શિક્ષણમાં એક જ ઉદ્યોગ(વસ્ત્રવિદ્યા)ની પસંદગીથી આદર્શ અને વાસ્તવિક પરિસ્થિતિ વચ્ચેનું અંતર વધે છે. (4) બુનિયાદી શિક્ષણ વર્ગવિહીન અને બિનસ્પર્ધાત્મક સમાજ સર્જશે એવી આશા રાખવી વ્યર્થ છે, કારણ કે ઉદ્યોગકામમાં આર્થિક મૂલ્યો પર ભાર મૂકવામાં આવતાં મનુષ્યની સંગ્રહ કરવાની સહજવૃત્તિને અસર કરે છે અને આ વૃત્તિ લોભ, ધિક્કાર, સ્વાર્થીપણું જેવા અસામાજિક ગુણોને જન્મ આપે છે. (5) આ શિક્ષણના સંચાલનમાં ખામી રહે છે. યોજનાઓ તૈયાર થાય છે, પણ તેનો યોગ્ય અમલ થતો નથી, (6) બુનિયાદી શાળાઓમાં અંગ્રેજીનું શિક્ષણ અપાતું ન હોવાથી બુનિયાદી શિક્ષણ લઈને બહાર તા વિદ્યાર્થીઓ માટે

ઉચ્ચશિક્ષણનાં દ્વાર બંધ થઈ જ (7) ઉદ્યોગીકરણના આ જમાનામાં કાંતણ-વણાટ ). મે સુથારીકામ જેવા ઉદ્યોગોને સ્થાન જ નથી. કે વૈજ્ઞાનિકો અને યંત્રકુશળ કારીગરોની જરૂર છે; વ તે અને સુથારોની નહિ. (8) ગાંધીજીની કલ્પનાનો બુનિ દી શાળાનો શિક્ષક તૈયાર કરવા માટે અધ્યાપનમંદિરોમાં અપાતી તાલીમ પદ્ધતિસરની નથી.

---

## યુનિટ-૩ સ્વાતંત્ર્ય ભારતમાં શિક્ષણની નીતિઓ અને પંચો

### ૩.૧ યુનિવર્સિટી શિક્ષણ પંચ (૧૯૪૮-૪૯)

**પ્રસ્તાવના :**

સેડલર કમિશન – 1917ની ભલામણોને પરિણામે ઉચ્ચ શિક્ષણનો પ્રસાર ખૂબ ઝડપી બન્યો. ઈ.સ. 1947માં યુનિવર્સિટીઓની સંખ્યા 19 હતી, યુનિવર્સિટીઓની અને સંલગ્ન કોલેજેની સંખ્યા. ઈ.સ. 1947માં આશરે 640 જેટલી હતી. ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓની સંખ્યા ઈ.સ. 1947માં લગભગ અઢી લાખ જેટલી હતી. અભૂતપૂર્વ વિસ્તરણ એ સ્વાતંત્ર્યોત્તર કાળમાં ઉચ્ચ શિક્ષણનું એક આગવું અને ગરવું લક્ષણ છે. પરંતુ આ વૃદ્ધિ ગુણાત્મક ન હતી, માત્ર સંખ્યાત્મક હતી. તેથી શિક્ષણનું સ્તર નીચું ગયું હતું. બીજું, પરતંત્ર ભારતના સમયમાં નક્કી થયેલ શિક્ષણના ઉદ્દેશો સ્વતંત્ર ભારતને યોગ્ય ન લાગ્યા. તે વખતે વિદ્યાર્થીઓ માત્ર યુનિવર્સિટી શિક્ષણ મેળવી સરકારી નોકરી કરે તે જ ઊશ હતો. હવે ભારત સ્વતંત્ર થયું હતું. વિદ્યાર્થી સ્વતંત્ર ભારતમાં એક સારો નાગરિક (citizen) અને તે શિક્ષણનો ઉદ્દેશ બને છે. તેથી દેશની જરૂરત મુજબ શિક્ષણમાં પરિવર્તનની માગણી કરવામાં આવી. આમ, તે સમયન ઉચ્ચ શિક્ષણની ખામીઓથી માહિતગાર થવા માટે 'આંતર વિશ્વવિદ્યાલય શિક્ષણ પરિષદ' (Inter Univeristy Bird of Education) અને કેન્દ્રીય શિક્ષણ સલાહકાર બોર્ડ (Centra Advisory Board of Education) ભારત સરકાર સમક્ષ એક 'અખિલ ભારતીય વિશ્વવિદ્યાલ શિક્ષણ રંગ' નીમવાનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે રાષ્ટ્રની પ્રવર્તમાન જરૂરિયાતોને ધ્યાનમાં રાખી યુનિવર્સિ શિક્ષણના માળખામાં પરિવર્તન કરવાની ભલામણો કરે.

**પંચની નિયુક્તિ :**

સરકારે પરિષદ અને બૉર્ડની ભલામણોનો સ્વીકાર કરીને ભારત સરકારે 4 નવેમ્બર, 1948 ના રોજ ડો. એસ. રાધાકૃષ્ણન (Dr. S. Radhakrishnan) ના અધ્યક્ષ પદે 'યુનિવર્સિટી શિક્ષણ પંચ'ની નિમણૂક કરી. અધ્યક્ષના નામ પરથી આ પંચને **'રાધાકૃષ્ણન્ પંચ'** પણ કહે છે.

**પંચની નિમણૂકનો ઉદ્દેશ** :

પંચની નિમાણૂકના ઉદ્દેશ આ મુજબ હતા :

ભારતીય યુનિવર્સિટી શિક્ષણ ઉપર અહેવાલ આપવો અને તેમાં સુધાર તથા વિસ્તાર વિશેની ભલામણ કરવી, જે દેશની વર્તમાન તેમજ ભાવિ જરૂરિયાતો માટે યોગ્ય હોય.

"પંચે" યુનિવર્સિટી શિક્ષણના સંદર્ભમાં એક પ્રશ્નાવલિ તૈયાર કરી, તેને શિક્ષણશાસ્ત્રીઓ મોકલી. લગભગ 600 વ્યક્તિઓએ આ પ્રશ્નાવલિના ઉત્તર આપ્યા. 'પંચ'ના સભ્યોએ ભારતની વિભિ યુનિવર્સિટીઓમાં જઈ ત્યાંના પદાધિકારીઓ, વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળો અને અન્ય શિક્ષણવિદોને મળ યુનિવર્સિટી શિક્ષણનાં બધા અંગો વિષે વિસ્તૃત જાણકારી મેળવી. આમ, પંચે અથાગ પરિશ્રમ કરી 25 ઓગષ્ટ, 1949 ના રોજ પોતાનો અહેવાલ ભારત સરકારને સુપ્રત કર્યો.

**પંચનું કાર્યક્ષેત્ર** :

- પંચને લગભગ 20 જેટલા વિષયોની તપાસ કરવાનું કહેવામાં આવ્યું હતું, જેમાંના મુખ્ય નીચે પ્રમાણે હતા :
- ભારતમાં યુનિવર્સિટી શિક્ષણ અને શોધનો ઉદ્દેશ.
- ભારતીય યુનિવર્સિઓમાં ગંગાન, નિયંત્ર, કાર્ય અને ફૈબ.ધિકારની બાબતો અને જરૂરી અને યોગ્ય પરિવર્તન તથા કેન્દ્રીય અને પ્રાંતીય સરકારો સાથેના તેના સંબંધ.
- યુનિવર્સિટીઓની આર્થિક પરિસ્થિતિ.
- વિશ્વવિદ્યાલયો અને તેની સાથે સંબંધ ધરાવતી ચૅલેજેમાં શિક્ષણનું તથા પરીક્ષાનું ધોરણ ઉંચુ રાખવું.
- વિશ્વવિદ્યાલયોમાં માનવશાસ્ત્ર અને વિજ્ઞાન તથા શુદ્ધ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક પ્રશિક્ષણના અભ્યાસક્રમોમાં ઉચિત સામ્રાજ્ય સ્થાપિત કરી અભ્યાસક્રમની અવધિ નક્કી કરવી.
- સ્વતંત્ર રીતે લેવામાં આવતી યુનિવર્સિટી પ્રવેશ પરી'ની વાકનીયતાને ધ્યાનમાં રાખી પ્રવેશ પોક" નક્કી કરવા
- યુનિવર્સલેઓમાં શિક્ષાનું માધ્યમ.
- ભારતીય સંસ્કૃતિ, ઇતિહાસ, સાહિત્ય, ભાષા, દર્શન અને લલિતકલાઓમાં ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા.
- વધુ યુનિવર્સિટીઓની આવશ્યક્તા
- વિશ્વવિદ્યાલયો અને ઉચ્ચતર અનુસંધાન સંસ્થાઓમાં જ્ઞાનની બધી શાખાઓમાં ઉચ્ચ અનુસંધાનની વ્યવસ્થા.
- વિશ્વવિદ્યાલયોમાં ધાર્મિક શિક્ષણ
- બનારસ, અલિગઢ, દિલ્હી વિશ્વવિદ્યાલયો તથા અખિલ ભારતીય કલાની બીજી શિક્ષણ સંસ્થાઓના ખાસ પ્રશ્નો.
- શિક્ષકોની યોગ્યતાઓ, સેવા શરતો, પગાર, અધિકાર અને કાર્ય.
- વિદ્યાર્થીઓમાં શિસ્ત, છાત્રાવાસ અને ટ્યુટોરિયલ કાર્યની વ્યવસ્થા તથા બીજી બાબતો, જે જરૂરી સમજવામાં આવે તે.

ટૂંકમાં, 'પંચ'ને યુનિવર્સિટી શિક્ષણનાં બધાં અંગોનો અભ્યાસ કરીને તેમાં યોગ્ય સુધારા સૂચવવાનું કહેવામાં આવ્યું હતું. પંચે આ કામ એક વર્ષથી ઓછા સમયમાં પૂર્ણ કર્યું હતું.

**પંચની ભલામણો** :

'પંચે' યુનિવર્સિટી શિક્ષણનાં બધાં અંગોના સંદર્ભમાં પોતાના વિચારો પ્રગટ કર્યા છે અને તેમાં સુધારો લાવવા માટે પર્યાપ્ત ભલામણો પણ કરી છે. અહીં આપણે મહત્ત્વનાં અંગો સંબંધિત તેમના વિચારો, સુધારા અને ભલામણો જેઈશું.

**૧. વિશ્વવિદ્યાલય શિક્ષણના ઉદ્દેશ** :

- પંચે' વિશ્વવિદ્યાલય શિક્ષણના નીચે દર્શાવેલ ઉદ્દેશો જણાવ્યા છે.
- સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ આપણા દેશમાં આર્થિક, સામાજિક અને રાજકીય પરિસ્થિતિમાં મહાન પરિવર્તન આવ્યું છે. આ પરિવર્તનોએ આપણી યુનિવર્સિટીઓનાં કાર્યો તથા જવાબદારીમાં વધારો કર્યો છે. તેથી હવે, રાજકીય, વ્યાવસાયિક, ઔદ્યોગિક તેમજ વાિય ક્ષેત્રોમાં નેતૃત્વ પૂરું પાડી શકે તેવી વ્યક્તિઓનું નિર્માણ કરવાનું છે.
- એવા નેતાઓનું નિર્માણ કરવું જેઓ દૂરદર્શી, બુદ્ધિમાન, બૌદ્ધિક અને સાહસી હોય.

- વિશ્વવિદ્યાલયોએ એવા વિવેકી નાગરિક તૈયાર કરવા, જે પ્રજાતંત્રને સફળ બનાવવા શિક્ષણનો ફેલાવો કરે, જ્ઞાનની સદૈવ શોધ કરે, વ્યવસાયનો પ્રબંધ કરી શકે અને દેશના ભૌતિક અભાવોની પૂર્તિ કરે.
- આપણા સાંસ્કૃતિક વારસાને ન મૂલવો, પરંતુ તેનું જતન કરવું.
- વિશ્વવિદ્યાલય એ દેશની સભ્યતા તેમજ સંસ્કૃતિનું રક્ષક અને પોષક છે. તેથી તેણે સભ્યતા તેમ સંસ્કૃતિના દૂતોનું ઘડતર કરવું જઈએ.
- વ્યક્તિના જન્મજાત ગુણો શીધી પ્રશિક્ષણ દ્વારા તેનો વિકાસ કરવો.
- સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મન નિવાસ કરે છે. વિશ્વવિદ્યાલયોએ વિદ્યાર્થીઓનો માત્ર માનસિક જ નહિ પણ શારીરિક વિકાસ પણ કરવો જોઈએ.
- 'પંચ'ના શબ્દોમાં, 'અમે ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાની પ્રાપ્તિ દ્વારા પ્રજાતંત્રની શોધમાં સંલગ્ન છીએ. એ આદર્શોનાં પ્રતીક અને રક્ષક વિશ્વવિદ્યાલયો હોવા જોઈએ.

**૨. અધ્યાપક વર્ગ** :

'પંચે' અધ્યાપકોની વર્તમાન સ્થિતિ પર પ્રકાશ પાડતાં નોંધ્યું છે કે –

- અધ્યાપકોને પોતાના વિષયનું સંપૂર્ણ જ્ઞાન નથી અને તે જ કારણથી શિક્ષણનું સ્તર નીચું જ રહ્યું છે. આના માટે અધ્યાપકો કરતાં યુનિવર્સિટી અને સરકાર સવિશેષ જવાબદાર છે. અધ્યાપક સંશોધન અને પુસ્તકાલયોની સુવિધા પ્રાપ્ત નથી. જો યુનિવર્સિટી અને સરકાર જરૂરી સાધનો પુ પાડે તો, અધ્યાપકો પોતાના વિષયના જ્ઞાતા બની શકે.
- આપણી યુનિવર્સિટીઓમાં લોકશાહી નિયંત્રણ અને ચૂંટણી પદ્ધતિ છે. પ્રાધ્યાપકો અધ્યાપન કા કરવા કરતાં યુનિવર્સિટીના વહીવટમાં વધારે રસ લે છે.
- અધ્યાપકોનો પગાર ઓછો છે, તેમની સેવાની શરતો સગવડો આકર્ષક નથી તેથી તેમને પોતા કામ કરવાની પ્રેરણા પ્રાપ્ત થતી નથી.

**ઉપરોક્ત ખામીઓને દૂર કરવા માટે પંચે' નીચે પ્રમાણેની ભલામણો કરી છેઃ**

- અધ્યાપકોના પ્રોવિડન્ડ ફંડની ઉત્તમ વ્યવસ્થા કરવી જોઈએ. અધ્યાપક અને યુનિવર્સિટી બંને આઠ આઠ ટકા આપે.
- યુનિવર્સિટીની બાજુમાં અધ્યાપકોને નિવાસ વ્યવસ્થા આપવી જોઈએ.
- અધ્યાપક 60 વર્ષ સુધી કાર્ય કરે, જ્યારે અધ્યાપક સારું સ્વાસ્થ્ય ધરાવતો હોય તો 64 વર્ષની ઉંમર સુધી કામ કરે.
- અધ્યાપકોને અભ્યાસ માટે એક સાથે એક વર્ષ અને સંપૂર્ણ નોકરી દરમિયાન 3 વર્ષની રજા અપાય.
- અધ્યાપકોને એક સપ્તાહમાં વધુમાં વધુ 18 કલાક (workload) નું કાર્ય સોંપાય.
- અધ્યાપકોને ચાર ભાગોમાં વહેંચવામાં આવે : (ક) પ્રોફેસર, (ખ) રીડર, (ગ) વ્યાખ્યાતા અને (ઘ) ઈન્સ્ટ્રક્ટર. તદુપરાંત અનુસંધાન અભિસદસ્ય (Research Fellow) પણ ઘેય. તેમનું વેતન નીચે દર્શાવ્યા મુજબનું હોવું જોઈએ :

(1) યુનિવર્સિટી અધ્યાપક :

| હોદ્દો | પગાર ધોરણ |
|---|---|
| (i) પ્રોફેસર | 900-50-1,350 |
| (ii) રીડર | 600-30-900 |
| (iii) લેક્ચરર | 300–25–600 |
| (iv) ઈન્સ્ટ્રક્ટર | 250-25-500 |
| (v) અનુસંધાન અભિસદસ્ય (ફેલોઝ) | 250-25-500 |

(2) સ્નાતક કોલેજ :

| | |
|---|---|
| (i) લેક્ચરર | 200-15-320-20-400 |
| (ii) સીનિયર પોસ્ટ | 400–25–600 |
| (દરેક કૉલેજમાં 2) | |
| (iii) પ્રિન્સિપાલ | 600-400-800 |

(3) અનુસ્નાતક કોલેજ :

| | |
|---|---|
| (i) લેક્ચરર | 200-15-320-20-400-25-500 |
| (ii) સીનિયર પોસ્ટ | 500-25-800 |
| (દરેક કૉલેજમાં 2) | |
| (iii) પ્રિન્સિપાલ | 800-50-1,000 |

અધ્યાપકોને તેમની યોગ્યતાના આધારે બઢની (protrotion) આપવી જેઈએ.

જુનિયર લેક્ચર ર અને સીનિયર (રીડર કે પ્રોફેસર) પદોની સંખ્યા 2 : 1 ના પ્રમાણમાં હોવી જોઈએ.

**શિક્ષણનું ધોરણ** : આપણી યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક સ્તર ઉતરતું છે. વિશ્વવિદ્યાલયે પોતાનું શિક્ષણનું પોરા ઊંચું લાવવું એઈએ. જયાં સુધી આપણી યુનિવર્સિટીઓ આ અંગે સંચિત નહીં થાય ત્યાં સુધી દેશ-વિદેશમાં તેની ડીગ્રીની (ઉપાધી)ની ઉચિત ગણના થશે નહિ. **યુનિવર્સિટીઓનાં શૈક્ષણિક સ્તરમાં સુધારો કરવા માટે આયોગે નીચે પ્રમાસે ભલામણો કરી છે** :

- યુનિવર્સિટી શિક્ષણમાં પ્રવેશ મેળવવા માટે ઈન્ટરમીડિયેટ અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ.
- પ્રત્યેક પ્રાંતમાં વધારે સંખ્યા ઈન્ટરમીડિયેટ કૉલેજો ખોલવામાં આવે, જેમાં યોગ્ય શિક્ષકો અને પર્યાપ્ત સાધન-સામગ્રી હોય.
- હાઈસ્કૂલ તેમજ ઈન્ટર પછીના વિદ્યાર્થીઓને ધંધાદારી તેમજ ટેક્નોલોજીકલ શાળાઓમાં પ્રોત્સાહિત કરવામાં આવે.. વિશ્વવિદ્યાલયોમાં કલા અને વિજ્ઞાનના ધોરણોમાં 3,000 અને સંલગ્ન કોલેજોમાં 1,500 થી વધારે વિદ્યાર્થીઓને પ્રવેશ ન અપાય. પરીક્ષાના દિવસો બાદ કરતાં ઓછામાં ઓછું 180 દિવસ શૈક્ષણિક કાર્ય કરવામાં આવે.
- શિક્ષકો પૂરતી તૈયારી કરે, ટ્યુટોરિયલના વર્ગોની વ્યવસ્થા કરાય તેમજ વાચન અને લેખન ઉપર વધારે ઝોક અપાય.
- કોઈપણ ધોરણ માટે પાઠ્યક્રમ (વિષયવસ્તુ) નક્કી કરવામાં ન આવે.
- બહારના પરીક્ષાર્થીઓ ઉપર નિયંત્રણ મૂકવામાં આવે.
- વ્યવસાયમાં જોડાયેલા વ્યક્તિઓ માટે રાત્રિ શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવે.
- પુસ્તકલા અને પ્રયોગશાળાઓને આધુનિક ઢંગથી સુસજ્જિત કરવામાં આવે વિશ્વવિદ્યાલયમાં હાઇસ્કૂલ અને ઈન્ટર કૉલેજોના અધ્યાપકોને અભિસ્થાપન વર્ગો (Refresher Course) ની વ્યવસ્થા કરવામાં આવે.
- સ્નાતકોત્તર કક્ષાએ વિચારગોષ્ઠિ (minar) ને પ્રોત્સાહિત કરવામાં આવે.

**અભ્યાસક્રમ** :

વિવિધ ક્ષેત્રનું જ્ઞાન અને અનુભવ મેળવવા માટે અભ્યાસક્રમ અત્યંત જરૂરી છે. એ અત્યંત જરૂરી છે કે જ્ઞાનની વિવિધ શાખાઓ અને અનુભવો વચ્ચે આંતર સંબંધો હોવા જોઈએ. જ્ઞાન અને અનુભવની એકતાના પરિચય વિના મગજની સમતુલિત વિકાસ શક્ય નહીં બને. યુનિવર્સિટીઓ કૉલેજો અને માધ્યમિક શાળાઓમાં વિનયન અને વિજ્ઞાનના શિક્ષણની સાથે સાથે સામાન્ય શિક્ષણ (General

Education) ની વ્યવસ્થા કરવામાં આવે જેથી વિનયન શાખાના વિદ્યાર્થીઓને વિજ્ઞાનન વિષયો અને વિજ્ઞાનના વિદ્યાર્થીઓ વિનયન અને સાહિત્યના વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે. આ રીતે સામાન્ય શિક્ષણ અને વિશિષ્ટ શિક્ષણ વચ્ચે સંવાદ સ્થાપિત કરાય અને સંકુચિતતા દૂર થઈ કે. વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો યોગ્ય વિકાસ થાય અને તેઓ સારા નાગરિકો બની શકે. સામાન્ય શિક્ષાનું અભ્યાસક્રમ અને વિષયવસ્તુ વિશિષ્ટ ક્ષેત્રોને અનુરૂપ હોવો જેઈએ.

**અભ્યાસક્રમ અંગે આયોગની ભલામણો આ પ્રમાણે છે** :

- સ્નાતકની ઉપાધિનો સમય ત્રણ વર્ષનો હોય.
- સ્નાતકોત્તર ઓનર્સ કોર્સ 1 વર્ષ પછી અને તેના પછી 2 વર્ષે અનુસ્નાતકની પદવી આપવામાં આવે.
- વિશ્વવિદ્યાલયો અને માધ્યમિક શાળાઓમાં સામાન્ય શિક્ષણના સિદ્ધાંતો અને પ્રયોગો તાત્કાલિક શરૂ કરવામાં આવે.
- વિદ્યાર્થઓના વ્યક્તિગત અને સામૂહિક હિતોને ધ્યાનમાં રાખી જુદાં જુદાં ક્ષેત્રોનો અભ્યાસ કહેવત આવે અને પછી સામાન્ય શિક્ષણ અને વિશિષ્ટ શિક્ષણનો સમન્યવ સાધવામાં આવે.

**સ્નાતકોત્તર શિક્ષણ અને સંશોધન** :

માનવ સંસ્કૃતિએ એવા મનુષ્યોનો વિશેષ લાભ ઉઠાવ્યો છે કે જેમણે પ્રકૃતિનાં રહસ્યો અને માનવ વ્યવહારોનો તાગ મેળવ્યો. આધુનિક જીવન સંશોધનોનું પરિણામ છે. પ્રગતિશીલ સમાજ ત્રણ પ્રકારના લોકો ઉપર નિર્ભર રહે છે. (1) વિજ્ઞાન, (ii) સંશોધક (Discoverer), અને (iii) નિર્માતા (Inventor). વિદ્વાન ભૂતકાળ ખોદે છે અને બુદ્ધિ, સૌંદર્ય અને શ્રેષ્તાના આદર્શો રજૂ કરે છે, સંશોધક નવા સિદ્ધાંતોની શોધ કરે છે અને નિર્માતા તે શોધને આવશ્યકતાઓમાં યોજે છે. વિશ્વવિદ્યાલય તે પ્રકારના મનુષ્યોને પેદા કરે છે જેઓ મુખ્ય રીતે ઉત્પાદકો હોય છે અને પ્રગતિશીલ ક્રિયાઓનો પ્રભાવપૂર્ણ સાધનોમાં સંયોગ કરે છે. વિશ્વવિદ્યાલયોનું જ્ઞાન નાગરિકોને પ્રશિક્ષિત કરે છે. આમ છતાં, સંશોધન એ વિશ્વવિદ્યાલયનું મુખ્ય કાર્ય છે. આપણી યુનિવર્સિટીઓમાં વૈજ્ઞાનિક સંશોધનને પ્રાથમિકતા અપાય. આપણા દેશમાં ત્યારે જ પ્રતિભાવાન સંશોધકો પેદા થશે જયારે બૌદ્ધિક જીવનના આદર્શોથી તેઓ પ્રભાવિત હોય અને દેશની ભૌતિક પ્રગતિમાં સક્રિય યોગદાનની ઈચ્છા ધરાવતા હોય. **વિશ્વવિદ્યાલયોમાં સ્નાતકોત્તર શિક્ષણ તથા સંશોધન કાર્યને સફળ બનાવવા માટે આયોગે નીચે પ્રમાણે ભલામણો કરી છે** :

- સ્નાતકોત્તર વર્ગોના નિયમોમાં સમાનતા હોવી જોઈએ અને તેમનું શિક્ષણ વ્યાખ્યાનો, ગોષ્ઠિ તથા પ્રયોગ આધારિત હોય. પીએચ.ડી.ના વિદ્યાર્થીઓની અખિલ ભારતીય સ્તરે પસંદગી થાય અને શોધકાર્યની અવિધ 2 વર્ષની રખાય.
- પીએચ.ડી. તથા અન્ય સંશોધન કાર્ય કરનાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ તથા અભિવૃત્તિઓ(Research fellowships) ની વ્યવસ્થા કરવી જોઈએ.
- ડી.લિટ. તથા ડી.એસ.સી.ની પદવીઓ માત્ર ઉચ્ચ કોટિના પ્રકાશન અને મૌલિક કાર્યો માટે જ આપવી.
- શિક્ષણ મંત્રાલય દ્વારા અનુસ્નાતકોને મોટી સંખ્યામાં શિષ્યવૃત્તિઓ અપાય.
- યુનિવર્સિટીઓના વિજ્ઞાન વિભાગને સંશોધન કાર્ય માટે સરકાર દ્વારા ઉદાર સહાયતા અપાવી જોઈએ.

**વ્યાવસાયિક શિક્ષણ** :

'પંચે' વ્યાવસાયિક શિક્ષણના મહત્ત્વનો સ્વીકાર કર્યો છે અને તેના વિભિન્ન અંગોના સંદર્ભમાં લેખિત ભલામણો કરી છે, જે નીચે મુજબ છે:

(1) **ખેતી** : કૃષિ-શિક્ષણના સંદર્ભમાં 'પંચ' નીચે પ્રમાણેની ભલામણો કરી છે :

- ભારત કૃષિપ્રધાન દેશ છે. કૃષિવિદ્યાના શિક્ષણને મુખ્ય રાષ્ટ્રીય સમસ્યા માની લેવી જોઈએ.
- પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં કૃષિ શિક્ષણને પ્રથમ સ્થાન અપાય. .
- કૃષિ શિક્ષા, ખેતી અનુસંધાન અને કૃષિ નીતિનું અણકાર દ્વારા નિર્માણ થાય.
- ખેતી શિક્ષણ સંસ્થાઓ ગામ પ્રદેશોમાં સ્થાપવી, જેથી વ્યાવહારિક જ્ઞાન અપાય.

- કૃષિ કોલેજોને ઉદાર આર્થિક સહાયતા આપવી અને સાધન સંપન્ન બનાવવી, જેથી તેમાં પર્યાપ્ત સંખ્યામાં શિક્ષકો રાખી શકાય.
- પ્રાયોગિક કાર્ય માટે ફાર્મ (Experimental Farms) બનાવવાં, કૃષિ કૉલેજોને ગ્રામીણ વિશ્વવિદ્યાલી સાથે એડી દેવી.
- કેન્દ્ર તથા રાજ્ય સરકારો દ્વારા સંશોધન કેન્દ્રો ખોલી તેમાં સંશોધન હાથ ધરાય.
- 'ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર રિસર્ચ' ને સમૃદ્ધ કરવામાં આવે અને તે તમામ કૃષિ સંશોધન કેન્દ્રોના સંયોજકની ભૂમિકા ભજવે.

(2) **વાણિજ્ય** : 'પંચે' વિભિન્ન સ્તરો પર વળજ્યના શિક્ષણનું વિવેચન કરીને તે વિષયમાં ન પ્રમાણે ભલામણો કરી છે :

યુનિવર્સિટીમાં વાણિજ્યનું શિક્ષણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને 3 કે 4 પ્રકારની વિભિન્ન વ્યાપારી પેઢીઓમાં (Business firm) વ્યાવહારિક (Practical) કાર્ય કરવાની તક આપવી જોઈએ.

સ્નાતક પરીક્ષા પાસ કર્યા બાદ કેટલાક વિદ્યાર્થીઓને કોઈ એક શાખાના વિશેષજ્ઞ બનાવાય.

એમ.કોમ.માં યોગ્ય વિદ્યાર્થીઓને જ પ્રવેશ અપાય. તેમાં વ્યાવહારિક જ્ઞાન પર ભાર મુકાય.

(3) **શિક્ષણ વ્યવસાય** : શિક્ષણના વ્યવસાયમાં સુધારો કરવાના ઉદ્દેશથી આયોગે આ પ્રમાણેની ભલામણો કરી હતી :

- તાલીમી અભ્યાસક્રમોમાં સુધારો કરવામાં આવે અને પાત્રપુસ્તકોના જ્ઞાનને બદલે અધ્યાપનના અભ્યાસને વધારે મહત્ત્વ અપાય.
- તાલીમાર્થીઓના કાર્યનું મૂલ્યાંકન કરતી વખતે તેની અધ્યાપકીય સફળતાઓ ધ્યાનમાં રખાય.
- અધ્યાપનના અભ્યાસ માટે યોગ્ય વિદ્યાર્થીઓની પસંદગી કરાય.
- પર્યાપ્ત અનુભવ ધરાવનાર શિક્ષકોને જ પ્રશિક્ષણ વિદ્યાલયોમાં વધારે પ્રમાણમાં પ્રવેશ અપાય.
- શૈક્ષણિક પદ્ધતિઓના અભ્યાસક્રમમાં તરલતા લાવવામાં આવે અને તે સ્થાનિક વાતાવરણને અનુરૂપ હોય.
- અનુભવી શિક્ષકોને એમ.એડ. માટે પ્રોત્સાહન આપવામાં આવે.
- અખિલ ભારતીય ધોરણે પ્રોફેસરો અને વ્યાખ્યાતાઓ મૌલિક ચિંતન અને કાર્ય કરે.

(4) **ઈજનેરી અને તકનિક** : ઈજનેરી અને તનિકીના શિક્ષણ અંગે આયોગે આ પ્રમાણેની ભલામણો કરી છે :

- વર્તમાન ઈજનેરી અને તકનિકી શિક્ષણ સંસ્થાઓને રાષ્ટ્રીય સંપત્તિ માની તેની ઉપયોગિતા વધારવામાં આવે.
- ફોરમેન, ડ્રાફ્ટ્સમેન અને ઓવરશિયરોના શિક્ષણ માટે ઈજનેરી સંસ્થાઓની સંખ્યામાં વધારો કરાય.
- ઈજનેરી સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કારખાનાઓમાં પ્રત્યક્ષ વ્યવહારિક જ્ઞાનની તકો પુરી પાડવામાં આવે.
- વિવિધ ઉદ્યોગોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી ઈજનેરી અને તકનિકી શિક્ષણ સંસ્થાઓનો અભ્યાસક્રમ વ્યાપક બનાવવામાં આવે.
- ઈજનેરી શિક્ષણના અભ્યાસક્રમમાં સુધારો કરવામાં આવે.
- ઈજનેરી શિક્ષણના પ્રથમ વર્ષમાં બધી જ ઈજનેરી શાખાઓના શિક્ષણ ઉપરાંત વિશિષ્ટ શાખાનું શિક્ષણ અપાય.
- વર્તમાન ઈજનેરી અને તકનિકી કૉલેજોમાં અનુસ્નાતક શિક્ષણ અને સંશોધનની શ્રેષ્ઠ અને ઉચિત વ્યવસ્થા કરવામાં આવે.
- ઈજનેરી અને તકનિકી શિક્ષણની સંસ્થાઓની સંખ્યામાં ઝડપી વધારો કરવામાં આવે.

(5) **કાયદાકીય શિક્ષણ** : કાયદાકીય શિક્ષણ પરત્વે આયોગ આ પ્રમાણે ભલામણો કરી છે :

- દેશની બધી જ કાનૂની કાર્લોની પુનઃરચના કરવામાં આવે.
- કાનૂન વિભાગમાં અધ્યાપકોની નિમણૂક યુનિવર્સિટીઓ દ્વારા કરાય.
- વિદ્યાર્થીઓએ બન્ન વર્ષનું સામાન્ય શિક્ષણ મેળવ્યા પછી જ કાયદાનું શિક્ષણ લેવાની પરવાનગી અપાય.
- કાનૂનના ખાસ વિષયોનો અભ્યાસક્રમ ત્રણ વર્ષનો હોય.

- કાનૂનના અધ્યાપકો પૂર્ણકાલીન (Full Time) અને અંશકાલીન (Part Time) એમ બંને પ્રકારના રાખી શકાશે.
- પૂર્ણકાલીન અધ્યાપકો પાયાના વિષયો ભણાવશે અને અંશકાલીન અધ્યાપકો વ્યાવહારિક જ્ઞાન આપશે.
- કાયદાકીય શિક્ષણ લેનાર વિદ્યાર્થીને તેના અધ્યયનકાળ દરમિયાન બીજો 'કોર્સ' કરવાની રજા અપાશે નહિ.

(6) **દાક્તરી શિક્ષણ** : દાક્તરી શિક્ષ (Medical Education) ના અનુસંધાનમાં આયોગે આ પ્રમાણે દિશાનિર્દેશ કર્યો છે :

- કોઈપણ મેડિકલ કૉલેજમાં 100 થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ ન આપવો.
- કૉલેજના જે વિભાગોનાં સંબંધ હોસ્પિટલ સાથે હોય તે બધા એક જ સ્થળે હોવા જોઈએ.
- કૉલેજમાં પ્રવેશ લેનાર પ્રત્યેક વિધાર્થી દીઠ 10 પથારીઓ હોવી જોઈએ.
- સ્નાતક પૂર્વ અને અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓને ગ્રામ વિસ્તારોમાં પ્રશિક્ષિત કરવામાં આવે.
- અનુસ્નાતક શિક્ષણની જવાબદારી યોગ્ય સાધનો અને વ્યવસ્થા ધરાવનાર કોલેજોને જ આપવામાં આવે.
- સાર્વજનિક આરોગ્ય અને સ્વાસ્થ્યને વધારે મહત્ત્વ આપવામાં આવે.
- દેશી ઉપચાર પદ્ધતિઓમાં સંશોધન માટે સગવડો ઊભી કરવામાં આવે.
- મેડિકલ કોલેજના પ્રથમ વર્ષમાં દાક્તરી વિજ્ઞાનનો ઈતિહાસ અને ભારતીય ઉપચાર પદ્ધતિઓ વિશેષ ધ્યાનથી ભણાવવામાં આવે.

(7) **ધાર્મિક શિક્ષણ** : હિંદુ અને મુસ્લિમ કાળમાં ધાર્મિક શિક્ષણ એ ભારતીય શિક્ષણ પદ્ધતિનું વિશેષ અંગ હતું. વ્યક્તિના વ્યક્તિગત અને સામાજિક જીવનને નિયંત્રિત કરવા માટે ધાર્મિક શિક્ષણ અગત્યનું ગણાતું. અંગ્રેજોએ તટસ્થતાની નીતિ સ્વીકારી ધાર્મિક શિક્ષણને કોઈ સ્થાન આપ્યું નહિ, પરંતુ સાંપ્રત ભૌતિક વાદના યુગમાં આધ્યાત્મિક (spiritual) વિકાસ માટે ધાર્મિક શિક્ષણની આવશ્યકતા જણાવવા લાગી છે. ભારત એક ધર્મ નિરપેક્ષ રાજ્ય છે, એનો અર્થ એવો નથી કે ધર્મની અવહેલના કરવામાં આવે. ધાર્મિક સંકુચિતતા છોડી દરેકને પોતાના ધર્મનું આચરણ કરવાની છૂટ આપવામાં આવે છે. આપણા બંધારણના આધારભૂત સિદ્ધાંતો અનુસાર આધ્યાત્મિક શિક્ષણ જરૂરી બની રહે છે. આ ષ્ટિકોણને ધ્યાનમાં રાખી આયોગે ધાર્મિક શિક્ષણના વિષયમાં આ પ્રમાણે ભલામણો કરી :

- બધી જ શિક્ષણ સંસ્થાઓ પ્રાર્થના કે મૌન ચિંતનથી પોતાનો દૈનિક કાર્યક્રમ શરૂ કરે.
- ડિગ્રી કોર્સના પ્રથમ વર્ષમાં વિશ્વની મહાન વિભૂતિઓ - બુદ્ધ, સોક્રેટિસ, કોન્ફુશિયસ, યુ. શંકર, રામાનુજ, માધવ, કબીર, નાનક, ગાંધીની જીવનકથા ભણાવવામાં આવે.
- બીજા વર્ષમાં વિશ્વના ધાર્મિક ગ્રંથોમાંથી સાર્વભૌમિક મહત્ત્વ ધરાવતા કેટલાક અંશો ભણાવવામાં આવે.
- ત્રીજા વર્ષમાં પ્રમુખ સમસ્યાઓનો અભ્યાસ કરાવવામાં આવે.

(8) **શિક્ષણનું માધ્યમ** : આયોગને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં શિક્ષણના માધ્યમની (Medium) સમસ્યા ઉપર અતિ ગંભીર વિચાર કરવો પડ્યો છે. અન્ય સમસ્યાઓ કરતાં આ સમસ્યા ઉપર શિક્ષણવિદોમાં અપાર મતભેદો હતા. માધ્યમની સમસ્યા ઉપર વિચાર કરતી વખતે આયોગને જુદા જુદા રાજયો અને જાતિઓના શિક્ષણના માધ્યમ વિષે પણ નિષ્પક્ષ રીતે વિચાર કરવાનો હતો, તેથી આયોગે માધ્યમ અંગે આ પ્રમાણેના નિષ્કર્ષો આપ્યા.

- હિન્દી ભાષામાં બીજા સ્રોતોમાંથી આવેલા શબ્દોનો સમાવેશ કરી તેને સમૃદ્ધ બનાવવામાં આવે.
- આંતરરાષ્ટ્રીય તકનિકી અને વૈજ્ઞાનિક પારિભાષિક શબ્દો સ્વીકારી લેવામાં આવે અને ભારતીય ભાષાઓની ધ્વનિ, પ્રકૃતિ તથા ઉચ્ચારણ અનુસાર તેનું ભારતીયકરણ કરવામાં આવે.
- ઉચ્ચ શિક્ષણના માધ્યમરૂપે અંગ્રેજીના સ્થાને કોઈ ભારતીય ભાષાનો પ્રયોગ શરૂ કરાય.
- કેટલીક મુશ્કેલીઓના કારણે સંસ્કૃતને શિક્ષક્ષણના માધ્યમ તરીકે સ્થાપી શકાય નહિ.
- ઉચ્ચતર માધ્યમિક અને વિશ્વવિદ્યાલય કક્ષાએ વિદ્યાર્થીઓને (ક) પ્રાદેશિક ભાષા (માતૃભાષા), (ખ) સંઘીય ભાષા (હિન્દી રાજભાષા), અને (ગ) અંગ્રેજી ભણાવવામાં આવે.
- ઉચ્ચ શિક્ષણનું માધ્યમ પ્રાદેશિક ભાષા હોય, પરંતુ રાષ્ટ્રભાષાને એક અથવા વધારે વિષયોના શિક્ષણનું માધ્યમ બનાવી શકાય.

- સંઘીય ભાષા (હિન્દી) આવે. માત્ર દેવનાગરી લિપિમાં જ લખાય અને તેના વર્તમાન દોષો દૂર કરવામાં આવે.
- સંઘીય અને પ્રાદેશિક ભાષાઓના વિકાસ માટે ઝડપી ક્રિયાત્મક કદમ ઉઠાવવામાં આવે.
- વૈજ્ઞાનિકો તેમજ ભાષા વિશેષજ્ઞોની એક સમિતિ બનાવવામાં આવે. તેઓ બધી ભારતીય ભાષાઓમાં સમાનરૂપે વપરાતા એક વૈજ્ઞાનિક શબ્દકોષ તૈયાર કરે.
- રાજ્ય સરકારો ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, ડિગ્રી કૉલેજો અને વિશ્વવિદ્યાલયોમાં સંઘીય ભાષાના શિક્ષણની વ્યવસ્થા કરે.
- નવા જ્ઞાનના સંપર્કમાં રહેવા માટે હાઈસ્કૂલ અને યુનવર્સિટી કક્ષાએ અંગ્રેજીનું શિક્ષણ યથાવત્ રખાય.

(9) **પરીક્ષા** : ભારતીય શિક્ષણમાં પરીક્ષાઓનું પ્રાધાન્ય છે. આયોગે વિશ્વવિદ્યાલયોની પરીક્ષા પદ્ધતિમાં અનેક દોષો સ્વીકાર્યા છે તેથી આયોગે નોંધ્યું છે કે, “અમને જો ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં માત્ર એક જ વાતને ધ્યાનમાં રાખીને ભલામણ કરવાનું કહેવામાં આવે તો તે ભલામણ પરીક્ષા સંબંધી જ હોય.” પરીક્ષાઓને દોષમુક્ત બનાવવા માટે આયોગે નીચે પ્રમાણે ભલામણો કરી છે :

- શિક્ષણ મંત્રાલય અને વિશ્વવિદ્યાલયો પરીક્ષા લેવાની વૈજ્ઞાનિક પદ્ધતિઓનો સૂક્ષ્મ અભ્યાસ કરે અને એ અધ્યયનનાં પરિણામો પરીક્ષા પદ્ધતિમાં ક્રિયાન્વિત કરે, તેમાં સુધારો કરવામાં આવે.
- પ્રત્યેક વિશ્વવિદ્યાલયમાં ત્રણ સભ્યોનું એક પૂર્ણકાલીન બોર્ડ સ્થાપવામાં આવે, જે નીચેના જેવાં કાર્યો કરશે :
- (અ) વિશ્વવિદ્યાલયો અને કોલેજના અધ્યાપકોને વસ્તુલક્ષી પરીક્ષાઓ યોજવાની નવીન પદ્ધતિઓ અખત્યાર કરવા માટે તેમજ પાઠ્યક્રમમાં સંશોધન માટે સામગ્રી અને સલાહ આપે.
- (બ) સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓની સામયિક પ્રગતિ પરીક્ષાઓ દ્વારા તપાસવામાં આવે.
- વિદ્યાર્થીઓની પ્રગતિનું મૂલ્યાંકન કરવા માટે વસ્તુલક્ષી પરીક્ષાઓના પ્રશ્નપત્રોના નમૂના તૈયાર કરવામાં આવે.
- રાજકીય પદો માટે વિશ્વવિદ્યાલયની ડિગ્રીની અનિવાર્યતા દૂર કરવામાં આવે. સેવા આયોગ ફી લઈને ઉચ્ચ પરીક્ષાઓની વ્યવસ્થા કરે અને તેમાં ઉત્તીર્ણ થનારની જ પસંદગી કરાય.
- પરીક્ષાનો 1/3 ગુણભાર વર્ગકાર્ય માટે ફાળવવામાં આવે.
- ત્રિવર્ષીય ડિગ્રી કોર્સની પરીક્ષાઓ ત્રણ વર્ષના અંતે નહિ પરંતુ પ્રત્યેક વર્ષના અંતે સંપૂર્ણ સ્વતંત્ર સ્વરૂપે લેવામાં આવે અને વિદ્યાર્થીને પ્રત્યેક વિષયમાં પાસ થવું જરૂરી ગણાય.
- જેણે સતત 5 વર્ષ સુધી વિષય ભણાવ્યો હોય તે જ વ્યક્તિ તે વિષયનો પરીક્ષક બની શકે.
- પરીક્ષાઓનું સ્તર ઊંચે લઈ જવાના હેતુસર પ્રથમ, દ્વિતીય અને તૃતીય શ્રેણી માટે ઓછામાં ઓછા ગુણ ક્રમશઃ 70, 55 અને 40 નક્કી કરવામાં આવે.
- સ્નાતકોત્તર અને વ્યાવસાયિક પરીક્ષાઓમાં મૌખિક પરીક્ષાઓ લેવામાં આવે.

(10) **વિધાર્થી ક્લ્યાણ** : “નવયુવાનોનું શિક્ષણ અને નૂતન સત્યની શોધ એ વિશ્વવિદ્યાલયોનું મુખ્ય કાર્ય છે. આજનો વિદ્યાર્થી આવતી કાલનો નાગરિક છે. વિદ્યાર્થી નિર્માણ માટે હોય છે તેથી તે અત્યંત જરૂરી છે કે વિદ્યાર્થીઓની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિઓના શ્રેષ્તમ વિકાસ માટે કામ કરે.” આયોગે વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ અને ચરિત્ર નિર્માણ માટે નીચેના નિર્દેશો આપ્યા છે :

- કૉલેજો અને વિશ્વવિદ્યાલયોમાં કોઈપણ જાતના ભેદભાવ વગર વિદ્યાર્થીને પ્રવેશ અપાય.
- પ્રથમ ડિગ્રી કોર્સ માટે જુદા જુદા પ્રકારના અભ્યાસક્રમોની વ્યવસ્થા કરવામાં આવે.
- યુનિવર્સિટીઓ અનુસ્નાતક, વ્યાવસાયિક તેમજ સંશોધન કાર્ય ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે.
- ગરીબ વિદ્યાર્થીઓને તેમની વિદ્યાકીય સફળતાઓના આધારે શિષ્યવૃત્તિઓ આપવામાં આવે.
- વર્ષના આરંભે તેમજ વર્ષ અંતર્ગત પ્રત્યેક વિદ્યાર્થીની નિઃશુલ્ક દાક્તરી તપાસ કરવામાં આવે.
- દરેક યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ માટે એક દવાખાનું હોય.
- ચેપી રોગોથી પીડાતા વિધાર્થીઓને વિશ્વવિદ્યાલય અથવા કૉલેજમાં પ્રવેશ ન આપવામાં આવે.

- શિક્ષણ સંસ્થાઓનાં ભવનો, છત્રાવાસ જેવાં સ્થાનોની નિયમિત સફાઈ કરવામાં આવે અને તેનો અહેવાલ નિયમિતરૂપે ઉપકુલપતિને આપવામાં આવે.
- બપોરે યોગ્ય ડિગતે વિધાર્થીઓને પૌષ્ટિક ભોજન આપવામાં આવે.
- વિધાર્થીઓને ચેપી રોગોનાં રસી આપવામાં આવે.
- પ્રત્યેક યુનિવર્સિટીમાં એક 'ડાયરેક્ટર એક ફિઝીકલ એજ્યુકેશન'ની નિયુક્તિ કરવામાં આવે.
- વિદ્યાર્થીઓ માટે ખેલકૂદ અને જિમ્નેશિયમની વ્યવસ્થાઓ પૂરી પાડવામાં આવે છે.
- શિક્ષણ સંસ્થામાં એન.સી.સી.ની સ્થાપના કરાય.
- જેઓ એન.સી.સી માં જોડાય તેમના માટે બે વર્ષની શારીરિક શિક્ષણ તાલીમ નિવાર્ય બનાવવામાં આવે.એન.સી.સી.નો બધો જ ખર્ચ કેન્દ્ર સરકાર આપે.
- વિદ્યાર્થીઓને સમાજસેવા માટે પ્રેરિત કરાય.
- વિશ્વવિધાલયમાં છાત્રવાસની યોગ્ય વ્યવસ્થાઓ હોય અને એક છાત્રાલયમાં 50 થી વધારે વિધાર્થીઓ ન હોય.
- વિશ્વવિધાલયોનાં વિદ્યાર્થીઓ રાજનીતિથી પોતાની જાતને અલગ રાખે.
- દરેક વિશ્વવિદ્યાલયમાં વિદ્યાર્થી કલ્યાણ સમિતિની સ્થાપના કરાય.
- શિસ્ત શીખવવા માટે વિદ્યાર્થીઓને રચનાત્મક કાર્યમાં જોડવામાં આવે.

**(10) સ્ત્રી શિક્ષણ** : સ્ત્રી શિક્ષણ ભાર મૂકતાં પંચે લખ્યું છે કે – 'શિક્ષિત સ્ત્રીઓ વિના શિક્ષિત િ બની શકે નહિ. જો સામાન્ય શિક્ષણ સ્ત્રીઓ અથવા પુરુષો સુધી સીમિત રખાતું હોય તો, સ્ત્રીઓને પણ શિક્ષણ પ્રાપ્ત કરવાનો અવસર મળવો જોઈએ, કારણ કે આ રીતે જ શિક્ષણને આગામી પેઢીઓ સુધી ઈસ્તાન્તરિત કરી શકાશે.' સ્ત્રી શિક્ષણનું મહત્ત્વ અને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને 'પંચે' આ વિષયમાં નીચે મુજબ ભલામણો કરી છે :

સ્ત્રીઓને તેઓ સુમાતા અને સુગૃહિણી બને તેવું શિક્ષણ આપવું.

પુરુષોની કૉલેજમાં સ્ત્રીઓની સામાન્ય સુવિધા સાચવવી.

સ્ત્રીઓને શિક્ષણની વ્યાપક તકો પૂરી પાડવી.

સ્ત્રીઓને પોતાના હિતમાં હોય તેવું શિક્ષણ પ્રાપ્ત કરવા માટે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવું.

શિક્ષણની બાબતમાં સ્ત્રીઓ પુરુષોનું આંધળું અનુકરણ ન કરે પરંતુ તેઓ સ્ત્રીયોચિત શિક્ષણ મેળવે.

સ્ત્રીઓ અને પુરુષોના શિક્ષણમાં અનેક બાબતોમાં સમાનતા હોઈ શકે, પરંતુ તે સંપૂર્ણપણે એક સરખું ન હોઈ શકે.

શૈક્ષણિક સંસ્થાઓનો અભ્યાસક્રમ એવો હોવો ોઈએ, જેથી સ્ત્રીઓ સમાજમાં પોતાની ઓળખ ઊભી કરી શકે.

ગૃહ અર્થશાસ્ત્ર, નર્સિંગ અને લલિત કલાઓના શિક્ષણ કોર્સની વ્યવસ્થા કરવી.

સહશિક્ષણ આપતી સંસ્થાઓમાં સ્ત્રીઓ પ્રત્યે શિષ્ટ વ્યવહાર કરવામાં આવે.

અધ્યાપિકાઓને અધ્યાપકો જેટલો જ પગાર અપાય.

**(11) ગ્રામ યુનિવર્સિટી (Rural University) :** પંચનું કહેવું છે કે, ભારતની યુનિવર્સિટીઓ મોટા શહેરોમાં આવેલી હોઈ તેમને અહીંના ગામડાઓ સાથે કોઈ નિસ્બત નથી. ભારત ગામડાઓનો દેશ છે તેથી ભારતનાં ગામડાઓનો વિકાસ કરવા તથા તેમની જરૂરિયાતોની પૂર્તિ કરવા માટે ગ્રામ કોલેજે અને યુનિવર્સિટીઓ સ્થાપવામાં આવે. આ વિચારથી પ્રભાવિત થઈને આયોગે ગ્રામવાસીઓના શિક્ષવ અંગે આ પ્રમાણે નોંધ્યું છે :

- ગામડાઓમાં નાના કદની અને આવાસી સ્નાતક-પૂર્વ કૉલેજો શરૂ કરવામાં આવે અને આ કૉલેજોના કેન્દ્રમાં એક ગ્રામ વિદ્યાપીઠ ઊભી કરાય.

- એક કૉલેજમાં ઓછામાં ઓછા 300 વિદ્યાર્થીઓની સંખ્યા રાખવી અને ગ્રામ વિદ્યાપીઠની કુલ વિદ્યાર્થી સંખ્યા 2500 થી વધવી જોઈએ નહિ.
- દરેક કૉલેજમાં વિષયવાર અધ્યાપક હોવો જોઈએ તથા ગ્રામ વિદ્યાપીઠ ખાતે પુસ્તકાલય, પ્રયોગશાળા અને ચિકિત્સાલયની સંયુક્ત વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.
- ગ્રામીણ કોલેજોનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને સામાન્ય શિક્ષણ ઉપરાંત વ્યક્તિગત રસ, રુચિ અને મનોવૃત્તિઓનો શ્રેષ્તમ વિકાસ કરવાનો હોવો જોઈએ.
- ગ્રામીણ કોલેજોમાંથી પાસ થનાર વિદ્યાર્થીઓ માટે માખીબ વિદ્યાપીઠમાં વ્યાવસાયિક શિક્ષણના જુદા જુદા વિષયોની સગવડ હોવી જોઈએ.
- સ્નાતકપૂર્વ અને અનુસ્નાતક શિષણનો અભ્યાસક્રમમાં એવું વિભાજન હોવું જોઈએ કે વિદ્યાર્થી સ્નાતક પછી અનુસ્નાતક શિક્ષણ પ્રહણ કરી શકે.

## ૩.૨ માધ્યમિક શિક્ષણ પંચ (૧૯૫૨-૫૩)

**પ્રસ્તાવના** :

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી માધ્યમિક શિક્ષણનો ખૂબ જ ઝડપી વિકાસ થવા લાગ્યો. 1947માં 18,241 માધ્યમિક શાળાઓ અને લગભગ 30 લાખ જેટલા વિદ્યાર્થીઓ માધ્યમિક શિક્ષણ લઈ રહ્યા હતા. 1951માં 2,084 માધ્યમિક શાળાઓ અને 52 લાખ જેટલા વિદ્યાર્થીઓની વૃદ્ધિ થઈ. આ ઝડપી વૃદ્ધિ થવાની સાથે શિક્ષણની ગુણવત્તા સચવાઈ ન શકી. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી દેશની રાજકીય અને સામાજિક પરિસ્થિતિ નવો વળાંક લઈ રહી હતી. આ બદલાતી પરિસ્થિતિ સાથે કેળવણીએ પણ બદલાવું જોઈએ, નહિ તો તે રાષ્ટ્ર ઘડતરમાં પોતાનું યોગદાન આપી શકે નહિ તે સ્પષ્ટ વાત છે. આ સંદર્ભમાં તે સમયના કેન્દ્રિય શિક્ષણ સલાહકાર બૉર્ડ (Central Advisory Board of Education) ભારત સરકાર સમક્ષ માધ્યમિક શિક્ષણ માટે પંચ નીમવાની 1918માં સૌપ્રથમ માગણી મૂકી, પરંતુ તાત્કાલિક એનું કશું જ પરિણામ ન આવ્યું 1951માં બૉર્ડે બીજીવાર માગણી મૂી અને તેમાં ભારપૂર્વક જણાવ્યું કે, માધ્યમિક શિષણનું જૂનું માળ હવે હરગીઝ ચાલી શકે તેમ નથી. માધ્યમિક શિક્ષણ એકમાર્ગીય (unilateral) બની ચૂક્યું છે. માધ્યમિ શિક્ષણ મેળવનાર વિદ્યાર્થી કાં તો યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા અથવા નોકરીની શોધમાં ભટકતા ફરે છે અથવા બેકાર રખડે છે. આ અસહ્ય પરિસ્થિતમાંથી માધ્યમિક શિક્ષણને કોઈપણ હિસાબે બહાર લાવવું જોઈએ અને તેનું સ્વરૂપ બદલવું જોઈએ. વિદ્યાર્થીઓની રુચિઓ અને રસ અનુસારનું શિક્ષણ હોવું જોઈએ, જૈનાર્થી શિક્ષણનો સાચો લાભ તેઓ લઈ શકે.

**પંચની નિમણૂક** :

કેન્દ્રીય શિક્ષણ સલાહકાર બૉર્ડની આ વિનંતીનો સ્વીકાર કરીને ભારત સરકારે 23 સપ્ટેમ્બર, 1952ના રોજ ડૉ. **લક્ષ્મણ સ્વામી મુદલિયાર** (Dr. Lakshmanswami Mudaliar) મદ્રાસ યુનિવર્સિટીના ઉપલપતિના અધ્યક્ષપણા નીચે **'માધ્યમિક શિક્ષણ પંચ'** (Secondary Education Commission) નીમ્યું. અધ્યક્ષના નામ પરથી આ પંચને **'મુદલિયાર શિક્ષણ પંચ'** (Mudaliar Education Commission) પણ કહે છે.

**પંચના ઉદ્દેશો** :

**પંચના મુખ્ય બે ઉદ્દેશ હતા** :
ભારતની વર્તમાન માધ્યમિક શિક્ષણની પરિસ્થિતિનો અભ્યાસ કરી તેના પર પ્રકાશ પાડવો.
માધ્યમિક શિક્ષણના પુનઃ સંગઠન અને સુધારણા માટે નીચેની બાબતોમાં ભલામણો કરવી

- માધ્યમિક શિક્ષણના ઉદ્દેશો, સંગઠન અને વિષયવસ્તુ.
- માધ્યમિક શિક્ષણનો પ્રાથમિક બુનિયાદી શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ સાથેનો સંબંધ.
- વિવિધ પ્રકારની માધ્યમિક શાળાઓનો પારસ્પરિક સંબંધ.
- માધ્યમિક શિક્ષણની અન્ય સમસ્યાઓ.

પંચે માધ્યમિક શિક્ષણની સમસ્યાઓને ધ્યાનમાં રાખીને એક પ્રશ્નાવલિ તૈયાર કરી દેશના કેળવણીકારો, શિક્ષકો અને શિક્ષણ સંસ્થાઓ પર મોકલી. એના દ્વારા તત્કાલીન માધ્યમિક શિક્ષણની પરિસ્થિતિનો તાગ મેળવ્યો. આ ઉપરાંત પંચે સમગ્ર દેશમાં ફરીને મુલાકાતો દ્વારા માધ્યમિક શિક્ષણની વિવિધ સમસ્યાઓનો અભ્યાસ કર્યો. એ પછી પંચે 14 પ્રકરણોમાં કુલ 244 પાનાંનો પોતાનો અહેવાલ તૈયાર કરીને 28 ઓગષ્ટ, 1953 ના રોજ ભારત સરકારને સુપ્રત કર્યો.

**પંચની ભલામણો** :

માધ્યમિક શિક્ષણનાં વિભિન્ન અંગો અને તેની સમસ્યાઓનો અભ્યાસ કર્યા પછી પંચે જે ભલામણો કરી છે, તે ટુંકમાં નીચે પ્રમાણે છે:
માધ્યમિક શિક્ષણના દોષ : પંચે તત્કાલીન માધ્યમિક શિક્ષણના જે દોષો બતાવ્યા છે તે નીચે પ્રમાણે છે :

- માધ્યમિક શિક્ષણને વાસ્તવિક જીવન સાથે કોઈ સંબંધ નથી.
- બાળકોને વ્યાવહારિક જીવનનું લેશમાત્ર જ્ઞાન મળતું નથી.
- જૂની શિક્ષણ પદ્ધતિ વિદ્યાર્થીને પ્રતિભાશાળી બનાવી શકતી નથી.
- અભ્યાસક્રમ બાળકો જે વિશ્વમાં જીવે છે તે સંબંધી કોઈ જ્ઞાન નથી આપતો.
- માધ્યમિક શિક્ષણ એકાંગી અને સંકુચિત છે. વિદ્યાર્થીઓની રુચિને અનુકૂળ નથી.
- બાળકોના સર્વાંગી વિકાસ અને વ્યક્તિનો વિકાસ કરવામાં શિક્ષણ નિષ્ફળ નિવડયું છે.
- અંગ્રેજી ભાષા શિક્ષણનું માધ્યમ અને ફરજિયાત વિષય છે. જે વિદ્યાર્થીઓને તેનું યોગ્ય જ્ઞાન હોતું નથી તેઓ તેની પાછળ કઠોર પરિશ્રમ કરી સમય અને શક્તિ વેડફે છે.
- શિક્ષણ પદ્ધતિ એટલી દોષપૂર્ણ છે કે તે વિદ્યાર્થીના વિચારોની સ્વતંત્રતા અને ક્રિયા કરવાની સ્વતંત્રતાને રુંધે છે.
- શિક્ષણ પદ્ધતિ સહકારની ભાવનાને બદલે હરીફાઈનું તત્ત્વ દાખલ કરે છે.
- વર્ગમાં સંખ્યા વધવાથી શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે નિકટનો સંબંધ નથી.
- વર્તમાન શિક્ષણ પ્રણાલીમાં વિદ્યાર્થીના ચારિત્ર્ય નિર્માણ તરફ સહેજ પણ ધ્યાન અપાતું નથી, પરિણામે વિદ્યાર્થીઓ અશિસ્ત તરફ પ્રેરાય છે.
- પરીક્ષા પદ્ધતિ અત્યંત દોષપૂર્ણ છે. તે વાસ્તવિક જ્ઞાનની પરીક્ષા નથી, વ્યક્તિત્વને કચડી નાખવાની રીત છે.

માધ્યમિક શિક્ષણ પંચે જે દોષોનો નિર્દેશ કર્યો છે તે એ સમયે પણ હતા અને આજે પણ મોટે ભાગે છે. આ પંચ નિમાયું તે પહેલાં પણ માધ્યમિક શિક્ષણના દોષો બતાવવામાં આવ્યા હતા, પણ તેને સુધારવામાં નિષ્ફળતા મળી હતી. પંચ માધ્યમિક શિક્ષણના દોષો શોધી, તેમાં પાયાના ફેરફાર કરી માધ્યમિક શિક્ષણનું સંપૂર્ણ કોપર બદલી નાખવા માગતું હતું કે જેથી માધ્યમિક શિક્ષણ દેશની જરૂરિયાતોને પહોંચી વડે.

**માધ્યમિક શિક્ષણના ઉદ્દેશો** : માધ્યમિક શિક્ષણપંચે માધ્યમિક શિક્ષણના ઉદ્દેશો નીચે મુજબ દર્શાવ્યા છેઃ

**(1) લોકશાહી નાગરિકતાનો વિકાસ** : ભારત સ્વતંત્ર અને ધર્મનિરપેક્ષ લોકશાહી દેશ છે. માધ્યમિક શિન્ન દ્વારા એવા નાગરિકોનું નિર્માસ થયું બ્રેઈએ જે ભારતના નવીન વાતાવરણને અનુ હોય. આદર્શ નાગરિકોમાં વિચારો, સ્વચ્છતા, વક્તવ્ય, લેખન સ્પષ્ટતા, સામાજિકતા, વિસ્ત સહકાર, સહિષ્ણુતા, માચી દેશભક્તિ અને વિશ્વનાગરિતાના ગુણો હોય. ટૂંકમાં, માધ્યમિક શિરનો ઉદ્દેશ – તી વ્યવસ્થામાં નાગરિકનો વિકાસ કરવાનું છે.

**(2)વ્યાવસાયિક કુશળતામાં વૃદ્ધિ કરવી** : માધ્યમિક શિક્ષણનો એક બીજો ઉદ્દેશ – નાગરિકોમ વ્યાવસાયિક કુળતા વધારવાનો છે. વિદ્યાર્થીઓને વ્યાવસાયિક શિક્ષણ આપવું જોઈએ. આ શિલા તેમને કોઈ સ્વતંત્ર વ્યવસાય કરવા સક્ષમ બનાવશે, જેથી તેમને નોકરી માટે અહીં નહીં ભર્યું નહિ પડે.

**(3) વ્યક્તિત્વનો વિકાસ** : માધ્યમિક શિક્ષણનો ત્રીજો ઉદ્દેશ – નાગરિકોનો સર્વાંગી વિકાસ કરવાનો છે. સર્વાંગી વિકાસ જ વ્યક્તિત્વને વિકસાવી શકે. વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક, સાહિત્યિક અને ક્લાનો વિકાસ થવો જોઈએ. જીવનકલા શીખવે તે શિક્ષણ.

**(4) નેતૃત્વની તાલીમ** : માધ્યમિક શિક્ષણનો ચોથો ઉદ્દેશ – વિદ્યાર્થીઓને શિસ્તની સાથે નેતૃત્વની તાલીમ આપવાનો છે. શાળાઓમાં એવા અનેક પ્રસંગો આવે છે જ્યારે વિદ્યાર્થીઓને સમાજનું નેતૃત્વ સંભાળવાની જવાબદારી આવી પડે છે. વિદ્યાર્થીઓને આવા વધુમાં વધુ પ્રસંગોએ જવાબદારી સોંપવી જોઈએ, જેથી તેમનામાં નેતૃત્વના ગુણો વિકસે. આવા વિદ્યાર્થીઓ તેમના વાસ્તવિક જીવનમાં ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં અપ્રતિમ સફળતા હાંસલ કરી શકશે. કારણ કે તેઓ સામાજિક, રાજકીય, ઔદ્યોગિક અથવા સાંસ્કૃતિક ક્ષેત્રોમાં તેમના પર આવેલી જવાબદારી સ્વીકારવામાંથી પાછી પાની નહિ કરે.

**ભારતીય શિક્ષણનું નવસંસ્કરણ** : પંચે માધ્યમિક શિક્ષણનું નવસંસ્કરણ કરવા માટે નીચેના જેવી ભલામણો કરી છે :

- માધ્યમિક શિક્ષણની અવધિ 7 વર્ષની હોવી જોઈએ.
- આ શિક્ષણ 11 થી 17 વર્ષનાં બાળકો માટે હશે.
- અભ્યાસકાળ બે વિભાગોમાં વહેંચાય : (ક) 3 વર્ષનું જુનિયર માધ્યમિક શિક્ષણ (મિડલ સ્કૂલ) અને (ખ) 4 વર્ષનું ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ.
- વર્તમાન ઈન્ટરમીડિયેટ કક્ષાઓ નોને 11મું ધોરણ હાઈસ્કૂલમાં, 12મું ધોરણ કૉલેજમાં ભેળવવું.
- ડિગ્રી કોર્સ 3 વર્ષનો કરવો. શાળામાંથી કૉલેજમાં પ્રવેશ કરનાર વિદ્યાર્થી માટે 1 વર્ષનો 'પૂર્વ વિશ્વવિદ્યાલય (Pre-University) અભ્યાસક્રમ રાખવો.
- વિવિધલક્ષી શાળાઓ (Multi-purpose Schools) સ્થાપવી. આ શાળાઓનાં અભ્યાસક્રમ વિદ્યાર્થીઓના વિવિધ ઉદ્દેશો, યોગ્યતાઓ અને ક્ષમતાઓને પ્રાપ્ત કરી શકે તેવો વૈવિધ્યસભર હોવો જોઈએ.
- ગ્રામશાળાઓમાં કૃષિશિતનો પ્રબંધ કરવી. બાગાયત વિજ્ઞાન, પશુ-પાલન તથા કુટિર ઉદ્યોગો શીખવવા જોઈએ.
- મોટી સંખ્યામાં ટેકનિકલ સ્કૂલોં શરૂ કરવી, તે સ્વતંત્ર રીતે ચાલે અથવા વિવિધલક્ષી શાળાની સાથે જોડી દેવામાં આવે.
- મોટા શહેરોમાં કેન્દ્રીય ટેકનિક્સ સંસ્થા શરૂ કરવી, જેથી અનેક શાળાઓને તેનો લાભ મળે.
- આવી શાળાઓ વિવિધ ઉદ્યોગોમાં જેડાયેલા કારખાનાં પાસે શરૂ કરવી. કારખાનાંઓ સાથે ઘનિષ્ઠ સંબંધ સ્થાપવો.
- કાયદાથી એવું નક્કી કરવું કે કારખાનાં વિદ્યાર્થીઓને વ્યાવહારિક શિક્ષણ આપે.
- ઉદ્યોગો પર ઉદ્યોગ શિક્ષણ વેરો (Industrial Education Cess) નાખીને તેમાંથી આવેલા ધનનો ઉપયોગ ટેનિકલ શિક્ષણમાં કરવો.
- પબ્લિક સ્કૂલોને કેટલાક સમય સુધી યથાવત્ ચાલવા દેવી, પણ ધીમે ધીમે તેનું માળખું શાળાઓ જેવું કરવું.
- છોકરા-છોકરીઓના અભ્યાસક્રમમાં કોઈપણ પ્રકારની જુદાઈની જરૂર નથી. સહશિક્ષણ જ રાખવું. અન્ય છોકરાઓ માટે ગૃહવિજ્ઞાન શિક્ષણની વ્યવસ્થા કરવી.

ભારતમાં લગભગ બધાં રાજ્યોમાં શિક્ષજ્ઞના માળખામાં વિવિધતા જોવા મળે છે. એને કારણે એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં જે બાળકોને જવું પડે છે તેમને અભ્યાસમાં ઘણી મુશ્કેલીઓ નડે છે. મુશ્કેલી દૂર કરવા સમગ્ર ભારતમાં શિક્ષણના માળખામાં સમાનતા લાવવા પંચે ઘણી ભલામણો કરી છે. ટેક્નિક્લ શિક્ષણ અને ધંધાકીય શિક્ષણ વગર દેશની ઔદ્યોગિક પ્રગતિ અશક્ય છે. વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે વિવિધલક્ષી શાળાઓની હિમાયત એ આ પંચની આગવી દેન છે.

**ભાષાઓનું શિક્ષણ** :

માધ્યમિક શિક્ષણ પંચે માધ્યમિક કક્ષાએ ભાષાઓના અધ્યયન અંગે નીચેના જેવી ભલામણો કરી છે :

માધ્યમિક શાળાઓમાં શિક્ષણનું માધ્યમ માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષા (Regional Language) હોવી જોઈએ. પરંતુ અનેક ભાષાભાષી લઘુમતીઓ (Linguistic Minorities) માટે કેન્દ્રીય શિક્ષણ સલાહકાર બોર્ડ'ની ભલામણો અનુસાર વિશિષ્ટ સગવડ આપવી જોઈએ.

મિડલ સ્કૂોમાં પ્રત્યેક વિદ્યાર્થીને ઓછામાં ઓછી બે ભાષાઓ શીખવવી. અંગ્રેજી, હિન્દીનું શિક્ષણ જુનિયર બેઝિક સ્તર બાદ જ આપવું જોઈએ. એ સિદ્ધાંત ધ્યાન પર રાખવો કે એક જ વર્ષમાં બે ભાષાઓના શિક્ષણનો આરંભ ન કરવો.

ઉચ્ચતર માધ્યમિક સ્તરે ઓછામાં ઓછી બે ભાષાઓ શીખવવી. તેમાંની એક માતૃભાષા અને બીજી ક્ષેત્રીય ભાષા હશે.

આમ, પંચે ભાષા સંબંધી જે ભલામણો કરી છે તે તેની દીર્ઘદૃષ્ટિ બતાવી છે. ત્રણે ભાષાના શિક્ષણ પર ભાર મૂકીને તેમજ વિશાળ ભારતની સ્થિતિને ધ્યાનમાં રાખીને બે ભાષાઓના શિક્ષણ પર ખાસ ભાર મૂક્યો છે. અંગ્રેજીને ત્રીજી ભાષા તરીકે વૈકલ્પિક રાખવામાં આવે, ઈચ્છા હોય તે ભણી શકે.

**માધ્યમિક શાળાઓનો અભ્યાસક્રમ** : માધ્યમિક શિક્ષણ પંચે માધ્યમિક શાળાઓના અભ્યાસક્રમ અંગે નીચેના જેવી ભલામણો કરી છે

- વિદ્યાર્થીઓની વિવિધ શક્તિઓનો વિકાસ થાય તેવો અભ્યાસક્રમ તૈયાર કરવો જોઈએ.
- તેમાં વિવિધતા અને સ્થિતિ સ્થાપકપણું હોવું જોઈએ.
- બાળકોની રુચિ અને જરૂરિયાતોને સંતોષ તેવો અભ્યાસક્રમ હોવો જોઈએ.
- સામાજિક જીવન સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવતો હોવો જોઈએ.
- વિદ્યાર્થીઓ કેવળ પ્રવૃત્તિઓ જ નહિ, પણ ફુરસદના સમયનો સદુપયોગ જોઈએ.
- અભ્યાસક્રમમાં એકબીજા વિષયોનો આંતરિક સંબંધ હોવો જોઈએ.

**અભ્યાસક્રમના વિષયો** : પંચે અભ્યાસક્રમના મહત્ત્વના સિદ્ધાંતો આપ્યા પછી અભ્યાસક્રમના વિષયો નીચે પ્રમાણે સૂચવ્યા.

(1) મિડલ સ્કૂલો અથવા જુનિયર હાઈસ્કૂલ : ભાષાઓ, સમાજવિજ્ઞાન, સામાન્ય વિજ્ઞાન, ગણીત, કલા, સંગીત, શિલ્પ અને શારીરિક શિક્ષણ.

(2) માધ્યમિક શાળાઓ : (ધોરણ 8 થી 11)

આ શાળાઓમાં અભ્યાસક્રમમાં વિવિધતા (Diversification) ની જરૂરિયાત છે, જેથી વિદ્યાર્થીઓની રુચિ તથા યોગ્યતાઓનો યોગ્ય વિકાસ થઈ શકે. આ ઉદ્દેશ્યની પ્રાપ્તિ માટે અભ્યાસક્રમમાં સાત વિષય હોવા જોઈએ :

(i) માનવ વિજ્ઞાન (ii) વિજ્ઞાન

(iii) ટેક્નિકલ વિષયો (iv) વાણિજ્યના વિષયો

(v) કૃષિવિજ્ઞાન (vi) લલિત કલાઓ

(vii) ગૃહવિજ્ઞાનમાંથી ભાષા, સામાન્ય વિજ્ઞાન, શિલ્પ જેવા વિષયો

બધા વિષયોને કેન્દ્ર વિષય તરીકે લેવા,
બાકીનામાંથી પોતે પસંદ કરે તે જૂથ,
પંચે આપેલા નવા અભ્યાસક્રમને કારણે વિદ્યાર્થીઓને આજીવિકા મેળવવી સરળ બનશે. તેમના વ્યક્તિત્વનો વિકાસ થશે, તેમનો સાંસ્કૃતિક વિકાસ થશે તેમજ તેઓ શારીરિક શ્રમનું મહત્ત્વ સમજતા થશે. દેશમાં ફેલાતી બેકારીની સમસ્યા હળવી થશે.

**શિક્ષણની પદ્ધતિ અંગેની ભલામણો** :
શિક્ષણ પદ્ધતિ અંગેની પંચની ભલામણો નીચે મુજબ છે :

- શિક્ષણ પદ્ધતિનો ઉદ્દેશ માત્ર કૌશલ્ય પ્રદાન કરવાનો નહીં, પરંતુ વિદ્યાર્થીઓમાં ઇચ્છનીય મૂલ્યો (Desirable values), ઉચત કિો (Iroper Altitudes) અને કાર્ય કરવાની ટેવ (Habit) પડે તેવી હોવી જોઈએ.
- શિક્ષણમાં મૌખિક (Verilism) અને કંઠસ્થ (Memorization) કરવાના કાર્યને બદ હેતુસરનું, મૂર્ત અને વાસ્તવિક કાર્ય અપાવું જોઈએ. એ માટે પ્રવૃત્તિ પદ્ધતિ અને પ્રોજેક્ટ પધ્ધતી અપનાવવી જોઇએ.
- બધા જ વિષયોમાં બોલવા અને લખવાની સ્પષ્ટતા પર ભાર મૂકાવવો જોઈએ.
- પદ્ધતિનો ઉદ્દેશ વિદ્યાર્થીને વધુ જ્ઞાન આપવાનો નહીં, પણ વ્યક્તિગત પ્રયત્ન કરીને સ્વયં જ્ઞાન પ્રાપ્ત કરે તેવો હોવો જોઈએ.
- વિદ્યાર્થીઓને સમૂહમાં કામ કરવાનો વધુમાં વધુ મોકો આપવો જોઈએ, જેથી સમૂહભાવનાનો વિકાસ થાય.

- પંચે આપેલા અભ્યાસક્રમને સફળ બનાવવા માટે શિક્ષણ પદ્ધતિઓ અંગેની પોતાની ભલામણો કરી પંચની ભલામણો વ્યવહારુ હતી. વિદ્યાર્થીએ કેટલું શીખ્યું તેના પર ભાર મૂક્યો છે.

**ચારિત્ર્ય-નિર્માણનું શિક્ષણ :**

પંચે, વિદ્યાર્થીને માત્ર જ્ઞાનાત્મક પાસું જ સબળ બનાવવાની ભલામણ કરી ન હતી, પરંતુ વિદ્યાર્થીના ચારિત્ર્યના ઘડતર પર પણ ભાર મૂક્યો છે. વિદ્યાર્થીના ચારિત્ર્ય નિર્માણન હેતુસર પંચે નીચે જણાવ્યા મુજબની ભલામણો કરી છે :

- બાળકોનું ચારિત્ર્ય નિર્માણ કરવું તે દરેક શિક્ષકની ફરજ છે, તેથી શાળાના તમામ કાર્યક્રમોમાં ચારિત્ર્ય-નિષ્ઠિનું શિક્ષણ આપવું જોઈએ.
- ઉત્તમ અનુશાસન માટે શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે ઘનિષ્ઠ સંબંધો સ્થપાય તે જરૂરી છે.
- સમૂહ રમતો અને સાઅભ્યાસિક પ્રવૃત્તિઓ (Courricular activities) ને પ્રોત્સાહન આપવામાં આવે અને તેમનામાં છૂપાયેલી શક્તિઓને શોધી કાઢીને તેમનો વિકાસ કરવામાં આવે.
- રાજકીય ચૂંટણી પ્રચારકાર્યમાં 17 વર્ષની નીચેના વિદ્યાર્થીઓનો ઉપયોગ ન થાય તે જોવું. તેને દંડનીય ગુનો જાહેર કરવો જોઈએ.
- સહઅભ્યાસ પ્રવૃત્તિઓને શાળા કાર્યક્રમોમાં યોગ્ય સ્થાન આપીને તેના માટે યોગ્ય સમયની ફાળવણી કરવી જોઈએ. શિક્ષકોને તેમાં જોડાવાનું ફરજિયાત બનાવવું જોઈએ.
- સ્કાઉટ, એન.સી.સી., પ્રાથમિક સારવાર, જુનિયર રેડક્રોસ જેવી પ્રવૃત્તિઓ શાળામાં ચલાવવી.

**શાળામાં શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન :**

પંચને લાગ્યું કે માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન આપવું જરૂરી છે, જેથી તેઓ તેમની પસંદગીનાં વિવિધ ક્ષેત્રો વિષે અણધારી છે. માર્ગદર્શન એ તો સતત ચાલતી પ્રક્રિયા છે, તેથી વિદ્યાર્થીને અવનવી પરિસ્થિતમાંથી માર્ગ કાઢવા માટે માર્ગદર્શન જરૂરી છે. આ ઉદ્દેશની પૂર્તિ માટે પંચે નીચે પ્રમાણેનાં સૂચનો કર્યાં છે:

- સત્તાધીશો દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન પર વધારે ધ્યાન આપવું જોઈએ.
- શાળાઓમાં વિવિધ ઉદ્યોગો, વ્યવસાયો અંગે યોગ્ય જાણકારી અપાવી જોઈએ. કેરિયર કોન્ફરન્સ યોજવી જેઈએ. વિદ્યાર્થીઓને વિભિન્ન ઉદ્યોગોના કારખાનાંઓની મુલાકાતે લઈ જવા જોઈએ.
- શાળામાં તાલીમ પામેલા માર્ગદર્શન અધિકારી (Guidance Officer) અને કારકિર્દી શિક્ષક (Career Master) નીમવા જોઈએ.
- સરકાર "માર્ગદર્શન અધિકારીઓ" તથા 'કારકિર્દી શિક્ષકો' ની તાલીમની વ્યવસ્થા કરે. તાલીમ કોલે જેમાં શિક્ષકોને આ માટેની તાલીમની વ્યવસ્થા ઊભી કરવી એઈએ.

### ૩.૩ રાષ્ટ્રીય શિક્ષણ પંચ (૧૯૬૪-૬૬)

**પ્રસ્તાવના :**

ઈ.સ. 1882થી 1952 સુધી ભારતમાં પાંચ પંચોની નિમણૂક થઇ ચૂકી હતી. આ પાંચ પંચો હતાં (i) 1882 નું ભારતીય શિક્ષણ પંચ (ii) 1902 નું વિશ્વવિદ્યાલય પંચ (iii) 1917નું કલકત્ત વિશ્વવિદ્યાલય પંચ (iv) 1948નું વિશ્વવિદ્યાલય શિક્ષણ પંચ અને (v) 1952નું માધ્યમિક શિક્ષણ પંચ આમાંના બાનો યુનિવર્સિટી શિક્ષણથી સંબંધ હતો. આમાંના કોઇ પંચનો સંબંધ શિક્ષણના બા વિભાગ સાથે ન હતો. તેથી એવા એક શિક્ષણ પંચની જરૂરિયાત હતી, જેનો સંબંધ સંપૂર્ણ શિક્ષણ વ્યવસ્થા સા હોય અને જે સમગ્ર શિક્ષણ વ્યવસ્થા વિશે પોતાની ભલામણો કરી શકે. આ હેતુની પૂર્તિ સારુ ભારતી શિક્ષણ પંચ 1964–66 નીમાયું હતું, જેના વિષે અહીં આપણે અભ્યાસ કરીશું.

**પંચની નિમણૂકનાં કારણો અને ઉદ્દેશો :**

ભારત સરકારના 14 જુલાઇ, 1964ના પોતાની જાહેરાતમાં પંચની નિમણૂકનાં કારણો અને ઉદ્દેશો નીચે પ્રમાણે દર્શાવ્યા છે :

- સ્વાતંત્ર્ય પ્રાપ્તિથી જ ભારત સરકારે દેશની પરંપરાઓ અને મૂલ્યો (Values) તથા આધુનિક સમાજની જરૂરિયાતો અને આકાંક્ષાઓને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય શિક્ષજ્ઞ પ્રણાલીનો વિકાસ કરવાનો પ્રયાસ કર્યો છે. આ દિશામાં કેટલાંક પગલાં ભરાયાં છે પરંતુ શિક્ષણના ક્ષેત્રમાં હજુ પણ વિચાર અને કાર્ય (Thought and Action) માં ઘણો ફરક દેખાય છે. દેશની આર્થિક અને સામાજિક પ્રગતિમાં શિક્ષત્રનું મહત્ત્વનું સ્થાન છે. શિક્ષણ જ લોકશાહી સમાજનું નિર્માણ કરી શકે છે. શિક્ષણ દ્વારા જ રાષ્ટ્રીય એકતા શક્ય છે. આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને શિક્ષણના સંપૂર્ણ માળખાની તપાસ કરવાનું આવશ્યક મનાયું. આસપાસના ફળસ્વરૂપે જ એક સંકુલિત અને અખંડિત રાષ્ટ્રીય શિક્ષણ પ્રણાલિનો વિકાસ શક્ય બનશે, અને તેવી જ પ્રણાલિથી રાષ્ટ્રીય જીવનના બધાં ક્ષેત્રોને પૂર્ણ સહયોગ મળશે.
- સ્વાતંત્ર્ય પ્રાપ્તિથી જ ભારતે રાષ્ટ્રીય વિકાસના એક નવા યુગમાં પ્રવેશ કર્યો છે. આ યુગમાં તેનાં લક્ષ્યો છે – ધર્મ નિરપેક્ષ લોકશાહી (Secular Democracy) ની સ્થાપના, ગરીબીનો અંત, સીને માટે ઓહ્મણ, કૃષિનું આધુનિકરણ, ઉદ્યોગોનો ઝડપી વિકાસ, આધુનિક વિજ્ઞાન અને ટેક્નોલોજીનો ઉપયોગ તથા પરંપરાગત આધ્યાત્મિક મૂલ્યો સાથે તેનો સમન્વય, સમાજવાદી ઢંગની સમાજરચના અને તેના ફળસ્વરૂપે ધનનું યોગ્ય વિતરણ અને શિક્ષણ, રોજગારી તથા સાંસ્કૃતિક પ્રગતિ માટે સૌને સમાન તક. આ ધ્યેયોની પ્રાપ્તિ ત્યારે જ શક્ય બને જયારે પરંપરાગત શિક્ષણ પ્રણાલિમાં આમૂલ પરિવર્તન કરવામાં આવે.
- સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ શિક્ષણનાં સર્વ ક્ષેત્રોમાં આશ્ચર્યજનક વિસ્તાર થયો છે. આમ છતાં શિક્ષણનાં અનેક અંગો (વિભાગો)માં વ્યાપક અસંતોષ પ્રવર્તે છે. જેમકે 14 વર્ષની વયજૂથ ધરાવતાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણની વ્યવસ્થા કરી શકાઈ નથી, નિરક્ષરતાની સમસ્યાનું સમાધાન કરાયું નથી. માધ્યમિક શાળાઓ અને યુનિવર્સિટીઓમાં શિક્ષણનું સ્તર ઉંચું આવ્યું નથી. માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના અન્ય તકમાં વૈવેધ (Diversification of Curriculam) જેવા મળતું નથી. આને પરિાત્રે એક બાજુએ દિતિ બેકારોની ફોજ ઊભી થઈ છે, તો બીજી બાજુ કેળવાયેલા મારસોની અછત છે. શિક્ષકોના પગાર અને નોકરીની શરતો (Service Conditions) માં ઇચ્છનીય પરિવર્તનો આવ્યાં નથી અને શિક્ષણની અનેક મહત્ત્વની સમસ્યાઓ હજુ પણ વિવાદનો વિષય બની ચૂકી છે. ટૂંકમાં, શિક્ષણના ક્ષેત્રમાં સંખ્યાત્મક (Quantitative) વૃધ્ધિ થઈ છે, પરંતુ ગુણાત્મક (Qualitative) વૃધ્ધિ થઈ નથી. વળી શિક્ષણની ગુણાત્મક વૃધ્ધિ માટે રાષ્ટ્રીય નીતિઓ અને કાર્યક્રમોને કાર્યાન્વિત કરાયા નથી.
- ભારત સરકારની દૃઢ માન્યતા છે કે શિક્ષણ એ રાષ્ટ્રીય સમૃદ્દિ અને કલ્યાણનો આધાર છે. દેશની પ્રજાનું હિત શિક્ષણથી જ સધાશે, અન્ય કોઇ રીતે નહીં. તેથી સરકારે શિક્ષણનું પુનઃ સંસ્કરણ કરવાનો નિશ્ચય કર્યો છે. સરકારે વિજ્ઞાન અને ટેક્નોલોજીનાં બધાં સાધનોનો ઉપયોગ કરવાનો નિશ્ચય કર્યો છે. આ કેવળ ઉત્તમ અને પ્રગતિશીલ શિક્ષણના આધારે જ કરી શકાશે. તેથી જ સરકારે શિક્ષણ અને વૈજ્ઞાનિક સંશોધનો ઉપર વધુમાં વધુ ધન ખર્ચવાનો નિર્ણય કર્યો છે.
- ભારતમાં રાષ્ટ્રીય શિક્ષણ પ્રણાલીનો વિકાસ કરવા માટે શિક્ષણના સંપૂર્ણ ક્ષેત્રની તપાસ કરવી આવશ્યક છે, કારણ કે શિક્ષણના માળખાનાં બધાં અંગો એક બીજા પર અસરકારક પ્રભાવ પાડે છે. ઉત્તમ માધ્યમિક શાળાઓ વિના શક્તિશાળી અને પ્રગતિશીલ યુનિવર્સિટીઓનું અસ્તિત્વ હોઇ શકે નહીં અને માધ્યમિક શાળાઓ ત્યારે જ ઉત્તમ હોઇ શકે, જયારે પ્રાથમિક શાળાઓ કુશળતાપૂર્વક કાર્યરત હોય.

તેથી શિક્ષણનાં વિભિન્ન અંગો તેમજ સ્તરોની અલગ-અલગ તપાસ ન કરતાં, શિક્ષણના સંપૂર્ણ માળખાની તપાસ કરવામાં આવે. ઉપરોક્ત જાહેરનામાના અંતે પંચે નોંધ્યું છે કે, "અગાઉ અનેક પંચો અને સમિતિઓએ શિક્ષણના મર્યાદિત ક્ષેત્રો અને વિશિષ્ટ અંગોનું સર્વેક્ષણ કર્યું છે. પરંતુ અહીં શિક્ષણના સંપૂર્ણ માળખાનો વિગતે અભ્યાસ કરવામાં આવશે." સરકારે પોતે દર્શાવેલાં કારણોને ધ્યાનમાં રાખીને અને ઉપરોક્ત ઉદેશોની પૂર્તિ અર્થે શિક્ષણ પંચ નીમવાનું નક્કી કર્યું.

**પંચની નિમણૂંક** :

ભારત સરકારે 14 જુલાઇ, 1964ના રોજ વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (University Grants Commission) ના અધ્યક્ષ પ્રો.ડી.એસ.કોઠારી (D.S.Kothari) ના અધ્યક્ષ સ્થાને એક પંચ નીમ્યું. અધ્યક્ષના નામથી આ પંચને કોઠારી કમિશન પણ કહે છે. અધ્યક્ષની સાથે અન્ય 14 સભ્યો પણ હતા, તેમાંથી 9 ભારતીય અને 5 વિદેશી શિક્ષણશાસ્ત્રીઓ હતા.

**પંચના વિચારો અને ભલામણો :**
પંચે શિક્ષણનાં જે મહત્ત્વપૂર્ણ અંગોના સંદર્ભમાં વિચારો વ્યક્ત કરીને ભલામણો કરી છે, તે નીચે પ્રમાણે છે :

1. **શિક્ષણ અને રાષ્ટ્રીય ધ્યેયો** : 'પંચ'ના વિચારો પ્રમાણે લોકોનું જીવન જરૂરિયાતો અને આકાંક્ષા સંતોષે તેવું શિક્ષણ આપવું જેઈએ. જેથી તેમનો આર્થિક, સામાજિક, રાજનૈતિક અને સાંસ્કૃતિક વિકા કરીને રાષ્ટ્રીય ધ્યેયો હાંસલ કરી શકાય. આ ઉદ્દેશની પ્રાપ્તિ માટે પંચે નીચે જણાવ્યા મુજબના પાં કાર્યક્રમોની ભલામણ કરી છે.
શિક્ષણ દ્વારા – (i) ઉત્પાદન વૃધિ, (ii) સામાજિક અને રાષ્ટ્રીય વિકાસ, (iii) પ્રશ્વતંત્રની ટ (iv) આધુનિકરણની પ્રક્રિયામાં તીવ્રતા અને (v)સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક દ્વારા ચરિત્ર નિ રાષ્ટ્રના નવ નિર્માણના પરિપ્રેક્ષ્યમાં તેના આ નવા સંકલ્પો સિધ્ધ કરવા પંચની ભલામણ નીચે મુજબ છે.

**(1)શિક્ષણ અને ઉત્પાદન :**
- વિજ્ઞાન શિક્ષણ અને કાર્યાનુભવ શિક્ષણનો અંતર્ગત ભાગ બનવો જોઈએ.
- માધ્યમિક શિક્ષણને વ્યાવસાયિક સ્વરૂપ આપવું.
- ઉચ્ચ શિક્ષણમાં કૃષિ અને ટેકનોલોજી શિક્ષણ પર ભાર મૂકવો.

**(2)સામાજિક અને રાષ્ટ્રીય એકતા:**
- રાષ્ટ્રીય ચેતના અને એકતાને પ્રોત્સાહિત કરવા સમાન શાળા પધ્ધતિ અપનાવવી.
- બધા વિદ્યાર્થીઓ માટે સામાજિક તથા રાષ્ટ્રીય સેવા ફરજિયાત બનાવવી.
- માતૃભાષાને શાળા અને કૉલેજ કક્ષાએ શિક્ષણનું માધ્યમ બનાવવું.
- અખિલ ભારતીય શિક્ષણ સંસ્થાઓમાં અંગ્રેજીને શિક્ષણના માધ્યમના રૂપમાં ચાલુ રાખવું.
- શાળા કક્ષાએ અંગ્રેજીનું શિક્ષણ ચાલું રાખવું.
- હિન્દીને કડીરૂપ ભાષાનું સ્થાન આપવું.

**(3)શિક્ષણ અને પ્રજાતંત્રની દૃઢતા :**
- 14 વર્ષની ઉંમર સુધીનાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવું.
- જાતિ, લિંગ, વર્ગ, સ્થિતિ કે ધર્મના ભેદભાવ વિના સૌને માટે શિક્ષણ આપવું.
- માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણનો વ્યાપ વધારવો.

**(4)શિક્ષણ અને આધુનીકરણ:**
- આધુનીકરણ માટે ટેકનોલોજી અપનાવવાની.
- સામાન્ય વ્યક્તિના શૈક્ષણિક સ્તરને ઊંચું લઇ જવું.
- શિક્ષણ દ્વારા યોગ્ય દ્રષ્ટિકોણ તથા માન્યતાઓનો વિકાસ કરવો.
- શિક્ષણ દ્વારા સ્વતંત્ર અધ્યયન, સ્વતંત્ર વિચારો અને સ્વતંત્ર આદતોનું ઘડતર કરવું.

**(5)સામાજિક, નૈતિક તથા આધ્યાત્મિક મૂલ્યોનો વિકાસ:**
- બધી શૈક્ષણિક, સામજિક અને આધ્યાત્મિક માન્યતાઓના શિક્ષણની વ્યવસ્થા કરવી.
- પ્રાથમિક સ્તરે આ માન્યતાઓનું શિક્ષણ વાર્તાના માધ્યમથી આપવું.
- યુનિવર્સિટીઓમાં તુલનાત્મક ધર્મ નામનો વિભાગ સ્થાપવો.

**શૈક્ષણિક પ્રથા, માળખું અને ધોરણો** : રાષ્ટ્રીય શિક્ષણ પંચેજ્ઞાનના વિસ્ફોટને પગલે પ્રજાની વધતી જાતિ અપેક્ષાઓની તૃપ્તિ અર્થે શિક્ષણને સાંકળવા અને તે સાથે શિક્ષણની ગુણવત્તાનું ધોરણ ઊંચું લાવવા પ્રવર્તમાન શૈક્ષણિક પ્રણાલીમાં ઊર્ધ્વગામી ફેરફાર અનિવાર્ય ગણાવ્યો છે. કોઇપણ શિક્ષણ પ્રણાલીમાં મુકરર સમયમાં શિક્ષણનું સ્તર નીચેના ચાર મુખ્ય તત્વો પર નિર્ભર છે.
- શૈક્ષણિક માળખું – ત્રિસ્તરીય વિભાજન અને પરસ્પર સંબંધ.
- સમયગાળો – વિભિન્ન તબક્કાઓમાં જરૂરી એવી પૂર્ણ સમયગાળો.
- વિભિન્ન અંગ-ઉપાંગો અધ્યાપક, અધ્યાપન તથા મૂલ્યાંકન પ્રવિધિઓની ગુણવત્તા.

- ઉપલબ્ધ સુવિધાઓની ઉપયોગિતા.

આ ચારે તત્ત્વો અન્યોન્યાશ્રિત અને પરસ્પર સંબંધિત છે, પરંતુ એકસરખા મહત્ત્વનાં નથી. આ હકીકતોના સંદર્ભમાં રાષ્ટ્રીય શિક્ષણ પંચે સૂચવેલી શિક્ષણનો નવો ઢાંચો :

| માળખું | |
|---|---|
| (૧) | એકથી ત્રણ વર્ષનું પૂર્વ પ્રાથમિક શિક્ષા. |
| (૨) | પ્રથમ 10 વર્ષનું સામાન્ય નિર્વિકલ્પ શિક્ષણ. |
| (૩) | બે વર્ષનું ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ. |
| (૪) | પ્રથમ ડિગ્રીનું ત્રિવર્ષીય ઉચ્ચ શિક્ષણ. |

સમગ્ર દેશમાં શિક્ષણના માળખામાં એક સૂત્રતા લાવવાના હેતુથી સૂચિત ઢાંચાથી નિષ્પન્ન સમસ્યાઓનો પન્ન સુરેખ ઉકેલ સૂચવ્યો છે અને તે દ્વારા શિક્ષણના ત્રણે તબક્કાને સમાજોપયોગી બનાવવા તાકે છે. આ સંક્રાંતિકાળે પ્રવર્તમાન સુવિધાઓનાં મહત્તમ ઉપયોગ તથા પુનઃનિર્માણના કાર્યક્રમો પર ભાર મૂક્યો છે. જેમકે, શાળાઓમાં અધ્યાપનકાળ 36 સપ્તાહ અને કૉલેજો તેમજ પૂર્વપ્રાથમિક કક્ષાએ 31 સપ્તાહ સૂચવ્યો છે. વળી રજાઓમાં ઘટાડો, વેકેશનનો લોકહિતાર્થે સદ્દુપયોગ, ગ્રંથાલય, પ્રયોગશાળા, કાર્યશાળાઓ ઇત્યાદિનો સંપૂર્ણ ઉપયોગ કરવા સૂચનો કર્યા છે. વળી શિક્ષણના પ્રત્યેક તબક્કામાં ગુણાત્મક સુધારણ સાવવા અને કાર્યક્ષમતા વધારવા રાષ્ટ્રીય સ્તરે નિશ્ચિત નિરીક્ષણ અને મૂલ્યાંકન પધ્ધતિ ઊભી કરવા સૂચવ્યું છે તેમજ પ્રત્યેક તબક્કાની અલિખતા દૂર કરવા અને વિશેષ કરી પ્રાથમિક શિક્ષણનું સ્તર સુધારવા શાળા સંકુલની સંકલ્પના સૂચવી છે.

**અધ્યાપકોનો દરજ્જો (Status) :**

પંચે અનુભવ કર્યો કે, શિક્ષણના વ્યવસાયમાં પ્રતિભાશા પતિઓને આકર્ષિત કરવા માટે શિક્ષકોની આર્થિક, સામાજિક અને વ્યાવસાયિક સ્થિતિને ઉન્નત બનાવવી જરૂરી છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને પંચે શિક્ષકોનો દરજ્જો (સ્થિતિ) સુધારવા માટે નીચે પ્રમ નલામણો કરી છે :

- ભારત સરકાર દ્વારા શાળાના શિક્ષકોનો પગાર નિર્ધારિત કરવો.
- સરકારી અને બિન-સરકારી શાળાઓના શિક્ષકોના પગારમાં સમાનતા લાવવી.
- વિશ્વવિદ્યાલયો અને સંબંધિત કોલેજોના શિક્ષકોના વેતનમાં પર્યાપ્ત માત્રામાં વૃદ્દિધ કરવી.
- દર પાંચ વર્ષે અધ્યાપક શિક્ષકોના વેતનનું પુનઃ નિરીક્ષણ કરી અન્ય સરકારી કર્મચારીઓ સમ વેતન પૂરું પાડવું.
- ભારત સરકાર અને રાજ્ય સરકારે શિક્ષકો માટે કલ્યાણકારી કાર્યક્રમો, નિવૃત્તિના લાભો પાડવા.
- શિક્ષણ સંસ્થાનોમાં કાર્ય કુશળતાપૂર્વક કરી શકે તે માટે કામના કલાકો, વેતન, નિવાસસ્થાન, મકાન ભાડું, પ્રવાસ ભથ્થું અને અન્ય સુવિધાઓ પૂરી પાડવી.
- શિક્ષિકાનોની નિમાણૂંકને પ્રોત્સાહન, આદિવાસી વિસ્તારમાં અધ્યાપન કાર્ય કરતાં શિક્ષકોને વિશેષ
- ભથ્થું અને સુવિધા પૂરી પાડવી. જાહેર લોકસંસ્થામાં પદાધિકાર મેળવવા, ચૂંટણીમાં ભાગ લેવા અને અન્ય નાગરિક અધિકારો ભોગવવાની સ્વતંત્રતા હોવી ઘટે.
- રાષ્ટ્રીય પુરસ્કારની યોજના કાર્યાન્વિત કરવી.

**શિક્ષક-પ્રશિક્ષણ** : પંચે શિક્ષકોની સજ્જતા માટે વ્યાવસાયિક શિક્ષણમાં સુધારો કરી અને તેને ઉન્નત બનાવવા માટે નીચેના જેવી ભલામણો કરી છે :

- પ્રત્યેક પ્રશિક્ષણ સંસ્થામાં 'સેવા વિસ્તરણ વિભાગ'(Externsion Service Department)ની સ્થાપના કરવી.
- શિક્ષણ-પ્રશિક્ષણ સંસ્થાઓનું પરસ્પરનું અધિમાં દૂર કરી નિકટતા સાધવી.
- પ્રત્યેક રાજ્યમાં રાજ્ય શિક્ષણ બોર્ડ' (State Board Of Teacher Education) ની સ્થાપના કરવી, જે તમામ સ્તરના શિક્ષકોને તાલીમ આપશે.

- તાલીમી કૉલેજોના અભ્યાસક્રમમાં આમૂલ પરિવર્તન કરવું. શિક્ષકોના વિશેષ વ્યાવસાયિક શિક્ષણનો પૂરતો પ્રબંધ કરવો.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની તાલીમનો ગાળો 2 વર્ષનો રાખવો.
- માધ્યમિક શાળાના શિક્ષકોની તાલીમનો ગાળો કેટલાક સમય સુધી 1 વર્ષનો રાખવો, પછી તેને 2 વર્ષનો રાખવો.
- તાલીમી કૉલેજીના પ્રાધ્યાપકો પાસે બે સ્નાતકોત્તર ઉપાધિઓ (Master's Degree) હોવી જોઈએ.
- મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, વિજ્ઞાન તથા ગણિત જેવા વિષયો શીખવવા માટે યોગ્ય નિપુણતા ધરાવતા શિક્ષકો નીમવા.
- શાળામાં કામ કરતા બિન તાલીમી શિકોને "ગ્રીષ્મકાલીન સંસ્થાઓ' (Summer Institute) તાલીમ આપવી.
- પત્રવ્યવહાર અને અલ્પકાલીન પ્રશિક્ષણની સુવિધાઓ વધારવી.
- યુનિવર્સિટીના વિદ્યાકીય જીવનના મુખ્ય ભરણામાં પ્રશિક્ષણને સામેલ કરવું.
- બધાંજ રાજયોમાં સર્વાંગીણ પ્રશિક્ષણ કૉલેજોની સ્થાપના કરવી.
- તાલીમ દરમિયાન ભારતીય વાતાવરણને યોગ્ય પધ્ધતિ, શિક્ષણ સામ્રગી, સાધનો અને પાઠગ્રક્રમોમાં પ્રયોગ અને સંશોધનો હાથ ધરવાં.

**વિધાર્થી સંખ્યા અને માનવબળ** : પંચે વિદ્યાર્થી સંખ્યા અને માનવબળના સંદર્ભમાં નીચેના જેવી ભલામણો કરી છે.
પ્રત્યેક બાળકને ઓછામાં ઓછું સાત વર્ષ સુધીનું પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત આપવું.

- માધ્યમિક શિક્ષણની તકો શક્ય હોય ત્યાં સુધી પૂરી પાડવી.
- ગરીબ વિદ્યાર્થીઓને પર્યાપ્ત માત્રામાં આર્થિક સહાયતા પૂરી પાડવી,
- વ્યાવસાયિક તથા ટેનિકલ શિક્ષણનો વ્યાપ વધારવો.
- કૃષિ અને ઉદ્યોગોના વિકાસ માટે તાલીમ પૂરી પાડવી.
- નિરક્ષરતા નિવારવા કાર્યક્રમો આપવા.
- નિરંતર શિક્ષણના કાર્યક્રમો આપવા.
- શિક્ષણમાં સમાનતા લાવવાના અવિરત પ્રયત્નો કરવા.
- સામાન્ય નાગરિકના શિક્ષણ સ્તરને ઊંચું લાવવું.
- માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણક્ષેત્રે વિદ્યાર્થી ભરતી પર નિયંત્રણ લાદવું. માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરેલા વિદ્યાર્થીઓમાં 5 થી 15 ટકાને ભવિષ્યમાં જરૂરી સુશિક્ષિત માનવબળનો અંદાજ લગાવવો અને તદ્નુરૂપ શિક્ષણ કાર્યક્રમોમાં પરિવર્તન લાવવું.
- માનવબળના અંદાજો અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા તૈયાર વ્યકિતઓની સંખ્યા વચ્ચે સંબંધ સ્થાપિત કરવી.

**શિક્ષણમાં સમાન તકો (Equal opportunities) :** 'પંચ'ના શબ્દોમાં "શિક્ષણનો એક સામાજિક ઉદ્દેશ – શિક્ષણ પ્રાપ્ત કરવાની તકોમાં સમાનતા લાવવાનો છે, જેથી પછાત અથવા અલ્પ અધિકારવાળા વર્ગના લોકો પોતાની સ્થિતિ સુધારવા માટે શિક્ષણનો એક સાધનના રૂપમાં ઉપયોગી કરે" પંચે શિક્ષણના ક્ષેત્રમાં મુખ્યત્વે બે બાબતોમાં અસમાનતા બતાવી છે : (i) છોકરા અને છોકરીઓના શિક્ષણમાં વ્યાપક અસમાનતા અને (ii) ઉચ્ચ વર્ગ, પછાત વર્ગો, પહાડી જાતિઓ તથા આદિવાસીઓના શિક્ષણમાં વ્યાપક અસમાનતા. આ બે પ્રકારની અસમાનતાઓ દૂર કરવા માટે પંચે નીચે પ્રમાણે **ભલામણો** કરી છેઃ

- v **મફત શિક્ષણ** :
- ચોથી પંચવર્ષીય યોજનામાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ મહત કરવું.
- પાંચમી પંચવર્ષીય યોજનાના અંત સુધીમાં નિમ્ન માધ્યમિક શિક્ષણ મફત કરવું.
- પાંચમી પંચવર્ષીય યોજનાના અંતથી દશ વર્ષનાં ગાળામાં ઉચ્ચતર માધ્યમિક તથા કૉલેજ શિક્ષણ યોગ્ય ગરીબ વિદ્યાર્થીઓને મુક્ત શિક્ષણ આપવું.
- v **શિક્ષણ ખર્ચમાં ઘટાડો** :
- પ્રાથમિક શાળાઓના બાળકોને પાઠ્યપુસ્તકો તથા લેખન સામગ્રી મફત આપવી.
- માધ્યમિક શાળાઓ, કોલેજ તથા યુનિવર્સિટીઓમાં "પુસ્તક - ગૃહો" (Book Bank)ની વ્યવસ્થા કરવી, જ્યાંથી બાળકોને પાઠ્યપુસ્તકો આપવામાં આવે.

- યોગ્ય વિધાર્થીઓની પુરી ખરીદવા શિષ્યવૃત્તિ આપવી.

v **શિષ્યવૃત્તિની જોગવાઈ** :

- શિક્ષણના તમામ સ્તરે શિષ્યવૃત્તિની જોગવાઇ કરવી.
- આર્થિક મૂંઝવણના કારણે કોઇ વિદ્યાર્થી અભ્યાસ છોડી ન દે તેનો ખ્યાલ કરવો.
- પ્રાથમિક સ્તરે 2.5 ટકા, માધ્યમિક સ્તરે 15 ટકા અને સ્તાનક કક્ષાએ 25 ટકા તથા અનુસ્નાતક ક્લાએ 25 ટકા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવી.
- કૉલેજ કક્ષાએ છાત્રાલયમાં રહેતા તથા ઘેર રહીને ભણતા જરૂરતમંદ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવી.

v **શિષ્યવૃત્તિની યોજના** :

- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિની યૌજનાનો વિસ્તાર કરવો,
- યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC) દ્વારા "વિશ્વવિદ્યાલય શિષ્યવૃત્તિઓની યોજના'નો પ્રા કરવો. વ્યાવસાયિક શિક્ષણ પ્રાપ્ત કરનાર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને 30 ટકા અને કૉલેજ સ્તરે 50 વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવી.
- ૠણ છાત્રવૃત્તિ (Loan Scholarships) ની શ્રૃંગવાઈ કરવી.
- વિદેશમાં શિક્ષણ પ્રાપ્ત કરનાર 500 વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવી.

**શાળા શિક્ષણનો વિસ્તાર** :

રાષ્ટ્રીય શિક્ષણ પંચ સમગ્ર શાળા શિક્ષણને એક સંકલિત અને સળંગ કુળસીનો તબક્કો ગળવાનો અનુરોધ કરે છે. શિક્ષકને બી ભિન્ન તબક્કાઓમાં વહેંચવામાં આવ પરંતુ એક વાત ન ભૂલવી ન જોઇએ કે વિભિન્ન સ્તરોની સમસ્યાઓમાં અંતર કરતાં તેની સામ્યતાનું મહત્ત્વ વધુ છે, આ સંદર્ભમાં પ્રત્યેક તબક્કાના વિસ્તરણ અંગેની ભલામણો જોઇશું.

v **પૂર્વ પ્રાથમિક શિક્ષણનો વિસ્તાર** :

- દરેક રાજ્યમાં 'રાજ્ય શિ% ભવન (State Institute of Education) પૂર્વ પ્રાથમિક શિક્ષણના વિસ્તાર માટે એક કેન્દ્ર સ્થાપવું.
- પ્રત્યેક જિલ્લામાં પૂર્વ પ્રાથમિક શિક્ષણના વ્યાપ માટે એક કેન્દ્ર સ્થાપવું. તેનાં મુખ્ય કાર્યો પૂર્વ પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપવી અને તેમના અધ્યાપન કાર્યનું નિરીક્ષણ કરવાનું હશે.
- પૂર્વ પ્રાથમિક શાળાઓ શરૂ કરવા ઉદાર સહાયતા આપવી.
- પૂર્વ પ્રાથમિક શાળાના કાર્યક્રમોમાં માત્ર જ્ઞાનેન્દ્રિય શિક્ષણ ન આપતાં શારીરિક ક્રિયાઓને પણ સ્થાન આપવું.

v **પ્રાથમિક શિક્ષણનો વિસ્તાર** :

- 1975–76 સુધીમાં દેશનાં બધાં બાળકોને 5 વર્ષનું પ્રાથમિક શિક્ષણ મફત આપવું.
- અપવ્યય (wastage) અને સ્થગિતતા (stagnation) ઘટાડવાના પ્રયત્નો કરવા.
- 6 થી 11 વયજૂથના પ્રત્યેક બાળકને 1 માઇલ અને 11 થી 14 વયજૂથના દરેક બાળકને 3 માઇલથી વધુ અંતરે પગે ચાલીને જવું ન પડે, તેવો પ્રબંધ કરવો.
- 11 થી 14 વયજૂથના શાળામાં ન ભણતાં કે નોકરી કે મજૂરી કરતાં બાળકોને અક્ષરજ્ઞાન વર્ગોની જોગવાઇ કરવી.

v **માધ્યમિક શિક્ષણનો વિસ્તાર** :

- નીચલી માધ્યમિક કક્ષાએ સમજાવટ અને સ્વ પસંદગીના ધોરણે અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ સ્પષ્ટ નિયંત્રણ દ્વારા વિદ્યાર્થી પ્રવેશનું નિયમન કરવું.
- માધ્યમિક કક્ષાએ શિક્ષણમાં સમાનતા લાવવાનો પ્રયત્ન કરવો.
- જિલ્લા કક્ષાએ શિક્ષણમાં માધ્યમિક શિક્ષણનાં પ્રચાર માટે તંત્ર ઊભું કરવું, 10 વર્ષનાં ગાળામાં યોજનાઓનું અમલીકરણ કરવું.

v **માધ્યમિક શિક્ષણનું વ્યવસાયીકરણ** :

- માધ્યમિક શાળાઓનું ભવસાવીકરણ કરવું.

- માધ્યમિક શાળાઓનું વ્યવસાયીકરણ કરવા માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારે આર્થિક સહયોગ આપવો.
- 1986 સુધીમાં માધ્યમિક સ્તરે વ્યવસાયિક શિક્ષણ મેળનારની સંખ્યા લગભગ 20 ટકાએ પહોંચાડવી.
- 14 વર્ષની ઉંમર સુધીના બાળકોને ઔદ્યોગિક તાલીમ સંસ્થા (Industrial Traninig Institutes-I.T.I.) માં પ્રવેશ આપવો.
- ટેકનિકલ શાળાઓમાં ભણાવવાના અભ્યાસક્રમોનો વિસ્તાર કરવો.
- ગ્રામીણ કક્ષાનાં બાળકો કે જેમણે ધોરણ 7 પછી અભ્યાસ છોડી દીધો હોય તેવી બાળાઓને ગૃહવિજ્ઞાન તથા સામાન્ય શિક્સની જૈગવાઈ કરવી
- 1986 સુધીમાં મામિક કક્ષાને વ્યાવસાયિક શિક્ષણ મેળનારાઓની સંખ્યા 50 ટકા સુધ પહોંચાડવી.
- પોલીટેકનિક કોલેોની સંખ્યા વધારવી તથા તેમાં મળતા અભ્યાસક્રમોમાં વૈવિધ્ય લાવવું.
- પત્રાચાર અભ્યાસક્રમો (Correspondence Courses)ની વ્યવસ્થા કરવી જોઈએ.

**શાળાનો અભ્યાસક્રમ** : 'પંચ'નો અભિપ્રાય છે કે શાળાનાં અભ્યાસક્રમમાં અનેક દોષો છે. આ દોષો કરવા અને અભ્યાસક્રમમાં સુધારો કરવા માટે પંચે વિભિન્ન ધોરણો માટે જે અભ્યાસક્રમ નક્કી કર્યા છે તે મુજબ છે.

- **નિમ્ન પ્રાથમિક સ્તર** : (ધો. 1 થી 4) : (i) એક ભાષા માતૃભાષા (ii) ગણિત, (iii) પર્યાવરણ ધો. 3 અને 4માં વિજ્ઞાન તથા સામાજિક અધ્યયનનું શિક્ષણ, (iv) સર્જનાત્મક ક્રિયાઓ, (v) કાર્યાનુભવ, (vi) સ્વાસ્થ્ય શિક્ષણ.

- **ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ** : (ધો. 5 થી 7) : (i) બે ભાષાઓ – (ક) માતૃભાષા અથવા પ્રાદેશિ ભાષા, (બ) હિન્દી અથવા અંગ્રેજી, (ii) ગશ્ચિત, (iii) વિજ્ઞાન, (iv) સમાજશાસ્ત્ર, (V) કલા (vi) કાર્યાનુભવ તથા સમાજસેવા, (vi) શારીરિક શિક્ષન્ન, (viii) નૈતિક મૂલ્યોનું શિક્ષણ (Value Education).

- **નિમ્ન માધ્યમિક સ્તર** : (ધો. 8 થી 10) : (i) ત્રણ ભાષાઓ અહિન્દી ભાષી રાજ્યોમાં માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષા, ઉચ્ચ અથવા નિમ્ન સ્તરની હિન્દી, ઉચ્ચ અથવા નિમ્ન સ્તરની અંગ્રેજી : જ્યારે હિન્દી ભાષી રાજ્યોમાં માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષા, અંગ્રેજી (અથવા હિન્દી જો અંગ્રેજી માતૃભાષા હોય તો) અને હિન્દી સિવાય કોઇ એક ભારતીય ભાષા] (ii) ગણિત, (iii) વિજ્ઞાન, (iv) સમાજશાસ્ત્ર, (v) કલા, (vi) કાર્યાનુભવ અને સમાજ સેવા (ii) શારીરિક શિક્ષણ (viii) નૈતિક અને આધ્યાત્મિક-મૂલ્યોનું શિક્ષણ.

- **ઉચ્ચતર માધ્યમિક સ્તર** : (ધો. 11 થી 12) :

ü કોઇ બે ભાષાઓ (એક આધુનિક ભારતીય ભાષા, કોઈ એક વિદેશી ભાષા તથા કોઈ શાસ્ત્રીય ભાષાનો સમાવેશ થઇ શકે.)
ü આમાંથી કોઈ બદ વિષયી (i) બીજી ભાષા, (ii) ઈતિહાસ, ભૂગોળ, અર્થશાસ, તર્કશાસ્ત્ર, મનોવિજ્ઞાન સમાજશાસ્ત્ર કલા ભૌતિકશાસ, રસાયણશાસ્ત્ર ગણિત, જીવવિજ્ઞાન, ભૂગર્ભશાસ્ત્ર, ગૃહવિજ્ઞાન. ગણિત, (ii) કાર્યાનુભવ અને સમાજ સેવા (iv) શારીરિક શિક્ષણ (v) કલા અને શિલ્પ (vi) નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનું શિક્ષણ.

- **ત્રિભાષી સૂત્ર** : પંચે ત્રિયા સૂત્રનું રુપ નીચે પ્રમાણે આપ્યું છે.
  ü માતૃભાષા યા પ્રાદેશિક ભાષા
  ü સંઘની રાજભાષા મા સહ-રાજભાષા
  ü એક ખાધુનિક ભારતીય અથવા પુરોપીયન ભાષા જે વિદ્યાર્થી કાય પસંદ ન કરાઇ હોય કે શિક્ષણનું માધ્યમ ન હોય.

- **હિન્દીનું સ્થાન** : 'પંચ'ના મતાનુસાર અંગ્રેજી એ ઉચ્ચ શિક્ષણમાં બૌદ્દિક આદાન-પ્રદાનનું કામ કરવાનું રહેશે. પરંતુ અંગ્રેજી મોટાભાગના ભારતીયોની વિનિમય ભાષા બની શકે તેમ નથી. આ કામ સમયાંતરે હિન્દી જ કરશે. તેથી હિન્દીને સમગ્ર ભારતમાં ફેલાવવાનું કામ કરવું જોઈએ.

- **વિભિન્ન ભારતીય ભાષાઓનું સ્થાન** : 'પંચ'નો મત છે કે ભારતીય ભાષાઓની લિપિઓના ભેદના કારણે તેનો અભ્યાસ કરવો અઘરો છે તેથી પ્રત્યેક ભારતીય ભાષાનું થોડુંક સાહિત્ય દેવનાગરી અથવા રોમન લિપિમાં પ્રકાશિત કરવામાં આવે. પંચનું માનવું છે કે અંગ્રેજીનો ઉપયોગ અનિશ્ચિત સમય સુધી પ્રતિષ્ઠિત સહ રાજભાષા તરીકે થવાનો છે તેથી શાળાઓમાં અંગ્રેજીનું શિક્ષણ આપવું જરુરી છે, તદ્‌ઉપરાંત રાષ્ટ્રીય એક્તા માટે એક યોગ્ય ભાષા નીતિની જરૂરિયાત છે, માતૃભાષાને શાળા, કૉલેજ તથા ઉચ્ચ શિક્ષણના સ્તરે શિષણનું માધ્યમ બનાવવમાં આવે. પંચે કહ્યું છે કે, હિન્દી ઉપરાંત તમામ ભારતીય ભાષાઓનો વિકાસ કરવામાં આવે.

- **અંગ્રેજીનું સ્થાન** : પંચે તમામ અખિલ ભારતીય સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં અંગ્રેજીને શિક્ષણનું માધ્યમ બનાવવા પર ભાર મૂક્યો છે. અંગ્રેજીનું શિક્ષણ શાળા કક્ષાએથી જ આપવામાં આવે.

ü શાસ્ત્રીય ભાષાઓનું સ્થાન : પંચે શાસ્ત્રીય ભાષાઓના અભ્યાસનું મહત્ત્વ સ્વીકાર્યું છે. રાષ્ટ્રીય શિક્ષા પ્રાણીમાં સંસ્કૃતનું મહત્ત્વ વિશેષ છે, પરંતુ પંચે સંસ્કૃત કે અન્ય કોઈ શાસ્ત્રીય ભાષાને ત્રિભાષી સૂત્રમાં સ્થાન આપવા સહમત નથી. પંચ માને છે કે, આ ફોર્મ્યુલામાં આધુનિક ભારતીય ભાષાઓને જ સ્થાન આપવામાં આવે. માતૃભાષા અને સંસ્કૃતનો એક સંમિશ્રિત અભ્યાસક્રમ બનાવી શકાશે. પરંતુ લોકમત આની તરફદારી નહીં કરે. તેથી શાસ્ત્રીય ભાષાઓને તો શાળામાં વૈકલ્પિક વિષય તરીકે જ શીખવવો જોઇએ. આ સ્થાન ધો–8 તથા તેથી આગળના વર્ષોમાં હોઇ શકે. પંચનું સ્પષ્ટ માનવું છે કે, વિદ્યાર્થીને એકી સાથે ત્રણ કરતાં વધારે ભાષાઓનું શિક્ષણ આપવું જોઇએ નહિ.

**શાળા સંચાલન અને નિરીક્ષણ** : શૈક્ષણિક સુધારણાની શરૂઆત અને તેમાં ગતિશીલતા લાવવા નિરીક્ષકો અને પ્રશાસનથી સહાનુભૂતિપૂર્ણ તથા ક્રિયાશીલાની આવશ્યક છે.

- નિરીક્ષણ એક દૃષ્ટિથી શિક્ષણ સુધારણાની આધારશિલા છે. આ સદર્ભમાં પંચનો દષ્ટિકોક્ત વિચારણીય છે
- નિરીક્ષણને ઉપયોગી બનાવવા રાજ્ય શિક્ષા વિભાગનું પુનર્ગઠન કરવું. વિદ્યાકીય વહીવટી પાંખો અલગ બનાવવી.
- શાળા સંકુલ વિચારને આ પરિપ્રેક્ષ્યમાં કાર્યાન્વિત કરવો.
- વિભાગીય અધિકારીઓને સેવાકાલીન પ્રશિક્ષણ આપવું. શિક્ષણ પ્રશિક્ષણ અભ્યાસક્રમ તેમજ પાઠ્યપુસ્તક સુધારણા નિર્દેશન,
- મૂલ્યાંકન કાર્યક્રમ સંબંધી ખોજ અને તેની દેખરેખ માટે શિક્ષણ વિભાગમાં એક નવો શૈક્ષણિક ખંડ ઉભો કરવો.
- શિક્ષાના સ્તરને સતત ઉપર ઉઠાવવાના ઉદ્દેશ સાથે રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે યોગ્ય તંત્રની ગોઠવા કરવી.
- મૂલ્યાંકન સતત ચાલુ રહે, તેમાં નવો દ્રષ્ટિકોણ ઉમેરાય અને તે દ્રારા શિક્ષણના સ્તરને નિર્ધાર લક્ષ્ય પર પહોંચાડવા શિક્ષણ વિભાગમાં મૂલ્યાંકન સંગઠન ઊભું કરવુ.
- પ્રત્યેક રાજ્યમાં એક સ્કૂલ શિક્ષણબોર્ડ રચવું. તેને પાઠ્યક્રમ, પરીક્ષા સંચાલન, માધ્યમિક શિક્ષણનું નિરીક્ષણ વગેરે અધિકારો સુપ્રત કરવા.
- શાળા શિક્ષણ સંબંધી બધા મામલામાં ભારત સરકારને સલાહ આપવા શિક્ષણ મંત્રાલયમાં રાષ્ટ્ર સ્કૂલ શિક્ષણ બૉર્ડની સ્થાપના કરવી.

**શિક્ષણ પધ્ધતિઓમાં સુધારો** : 'પંચ'ની શિક્ષણ પધ્ધતિઓ, માર્ગદર્શન અને મૂલ્યાંક અગેની ભલામણો નીચે મુજબ છે.

- શિક્ષણ પદ્‌ધતિઓમાં લચીલાપણું તથા ગતિશીલતાને સ્થાન આપવું જોઇએ.
- શિક્ષણમાં ગતિશીલતા લાવવા માટે શિક્ષકોમાં પહેલ કરવાની વૃત્તિ, પરીક્ષણ તથા સર્જનાત્મકતાનું ગુણોનો વિકાસ કરવો.
- નવી શિક્ષણ પધ્ધતિઓના પ્રવાહ માટે નવા અભ્યાસક્રમી, વર્કશોપ, પ્રદર્શનો, પરીક્ષકો, વિચા સંતો, સેમિનાર વગેરેનું આયોજન કરવું.

**પાઠ્યપુસ્તકોમાં સુધારો** :

- રાષ્ટ્રીય સ્તરે પાત્રપુસ્તકોની રચના કરવા માટેનો એક વિસ્તૃત કાર્યક્રમ ઘડવો.
- પાઠ્યપુસ્તકોના લેખન માટે દેશભરમાં વિદ્‌વાનોને પ્રોત્સાહિત કરવા.

- 'રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન તથા પ્રશિક્ષણ પરિષદ" (National Council for Educational Research and Training-NC.E.R.T.) ના પગલે અન્ય ક્ષેત્રોમાં પણ પુસ્તકોનું નિર્મા કરવામાં આવે.
- પ્રત્યેક રાજ્યમાં પાઠ્યપુસ્તક સંરચના માટે એક વિશિષ્ટ સમિતિ બનાવવામાં આવે.
- પાઠ્યપુસ્તક સંરચના તથા મૂલ્યાંકન કાર્ય રાજ્ય શિક્ષણ વિભાગની ફરજ ગણાશે.

**પ્રાથમિક સ્તરે માર્ગદર્શન** :

- પ્રાથમિક શાળાઓનાં નિમ્ન સ્તરથી માર્ગદર્શન સેવાનો પ્રારંભ કરવો.
- પ્રાથમિક શાળાના શિક્ષકોને પ્રશિક્ષણ કાર્યક્રમ સમયે માર્ગદર્શનથી માહિતગાર કરવામાં આવે.
- વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓને વિષય પસંદગી કરવામાં સહાયતા કરવામાં આવે.

**માધ્યમિક સ્તરે માર્ગદર્શન** :

- તમામ માધ્યમિક શાળાઓને માટે માર્ગદર્શન કાર્યક્રમ તૈયાર કરવામાં આવે.
- 10 માધ્યમિક શાળાઓ માટે સલાહકાર (Counsellor) નીમવામાં આવે.
- પ્રત્યેક જિલ્લામાં ઓછામાં ઓછી એક શાળામાં તો માર્ગદર્શનનો વિસ્તૃત કાર્યક્રમ અમલી બને.
- માધ્યમિક શાળાના શિક્ષકોને પ્રશિક્ષણ કાર્યક્રમ વખતે માર્ગદર્શન સેવાઓથી માહિતગાર કરવામાં આવે.

**મૂલ્યાંકન** :

- મૂલ્યાંકનના નવીન દૃષ્ટિકોણ મુજબ લેખિત પરીક્ષાઓમાં સુધારો કરાય.
- વિદ્યાર્થીઓના વિકાસના વિવિધ પાસાંના મૂલ્યાંકન માટેની વિવિધ પધ્ધતિઓ (લેખિત કસોટી સિવાય) પરીક્ષાઓનો પ્રયોગ કરવામાં આવે.
- પ્રાથમિક કક્ષાએ લેખિત કસોટી સિવાય મૌખિક તથા નિદાનાત્માક (Diagnostic) પરીક્ષાનો પ્રયોગ કરવામાં આવે. સંગૃહિત માહિતીપત્રક (Cumulative Record Cards- C.R.C.) નાં ઉપયોગ કરવામાં આવે.
- પ્રાથમિક સ્તરને અંતે એક બાહ્ય પરીક્ષા લેવામાં આવે.
- વસ્તુલક્ષી કસોટીઓ (Objective) બનાવવી.
- આંતરિક મૂલ્યાંકન (Internal Assessment) નો વ્યાપ વધારવો.

**ઉચ્ચ શિક્ષણ** : રાષ્ટ્રીય શિક્ષણ પંચે વિશ્વવિદ્યાલયોનાં કાર્યસંબંધી નીચે પ્રમાણે ભલામન કરી છે :

- વરિષ્ઠ યુનિવર્સિટીના પૂર્વસ્નાતક સ્તરના કેટલાક વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવી જે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને આકર્ષી શકાય.
- પ્રાધ્યાપકોની નિમાણૂંક રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય આધારે કરવામાં આવે.
- પ્રત્યેક વરિષ્ઠ વિશ્વવિદ્યાલયમાં શ્રેષ્ઠ અધ્યાપન કેન્દ્રો (Clusters of Advanced Centres) સ્થાપવાં.
- આ વિશ્વવિદ્યાલયોનું નિભાવ ખર્ચે "વિશ્વવિદ્યાલય અનુદાન પંચ" આપે.

**વિશ્વવિદ્યાલયો અને કોલેજોમાં સુધારો** :

- વરિષ્ઠ વિશ્વવિદ્યાલયો અન્ય વિશ્વવિદ્યાલયો અને તેને સંલગ્ન કોલેજોને ઉત્તમ શિક્ષકો પૂરા પાડે.
- પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને શિક્ષણના વ્યવસાયમાં જોડાવા પ્રોત્સાહિત કરવા.
- નવી યુનિવર્સિટીઓ અને તેની સંલગ્ન કૉલેજોમાં પ્રાધ્યાપકોને વરિષ્ઠ વિશ્વવિદ્યાલયોમાં તાલીમ લેવા મોકલવા.
- પ્રતિભાવાન વિદ્વાનો અને વૈજ્ઞાનિકોને સંશોધન તથા સેમિનારના સંચાલન માટે નિમંત્રણ આપવું.

**શિક્ષણમાં સુધારો** :

- ઔપચારિક શિક્ષણ તથા પ્રયોગશાળાનો સમય ઘટાડવો. તેનાથી બચેલા સમયનો સ્વઅધ્યયન, નિર્ધારિત કાર્યો, લેખન પ્રવૃત્તિમાં કે સમસ્યાઓનું સમાધાન કરવામાં ઉપયોગ કરવો,
- પુસ્તકાલયોને સમૃદ્ધ બનાવવાં.
- ગોખણપટ્ટીને તિલાંજલિ આપી મૌખિક ચિંતન પર ભાર મૂક્યો.
- કોઈ શિક્ષકની બદલી સત્રના અધવચ્ચે ન થવી જોઈએ.

**મૂલ્યાંકન કાર્યમાં સુધારો :**

- સમગ્ર વિશ્વવિદ્યાલયોમાં બાહ્ય મૂલ્યાંકનને બદલે આંતરિક તેમજ સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (Internal & Continuous Evaluation)પર ભાર મૂકવો.
- વિશ્વવિદ્યાલય અનુદાન પંચ કેન્દ્રીય પરીક્ષા સુધારણા વિભાગ (Central Examination Reform Unit) ની સ્થાપના કરવી.
- પરીક્ષકોને ઉત્તરવહીઓ તપાસવાનું મહેનતાણું આપવાનું બંધ કરવું.
- પરીક્ષકને સમગ્ર વર્ષ દરમિયાન 500થી વધુ ઉત્તરવહીઓ તપાસવા ન આપવી.

**શિક્ષણનું માધ્યમ :**

યુનિવર્સિટી સ્તરે પ્રાદેશિક ભાષાઓને 10 વર્ષના ગાળામાં શિક્ષણના માધ્યમ તરીકે અપનાવવું.
સ્નાતકોત્તર સ્તરે અંગ્રેજીને માધ્યમ તરીકે સ્વીકારવું.
આધુનિક ભારતીય ભાષાઓના વિકાસ માટે ઉચ્ચ અભ્યાસક્રમ તરીકે સ્વીકારવું.
શાસ્ત્રીય તથા આનિક ભારતીય ભાષાઓને વિશ્વવિદ્યાલય સ્તરે વૈકલ્પિક વિષય તરીકે રાખવી. આ સ્તરે કોઈને ભાષાને ફરજિયાત ન બનાવવી.

**વિધાર્થી પ્રવેશ પધ્ધતિ :**

- કૉલેજની ભૌતિક સુવિધાઓ અને અધ્યાપકોની સંખ્યાને આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો.
- યુનિવર્સિટીનો હતો અવેશ અંગેના નિયમો ઘડી કાઢવા.
- પ્રવેશ Merit (ગુણવત્તા) ના આધારે આપવો.

**ઉપસંહાર:**

કોઠારી પંચે શિક્ષણનું જે નવું માળખું સૂચવ્યું છે, તેમાં પ્રાથમિક શિક્ષણથી માંડીને ડિગ્રી શિક્ષણ સુધી ફેરફારો સૂચવ્યા છે. કોઠારી પચે શિક્ષણનું માળખું, અભ્યાસક્રમ તથા માધ્યમિક શિક્ષણના ધંધાકીયકરણ અંગે પણ પોતાના નવા વિચારો રજુ કાર્ય છે. આઝાદી પાશ્ચ્યાત શિક્ષણના તમામ અંગો (સ્તરો) વિષે તલસ્પર્શી અભ્યાસ કરવા માટે નિમાયેલું તે એક માત્ર શિક્ષણપંચે હતું. આ પંચે, માળખાના ફેરફાર વખતે શિક્ષણના ધોરણોનું ઉન્નયન થાય તેના પર ખાસ ધ્યાન રાખ્યું છે. કોઠારી પંચે પોતાના વિચારો દ્વારા શિક્ષણને એક નવો મોડ આપવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

## ૩.૪ શિક્ષણની રાષ્ટ્રીય નીતિ (૧૯૮૬)

**પ્રસ્તાવના :**

શિક્ષણ એ અપેક્ષિત સમાજરચના ઊભી કરવાનું અસરકારક પરિબળ છે. શિક્ષણ દ્વારા સમાજમાં ઇં પરિવર્તનો લાવી શકાય છે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ સમયે આપણા દેશ સમક્ષ ગરીબી, બેકારી, નિરક્ષરતા અ વસ્તીવૃદ્ધિની તથા એ બધાંને આનુષગિક અને સમસ્યાઓ હતી, એને નિવારવાના અનેક ઉપાયો પૈ પાયાનો ઉપાય શિક્ષાપ્રથામાં પરિવર્તનો આણવાનો હતો. આ સંદર્ભમાં સ્વાતંત્ર્યોત્તર સમયમાં ભા સરકારે ક્રમશઃ વિવિધ શિક્ષણ પંચો નીમ્યાં. છેલ્લું શિક્ષણ પંચ ઈ.સ. 1964માં કોઠારી શિક્ષણ નિમાયું. આ રાષ્ટ્રીય શિક્ષણ પંચની ભલામણો અનુસાર ઈ.સ. 1968માં સર્વપ્રથમ રાષ્ટ્રીય શિક્ષણની ઘડવામાં આવી. આ શિક્ષણનીતિનો સ્વીકાર કર્યા પછી, સમગ્ર દેશમાં બધા જ સ્તરે શૈક્ષણિક સુવિધાઓ નોંધપાત્ર વધારો, પ્રગતિ જેવા મળ્યો છે. દેશની 90 કરતાં પણ વધારે ગ્રામ વસતિને એક કિલોમીટ અંદરના વિસ્તારમાં શાળાની સુવિધા આપવામાં આવી છે. મોટા ભાગનાં રાજયોમાં 10 + 2 + 3ની  શિક્ષણ પદ્ધતિ લાગુ કરવામાં આવી. ગણિત અને વિજ્ઞાનના વિષયો ફરજિયાત બનાવવામાં આવ્યો અને કાર્યાનુભવના વિષયને અગત્યનું સ્થાન આપવામાં આવ્યું. પૂર્વસ્નાતક કક્ષાએ પણ અભ્યાસક્રમોનો પુનઃરચના કરવાનું શરૂ કરવામાં આવ્યું અને અનુસ્નાતક કક્ષાએ શિક્ષણ અને સંશોધન માટે ઉચ્ચ અણ માટેનાં કેન્દ્રો ઊભાં કરવામાં આવ્યાં. 1968ની રાષ્ટ્રીય શિક્ષાનીતિમાં એક તરફ આપણે ઉપર બેઈ ગયા તેવી સિદ્ધિઓ જોવા મળતી હતી, પણ જ્યારે તેને અમલમાં મૂકવામાં આવી ત્યારે આ સિદ્ધિઓની સાથે સાથે જે નાગ્રાંકીય જવાબદારીઓ અને સંચાલન વ્યવસ્થાતંત્રનો સહકાર પણ જરૂરી હતો જે પૂરતો ન મળવાથી ગુણવત્તાના પ્રશ્નો, સંખ્યાના પ્રશ્નો,

ઉપયોગિતાના પ્રશ્નો અને નાણાંકીય પ્રશ્નો ઊભા થયા અને વર્ષોવર્ષ આ પ્રશ્નોનો જથ્થો એટલો વધતો ગયો કે હવે તેને અગ્રિમતાના ધોરણે ઉકેલવા સિવાય કોઈ વિકલ્પ હતો નહીં. 21મી સદીના ઉંબરે ઊભેલા વિશ્વના વિકસિત દેશોની હરોળમાં સ્થાન મેળવવા ભારતે પરંપરાગત ચોકઠામાંથી બહાર નીકળી શિક્ષણને સામાજિક અને આર્થિક પરિવર્તનનું પાયાનું તથ ક્રિયાશીલ સાધન બનાવવું પડશે. આમ થશે તો જ આ દેશનાં બાળકો ભાવિ પડકારો તથા પરિવર્તનોને પહોંચી વળવા સક્ષમ બનશે. આવી કંઈક અનુભૂતિએ તે સમયના ભારતના વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીને ચિંતિત કર્યા અને તેમણે દેશને 21મી સદીને માટે સુસજ્જ થવા માટેની હાકલ કરી. તે સાથે જ કેળવીના ક્ષેત્રે નવી વૈચારિક ક્રાંતિનો પ્રસાર થયો. એમાં સાંસદો, શિક્ષણશાસ્ત્રીઓ, બુદ્ધિજીવીઓ શિક્ષકો અને પ્રજાનો સામાન્ય વર્ગ જોડાયો. સૌની મથામણના પરિપાક પેટે ઈ.સ. 1986માં શિક્ષણની જે નીતિને લોકસભાએ બહાલી આપી, તે આરંભિક વર્ષોમાં 'નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ'ના નામે ઓળખાઈ. હવે આપણે તેને '**શિક્ષણની રાષ્ટ્રીય નીતિ – 1986**' કહીશું.

**રાષ્ટ્રીય શિક્ષણનીતિ શા માટે ?**

રાષ્ટ્રીય શિક્ષણનીતિ–1986 એ તત્સમયના અને ભાવિ પડકારોને પહોંચી વળવાની જરૂરિયાતમાંથી આવિષ્કૃત થયેલી છે. એનો ઉદ્ભવ કેમ થયો એટલે કે એની આવશ્યકતા શી છે તે અંગે ભારત સરકારે " શિક્ષણનો પડકાર - નીતિ પરિપ્રેક્ષ્ય' નામે પુસ્તિકામાં વિસ્તૃત વર્ણન કરેલ છે. આ નીતિનો ઉદ્ભવ પુસ્તિકામાં ચર્ચેલ કારણોને આધારે નીચે પ્રમાણે રજૂ કરી શકાય :

- શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતાના પ્રશ્નો મૂંઝવભર્યાં અને વાયા રહ્યા છે.
- શ્રમના ગૌરવનો સ્વીકાર થયો નથી.
- મૂલ્યોમાં દિનપ્રતિદિન ઘટાડો થયો છે અને શિક્ષણ જગતમાં પણ ભ્રષ્ટાચાર અસહ્ય બન્યો છે.
- પરીક્ષા પદ્ધતિની ખામોમાં ગોખણપટ્ટીના જ્ઞાનની ચકાસણી થાય છે. પરીયાઓમાં બિમારન જે નિર્ણય લેવાય છે તે પણ અક્ષમ્ય જ ગણાય.
- રાષ્ટ્રીય એક્તાની ભાવના આજની શિક્ષણ વ્યવસ્થા સર્જી શકતી નથી.
- શિક્ષિત બેરોજગારીની સમસ્યા વધુ ને વધુ ઘેરી બનતો જાય છે.
- હજુ સમગ્ર રાષ્ટ્રમાં સંપૂર્ણ સમાન શિ ત ધરાવતું માળખું સર્જી શકાયું નથી.
- વ્યાવસાયિક શિક્ષણ માટેની વ્યવસ્થા સંતોષજનક નથી.
- કન્યાઓના શાળા પ્રવેશના દરમાં સંતોષકારક વધારો કરી શકાયો નથી.
- આગામી વર્ષોમાં નિરક્ષર વસ્તીનો સૌથી વધુ ભરાવો ભારતમાં હશે.
- શિક્ષત્રમાં સંખ્યાત્મક વૃદ્ધિ જણાઈ છે પરંતુ તે અપૂરતી છે અને ગુણાત્મક વિકાસ માટે ઘણું કરવાનું બાકી છે.
- અભ્યાસ સંપૂર્ણ કરી સમાજમાં આવતા વિદ્યાર્થીઓ અપેક્ષા પ્રમાણેનાં કૌશલ્યો અને જ્ઞાન ધરાવતા હોતા નથી.
- શિક્ષણનો વ્યાપ શહેરીગ્રામ વિસ્તારમાં તેમજ સ્ત્રી અને પુરુષોમાં પણ સમાન રીતે થયો નથી.
- સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનું ધ્યેય સિદ્ધ કરી શક્યા નથી, માત્ર કલ્પના જ રહી છે.
- શિક્ષણ પાછળ ખર્ચાતી રકમ સંરક્ષણ પછી દ્વિતીય ક્રમે હોવા છતાં એ ફાળવણી અપૂરતી જ ગણાય. કારણ કે હજુ કાળાં પાટિયાં સાધનોની તંગી ઘણી શૈક્ષણિક સંસ્થાઓ અનુભવે છે.
- અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના શિક્ષણમાં અપેક્ષિત લક્ષ્યાંકો હાંસલ થયા નથી.

ઉપર જણાવેલ સમસ્યાઓ કે મર્યાદાઓ હોવાથી નવી શિક્ષણનીતિથી તે પ્રશ્નો હલ થશે તેવી અપેક્ષા છે. નવી શિક્ષણનીતિનો ઉદ્ભવ ઉપરોક્ત પરિબળોને આભારી છે.

**રાષ્ટ્રીય શિક્ષણનીતિ – 1986 નો ઉદ્ભવ (રાષ્ટ્રીય શિક્ષણનીતિની પાર્શ્વ ભૂમિકા)**

1968ની રાષ્ટ્રીય શિક્ષણનીતિ પછી 21મી સદીના ઉંબરે આવી ઊભેલા ભારતને ઝડપી ગતિથી બદલાઈ રહેલી પરિસ્થિતિને પહોંચી વળવા માટે અને વિકસતા વિજ્ઞાન યુગની સાથે કદમ મિલાવવા માટે જાન્યુઆરી 1985માં તત્કાલીન પ્રધાનમંત્રી રાજીવ ગાંધીએ નવી શિક્ષણનીતિ આપવાનું વચન આપ્યું. ડિસેમ્બર '85માં શાન્તિનિકેતનમાં તેમણે કહ્યું હતું કે, India has achieved tremendous progress in the field of science and technology since independence, but the vast

resource, namely, the people, hate remained undeeloped.' અર્થાત્ ભારતે આઝાદી પછી વિજ્ઞાન અને ટેક્નોલોજના ક્ષેત્રે અફાટ પ્રગતિ સાધી છે, પરંતુ વિશાળ માનવ સમુદાય આ પ્રગતિની પહોંચથી વંચિત છે.

તે પહેલાં ઑગષ્ટ '85માં રાજ્યોના શિક્ષણમંત્રીઓની પરિષદમાં તેમણે કહ્યું હતું કે, The world is progressing tremendously rapidly. The only thing that can keep India abreast of this progress is a solid grounding in education for all our people... How ar we going to prepare the nation to meet the challenges of the latest and newest technology as it comes '' અર્થાત્ વિશ્વ કૂદકે અને ભૂસકે આગળ વધી રહ્યું છે. એકમાત્ર મહત્ત્વન બાબત એ છે કે ભારત આ કક્ષાએ ત્યારે જ પહોંચી શકે જે આપણી પાસે શિક્ષણની યોગ્ય ભૂમિક હોય... વિજ્ઞાન અને ટેક્નોલોજીના પડકારોને પહોંચી વળવા માટે આપન્ને દેશને કેવી રીતે તૈયાર કરીશું.

આ વિધાનો સૂચિત નીતિ વિષે તેમના મનમાં શો ખ્યાલ હતો તેનો નિર્દેશ કરે છે. વિકસતા વિશ્વની સાથે કદમ મિલાવવા 21મી સદીમાં આધુનિક ભારતનું નિર્માણ કરવાનું જે સ્વપ્ન રાજીવ ગાંધીના માનસમાં ઉપસ્યું હતું તેના એકમાત્ર ઉકેલ સ્વરૂપે નવી શિક્ષણનીતિની ઉદ્‌બોધના કરી.

ઈ.સ. 1986ના અંદાજપત્ર સત્ર દરમિયાન, લોકસભાએ પુખ્ત વિચાર-વિમર્શ કર્યા બાદ 'રાષ્ટ્રીય શિક્ષણનીતિ`1986' નો નિર્ધાર જાહેર કર્યો. અંદાજપત્રની પૂર્ણાહૂતિ બાદ તુર્તમાં જ માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા નીતિને સ્પર્શતા તમામ પાસાંઓના સુદૃઢ, સુવ્યવસ્થિત અમલને માટે નિશ્ચિત કે કંડારવાના સઘન પ્રયત્ન હાથ ધર્યા. આ કાર્યક્રમ નક્કી કરવા માટે સૌ પ્રથમ તો 23 જેટલી કાર્યસમિતિઓની રચના કરવામાં આવી. સમિતિના સક્રિય સભ્ય તરીકે વિવિધ ક્ષેત્રોની વિશિષ્ટ વ્યક્તિઓ જેવી કે પ્રખર કેળવણીકાર, તજ્જ્ઞો, ભારત તેમજ રાજય સરકારના શ્રેયાંક પ્રતિનિધિઓની નિયુક્તિ કરવામાં આવી હતી. કાર્યસમિતિઓને સોંપવામાં આવેલા વિવિધ વિષયોની સૂચિ નીચે પ્રમાણે હતી :

- શિક્ષણનીતિને કાર્યાન્વિત કરવી.
- શાલેય શિક્ષણની પ્રક્રિયા તથા પાઠ્યક્રમ (અભ્યાસક્રમ).
- સ્ત્રીઓને સમાનતા માટે શિક્ષણ.
- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા અન્ય પછાત વર્ગ માટેનું શિક્ષણ.
- લઘુમતિઓ માટેનું શિક્ષણ.
- શારીરિક ક્ષતિવાળા માટેનું શિક્ષણ.
- પ્રૌઢ તથા નિરંતર શિક્ષણ.
- બાળ-સંભાળ અને શિક્ષણ.
- પ્રાથમિક શિક્ષણ (અવૈરિક શિક્ષણ તથા શાળા સુવિધાઓ ઓપરેશન બ્લેક બોર્ડ સહિત).
- માધ્યમિક શિક્ષણ અને નવોદય વિદ્યાલયો.
- વ્યવસાયીકરણ.
- ઉચ્ચ શિક્ષણ.
- ખુલ્લી વિદ્યાપીઠ (Open University) તથા દૂર ચિશ્ત્ર (Distance Learning – D.L.)
- તાંત્રિક અને સંચાલન શિક્ષણ.
- સંશોધન અને વિકાસ.
- માધ્યમ અને શિક ટેક્નોલોજી શિક્ષણક્ષેત્રે કમ્પ્યુટરના ઉપયોગ સહિત).
- વિવિધ સેવાઓ સાથે ઉપાધિઓનું વિચ્છેદન અને માનવશક્તિ અંગે આયોજન.
- સાંસ્કૃતિક તથા દર્શન અને ભાષાકીય નીતિનું અમલીકરણ.
- રમત-ગમત, શારીરિક શિક્ષણ તથા યુવાવર્ગ સુધારણા.
- મૂલ્યાંકન પ્રક્રિયા અને પરીક્ષા શિક્ષકો અને શિક્ષણ તાલીમ.
- શિક્ષણનું સંચાલન.

- ગ્રામ વિદ્યાપીઠો – સંસ્થાઓ.

કાર્ય-સમિતિઓને તેઓને સોંપવામાં આવેલા વિવિધ વિષયોની પ્રવર્તમાન પરિસ્થિતિનું સંપૂર્ણ દર્શન રાષ્ટ્રીય શિક્ષણનીતિના સંદર્ભમાં કરવાનું તથા તેના અમલ અંગેની તેટલી સ્પષ્ટતા વિષયવાર સૂચવવાની વિનંતી કરેલી. રાષ્ટ્રીય શિક્ષણનીતિના સુયોજિત અમલ માટે જરૂરી નાણાંકીય સવલતો, દરેક સોપાન સમયે કેટલી જરૂર રહેશે તે અંગે પણ વિચારણા કરી, સૂચવવાની વિનંતી કરેલી. કાર્યસમિતિઓ દ્વારા જુલાઈ 1986માં પોતાના વિવિધ વિષયો પરના અભ્યાસપૂર્ણ અહેવાલો સુપ્રત કરવામાં આવ્યા. માનવસંપત્તિ વિકાસ મંત્રાલયના મંત્રીશ્રીની અધ્યક્ષતામાં અહેવાલ અંગે અનેક મીટીંગો દ્વારા વિશદ્ ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. 20મી જુલાઈ, 1986ના રોજ ભારત સરકાર તથા રાજ્ય સરકારના પ્રતિનિધિઓની પરિષદમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિના સંદર્ભમાં 'અમલીકરણ કાર્યક્રમ' તૈયાર કરવામાં આવ્યો. 1986ની પહેલી તથા બીજી ઑગષ્ટના રોજ, નવી દિલ્હી ખાતે શિક્ષણ વિષયક મધ્યસ્થ સલાહકાર બોર્ડની બેઠકમાં બહુમૂલ્ય સૂચનો કરવામાં આવ્યાં. ત્યારબાદ ચર્ચા-વિચારણાને અંતે અમલીકરણ કાર્યક્રમ લોકસભાના ટેબલ ઉપર મૂકાયો.

લોકસભાની સ્વીકૃતિની મહોર વાગ્યા બાદ, વિવિધ ખાતાઓ અને વિવિધ માધ્યમો દ્વારા, જરૂરી વિગતવાર પ્રકલ્પો લેવાયા. સમગ્ર નીતિના અમલ માટે સૌ કોઈ કટિબદ્ધ જણાયા. અમલીકરણ કાર્યક્રમ તદ્ન ચુસ્ત નથી. વિવિધ પ્રશ્નોને વિવિધ સ્તરેથી સમજીને શક્ય તેટલું સુરેખ માર્ગદર્શન આપતું માત્ર માર્ગદર્શક સ્તંભ સમું રેખાંકન છે, સ્થાનિક સંજોગો, સ્થાનિક પ્રશ્નો, પર્યાવરણ વગેરેના સંદર્ભમાં સૂચિત માર્ગદર્શક રૂપરેખામાં, અનુકૂળતાભર્યા જરૂરી ફેરફારો લાવીને સુદઢ અમલ કરવાની દિશામાં કાર્યરત થઈ ઉપસ્થિત થતા પ્રશ્નો યા પરિસ્થિતિ વગેરેનો પણ ખ્યાલ કરવામાં આવશે. કાર્યક્રમનો અમલ એ ભારત તેમજ રાજ્ય સરકારનો સહિયારો પ્રયાસ રહેશે. આમ, રાષ્ટ્ર નવનિર્માણની કેડી કંડારવામાં, કરના હૈ નિલ' ના નારા સાથે રાષ્ટ્રીય શિક્ષણનીતિ કાર્યાન્વિત કરાઈ.

**રાષ્ટ્રીય શિક્ષણનીતિનાં લક્ષણો** :

શિક્ષણ મંત્રાલય દ્વારા ઓગષ્ટ-1985માં પ્રકાશિત કરેલ શિક્ષણનાં પડકાર-નીતિ પરિપ્રેક્ષ્ય' ની વિષયસૂચિ ચાર પ્રકરણમાં વિભાજીત કરેલ હતી : (1) શિક્ષણ, સમાજ અને વિકાસ (2) શૈક્ષણ્રિક વિકાસનું સમગ્ર દર્શન (3) આલોચનાત્મક મૂલ્યાંકન અને (4) શૈક્ષણિક નવસંસ્કરણનો અભિગમ. તેના આધારે રાષ્ટ્રીય શિક્ષણ વ્યવસ્થાનાં મુખ્ય લક્ષણો નીચે પ્રમાણે છે :

- જ્ઞાતિ, જાતિ, પ્રાદેશિકતા કે લિંગના ભેદભાવ વિના નક્કી કરેલાં સ્તરે તમામ વિદ્યાર્થીઓને સમાન ગુણવત્તાવાળું શિક્ષણ.
- પ્રત્યેકને શિક્ષણની સમાન તક જ નહીં પરંતુ શિક્ષત્રમાં સફળતા પ્રાપ્તિની પરિસ્થિતિ ઊભી કરવી.
- 10 – 2 – 3 નું શિક્ષણનું સમાન માળખું.
- અન્ય સ્થિતિસ્થાપક વિભાગો સાથે સર્વસામાન્ય ઘર્દરૂપ તત્ત્વો ધરાવતું રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું. હાર્દરૂપ તત્ત્વો જેવા કે,
    - ü ભારતની સ્વાતંત્ર્ય ચળવળને આવરી લેતો ઈતિહાસ
    - ü બંધારણીય જવાબદારીઓ
    - ü રાષ્ટ્રીયતાના ગૌરવને વધારનારી બાબતો રાષ્ટ્રનો સાંસ્કૃતિક વારસો
    - ü લોકશાહી અને બિનસાંપ્રદાયિકતા
    - ü દૂરંદેશિતા, જાતીય સમાનતા
    - ü પર્યાવરણનું રક્ષણ
    - ü સામાજિક ભેદભાવ દૂર કરવા
    - ü નાના કુટુંબના લક્ષ્યાંકનું પાલન કરવું.
    - ü વૈજ્ઞાનિક વલણ કેળવવું.
- શિક્ષણના દરેક તબક્કે અધ્યયનનું ન્યૂનતમ સ્તર નક્કી કરવું.
- દેશના વિભિન્ન ભાગોમાં વસતા લોકોની વિવિધ સંસ્કૃતિ અને જીવન પદ્ધતિ વિષે વિદ્યાર્થીઓના મનમાં સમજ કેળવવી.
- વ્યાવસાયિક જગત અને સાહસિકતાના વિકાસ માટે કડીરૂપ બનવું.

- અધ્યેતાના વિવિધ સાધનો દ્વારા આજીવન અભ્યાસ અને તાલીમ માટે જિજ્ઞાસા ઊભી કરવી.
- રાષ્ટ્રીય પદ્ધતિના શિક્ષણ માટે રાષ્ટ્રીય સંસ્થાઓને મુખ્ય અને અગત્યનો ભાગ ભજવવા માટે પગભર કરવી.

ટૂંકમાં, ઉપરોક્ત લક્ષણો જેનાં 21મી સદીમાં શિક્ષણના માધ્યમ દ્વારા દેશને પ્રગતિના પંથે લઈ જવાની મનની પ્રતીતિ કરાવે છે.

**રાષ્ટ્રીય શિક્ષણનીતિ – ભલામણો** :

રાષ્ટ્રીય શિક્ષણનીતિ–1986 એ લાંબા ગાળાનું આયોજન છે. તેના અમલીકરણનો કાર્યક્રમ (Action ')n) એ પાંચ-પાંચ વર્ષના ત્રણ-ત્રણ તબક્કામાં વિભાજિત થયેલ છે. આ રાષ્ટ્રીય શિક્ષણનીતિના મહત્ત્વના મુદ્દાઓ વિષેની જોગવાઈઓ નીચે પ્રમાણે છે :

**૧.સમાનતા માટે શિક્ષણ** : સમાજના જે વર્ગોની જરૂરિયાતોને ધ્યાન પર લઈને તેઓને શિક્ષણની તકો પૂરી પાડવા બાબતે આજ સુધી જે ઉપેક્ષા સેવવામાં આવી છે તે તમામ વિસંવાદિતાઓને દૂર કરવાની બાબતે નીચે પ્રમાણે પગલાં વિચારાયેલાં છે :

**સ્ત્રીઓને સમાનતા માટે શિક્ષણ** :

- સ્ત્રીઓનું નવું અભ્યાસક્રમનું માળખું અને પાઠપુસ્તકો તૈયાર કરીને, તાલીમબદ્ધ શિક્ષકો તૈયાર કરવા.
- સ્ત્રી–વિકાસના કાર્યક્રમો હાથ ધરવા.
- સ્ત્રીઓના શાળામાં સ્થાયીકરણ પર ખાસ ધ્યાન આપવું.
- શિક્ષણ માટે મહિલાઓને અનુકૂળ સમય તેમજ ભણેલી સ્ત્રીઓને માટે નોકરીની ખાસ તકો આપવી.
- સ્ત્રીઓને ધંધાકીય, વ્યાવસાયિક અને તર્કનિકી શિ માટે પ્રોત્સાહિત કરવી.

**પછાત જ્ઞાતિઓનું શિક્ષણ** :

- જરૂરતમંદ કુટુંબોનાં બાળકો 14 વર્ષનાં થાય ત્યાં સુધી શાળામાં મોકલવા માટે પ્રોત્સાહન આપવું.
- સ્કોલરશીપ આપવી.
- પછાત બાળકોનો શાળા પ્રવેશ, સ્થાયીકરણ અને છેલ્લા તબક્કા સુધી આગળ અભ્યાસને માટે અને નૌકરીને માટેની તો ઊજી છે, તેનો ખ્યાલ રાખવો.
- પછાત જ્ઞાતિના શિક્ષકોની ભરતી કરવી.
- જિલ્લા મથકે વિદ્યાર્થી ગૃહોની વ્યવસ્થા કરવી.
- શિક્ષણની પ્રક્રિયામાં નીતનવીન પદ્ધતિઓ અને સંશોધનો દ્વારા પછાત વર્ગોને શિક્ષણમાં ભાગીર બનાવવા.
- અનુસૂચિત જાતિઓનું શિક્ષણ :
- પછાત આદિવાસી વિસ્તારોમાં નવી પ્રાથમિક શાળાઓ ખોલવાની દરખાસ્તને અગ્રતાક્રમ આપવો.
- પ્રાથમિક તબક્કે તેઓની ભાષામાં પાઠ્યપુસ્તકો તૈયાર કરાવવાં.
- અનુસૂચિત જનજાતિના યુવાનોને તેમના વિસ્તારોમાં શિક્ષણ આપવા માટે શિક્ષક તરીકે પસંદ કરવામાં આવશે.
- મોટા પાયે આશ્રમશાળાઓ અને નિવાસી શાળાઓની વ્યવસ્થા પછાત વિસ્તારોમાં  કરવી.
- ટેકનિકલ, વ્યાવસાયિક અને અપવ્યાવસાયિક અભ્યાસક્રમો પર વધારે ભાર આપવામાં આવશે.
- તેમના માનસિક અને સામાજિક ક્ષોભને દૂર કરવા ખાસ કાર્યક્રમો હાથ ધરવા
- અવૈધિક શિક્ષણ કાર્યક્રમ, આંગણવાડી અને પ્રૌઢશિક્ષણ કાર્યક્રમો અને અનુસુચિત જનજાતિઓના વિસ્તારોમાં અગ્રતાક્રમે શરૂ કરવામાં આવશે.
- તેઓના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનો પરિચય આપી તેઓમાં રહેલી જબ્બર રચનાત્મક કુશળતાના પ્રત્યે તેઓને જાગૃત કરવામાં આવશે.

**શૈક્ષણિક રીતે પછાત અન્ય વિસ્તારો અને વસતિ વિભાગ** :

પર્વતીય વિસ્તારો, રણવિસ્તારના જિલ્લાઓ, દૂરદૂરના ઊંડાણમાં આવેલા વિસ્તારોના શૈક્ષણિક રીતે પછાત લોકોને માટે પણ યાગ્ય વ પ્રોત્સાહનોની જોગવાઈ કરવામાં આવશે.

**લઘુમતિઓનું શિક્ષણ** :

- લઘુમતીઓને પોતાની શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવા માટે અને તેનું સંચાલન કરવા માટે બંધારણની જોગવાઈઓ અનુસાર ખાતરી આપવામાં આવશે.
- તેઓની ભાષા અને સંસ્કૃતિનું રક્ષણ કરવામાં આવશે.
- પાઠ્યપુસ્તક રચનામાં અને શાલેય પ્રવૃત્તિઓમાં એકતા અને સામાન્ય રાષ્ટ્રીય ધ્યેયો અને વિચારો પ્રસારણ થાય તે જોવામાં આવશે.

**શારીકિ ક્ષતિવાળાં બાળકોનું શિક્ષણ** :

- હલનચલનની ક્ષતિઓવાળાં અને અન્ય સામાન્ય ક્ષતિઓવાળાં બાળકોને બીજાં સામાન્ય બાળક સાથે જ શિક્ષણ આપવામાં આવશે.
- શારીરિક કે માનસિક ક્ષતિઓ ધરાવતાં બાળકોને માટે ખાસ પ્રકારની નિવાસી શાળાઓની જિલ્લા મથકે સ્થાપના કરવામાં આવશે.
- શારીરિક કે અશક્તોને માટે વ્યાવસાયિક તાલીમની વ્યવસ્થા કરવામાં આવશે.
- પ્રાથમિક શાળાના શિક્ષકને ક્ષતિવાળાં બાળકોની સાથે કઈ રીતે કામ લેવુ તેની તાલીમ આપવામાં આવશે.

**પ્રૌઢ શિક્ષણ** :

- ગ્રામ વિસ્તારોમાં સતત શિક્ષણકેન્દ્રો સ્થાપવાં.
- કારખાનેદારો દ્વારા કામદારોને શિક્ષણ; જેમાં ટ્રેડ યુનિયનો અને સરકારી એજન્સીઓ પણ ભાગ લે.
- માધ્યમિક ગાનું શિક્ષણ પુરું કર્યા પછી શિક્ષણ લેવા માટેની સંસ્થાઓની સ્થાપના.
- પ્રૌઢો માટે પુસ્તકાલયો, વાંચનાલયો અને પુસ્તકોની વ્યવસ્થા.
- સમૂહ શિક્ષણ માટેનાં સાધનો તરીકે ટી.વી. ફિલ્મો અને રેડિયોનો ઉપયોગ,
- વિદ્યાર્થી જૂથ પદ્ધતિ અને તેના સંચાલન માટેની વ્યવસ્થા.
- પોસ્ટલ શિક્ષણ (distance learning) ની વ્યવસ્થા.
- સ્વયં શિક્ષણની વ્યવસ્થા.
- રસ, વલણ અને જરૂરિયાત પર આધારિત વ્યાવસાયિક તાલીમી કાર્યક્રમોનું આયોજન.

**શિશુ-સંભાળ અને શિક્ષણ** :

કોઈપણ રાષ્ટ્રનો સ્વસ્થતાપૂર્ણ અને ગુણવત્તાપૂર્ણ જીવનના મૂળભૂત માપદંડ રાષ્ટ્રની માનવબાળ સંપત્તિ પર આધારિત છે. બાળસંપત્તિનો મૃત્યુદર, બાળસંપત્તિ માટે ઉદ્ભવતા અપૂરતા પોષણક્ષમ આહાર, બાળસંપત્તિનું રોગિષ્ટ અવદશાનું ચિત્ર અને સાક્ષરતાનો દર, આ તમા બાબતો રાષ્ટ્રના ગુણવત્તાસભર જીવન માટે મુખ્ય આધારસ્તંભ સમા મુદ્દાઓ છે. આપણા દેશમાં આજે (1984 માં) મૃત્યુદર ગ્રામ વિસ્તારનો 113 અને શહેરી વિસ્તારમાં 66 નો આંક ગણાય છે. લગભગ 83% બાળકોના શારીરિક વજન તો સામાન્યતઃ જરૂરી એટલા વજન કરતાં ઓછાં જણાયાં છે. ઉપરોક્ત હકીકતોને ધ્યાનમાં લઈ શિશુ–સંભાળના સંદર્ભમાં નવી શિક્ષણનીતિમાં નીચેના જેવાં પગલાં વિચારાયાં છે :

- અધ્યાપકો તથા તાલીમાર્ગીઓ માટેનું જરૂરી શૈક્ષણિક સાહિત્ય વિકસાવવું.
- પ્રત્યેક આંગણવાડી કાર્યકર તાલીમી કેન્દ્રને ઓછામાં ઓછી 25 જેટલી આંગણવાડીઓ ચલાવવાની જવાબદારી સોંપવી જોઈએ, જેથી કેન્દ્રના તાલીમાર્થીઓને ક્ષેત્રિય કામગીરી કરવાની મોકળાશ રહે.
- શિક્ષકોની તાલીમના અભ્યાસક્રમમાં તંદુરસ્તી અને પોષણને સ્પર્શતા કેટલાક અંશો ઉમેરવા.

- '3R'નું શિક્ષણ અટકાવીને રમત દ્વારા જ્ઞાન પદ્ધતિનો ઉપયોગ કરવો.
- રમત દ્વારા શિક્ષણની પદ્ધતિ અપનાવવી
- ઘર તથા સમાજ વચ્ચેનો પારસ્પરિક સંબંધ વિકસાવવો
- શાળામાં પીવાલાયક પાણીની યોગ્ય વ્યવસ્થા કરવી.
- આનુષાંગિક પોષણ આપવું.
- ડૉક્ટરના નિરીક્ષણ હેઠળની આરોગ્ય વિષયક દેખરેખ સંભાળ રાખવી.
- બાળસંભાળ તથા શિક્ષણ સેવા કેન્દ્રોમાં ઉચ્ચ અભ્યાસક્રમ દાખલ કરવાના પગલાં લેવાં.

**પ્રાથમિક શિક્ષણ, ઓપરેશન બ્લેક બોર્ડ અને અવૈધિક શિક્ષણ** :

**પ્રાથમિક શિક્ષણ** : નવી શિક્ષણનીતિ શિક્ષણનાં સાર્વત્રીકરણને પ્રથમ અગ્રતા આપે છે અને બે બાબતો પર ખાસ ભાર મૂકે છે :

પ્રાથમિક શાળામાં દાખલ થવાની ઉંમરવાળાં બધાં જ બાળકોના શાળા પ્રવેશ અને આ જ બાળકોનું 14 વર્ષની ઉંમર સુધી શાળામાં સ્થાયીકરણ.

- **પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં તલસ્પર્શી સુધારણા. આમાં નીચેની વિગતોનો સમાવેશ થાય છે** .

ü વિષયવસ્તુમાં અને શિક્ષણ પદ્ધતિમાં સુધારા.
ü શાળા મકાનની સુધારણા અને અન્ય જરૂરી સગવડોની વ્યવસ્થા. શિક્ષકોની સંખ્યામાં વધારો.
ü શિક્ષક-પ્રશિક્ષણના વ્યવહારુ કાર્યક્રમોનું આયોજન.
ü શિક્ષણના દરેક તબક્કે લઘુતમ શૈક્ષણિક સ્તરની જોગવાઈ.

**અમલીકરણની વ્યૂહરચના નીચે પ્રમાણે છે** :

- સમગ્ર દેશમાં 1968ની શિક્ષણનીતિમાં દર્શાવ્યા મુજબની કોમન સ્કૂલ સિસ્ટમ- શિક્ષણના સામાન્ય માળખાની દિશામાં આગળ વધવું, જેથી બાળકો વચ્ચેનું સામાજિક દરજ્જાનું અંતર દૂર થાય.
- રાષ્ટ્રવ્યાપી એવી શાળા સુધારણાનો કાર્યક્રમ હાથ ધરવો.
- શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે શિક્ષણ-પ્રશિક્ષણ પદ્ધતિને સુધારવી.
- પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણને માટે લોકસહકાર મેળવવો.
- શિક્ષણના સાર્વત્રીકરણના દરેક તબક્કામાં શિક્ષકોને સામેલ કરવા.
- બધી જ પ્રાથમિક શાળાઓ અને અવૈધિક શિક્ષણ કેન્દ્રો પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ માટેની બધી જ પ્રવૃત્તિઓ માટેની જવાબદારી સ્વીકારશે.
- યુથક્લબ, મટિલામંડળ, સ્વૈચ્છિક સેવા સમિતિઓ, સામાજિક કાર્યકરીનાં જૂથો ઉપરાંત સ્થાનિક કાર્યકરો, નિવૃત્ત શિક્ષકો કે નિવૃત્ત વ્યક્તિઓનો સહકાર લઈ શકાશે.
- પ્રાથમિક શાળાઓ માટે સાર્વત્રિક સગવડોની ફાળવણી કરવા માટે માસ્ટર પ્લાન્ટ તૈયાર કરવા માટે 1957–68ના અંત સુધી સ્કૂલ મેપિંગ એક્સરસાઈઝ' વિગતવાર તૈયાર કરવામાં આવ જેમાં –
- 50 બાળકો મળી શકે તેમ હોય ત્યાં એક પ્રાથમિક શાળાની વ્યવસ્થા કરવી.
- પ્રાથમિક શાળામાંથી પોષણ મેળવતી એવી એક ઉચ્ચ પ્રાથમિક શાળાની વ્યવસ્થા કરવી.
- પછાત વર્ગનાં બાળકો માટે નિવાસી શાળાઓની અને છાત્રાલયોની વ્યવસ્થા મોટા પાયે કરવી

**વિદ્યાર્થીઓના શાળા પ્રવેશ અને સ્થાયીકરણ માટે -**

- શાળામાં દાખલ થયેલાં બાળકો શાળામાં ઓછામાં ઓછા પાંચ વર્ષનું શિક્ષણ પૂરું થતાં સુધી ટેક. તો તે બાબત પર વધારે ભાર મૂકવાનો છે.
- પ્રાથમિક શાળાને યોગ્ય વયજૂરવાળાં બાળકોની મોજણી ગ્રામજનોના સહકારથી શિક્ષકો કરશે.

- જે બાળકો પૂરા સમયની શાળામાં હાજરી આપી શકે તેમ ન હોય તેઓને અવૈધિક શિક્ષણ કેન્દ્રોમાં પ્રવેશ કરાવવામાં આવશે.
- જો બાળક ત્રણ દિવસ શાળાએ ન આવે તો શિક્ષક અને ગ્રામ શિક્ષણ સમિતિના સભ્યો તે બાળકના કુટુંબીજનોને સંપર્ક સાધે અને શાળામાં હાજરી આપવા સમજાવે.
- શિક્ષણને બાળ–કેન્દ્રીય બનાવવું.
- શારીરિક સજાઓ બંધ કરવી.
- ખેતીવાડીની મોસમને ધ્યાનમાં રાખીને વેકેશનના દિવસો નક્કી કરવા.
- શાળાકામના દિવસો 220 થી ઓછા થવા ન જોઈએ.
- ગરીબ બાળકોને મફત ગણવેશ, મફત પાઠ્યપુસ્તકો, નોટ-પેન્સિલોની ફાળવણી અને નિયમિત હાજરી માટેનાં અન્ય પ્રોત્સાહનો.
- ગરીબ બાળકોને બસમાં મફત શાળાએ આવવા જવાની વ્યવસ્થા કરવી.

**11 થી 14 વર્ષની વયજૂથનાં બાળકોના શાળા પ્રવેશ માટે :**

- બાળ–કામદારોને નોકરીમાં રાખતા માલિકોએ કામદાર બાળકોને માટે પોષણયુક્ત આહારની અને આરામ માટેની વ્યવસ્થા કરવી અને તેઓને માટે ખંડ સમયની સારી ગુણવત્તાવાળા શિક્ષણની વ્યવસ્થા કરવી.
- સ્થાનિક સમાજનો પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણ માટે પ્રવૃત્તિઓમાં સહકાર લેવો.
- બધાં જ બાળકોને સમાટે અનુકૂળ પડે તેવા સ્થળે શાળાઓ અને અવૈધિક શિક્ષણકેન્દ્રોની સ્થાપના કરવી.
- કાયદાઓના પાલનને માટેની જરૂરી વ્યવસ્થા ગોઠવવી અને તેમાં સજાના કરતાં યોજનાના પાસાંઓના અમલીકરણ પર વધારે ભાર મૂકવો.

**ઓપરેશન બ્લડ-બોર્ડ (Operation Black-Board) :**

'ઑપરેશન બ્લેકબોર્ડ' નો હેતુ દરેક પ્રાથમિક શાળામાં જરૂરી એવી ઓછામાં ઓછી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવાનો છે. આ સુવિધાઓમાં શૈક્ષણિક સાધન-સામગ્રીનો સમાવેશ થાય છે. અહીંયા 'ઓપરેશન' શબ્દનો અર્થ આ કાર્યક્રમની અગત્ય દર્શાવવા માટે વાપરવામાં આવ્યો છે.

**'ઓપરેશન બ્લેક-બોર્ડ' માં એવું વિચારવામાં આવ્યું છે કે:**

- દરેક પ્રાથમિક શાળામાં ઓછામાં ઓછા બે મોટા ઓરડાઓ એવા હોવા જઈએ કે ઓરડાઓનો ઉપયોગ દરેક ઋતુમાં થઈ શકે.
- દરેક પ્રાથમિક શાળામાં જરૂરિયાત પૂરતાં કડાંઓ અને રમતોનાં સાધનો હોય.
- કાળાં પાટિયાં, જરૂરી નક્શાઓ અને ચાર્ટ હોય.
- બીજી જરૂરી શૈક્ષણિક સામગ્રી પણ હોય. જેવી કે -

1. શિક્ષકો માટે જરૂરી સાધનો :
   - ü પાઠ્યક્રમ
   - ü પાઠ્યપુસ્તકો
   - ü શિક્ષક નીદર્શીનીઓ
2. વર્ગખંડ માટે જરૂરી એવી શૈક્ષણિક સામગ્રી :
   - ü નકશાઓ : જિલ્લાના – રાજયના – દેશના
   - ü પ્લાસ્ટિકના પૃથ્વીના ગોળા
   - ü શૈક્ષણિક ચાર્ટો
3. રમતગમતનાં સાધનો અને રમકડાં :

ü વિસડમ બ્લોક્સ
ü પુષ્ઠતાણ (સરફેસ ટેન્શન)
ü પક્ષીઓ અને જાનવરો અંગેના પઝલ
ü નવરોની દુનિયા
ü ત્રાજવાં
ü સૂક્ષ્મદર્શક કાચ, લોહચુંબક, માપપટ્ટી
ü ભાવાંક ચોખ્ખાઈ અને પોષણની વિગતો દર્શાવતો ચાર્ટ

4. રમતનાં સાધનો :
ü કૂદવા માટેના દોરડાં, દડા-ફૂટબોલ
ü વૉલીબોલ, રબ્બરના બોલ
ü હવા ભરવાનો પંપ
ü રીંગ, ટાયર સાથેનું હીંચવા માટેનું દોરડું

5. પ્રાથમિક વિજ્ઞાન માટેનાં સાધનો
6. નાની દરિયાર પેરી
7. 'ટુ ઈન વન' ઑડિયો સાધન
8. લાયબ્રેરીનાં પુસ્તકો :
ü આશરે 200 જેટલી બાળ પુસ્તિકાઓ, માસિકો, છાપાં, સામયિકો વગેરે.
9. શાળાનો ઘંટ
10. સંગીતનાં સાધનો :
ü ઢોલક કે તબલા, હારમોનિયમ, મંજીરા
11. પાણીની સગવડ
12. કચરાપેટી

પોલિટેકનિક, આઈ.ટી.આઈ., માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં "ઓપરેશન બ્લેકબોર્ડ' ના કાર્યક્રમ માટેની ચીજવસ્તુઓ તૈયાર કરવાની દિશામાં હિલચાલ શરૂ કરવા પ્રોત્સાહિત કરવામાં આવશે. એક શિક્ષકવાળી શાળાઓને બે સિક્કવાળી શાળાઓમાં ફેરવવામાં આવશે. બે શિક્ષકો પૈકીના એક મહિલા શિક્ષિકા હોય, એને આને માટે જુદા જુદા વિસ્તારોની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શક્ય ત્યાં સુધી સ્થાનિક કેળવાયેલી મહિલાની પસંદગી કરવામાં આવશે.

**અવૈધિક શિક્ષણનો કાર્યક્રમ** :

આ કાર્યક્રમમાં એવું માની લેવાયું છે કે, અવૈધિક શિક્ષણ વૈધિક શિક્ષણ પ્રણાલીની સરખામણીમાં ગુણવત્તાની દૃષ્ટિએ સરખું ઉતરશે. કામ કરતાં બાળકોની વૈવિધ્યપૂર્ણ જરૂરિયાતોને ધ્યાનમાં લઈને શિક્ષણની ઈમારતનું ચણતર કરવાનું હોય છે. અવૈધિક શિક્ષણની અગત્યની ખાસિયતો આ પ્રમાણે છે:

- પરિસ્થિતિ અનુસાર ફેરફારને પાત્ર એવી સંચાલન પ્રણાલી.
- પરિસ્થિતિ સાથે સુસંબંધ એવા અભ્યાક્રમ.
- અધ્યેતાઓની જરૂરિયાતો સાથે સાંકળેલી વૈવિધ્યપૂર્ણ શૈક્ષણિક પ્રવૃત્તિઓ.
- વિકેન્દ્રિત સંચાલન વ્યવસ્થા.

**અવૈધિક શિક્ષણ પ્રણાલીમાં શિક્ષક/ઈન્સ્ટ્રક્ટર અતિ અગત્ય ધરાવે છે. માટે અવૈધિક શિક્ષણ કેન્દ્રો માટે ઈન્સ્ટકટર...**

સ્થાનિક વ્યક્તિ હોવો જોઈએ.

ગામમાં તેની પ્રતિષ્ઠ સારી હોય.

- તેણે પોતાના ગ્રામસમાજ માટે કોઈ નમૂનારૂપ સેવા આપી હોય.
- સમાજના નબળા વિભાગમાંથી આવતો હોય તે ઈચ્છનીય છે.
- શક્ય હોય ત્યાં સુધી મહિલાની ઈન્સ્ટ્રક્ટર તરીકે નિમણૂક કરવી.

વહીવટી પુન:સ્થામાં સૌથી અગત્યની બાબત નિરીક્ષક છે. આ માટે..

- અવૈશ્વિક શિક્ષણકેન્દ્રોમાં પૂર્ણ સમયના નિરીક્ષકો નીમવા.
- દરેક નિરીક્ષકને 20 થી 25 કેન્દ્રો નિરીક્ષણ માટે સોંપી શકાય.
- અવૈધિક શિક્ષણ કેન્દ્રોમાં જરૂરી વસ્તુઓ પહોંચાડવાની વ્યવસ્થા કરવી.

**દરેક અધ્યેતાને અધ્યયન ચાલુ રાખવા(કંટીન્યુઈંગ એજ્યુકેશન) માટેની તક મળે તે માટે...**

- જે જે તબક્કે બાળકની કસોટી લઈને તે તબક્કાને સમકક્ષ એવા વૈશ્વિક શિક્ષણ પ્રણાલીની ધોરણમાં બાળકને દાખલ કરવું.
- વિદ્યાર્થીઓ ઓછામાં ઓછું પાંચ વર્ષનું શિક્ષણ લે જ, તેવો આગ્રહ રાખવો.

- જરૂરિયાતવાળાં બાળકોને શિષ્યવૃત્તિની જોગવાઈ કરવી.
- અવૈધિક શિક્ષણ કાર્યક્રમને જાહેર પુસ્તકાલયો, જનશિક્ષણ નીલયમ સાથે જોડવામાં આવશે.
- અવૈશ્વિક શિક્ષક કેન્દ્રોમાંથી બહાર પડતાં બાળકો અને યુવાનોને માટે વ્યાવસાયિક અને ટેકનીકલ શિક્ષણના અભ્યાસક્રમની વ્યવસ્થા કરવી.

**અવૈધિક શિક્ષણ કાર્યક્રમને માટે લાગુ કરવામાં આવેલી નાણાંકીય વ્યવસ્થા માટેની બાબતમાં...**

- સાતમી પંચવર્ષીય યોજનામાં પણ અપેક શિક્ષણને લગતી. નીચેની બાબતોના અને શ રીતે પછાત એવા 9 રાજ્યોમાં ચાલુ રાખવો.
- રાજ્ય સરકારોને અવૈધિક કેન્દ્રો સ્થાપવા અને ચલાવવામાં કુમારો અને કન્યાઓ બંનેને માટે 50 : 50 ના ધોરણે સહાય આપવી.
- સ્વૈચ્છિક સંસ્થાઓને અવૈધિક શિક્ષણ કેન્દ્રો ચલાવવા માટે 100 ટકાના ધોરણે સહાય આપવી.
- અવૈધિક શિક્ષણના ક્ષેત્રે નવા વિકલ્પો, સંશોધનો અને મૂલ્યાંકન પ્રવૃત્તિઓ હાથ ધરવા ૧૦૦ ટકા ધોરણે સહાય આપવી.

**અવૈધિક શિક્ષણના મૂલ્યાંકન અને દેખરેખ માટે. . .**

- મુખ્ય જવાબદારી સ્વનિક સમાજને સોંપવી.
- શિક્ષકો અને અવૈશ્વિક શિક્ષણકેન્દ્રોમાં ઈન્સ્ટ્રક્ટરોને ભાગીદારીવાળા મૂલ્યાંકન- કાર્યમાં જોડવા.
- બાળકોની હાજરીની નિયમિતતા અને તેઓની શૈક્ષણિક પ્રગતિ પર ધ્યાન આપવામાં આવશે.

આમ, ઉપરોક્ત ભલામણો જોતાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ – 1986 ના મતે પ્રાથમિક શિક્ષણ એ પા શિલ છે. શિતના સાવંત્રીકરણ માટે દરેક જિલ્લામાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (D.I.E.T.) સ્થપાયા છે. શિક્ષણમાં પછાત જિલ્લાઓની જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ (D.P.E.P.) (ગુજરાત પાંચ) સ્થપાયું છે. પ્રાથમિક શિક્ષણને લોકાભિમુખ બનાવવા માટે સર્વ શિક્ષા અભિયાન (SSA), એજયુકેશન ગેરન્ટી સ્કીમ (E.G.S.), શાળા તત્પરતા કાર્યક્રમ (School Readiness Programme), શાળા પ્રવેશોત્સવ (School Enrolment Drive), પ્રવૃત્તિલક્ષી અને આનંદદાયી શિક્ષä (Joyful Learning & Activity) જેવા કાર્યક્રમો હાથ ધરાયા છે. અવૈશ્વિક શિક્ષણ માટે 'રાત્રિ શાળાઓ' સ્થપાઈ છે અને ગુજરાતમાં તો 'ગ્રામ મિત્રો' ની નિમણૂંક કરવામાં પણ આવી છે, જેઓ શિક્ષણના બહુલક્ષી અભિયાનમાં સહભાગી થશે.

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું માધ્યમિક શિક્ષણમાં અમલીકરણ** : 1983ના વર્ષમાં 56,326 માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ અને 1,23,000 ઉચ્ચતર પ્રાથમિક શાળાઓ હતી. આમ, તેનો ગુણોત્તર 1 : 2 : 5 થાય છે. 1983ના વર્ષમાં માધ્યમિક કક્ષાએ સંખ્યા 97,45,519 અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ 51,01,435 હતી. ક્યાંક આદિવાસી વિસ્તારો, રેતાળ પ્રદેશો, પર્વતીય પ્રદેશો કે જ્યાં વસ્તીની ઓછી ગીચતાને લીધે પૂરતી પ્રવેશ સંખ્યાના અભાવે 10 થી 20 કિમી. વિસ્તારોમાં એકપણ માધ્યમિક શાળા અસ્તિત્વ ધરાવતી ન હોય, એવા વિસ્તારો પણ છે. આ વાસ્તવિકતાને ધ્યાનમાં લઈને નીચે પ્રમાણેની જરૂરિયાતો રહેશે :

- માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સવલત વિહોણા વિસ્તારોમાં માધ્યમિક શિક્ષણ પ્રવેશની સવલતોના વિસ્તૃતીકરણ માટેનો કાર્યક્રમ સુનિશ્ચિત કરવો.
- બીજી વિસ્તારો,શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સઘન બનાવવાનો કાર્યક્રમ.
- નવોદય વિદ્યાલયો ઊભાં કરવાનો કાર્યક્રમ.

**ઉપરોક્ત જરૂરિયાતો સંતોષવા નીચે પ્રમાણેના અમલીકરણ કાર્યક્રમો હાથ ધરવાના રહેશેઃ**

- માધ્યમિક શાળા વિહોણા વિસ્તરણ સેવાઓ ઈ.સ. 2000 સુધીમાં વિસ્તારી શકાશે અને ઉચ્ચતર માધ્યમિક શાળા અને માધ્યમિક શાળાનું ગુણોત્તર 1 : 2 : 5 થી નીચે હશે.
- એવાં બાળકો કે જેઓએ માધ્યમિક શિક્ષણ લીધું ન હોય એમના માટે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ લચીલા પ્રકારની અવૈશ્વિક શિક્ષણ વ્યવસ્થાની જરૂરિયાત પૂરી પાડવી.
- જ્યાં જરૂર હોય તેવી માધ્યમિક શાળાઓને રમતગમતના મેદાનોની સવલતો, વર્ગખંડો તથા પ્રયોગશાળાની સવલતોમાં વધારો કરવો. સાદી લાયકાત ધરાવતી વ્યક્તિઓને આ ધંધામાં આકર્ષતી.
- અભ્યાસક્રમમાં પાઠ્યપુસ્તકીય સામગ્રી, શૈક્ષણિક પ્રવિધિનો અને પરીક્ષણ પદ્ધતિઓમાં સમગ્ર રીતે સુધારો કરવો.
- ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓનો ગુણોત્તર 1 : 3 હોવો જોઈએ. ઉચ્ચત માધ્યમિક શાળાઓમાં માનવશાસ્ત્રીય વિદ્યાઓ, વિજ્ઞાન અને વાકિય પ્રવાહની ઝેગવાઈ કરવી
- તેજસ્વી બાળકો માટે નવોદય વિધાલયો' સ્થાપવી.

**નવોદય વિધાલયો** :

સુષુપ્ત શક્તિ ધરાવતાં અને ઊંચા ગુણાંક મેળવતાં બાળકો કે જે હાલની પદ્ધતિમાં મહદ્‌અંશે આવરી લેવામાં આવતાં નથી તેવા અને બીજા એવા વિદ્યાર્થીઓ કે જે કુદરતી ક્ષિસ ધરાવતા હોય કે જેમની યોગ્ય રીતે સારસંભાળ લેવામાં આવે તો તેના ક્ષેત્રમાં મૂળભૂત રીતે પ્રદાન કરી શકે તેમના માટે ગુજાવત્તાવાળું શિક્ષા આપવાના હેતુથી 'નવોદય વિદ્યાલયો' ઊભા કરવાનો કાર્યક્રમ વિચારાયો છે.

નવોદય વિદ્યાલયો યોજના અન્વયે ઊંચા ગુાંક પ્રાપ્ત કરનારાઓ માટે 7મી પંચવર્ષીય યોજનાના સમય દરમ્યાન દરેક જિલ્લામાં આવું એક વિદ્યાલય સ્થાપવામાં આવશે. આવી શાળાઓ વાલીઓની ફી ભરવાની શક્તિને ધ્યાનમાં લીધા સિવાય, સારી ગુણવત્તા ધરાવતું શિક્ષણ પૂરું પાડશે, આ શાળાઓમ ગ્રામ વિસ્તારોનાં બાળકો માટે 75 ટકા આરક્ષણ રાખવામાં આવશે. અનુસૂચિત જાતિ અને જનજાતિઓની જિલ્લાની વસ્તીના પ્રમાણમાં અને રાષ્ટ્ર ક્ષાએ નક્કી થયેલ અનુક્રમે 15 અને 7% ના ન્યૂનતમ દરે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે આરક્ષણ રાખવામાં આવશે. શાળામાં હું ભાગના વિદ્યાર્થીઓને આવરી લેવા પ્રયત્નો કરવામાં આવશે. આ શાળાઓમાં રહેવા અને જમવાની મફત સવલતો સાથે શિક્ષણ તદ્દન વિના મૂલ્ય આપવામાં આવશે. આ શાળાઓ માધ્યમિક શિક્ષણના મધ્યસ્થ બોર્ડ સાથે સંલગ્ન રહેશે.

કુદરતી બક્ષિસ ધરાવતા વિદ્યાર્થીઓ ઘણીવાર કોઈ મર્યાદિત વિષય ક્ષેત્રમાં વિશિષ્ટ ક્ષમતા ધરાવતા શૌય – પરંતુ સાથેસાથે બીજા કેટલાક ક્ષેત્રોમાં દુર્લભ ધરાવતા હોય છે. તેથી આવા વિદ્યાર્થીઓ માટે તેમના રસના મર્યાદિત વિષયોમાં દરેક વિદ્યાર્થીઓના નાના જૂથ માટે અધ્યયન અધ્યાપન માટે મોડ્યુલોના રૂપમાં ખાસ વ્યવસ્થા કરવી પડશે. આવી વ્યવસ્થાઓમાં મોટા પ્રમાણમાં સવલતો, શિક્ષક-શિષ્યનો ઊંચો ગુણોત્તર અને અધ્યાપન કાર્યક્રમોમાં વ્યાવસાયિક નિષ્ણાતોની નિયમિત ભાગીદારી, એ વિશિષ્ટ તત્ત્વો રહેશે.

આ નૂતન વિચાર બ્રિટનની 'પબ્લિક સ્કૂલ'ની પ્રથાને મળતો આવે છે. શિક્ષણનું માધ્યમ અંગ્રેજી અને હિન્દી શે. આ શાળામાં 500 વિદ્યાર્થીઓ 6 થી 12 પીરણમાં અભ્યાસ કરશે. દરેક વર્ગમાં 35 વિદ્યાર્થી હશે. શાળાના કર્મચારી ગણમાં 1 આચાર્ય, 2 ઉપાચાર્ય, 10 તાલીમી અનુસ્નાતક શિક્ષકો, 20 તાલીમી સ્નાતક શિક્ષકો મળી કુલ 23 વ્યક્તિઓ કાર્યરત રહેશે.

'નવોદય વિદ્યાલયો'શિક્ષણની ગુણવત્તા, વ્યવસ્થાપન તથા સંચાલનની દૃષ્ટિએ નમુનેદાર હશે "ને જિલ્લાની અન્ય માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તેને અનુસરશે. આમ, તે જિલ્લાની શાળાઓ –ટે પથ પ્રદર્શકની ભૂમિકા ભજવશે.

નવમી પંચવર્ષીય યોજનાને અંતે ગુજરાતના તમામ જિલ્લાઓમાં 'નવોદય વિદ્યાલયો' સ્થપાઈ 5 છે. શાળાની ભૌતિક અને માનવીય સંપત્તિની ષ્ટિએ આ શાળાઓ આદર્શ શાળાની ભૂમિકા ભજવી રહી છે.

## ૩.૫ સંશોધિત રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (૧૯૯૨)

પ્રસ્તાવના :

ઇ.સ. 1990માં શ્રી ચંદ્રશેખરના નેતૃત્વમાં જ્યારે ભારત સરકાર કાર્યરત હતી ત્યારે તેમણે શિક્ષણ પ્રવર્તતી કેટલીક વિસંગતતાઓ અને શિક્ષણનાં સ્તર અંગે તેમણે ઊંડું દુઃખ અનુભવ્યું. તેમણે આ માટે 7 મી મે, 1990નાં રોજ બિહારના જાણીતા સર્વોદય કાર્યકર અને શિક્ષણશાસ્ત્રી આચાર્ય રામમૂર્તિના અધ્યક્ષપદે રાષ્ટ્રીય શિક્ષણનીતિની સમીક્ષા માટે એક અભ્યાસ સમિતિ નીમી. આ સમિતિના અન્ય સભ્યમાં કેટલીક પ્રતિભાવાન વ્યક્તિઓએ પોતાની સેવાઓ આપી હતી. જેમાં ડૉ.સી.એન.રાવે, મેં સિદ્દિ્ધ, પ્રો. કે. સચ્ચિદાનંદ મૂર્તિ, શ્રી વેદવ્યાસ, ડૉ.એસ. ઝેડ. કાસિમ, પ્રો.મૃણાલ મિરિ, ડા માર્ગોપાલ અને એસ.ગોપાલનુ જેવી રાષ્ટ્રીય પ્રતિભા હતી.

1986ની નવી રાષ્ટ્રીય શિક્ષત્રનીતિની ચર્ચામાં શિક્ષણનાં વિવિધ પાસાં અંગે શિક્ષક સમદ અપાર વિશ્વાસ વ્યક્ત થયો છે. શિક્ષકની નિષ્ઠા, જવાબદારી હકારાત્મક વ્યવસાયી અભિયોગ્યતાની સાથે સાથે શિક્ષકની ક્ષમતા જેવા ગુણો ઉપર ભાર મૂકાયો છે. નવી શિક્ષણનીતિ શિક્ષણન વ્યવસાયમાં પ્રતિભાવંત અને સક્ષમ શિક્ષકોની નિમાણૂક ઉપરાંત તાલીમ ઉપર વિશેષ ભાર મૂકે છે. મ વિશે ચોક્કસ માર્ગદર્શન રેખા અને શરતો સ્પષ્ટ કરવામાં આવી, જેનું પાલન શિક્ષક-પ્રશિક્ષણ સેવાકાલીન તાલીમ દરમિયાન કરવાનું જરૂરી ગણ્યું છે. રામમૂર્તિ કમિટિએ આ સંદર્ભે શિક્ષક તાલીમ અને તેના અમલીકરણ જેવા મુદ્દાઓની વિશદ્ ચર્ચા કરી છે.

1986ની શિક્ષણનીતિમાં શિક્ષણનાં વિવિધ પાસાઓની ચર્ચા કરતાં શિક્ષક–સમાજમાં અપાર શ્ર વ્યક્ત થઇ છે. શિક્ષક સજ્જતા, નમતા, નિષ્ઠા, વિદ્યાયક અભિગમો અને વલણો જેવા ગુણો શિક્ષકમાં અનિવાર્ય ગયા છે. નવી શિક્ષજ્ઞ નીતિમાં કર્યક્રમ શિક્ષકોની ભરતી અને સેવાકાલીન તાલીમ વિશેષ ભાર મૂકાયો છે. તે દસ્તાવેજમાં શિક્ષક પ્રશિક્ષણ અને સેવાકાલીન તાલીમ અંગે વિસ્તૃત માર્ગદર્શન અપાયું છે.

શિક્ષણનાં ક્ષેત્રે શિક્ષકની ભૂમિકા સફળતાથી અદા કરવા માટે શિક્ષક તાલીમ સંશોધન તથા વિષણ જેવી બાબતો મહત્ત્વની ગણી છે. શિક્ષાની જવાબદારીપૂર્વકની નિષ્ઠા, સમર્થતા અને નવ સંસ્કાર હ પણ ભાર મૂકાયો છે, શિક્ષકે તેના વ્યક્તિત્વના વિવિધ પાસાંને એવી રીતે વિકસાવ્યાં હોવાં જોઈએ કે જેથી સાચી રીતે પ્રેરણા આપી શકે.

શિક્ષણની પુનઃરચના માટે શિક્ષક તાલીમ જ પ્રથમ સોપાન ગણાયું છે. શિક્ષક તાલીમ વ્યા પ્રવેશ માટે ફરજિયાત ગણાઇ છે. એન.સી.ઇ.આર.ટી. અને કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો તાલીમ અને સંશોધન કેટલાક કાર્યક્રમો આપી તેનું અમલીકરણ કરશે. રાજ્ય દરેક જિલ્લામાં શિક્ષણ તાલીમ ભવને સ્થાપના કરશે. તે પ્રાથમિક શિક્ષણ અને ઔપચારિક શિક્ષણ ક્ષેત્રે પૂર્વ સેવા અને સેવાકાલીન તાલીમનું કામ કરશે. એન.સી હે.ઇ. આ અંગે જરૂરી સંદર્ભો અને માર્ગદર્શન આપશે. ખાસ કરીને અભ્યાસક્રમ અને શિક્ષણ પતિઓ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરશે.

**રામમૂર્તિ સમિતિનું નિરીક્ષણ** :

**પ્રવર્તમાન શિક્ષક તાલીમ કાર્યક્રમમાં મૂળભૂત ફેરફારોની નીચેના કારણોસર જરૂરિયાત જણાય છે.**

- પ્રવર્તમાન અભ્યાસક્રમો સિધ્ધાંત પર આધારિત છે. તે શાળા, કોલેજ, યુનિવર્સિટી અને સમ અલિપ્ત છે.

- શૈક્ષણિક અનુભવોની સમૃધ્ધિની દષ્ટિએ પ્રાયોગિક શિક્ષણનો સમયગાળો અપ્રયાપ્ત છે અને પ્રાયોગિક કાર્ય બીબાંઢાળ તેમજ પરંપરાગત તાલીમ દરમ્યાન જે શૈક્ષઝિક સામગ્રી તૈયાર કરાય છે, તે શાળાની વાસ્તવિક સ્થિતિ સાથે અસંગત હોય છે.
- તાલીમ દરમ્યાન તાલીમી સંવર્ધન માટે બધા તાલીમાર્થીઓની કાળજી રખાતી નથી.
- શિક્ષણના ક્ષેત્ર માટે અત્યંત જરૂરી ગુણો જેવા કે વિદ્યાર્થી માટે વ્યક્તિગત માન, વ્યવસાય પ્રત્યે અભિરુચિ, સમાજ વિકાસ અને મૂલ્યોનાં વિકાસ માટે પ્રશિક્ષણમાં કોઇ અવકાશ નથી.
- કૉલેજની પોતાની મૉડેલ શાળાઓ નથી.
- સેવાકાલીન તાલીમનું સમયબધ્ધ આયોજન નથી.
- યોગ્ય સહયોગ અને માર્ગદર્શન અભાવમાં સેવાકાલીન તાલીમ અસરકારક બનતી નથી. સેવાકાલીન તાલીમ અસરકારક બનાવવામાં સંશોધનનો આધાર લેવાતો નથી. રાજ્ય અને કેન્દ્ર કક્ષાએ માળખાકીય સુવિધાઓ અપર્યાપ્ત છે.
- માત્ર પરીક્ષા પાસ કરાવવાને બદલે માનવીય વિકાસમાં નેતૃત્વ પૂરું પાડવા જરૂરી વ્યવસાયી કૌશલ્યોનો વિકાસ તાલીમથી થવો જોઇએ, તેવું થતું નથી.

ઉપર દર્શાવેલાં કારણો ઉપરથી સ્પષ્ટ થાય છે કે, શિક્ષક તાલીમ કાર્યક્રમમાં સુધારો જરૂરી છે. આ માટે નીચેની ભલામણો કરવામાં આવી છે.

**શિક્ષક વ્યવસાય અંગે ભલામણો** :

- વિદ્યાર્થીઓની પસંદગી કેવળ યુનિવર્સિટીના મુળ કે ધોરણોથી નહીં પણ વિદ્યાર્થી અભિગમો, વલણો અને તેની ક્ષમતાને આધારે કરવી જોઇએ.
- તાલીમી કાર્યક્રમ ક્ષમતા આધારિત અને સૈદ્ધાંતિક તેમજ વ્યવહારુ હોવો જોઇએ.
- તાલીમાર્થીઓમાં ક્ષમતા, યોગ્ય અભિગમો તેમજ વ્યવસાય, વિદ્યાર્થીને સમાજ પ્રત્યે હકારાત્મક વલણો ખીલે તે માટે યોગ્ય પગલાં ભરવાં, મૂલ્યના વિકાસ ઉપર ખાસ ભાર મૂકવો.
- સેવાકાલીન તાલીમ અને નવસંસ્કરણ કાર્યક્રમો શિક્ષકની જરૂરિયાતો સાથે સુસંગત હોવા જોઇએ. આવા કાર્યક્રમોમાં ભાવિ જરૂરિયાતોનો પણ ખ્યાલ રાખવો, આવા કાર્યક્રમોનું મૂલ્યાંકન થવું જોઇએ. આ કાર્યક્રમોની અસરકારકતા વધારવા ચોક્કસ આયોજન હોવું જોઈએ. જિલ્લા તાલીમ ભવન પ્રાથમિક શિક્ષકોની સેવાકાલીન તાલીમ માટેની જવાબદારી ઉઠાવશે. રેડિયો, મુચિત માધ્યમો અને ટી.વી. સેવાકાલીન તાલીમની એક વ્યવસ્થા નિભાવવા ભવન કેન્દ્ર બનાવવું જોઇએ.
- સામયિકો, શૈક્ષણિક સંદર્ભો અને અન્ય પ્રકારનું સાહિત્ય પૂરું પાડવું જોઇએ.
- સેવાકાલીન તાલીમ (Inservice Training) ફરજિયાત બનાવવી જોઇએ.
- નવપ્રસ્થાન માટે શિક્ષકોની તૈયારી :
- નવપ્રસ્થાન માટે સમિતિએ શિક્ષક તાલીમની પુનર્રચના કરવા નીચેના જેવી બાબતોમાં શિક્ષકોની સજ્જત વધારવા નીચેના જેવાં મહત્ત્વનાં સૂચનો કર્યાં છે :
- સમાજના નબળા સામાજિક સ્તરમાંથી આવતાં બાળકો માટે સંવેદના દાખવવી અને તેમ જરૂરિયાતોની પૂર્તિ કરવી.
- સમાજમાં સ્ત્રીઓના સામાજિક દરજ્જા વિશે સમજૂતી વિકસાવવી અને શિક્ષણના ક્ષેત્રોમાં તક પૂરી પાડવી.
- જ્ઞાનાત્મક, મનોશારીરિક અને જીવનનાં મહત્ત્વનાં ક્ષેત્રો વિશે શિક્ષણ આપવાની ક્ષમતા વિ જોઇએ.
- સર્જનાત્મક અને નવસંસ્કરણને લગતાં કાર્યો માટે યોગ્ય અભિગમો વિકસાવવા.
- વિભક્ત સમાજમાં શિક્ષણની રચનાત્મક ભૂમિકા અને તેની કાર્યન્વિત વિશે યોગ્ય સમજ વિકસાવવા.
- સમગ્ર શિક્ષણ પ્રક્રિયાનું વ્યવસાયીકરણ અને શિક્ષણ સાથે શ્રમને જોડવાનું વલણ વિકસાવવું.
- પૂર્વશાળા શિક્ષણ, અપંગોનું શિક્ષણ, સતત શિક્ષણ, અર્થસભર મૂલ્યાંકન, પ્રવૃત્તિલક્ષી શિ જ્ઞાનપ્રાપ્તિની વૈજ્ઞાનિક પધ્ધતિઓ જેવાં ખાસ ક્ષેત્રો વિશે ક્ષમતા મેળવવી.
- વિકેન્દ્રિત – સંયુક્ત શિક્ષણ વ્યવસ્થા વિશે શિક્ષકે સંવેદનશીલ સમજ કેળવવી.

**સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણના ધ્યેયને આંબવા અને શિક્ષણમાં નવપ્રસ્થાન માટે આગળ જણ યો ઉપરાંત શિક્ષકોમાં નીચેના જેવી સંકલ્પનાઓ, પદ્ધતિઓ અને કૌશલ્યો અનિવાર્ય બનવા જોઈએ.**

- વિદ્યાર્થીકેન્દ્રી અનૌપચારિક શિક્ષણ સ્વરૂપ, શ્રેણીવિહીન વર્ગવ્યવસ્થા, સતત સર્વગ્રાહી મૂલ્યોન અને બાળકના વર્તનની સંવેદનગ્રહ સમજણ સ્વીકારવી પડશે.
- સમાજનાં જે બાળકો શાળા સુધી પહોંચ્યા નથી, તેમના સુધી શિક્ષણ પહોંચાડવું પડશે.
- પ્રાથમિક શાળાઓમાં નાટ્યપ્રવૃત્તિ, રમતો અને પ્રવૃત્તિલક્ષી અભિગમ સ્વીકારવો.
- શાળાને સમાજ કેન્દ્ર બનાવવનું જ્યાંથી કેટલીક સાંસ્કૃતિક, સામાજિક પ્રવૃત્તિનો પ્રારંભ થાય તેની શાળામાંથી વિકાસ અને સમાજ કલ્યાણની સેવાઓની પ્રાપ્તિ શક્ય બને.
- ગાન, સંગીત, ચિત્ર, લોકવાર્તાઓ, લોકગીતો જેવાં માધ્યમોથી શૈક્ષણિક પર્યાવરણ રચવું, જેથી શિક્ષણ સમૃધ્ધિ અને રસવૃત્તિ વધે. M.L.L. (Minimum Level of Learning) નાં અપેક્ષિત ધોરણો પ્રમાણે વિષયવસ્તુનો વિકાસ કરવો.
- સમાજને શિક્ષણ સાથે સભાગી બનાવવો અને તેમની સાથે ચર્ચા-વિચારણા દ્વારા શિક્ષણ તરફની તેમની અપેક્ષાઓ જાણવી, તેમજ શાળાનું તેમના દ્વારા મૂલ્યાંકન કરવા પ્રોત્સાહિત કરવા.
- સમાજ ઉપયોગી શ્રમકાર્ય (S.U.P.W.) અથવા વ્યવસાયી કૌશલ્યો સાથે સંપુર્ણ માનિક શિક્ષણનું વ્યવસાયીકરા કરવા માટે નિર્દેશ આપવાની ક્ષમતા ઊભી કરવી.
- શિક્ષણને વિષયોમાં નહીં પણ એક સંપૂર્ણ પ્રક્રિયામાં કેમ વિકસાવવી, તેના માર્ગો વિચારવા.

**સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ માટેની ભલામણો**

સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણની સમસ્યાને પહોંચી વળવા માટે લાખો શિક્ષકોની જરૂરિયાત ઊભી થશે. સંસ્થાગત પૂર્વસેવા તાલીમ કે સેવાકાલીન તાલીમ નીચેનાં કારણોસર પર્યાપ્ત હશે નહીં.

- આ તાલીમ સ્વરૂપમાં વાસ્તવિકતા સાથેનો સંબંધ ઓછો રહેતો હોવાથી ક્ષેત્રીય સમસ્યાઓના ઉકેલ માટેની સજ્જતા કેળવાતી નથી.
- આ પ્રકારની તાલીમ માટે માળખાકીય સુવિધાઓનો અભાવ છે.

શિક્ષકોની જરૂરિયાતને પહોંચી વળવા માટે ગુણવત્તા સાથે સમાધાન કરવાનું નથી, છતાંય મોટી સંખ્યામાં તાલીમ પામેલા શિક્ષકોની જરૂરિયાત સંતોષવાની છે, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણની બાબતમાં ગુણવત્તા અને પ્રસ્તુતતા એ બે બાબતોનું ખૂબ જ મહત્ત્વ છે. કોઈ પ્રકારની શિક્ષક તાલીમ માટે આ બે બાબતો અવગણી શકાય તેમ નથી.

આથી સમિતિએ વૈકલ્પિક 'મૉડેલ' આપે છે જેને ઇન્ટર્નશીપ તાલીમ કહીશું. આ પ્રકારની કાર્યયોજના' પેરા- શિક (Para Teacher) માટે ખૂબ જ ઉપયોગી સિદ્ધ થશે. આ મોડેલમાં સંગીન શિક્ષણના સિદ્ધાંતને ધ્યાનમાં લેવાવાની સાથે બધા જ પ્રકારની વાસ્તવિક તાલીમ આપવા પર ભાર મૂકાશે.

એક સફળ શિક્ષક બનવા માટે વિવિધ વ્યાપારી કૌશલ્યો પ્રાપ્ત કરવાને બદલે પ્રત્યાયનની કળામાં પારંગતતા મેળવવાની છે. બીજા શબ્દોમાં કહી શકાય કે, શિક્ષકને તાલીમ આપવી એમ કહેવાને બદલે વિકસાવવી જોઈએ, એમ સમજવું મહત્ત્વનું છે. શબ્દ કે પરિભાષા ગમે તે વાપરીએ પરંતુ તાલીમ એ સતત ચાલનારી પ્રક્રિયા (Continuous Pross) છે એ યાદ રહે. આ બિંદુને લક્ષમાં રાખી ઈન્ટર્નશીપ તાલીમ મોડેલ એ પૂર્વતાલીમના વિકલ્પરૂપે સ્વીકારેલ છે. આ મોડેલનાં મહત્વનાં લક્ષણો અને પ્રકાલિગત તાલીમ યોજના સાથેની તેની તુલના, આ પ્રમાણે થઇ શકે છે.

| **ઈન્ટર્નશીપ મોડેલ** | **પ્રણાલિગત યોજના** |
|---|---|
| (i) લાંબો સમયગાળો | (i) ટૂંકી મુદત |

| | |
|---|---|
| (ii) સેવાકાલીન | (ii) પૂર્વ સેવાકાલીન |
| (iii) સેવા (નોકરી) અને તાલીમ સંસ્થાના સહયોગમાં | (ii) શૈક્ષણિક સંસ્થાગત તાલીમ |
| (iv) પ્રાયોગિક પદ્ધતિ દ્વારા સૈદ્ધાંતિક અને વ્યવહારુ તાલીમ | (iv) માત્ર સસૈદ્ધાંતિક તાલીમ |
| (v) વાસ્તવિકત્તા પર આધારિત | (v) આદર્શો પર આધારિત |
| (vi) અનુભવના પાયા પર | (vi) શૈક્ષણિક પાયા ઉપર |
| (vi) આગમન (inductive) | (vi) નિગમન (deductive) |
| (vi) કરસરયુક્ત | (viii) ખર્ચાળ |

આ ઇન્ટર્નશીપ મૉડેલ એ અમુક સમયગાળા દરમ્યાન અનુભવી અને વિશાળ વ્યકિતના માર્ગદર્ વાસ્તવિક પરિસ્થિતિઓમાંથી ક્ષેત્રીય અનુભવો દ્વારા શૈક્ષણિક કૌશલ્યો પ્રાપ્ત કરવાના શૈક્ષણિક મિત અનુસરે છે. આ પધ્ધતિ વાસ્તવિક અને વ્યવહારુ જણાઇ છે, કારણ કે શ્રેણીબધ્ધ વ્યકિતગત અને અને નિરીક્ષણો દ્વારા સૈધ્ધાંતિક આંતરદષ્ટિનો ઉઘાડ કરાવી આપે છે. શિક્ષક તાલીમ વિષયવસ્તુ અને પધ્ધતિ વિષેનો આલેખ નીચે પ્રમાણે દર્શાવી શકાય :

બધી જ વિષયવસ્તુને જ્ઞાન—કૌશલ્ય અને અભિગમો એવા શીર્ષક નીચે મૂકાય છે. આ તાલીમ પ્રક્રિયા સૈદ્ધાંતિક, શૈક્ષણિક અને પ્રાયોગિક તેમજ ક્ષેત્રીય અનુભવોમાં વહેંચાયેલી છે.

**વિષયવસ્તુ** (Content) :

| **જ્ઞાન કૌશલ્ય** | **અભિગમ** |
|---|---|
| સૈદ્ધાંતિક શિક્ષણ | ટૂંકો સમયગાળો |
| પ્રાયોગિક કાર્યો | મધ્યમ સમયગાળો |
| ક્ષેત્રીય અનુભવો | લાંબો સમયગાળો |

પ્રાથમિક કક્ષાએ સફળ શિક્ષક થવા માટે વિષયવસ્તુનું જ્ઞાન મેળવવું એ નાની બાબત ગણાય. પ્રથમ ક્ષાના આરંભિક ત્રણ વર્ષો દરમિયાન શિક્ષકે મહત્વનું ધ્યાન એ બાબતમાં રાખવાનું કે બાળક વિકાસ વિધ તબક્કામાં કેવી રીતે વિકસે છે અને કેવી રીતે શીખે છે. આ પ્રકારનું જ્ઞાન- માહિતી પ્રદાન વહાર માર્ગો દ્વારા સારી રીતે આપી શકાય. પ્રવચન, ચર્ચા, વાચન, સમુહ ચા, દશ્ય શ્રાવ્ય ચીત વિદ્યાર્થીઓના વાસ્તવિક જીવનના અનુભવો દ્વારા ઘણું શીખવી શકાય. આ પ્રકારની શા હતી ટૂંકા ગાળા દરમ્યાન જ અપાય છે, જે અહીં આકૃતિમાં બતાવ્યું છે.
શિક્ષક વાર્તાકથન, ગાન, નૃત્ય, રમતગમત, નાટક, વસ્તુ નિર્માણ જેવાં અનેક પ્રકારનાં કૌશલ્યો માત્ર વાંચન કે માહિતીથી પ્રાપ્ત થઇ શકે નહિ, પરંતુ સતત મહાવરાથી પ્રાપ્ત થાય છે. ક્યારેક તો પ્રારંભિક નિદર્શન અનિવાર્ય બને છે, તેથી કૌશલ્યોને મધ્યમ સમયગાળામાં ખાનામાં મૂક્યાં છે.
કામ પ્રત્યે જુદી જુદી ઉંમરનાં બાળકો પ્રત્યે, જાત પ્રત્યે, સ્ત્રીઓ પ્રત્યે, વિવિધ સંસ્કૃતિઓ પ્રત્યે,લાંબા ગાળાના ખાનામાં મૂક્યા છે.
ઇન્ટર્નશીપ તાલીમ મોડેલને સફળ બનાવવા માટે નીચેની બાબતો અનિવાર્ય છે. શિક્ષકો માટે વાસ્તવિક ક્ષેત્રીય પરિસ્થિતિ લાંબો સમયગાળો પ્રત્યક્ષ વ્યવહાર નિરીક્ષિત શિક્ષણ ઉપાસનીય આદર્શ (Good role model) અને કૌશલ્યોથી સુસજ્જ પ્રશિક્ષકો છેલ્લા બે સિવાયની બાબતો સીધી રીતે તાલીમ મેળવનાર પ્રત્યક્ષ ક્ષેત્રમાંથી પ્રાપ્ત કરે છે. જો કે છેલ્લી બે વસ્તુઓ શિક્ષણ ક્ષેત્રના અનુભવી શિક્ષકો પાસેથી પ્રાપ્ત થાય છે. જો કે તેમને આપણે પ્રશિક્ષકો કહેતા નથી. મોટેભાગે શિક્ષકગણ અને નિરીક્ષકો આ ભૂમિકામાં ખપ લાગે છે. આ પ્રકારની તાલીમ વ્યવસ્થામાં સીધા શાળામાં પ્રવેશ આપીને પૂર્વતાલીમ સેવાનાં બે વર્ષ અને ખર્ચનો બચાવ થઇ શકે છે, અને તેઓને તેમની નિયમિત સેવાઓ પૂરી પાડે છે.

આ સેન્ડવીચ (sandwich) પ્રકારની પધ્ધતિ શરૂઆતમાં ટૂંકા ગાળાના અભિમુખ કાર્યક્રમથી શરૂ થાય છે. ત્યાર પછી લાંબા અભિમુખ કાર્યક્રમથી શરૂ થાય છે. ત્યાર પછી લાંબા ગાળાની નિરીતિ શિક્ષક તાલીમ ચર્ચા, સૈધ્ધાંતિક સમજૂતી અને પ્રશિક્ષા કૌશલ્યો પ્રાપ્ત કરવાનાં હોય છે. ઈન્ટર્નશીપ દરમ્યાન પ્રત્યેક તાલીમ મેળવનારે અનુભવ અને કૌશલ્યો મેળવવાનાં છે. આ પ્રકારનાં કૌશલ્યો માર્ગદર્શન અને નિરીક્ષણ દ્વારા પ્રાપ્ત થાય છે. આ પ્રકારની તાલીમનો સમયગાળો કેટલાંક વર્ષ ચાલુ રહેવો જોઇએ. બીજા અને ત્રીજા વર્ષમાં નિરીક્ષણ ઘટતું જાય અને તાલીમ લેનારને વધુ અને વધુ સ્વતંત્રતા અપાય છે. ત્રણ વર્ષ પાછી વ્યક્તિને તાલીમી શિક્ષકનું પ્રમાણપત્ર અપાય છે. શિક્ષકનું સતત મૂલ્યાંકન થવું જોઇએ. અંતિમ મૂલ્યાંકન કરતી વખતે શિક્ષકની શક્તિઓ, કૌશલ્ય પ્રાપ્તિ અને અસરકારકતા એમ બે સ્વરૂપ થઇ શકશે. તાલીમના સમયગાળા કે સ્વરૂપ વિષે પરિસ્થિતિ આધારે નિર્ણય લઇ શકાય. આ રીતે ડાયેલા મિત્રશિક્ષક (પેરા ટીચર) ને નોકરીમાં ગોઠવતાં પહેલાં ટૂંકા ગાળાની અભિમુખતા Orientation) અભ્યાસક્રમ આપવો જઇએ. આ અભિમુખ અભ્યાસક્રમના સમયગાળા દરમ્યાન શિક્ષક સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ માટે પાયાના માર્ગો અને પગલાંથી માહિતગાર થશે, તદ્ઉપરાંત સમાજના નબળા વર્ગમાંથી આવતાં બાળકો, ખાસ કરીને છોકરીઓ પ્રતિ ધ્યાન આપતાં શીખવાનું છે.

**ભલામણો** :

- આ ઈન્ટર્નશીપ મૉડેલ તાલીમ પ્રયુક્તિ અજમાયશી ગાળામાં મિત્ર-શિક્ષક તૈયાર કરવા માટે વાપરી શકશે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના સહકારમાં દરેક સંકુલ દ્વારા આ કાર્યક્રમ યોજશે.આ તાલીમ સંસ્થાગત અને ટૂંકા ગાળાની તાલીમ વચ્ચેનો છે.
- આ ઈન્ટર્નશીપ મૉડેલ વિવિધ પ્રકારના શિક્ષકો તૈયાર કરવા માટે પણ યોજી શકાશે.

**માધ્યમિક શાળાના શિક્ષકની તાલીમ** :

N.C.T.E. દ્વારા બી.એડ્. માટેનો સુધારેલો અભ્યાસક્રમ ઘડાયો છે. આ અભ્યાસક્રમને અંતિમ સ્વ આપતા પહેલાં દેશભરમાં તાલીમી સંસ્થાઓ પાસેથી સૂચનો અને માર્ગદર્શન માંગવામાં આવ્યુ હતું.

રામમૂર્તિ કમિટીએ ગાર પ્રાદેશિક તાલીમી કોલેજો દ્વારા અપનાવેલો સંયુક્ત સ્વરૂપની યોજનાવાળા (Integrated Model) અભ્યાસક્રમની ભૂલાત સ્વીકારી છે. આ મોડેલમાં 12 ધોરણ પાસ વિદ્યાર્થીને એક વર્ષની શિકા શાસ અને વિષયવસ્તુની તાલીમ અપાશે. બી.એ., બી.એસસી. પછી બી.એડ.ની ડિગ્રી આપી શકાશે. આ કાર્યયોજનામાં વ્યવસાયી તત્ત્વો સમાયુક્ત હોવાથી તેને પ્રોત્સાહન આપવું જોઈએ.

**ભલામણો** :

- નવો NCT.E. પુરસ્કૃત અભ્યાસક્રમ ભારતની બધી તાલીમી સંસ્થાઓમાં પહોંચાડવી અને અમલીકરણ પહેલાં જરૂરી સૂચનો, ભલામણો અને ટીકાઓ વિગતે પ્રાપ્ત કરવી.
- પ્રાદેશિક કૉલેજના ધોરણે ચાર વર્ષની તાલીમી અભ્યાસક્રમ ચલાવનારી વધુ ને વધુ સંસ્થાએક પૌત્સાહિત કરવી.

**શિક્ષક પ્રશિક્ષકની નેતૃત્વ માટેની ભૂમિકા** (Londership)

**સમિતિ નીચે પ્રમાણેનું નિરીક્ષણ નોંધે છે** :

- જેમને અમલીકરણ કરવાનું છે એમને પૂછયા સિવાય શિક્ષણના હેતુઓ અને કાર્યયોજના વિશેનું આયોજન થાય છે.
- વિશેષમાં શિક્ષક અને શિક્ષક-પ્રશિક્ષક નીતિ નિર્ધારણ કે અમલીકરણમાં કોઇ નિશ્ચિત ભૂ ભજવતા નથી. તેમને માત્ર આદેશોનું પાલન કરવાનું કહેવામાં આવે છે.
- તાલીમી સંસ્થાઓ તેમના મહત્ત્વની દૃષ્ટિએ અસંગત છે. તેઓ માત્ર સેવા સંસ્થાઓ છે અને છ નીતિ ઘડવૈયાઓની અપેક્ષાઓ પૂરી કરવાની જવાબદારી સોંપાય છે.

શિક્ષક, શિક્ષક-પ્રશિક્ષક અને તાલીમી સંસ્થાઓએ નીતિ નિર્ધારણ, આયોજન, વ્યૂહરચના અને અમલીકરણ તેમજ નિયંત્રણ જેવા શિક્ષણનાં સઘળાં પાનાં અને નેતૃત્વ પુરું પાડવાનું છે. આમ નહીં થાય તો સમાજ પરિવર્તન અને સમૃધ્ધિ માટે શિક્ષણ યોગ્ય

પ્રતિભાવ આપી શકશે નહીં. એ સાચું છે કે શિક્ષણ એ આજે 165 જરૂરી અભિગમો, પ્રેરણા અને ક્ષમતાઓથી કંગાળ બન્યું હોવાથી નેતૃત્વની ભૂમિકામાં પાછું પડયું છે. પરંતુ હવે સાચી દિશામાં આગળ વધવા માટે કોઇ બહાનું ચાલી શકશે નહી.

શિક્ષકોની જે જવાબદારીઓ છે તે અદા કરવા યોગ્ય પ્રકારનું વ્યવસ્થાપન, વિકાસના માર્ગો અને પ્રક્રિયા અને પદ્ધતિઓથી શક્ષકોને સજ્જ કરવા શિક્ષક-પ્રશિક્ષકોએ મહત્ત્વની ભૂમિકા ભજવવાની છે.

**સમિતિ નીચે પ્રમાણે શિક્ષક-પ્રશિક્ષકોની છબી રજૂ કરે છે :**

- શિક્ષક-પ્રશિક્ષકો અનુભવી શાળા શિક્ષકોમાંથી પસંદ કરવા.
- વિશાળ સૂઝ પ્રગટાવવા બાહ્ય દુનિયાનું વધુ નિદર્શન અભ્યાસના વિષયવસ્તુમાં હોય.
- ઉચ્ચ શિક્ષણ ક્ષમતા જરૂરી
- તે શિક્ષણની બાબતોમાં શ્રધ્ધાળુ અને તેની ભૂમિકા વિશે જ્ઞાતા અને સભાન હોય.
- ભારત અને દુનિયા જે સમસ્યાઓનો સામનો કરે છે તેની ઐતિહાસિક, સામાજિક અને આર્થિક સમજ હોય.
- સમાજના નબળા વર્ગો પ્રત્યે અફાટ અને ઊંડી સહાનુભૂતિ હોય.
- શિક્ષણ અને સમાજના વિકાસનાં એક સાધન તરીકે સંશોધન કરવાની વૃત્તિ અને ક્ષમતા હોય.

**અપેક્ષિત વ્યકિતત્વ લક્ષણો :**

- સ્વતંત્ર રીતે વિચારવાની અને કામ કરવાની શક્તિ.
- સાર્વત્રિક અને લોકપ્રિય અભિધાની સામે કામ કરવાની શકિત.
- લોકોને સમવવાની અને પ્રેરણા આપવાની શક્તિ
- વૈચારિક અને વ્યવહારિક એમ બે રીતે દોરવણીની શક્તિ, ઉપરાંત સર્જનાત્મકતા અને ક્રિયા મકત જાળવવાની આવડત.
- સમાજમાંથી અને સમાજ ઉપરાંત પ્રાપ્ય માનવીય અને આર્થિક સાધનોનો ઉપયોગ કરવાની શકિત
- સરકાર સહિત સમાજના વિભિન્ન વર્ગો સાથે કામ પાર પાડવાની આવડત.

**પ્રાપ્તિ માટેની ઉચ્ચ સિદ્ધિ પ્રેરણા :**

- પ્રાપ્તિ માટેની અદમ્ય ઝંખના
- હતાશ કરતાં પરિબળો વચ્ચે કામ કરવાની શકિત
- જવાબદારી સ્વીકારવાની તૈયારી અને નિષ્ઠા
- વ્યકિતઓ સાથે આંતર-ક્રિયાત્મક વ્યવહારોની ક્ષમતા

આ પ્રકારના શિક્ષ પ્રશિક્ષકો તૈયાર કરવા ખાસ પ્રકારનો શૈક્ષણિક કાર્યક્રમ વિકસાવવો જરૂરી છે. શિક્ષકની ભૂમિકા છે તેને ધ્યાનમાં રાખીને અસરકારક જ્ઞાનાત્મક અને ક્રિયાત્મક ઘટકોવાળો કાર્યક્રમ આપવો જોઇએ. શિક્ષક-પ્રશિક્ષકની સંસ્થાઓએ આ બાબતમાં સભાનતાપૂર્વક ભૂમિકા ભજવવાની છે.શિક્ષણનીતિ, આયોજન, અમલીકરણ, સલાહસૂચન જેવી બાબતોમાં પ્રારંભથી ક્ષેત્રીય પરિસ્થિતિઓ દ્વારા શિક્ષકોને સભાન કરવા જોઇએ.

**ભલામણો :**

- શિક્ષક–શિક્ષકોને શિરનાં વિવિધ પાસાં જેવી કે શિક્ષા પદ્ધતિ, નીતિનિર્ધારણ નાન અમલીકરæ અને સશસૂચન તેમજ માર્ગદર્શનમાં પર્યાપ્ત નેતૃત્વ સોંપવું.
- ઉપર દર્શાવેલા તેનું માટે ખાસ પ્રકારનો તાલીમી કાર્યક્રમ રચવો, જેથી શિક્ષક-પ્રશિકમાં જેના ગુણવત્તા પ્રગટી શકે.

**નિરંતર શિક્ષક - પ્રશિક્ષણ**

સેવાકાલીન તાલીમનું આયોજન કરવાની જવાબદારી શૈક્ષણિક સ્કૂલોની છે. આવો સંકુલ, નવો કે નાનાં સ્વરૂપે હોય કે, જેથી વ્યકિતગત કાળજી અને નિરીક્ષણ શક્ય બને. વિશાળ અર્થમાં એ સમજવાનું છે કે શિક્ષકોની વધુ સંખ્યાને લાભ આપી શકાય.

જિલ્લા શિક્ષણ્ણ અને તાલીમ ભવન ઉપરાંત રાજ્ય શિક્ષણ ભવન તેમજ નજીકની શિક્ષક તાલીમ સંસ્થાઓનો આ હેતુસર લાભ લઇ શકાય. તાલીમી કૉલેજોની સજ્જતા અને ઉત્સાહ જાળવી રાખવા આવી સેવાકાલીન તાલીમ જરૂરી એટલા માટે છે કે શિશકોનો કૉલેજે સાથે જીવંત અને સતત સંપર્ક જાળવે. શિક્ષકને તેના દ્વારા વિષય નિષ્ણાતો અને જરૂરિયાત પ્રમાણે સલાહ તેમજ ટેકો મળે છે. સેવાકાલીન કાર્યક્રમો નાના જૂથમાં જ ઉપયોગી નીવડે એથી રાષ્ટ્રીય કે રાજ્ય કક્ષાએ તે યોજવા હિતાવહ નથી.

**ભલામણો** :

અમુક ચોક્કસ વિસ્તારમાં આવેલી કોઇ શૈક્ષણિક સંસ્થાને તેની આસપાસના વિસ્તારમાં આવેલી શાળાઓન શિશ્નોને માટે સેવાકાલીન તાલીમ પૂરી પાડવાની જવાબદારી સોંપવી બેઇએ. આવી સંસ્થા શાળ અને તાલીમ ભવન વચ્ચે સતત વિચાર વહન જાળવી શકે તેવી હોય.

**અંતર્ગત પ્રશ્નો** :

શિક્ષક પ્રશિક્ષકોની વ્યવસાયી સજ્જતા, પસંદગી અને સ્થાન નિયુક્તિ જેવા મુદ્દા તાત્કાલિક ખાન આધ યોગ્ય છે. અત્યારે રાજ્ય સરકારની કેટલીક સંસ્થાઓ યુનિવર્સિટીના શિક્ષણ વિભાગો તાલીમ અંગે જવાબદારીઓ ઉપાડે છે. આવા કાર્યક્રમો થતા નીરસ બનતા હોવાથી તાલીમ લેવા આવનારી વ્યક્તિને અન્યાયકર્તા બને છે.

આશરે ચાર લાખ શિક્ષકોને સેવાકાલીન તાલીમ આપવાની તાત્કાલીક આવશ્યકતા છે. શિક્ષકનો વ્યવસાય પણ દાક્તર, ઈજનેર જેવો જ મહત્ત્વનો વ્યવસાય છે. તેને તેના વ્યવસાય અંગે અદ્યતન જ્ઞાન, જાણકારી અને કૌશલ્યોથી સતત સજ્જતા કેળવવાની છે. જરા વિચારી જુઓ, જે દવા વાપરવા ઉપર વર્ષોથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોય તે દવા કોઈ ડૉક્ટર વાપરે કે મોંઘી અને અસલામત પધ્ધતિ ઈજનેર વાપરે તે વ્યાજબી ગણાય ખરું ? એ જ રીતે શિક્ષકે પણ તેના વ્યવસાયમાં અભિગમોથી સહ રહેવું અનિવાર્ય છે. આ માટે દરેક શિક્ષકે પાંચ વર્ષમાં એકવાર સેવાકાલીન તાલીમ લેવી જોઇએ. જો આવી તાલીમ એક ક્રિયાકાંડ બની રહે તો તે નિષ્ફળતાને વરશે અને કોઇ હેતુ સિદ્ધ થશે નહી. બીજા વ્યવસાયોની જેમ શિક્ષણના વ્યવસાયમાં અદ્યતન બની રહેવા અવિરત શિક્ષણ સાંકળવું જ રહ્યું. આવી તાલીમના અભાવમાં શિક્ષક તરીકેનું લાયસન્સ (પરવાનો) રદ કરવા જેવી જોગવાઇ થઇ શકે.

**ભલામણો** :

- તાલીમી સંસ્થાઓને સેવાકાલીન તાલીમ માટે અડચણરૂપ માણસોને અલગ રાખવા. આસપાસની શૈક્ષણિક અને સરકારી સંસ્થાઓમાંથી સક્ષમ વ્યક્તિઓને વારાફરતી આમંત્રણ આપવું.
- શિક્ષકની કક્ષા પૂર્તિના અનુસંધાનમાં શિક્ષકોને ખાવી તાલીમમાં વારાફરતે બોલાવવા.
- વહીવટીય અને નાણાંકીય સત્તાઓ સંસ્થાના વડાને સોંપવી જોઇએ.

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન** :

નવી શિક્ષણનીતિ સમગ્ર રાષ્ટ્રમાં શિક્ષક તાલીમની આવશ્યકતાઓ પારખી તેની પૂર્તતા માટે જિલ્લા કક્ષાએ તાલીમ ભવનો સ્થાપવાનું શ્રેય પ્રાપ્ત કરે છે, છેલ્લાં કેટલાંક વર્ષો દરમ્યાન મકાન, પુસ્તકો અને સગવડોની પ્રાપ્તિ માટે જરૂરી નાણાંકીય સહાય આપવામાં આવી છે. તાલીમ અને શિક્ષણ ભવનોની પ્રતિષ્ઠા નીચેની બાબતો સાથે સંકળાયેલ છે :

- આચાર્ય અને તેના કાર્યકરગણની ગુણવત્તા
- રાજ્ય શિક્ષણ અને સંશોધન સંસ્થાથી તેની સ્વાયત્તતા અને પોતાનું સ્વતંત્ર આયોજન તથા તાલીમી કાર્યક્રમ...

આજે પણ જિલ્લા અને તાલીમ ભવનને સરકારી નિયંત્રિત જૂના સ્વરૂપે ચાલતી સંસ્થા ગણવામાં આવે છે. તેમાં સ્વાયત્તા અને વિકેન્દ્રીકરણ ઓછું હોય તેમ લાગે છે. નવી ભૂમિકા પૂરી પાડવા જિલ્લા શિક્ષા અને તાલીમ ભવને ભાવિ પડકારોને પહોંચી વળવા કમર કસવાની અનિવાર્યતા છે.

**ભલામણો** :

- ગુણવત્તા સુધારણા, પડતર માટે જિલ્લા શિક્ષક્ક તાલીમ ભવનનોને તેમના પ્રતિની અપેલો પુરી પાડવા પોતાનો સંશોધન અને તાલીમનો સ્વતંત્ર કાર્યક્રમ યોજવાની છૂટ આપવી જોઇએ..
- શિક્ષણ અંગે સમિતિએ જે નવાં સપાનો સૂચમાં છે તે અંતર્ગત ક્ષમતા વિકસાવવાની નવી જવાબદારી આવવાની છે, તેનાં કાર્યક્ષેત્રો આ પ્રમાણે છે.
- પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકીકરણ (Universal)
- સ્ત્રી કેળવી, સ્ત્રીઓની જાતિગત બાબતો ઉપર ભાર મૂકતી શિક્ષણ પ્રક્રિયા અને પધ્ધીતોઓ
- અનુસૂચિત, અનુસૂચિત જનતિ તેમજ લઘુમતિ જેવા સમાજના નબળા વર્ગોમાં સામાજિક ન્યાય અને સમાનતા માટેનું શિક્ષણ
- સમગ્ર શિક્ષણ પ્રક્રિયાનું વ્યવસાયીકરણ
- પરીક્ષા સુધારણા, એકમ પદ્ધતિ, બહુ વિકલ્પયુક્ત પ્રવેશ સુવિધાઓ

**કેન્દ્રીય સસ્કાર પુરસ્કૃત શિક્ષક - પ્રશિક્ષક કાર્યક્રમ અમલીકરણ**

આ યોજનાનું પરિણામ સાજના નથી. 1987 થી 89 સુધીમાં મંજૂર થયેલા 114 જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાંથી 70 – 20 મુખ્યપણે સવા બશેક રૂપે શરૂ થયું છે. સી.ટી.આઇ.એ.એસ.ઇ. જેવી 15 સંસ્થાઓ મ કરવામાં આવેલી પણ તેમાં થયેલી પ્રગતિ અંગે રાજ્ય સરકારો કશું જણાવવા આગળ આવતી નથી. પંજાબ, આંધ્ર, કેરાલા, તમિલનાડુ, રાજસ્થાન અને મધ્યપ્રદેશ જેવાં રાજ્યોમાં આ અંગે સારું વિક ઉપસ્યું છે. જયારે ગુજરાત, પ.બંગાળ, મહારાષ્ટ્ર અને ઉત્તર પૂર્વના કેટલાંક રાજ્યોએ કેન્દ્ર સરકારની સહાય મેળવવા છતાંય કશુંય કર્યું નથી. કોઇપણ સરકારોએ શિક્ષક તાલીમી સંસ્થાઓમાં નિમાણુંક એવા નવા નિયમો સ્વીકાર્યા નથી. આઠમી પંચવર્ષીય યોજના અંતર્ગત આ કાર્યક્રમો માટે કેન્દ્ર સરકાર તરફથી સાપની ખાતરી નહીં મળવાથી આ કાર્યક્રમોના અમલીકરણનાં ઇચ્છિત પરિણામો આવ્યાં નથી.

**ભલામણો** :

- જે રાજ્યોને કેન્દ્ર સરકારે અનુદાન આપ્યું છે, સહાય કરી છે, ત્યાં તાત્કાલિક શિક્ષક તાલીમી સંસ્થાઓ સ્થાપવાનું કામ ઝડપથી પૂરું કરવામાં આવે.
- પ્રથમ તબક્કામાં આ કાર્યક્રમ જ્યાં પૂર્ણ નથી થયો ત્યાં વધુ સહાય આપવી નહીં. જે સામ અપાઇ છે, તેનો પૂરેપૂરો ઉપયોગ ન થાય ત્યાં સુધી નવી સહાય આપવી નહીં.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન એ શિક્ષક તાલીમ ક્ષેત્રે મહત્ત્વનું કેન્દ્ર હોવાથી તમામ ખાલી જગ્યાઓ ભરી દેવી. આ જગ્યાઓ ભરવાના નિયમો પણ રાજય સરકારોએ પ્રસિધ્ધ કરવા.

**શિક્ષક– વિધાર્થી સંબંધો** :

સમાજ પરિવર્તનના ક્ષેત્રે મિકે મહત્ત્વની ભૂમિકા અદા કરવાની છે. રાષ્ટ્રીય વિકાસમાં ઘણી મોટી જવાબદારી અદા કરવા આગળ આવવાં છે. આથી શિક્ષકનો સાજિક મોભો, જીવનધોરણ અને તેનું કાર્યશબનું, પર્યાવરણનું ઘણું મહત્ત્વ ધરાવે છે. આજે સમાજમાં શિક્ષકનો મોભો સન્માનનીય રહ્યો નથી.

મોટાભાગના શિક્ષકોને લાગે છે કે સમાજમાં તેમનો કોઇ પ્રભાવ ઊભો થયો નથી. વિદ્યાર્થીઓનાં વ્યક્તિત્વ પડતર અને આદર્શો, મૂલ્યોનાં નિર્માણમાં તેમનું યોગદાન હતું હોવા છતાંય આ વ્યવસાયની છબી ઉજળી નથી.

આર્થિક લાભ, સલામતી અને કામ કરવાની સ્વતંત્રતા જેવાં પરિબળો સમાજમાં શિક્ષકનો દરજજો વધારનારાં પરિબળો છે. આમ છતાં, માત્ર ભૌતિક લાભો પ્રપ્તિ નથી. વ્યવસાયિક સજ્જતા, વિદ્યાર્થીને માર્ગદર્શન અને પ્રેરણા આપવાની કાર્યક્ષમતા, કાર્યનિષ્ઠા, શ્રેષ્ઠ

વિદ્વત્તા અને શૈક્ષણિક સિદ્ધિઓ, જ્ઞાન માટેની તરસ ઉપરાંત ઉત્કૃષ્ટતા જેવી બાબતો પણ એટલી જ મહત્ત્વની છે. ભૌતિક સુવિધાઓ વધવાની સાથે સાથે વ્યવસાયી ક્ષમતાઓમાં જ્યાં સુધી ઉત્કૃષ્ટતા સિદ્ધ નહીં થાય ત્યાં સુધી શિક્ષકોનો મોભો સુધરશે.

**શિક્ષક કલ્યાણ :**

વિધાયક કાર્ય પર્યાવરણ અને સાનુકૂળ સંજોગો એ શિક્ષકની અસરકારકતા વધારવા માટે અતિ આવશ્યક હોવા છતાં તેમના કલ્યાણ માટે કેટલીક સુવિધાઓ જાળવવી જોઈએ, જે આ પ્રમાણે ગણી શકાય :

- દરેક શિક્ષક માટે પર્યાપ્ત જગ્યાયુક્ત સ્વતંત્ર વર્ગખંડ, મૈત્રીખંડ અને પુસ્તકાલય
- વ્યાજબી ભાડાથી રહેઠાણ વ્યવસ્થા
- સાંસ્કૃતિક અને મનોરંજન પ્રવૃત્તિ માટે તેમજ સામાજિક વિકાસ માટે અનુકૂળતાઓ અને સુવિધાઓ
- ü દાક્તરી સેવાઓ
- ü શૈક્ષણિક હેતુસર પ્રવાસની સગવડો

**વ્યવસ્થાપનમાં શિક્ષકોની ભાગીદારી** :

શિક્ષકો જ્યાં પોતાની સેવાઓ આપે છે, ત્યાં તેના વિકાસમાં અને સંવર્ધન માટે કે બહુવિધ પ્રવૃત્તિ ચાલે છે તેમાં તેમને સહભાગી થવાની પર્યાપ્ત તકો મળવી જઈએ. સંસ્થાગત આયોજન, વ્યૂહરચના, અભ્યાસક્રમ રચના, અમલીકરણ, વિકાસ કાર્યક્રમો તેમજ શૈક્ષણિક પારાધોરણો જેવી બાબતોમાં તેમને હભાગી બનાવવા જોઈએ. આ સઘળા કાર્યક્ષેત્રોમાં તેમની હિસ્સેદારી રચનાત્મક માળખા અને કાર્યપ્રણાલિકાથી વધારવી જોઈએ. આ પ્રકારનું સહભાગીપણું નિર્ણય લેવામાં અને તેનું અમલીકરણ કરવામાં નેહાયક બને છે. આ દૃષ્ટિએથી વિચારતાં શિક્ષકની વહીવટમાં રચનાત્મક ભૂમિકા મહત્ત્વની બને છે.

**નીચેની ખાસ પરિસ્થિતિઓ સંદર્ભે શિક્ષકની જવાબદારી વધવી જોઈએ.**

- ü આયોજન, અભ્યાસક્રમ રચના, સંસ્થાના વિકાસ માટેની વ્યૂહરચના અને સાધન-સામગ્રીની વપરાશ જેવી બાબતોને લગતી સમિતિઓમાં તેમનું પ્રતિનિધિત્વ વધારવું જોઈએ.
- ü યુનિવર્સિટી કક્ષાએ કારોબારી સભા (Executive Council), સામાન્ય સભા (Senate), અને અન્ય મહત્ત્વની નિત્રયિક સમિતિઓમાં શિક્ષકોનું પ્રતિનિધિત્વ જળવાવું જોઈએ.
- ü શિક્ષક કલ્યાણ, નોકરીની શરતો અને તેમની સુખાકારીની વ્યવસ્થામાં શિક્ષકોનું પ્રતિનિધિત્વ હોવું જોઈએ.
- ü ઉપકુલપતિ (Pro Vice Chancellor), શાખા અધ્યક્ષ (Registrar) જેવાં પદો શિક્ષકોમાંથી જ ભરવા સલાહભર્યું છે. કારણ કે શિક્ષણ અને વચ્ચે સેતુ રચાય.
- ü શિક્ષકોની વ્યવસ્થાપનમાં ભાગીદારી જેવો મુદ્દો લોકશાહી રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓ રાજકીય પ્રવૃત્તિની ભાગ રૂપે આવે છે ત્યારે ઝગડા અને વિવાદો ઊભા કરે છે. તંદુરસ્ત સ્પર્ધા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિ આવકાર્ય છે પરંતુ જે આ શક્ય અને સરળ ન હોય તો અનુભવના આધારે વારા પ્રમાણે પ્રતિનિધિનત્વ આપવાની પધ્ધતિ વિચારી શકાય.

ઉપસંહાર :

નવી શિક્ષણ નીતિ –1986ની સમીક્ષાના પ્રયાસ રૂપે રામમૂર્તિ સમિતિની રચના –1990માં કરવામાં આવે હતી. જેણે પોતાનો અહેવાલ 1992માં આપ્યો છે. રામમૂર્તિ સમિતિએ નવી શિક્ષણ નીતિ -1986ની વિવિધ શૈક્ષણિક પાસાં અંગે વિચારણા કરી છે. ખાસ કરીને નવા યુગની પૂર્વ સંધ્યાએ શિક્ષક સમાજની જે મહત્ત્વની ભૂમિકા છે અને તે માટે જે ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરવાની છે તે અંગે શું શું પગલાં ભરી શકાય. તે પર ખાસ ભાર મૂકાયો છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની કેન્દ્રીય સંસ્થા દ્વારા સાર્વત્રિક પ્રાથિમક શિક્ષણનો ફેલાવો અને ગુણવત્તા કઈ રીતે સિદ્ધ થાય તે અંગે પોતાનું દર્શન આપ્યું છે.

**યુનિટ-૪ શિક્ષણ વ્યવસ્થાના નુતન પ્રવાહો**

**૪.૧ NEP ૨૦૨૦: શાળા શિક્ષણની તરેહનું પુનઃગઠન,શાળાનો અભ્યાસક્રમ અને શિક્ષણ પધ્ધતિ**

નવી ૫+૩+૩+૪ સંરચનામાં શાળા અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્રનું પુનર્ગઠન ૪. ૧. ૩-૮, ૮-૧૧, ૧૧-૧૪ અને ૧૪-૧૮ વર્ષ વયની શ્રેણીને અનુરૂપ, અધ્યેતાના વિકાસના વિવિધ તબક્કે વિકાસ સંબંધિત જરૂરિયાતો અને રસ, રુચિ અને અધ્યયન જરૂરિયાતોને અનુરૂપ તથા સુસંગત શાળાશિક્ષણના અભ્યાસક્રમ અને અધ્યાપનસ્તરના માળખાનું પુનર્ગઠન કરવામાં આવશે. શાળા શિક્ષણના અભ્યાસક્રમ અને અધ્યાપનસ્તરનું માળખું ૫+૩+૩+૪ પ્રમાણે તૈયાર થશે જેમાં; પ્રથમ સોપાન એ પૂર્વપ્રાથમિક એટલે કે મૂળભૂત કે પાયાનું સોપાન છે તે બે ભાગમાં, એટલે કે, આંગણવાડી/પ્રિ-સ્કૂલમાં ૩ વર્ષ અને પ્રાથમિક શાળામાં ૨ વર્ષ ધોરણ ૧ અને ૨, બંને ભાગ મળીને વિદ્યાર્થીઓના ૩-૮ વર્ષના વયજૂથને આવરી લે છે; દ્વિતીય સોપાન એટલે કે પ્રાથમિક સોપાન ધોરણ ૩-૫ તથા ૮-૧૦ વર્ષના વયજૂથને આવરી લે છે; તૃતીય સોપાન એટલે ઉચ્ચ પ્રાથમિક સોપાન કે જે ૧૧-૧૪ ના વયજૂથ અને ધોરણ ૬-૮ ને આવરી લે છે; અને ચતુર્થ સોપાન એટલે કે માધ્યમિક શિક્ષણ જે ૧૪-૧૮ વર્ષના વયજૂથને તથા ધોરણ ૯-૧૨ને બે તબક્કામાં આવરી લે છે, પ્રથમમાં ૯ અને ૧૦ અને બીજામાં ૧૧ અને ૧૨.

એનઈપી NEPના મુદ્દા ક્રમાંક ૧.૨, માં જણાવ્યા પ્રમાણે, પૂર્વપ્રાથમિક સોપાનમાં ૪ વર્ષ પરિવર્તનક્ષમ, બહુસ્તરીય, રમતગમત, પ્રવૃત્તિ આધારિત શિક્ષણ અને પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ (ઈસીસીઈ ECCE) ને અનુરૂપ અભ્યાસક્રમ અને અધ્યાપન પદ્ધતિ હશે. પ્રાથમિક શિક્ષણના વર્ષોમાં પૂર્વપ્રાથમિક શિક્ષણના રમતગમત, અન્વેષણ અને પ્રવૃત્તિ આધારિત અભ્યાસક્રમ અને અધ્યાપન પદ્ધતિને ચાલુ રાખવામાં આવશે અને એ ઉપરાંત તેમને ઔપચારિક શિક્ષણથી પરિચિત કરાવવા માટે કેટલાક હળવા વિષયવસ્તુવાળા પાઠ્યપુસ્તકો શીખવવામાં આવશે અને હળવું વર્ગકાર્ય પણ કરાવવામાં આવશે જેમાં વાચન, લેખન, ગણન જેવા ભાષા કૌશલ્યો તેમજ શારીરિક શિક્ષણ, વિવિધ કલાઓ, ગણિત અને વિજ્ઞાન જેવા વિષયનો સમાવેશ કરવામાં આવશે. ઉચ્ચ પ્રાથમિક તબક્કામાં પ્રાથમિક તબક્કાના અધ્યાપનશાસ્ત્ર અને અભ્યાસક્રમની શૈલીને અનુસરીને જ ત્રણ વર્ષ શિક્ષણકાર્ય કરવામાં આવશે, પરંતુ દરેક વિષયમાં વધુ અમૂર્ત ખ્યાલો શીખવવા અને ચર્ચા માટે વિષય નિષ્ણાંત શિક્ષકોની ખાસ નિમણૂક કરવામાં આવશે જેમાં વિજ્ઞાન, ગણિત, વિવિધ કલાઓ, સામાજિકવિજ્ઞાન અને માનવવિદ્યાશાખાના વિષયોનો સમાવેશ થશે. જુદાજુદા વિષયોને અલગ રીતે વિશિષ્ટ પદ્ધતિથી શીખવવા તેમજ આ માટે ખાસ વિષય નિષ્ણાત શિક્ષકોની નિમણૂક કરવા છતાં વિષયો વચ્ચેના આંતરસંબંધો અને જે તે વિષયના અનુભવ આધારિત અધ્યયન પર પણ એટલો જ ભાર મૂકવામાં આવશે, માધ્યમિક શિક્ષણના ચાર વર્ષમાં બહુવિદ્યાશાખાકીય અભ્યાસ પર વધુ ભાર મૂકાશે. ઉચ્ચ પ્રાથમિક સોપાનની અધ્યાપન પદ્ધતિ અને અભ્યાસક્રમને અનુસરવામાં આવશે પરંતુ આ સોપાનમાં દરેક વિષય વધુ ઊંડાણપૂર્વક, વધુ વિવેચનાત્મક અને વિશ્લેષણાત્મક વિચારણા સાથે, જીવનના ઉચ્ચ ધ્યેયો સાથે અનુસંધાન સાધીને તેમજ વિદ્યાર્થીને કેટલાક વિષયોની પસંદગીની તક આપીને શિક્ષણકાર્ય કરવામાં આવશે. ખાસ કરીને જો કોઈ વ્યાવસાયિક કોર્સ કરવો હોય તો વિદ્યાર્થીઓ પાસે ધોરણ ૧૦ પછી બહાર નીકળવાનો વિકલ્પ રહેશે અને તે પછી જો ફરીથી તેમની ઈચ્છા હોય તો ધોરણ ૧૧- ૧૨માં માં પણ જોડાઈ શકશે.

ઉપરોક્ત વર્ણવેલ તબક્કાઓ સંપૂર્ણ રીતે અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્ર સંબંધિત છે, જે બાળકોના બોધાત્મક વિકાસના આધારે વિદ્યાર્થીઓના અધ્યયનને શ્રેષ્ઠ બનાવવા માટે રચાયેલ છે. આ સોપાનો દરેક તબક્કે રાષ્ટ્રીય અને રાજ્ય અભ્યાસક્રમ અને અધ્યયન-અધ્યાપન વ્યૂહરચનાના વિકાસને માર્ગદર્શિત કરશે, પરંતુ ભૌતિક સંસાધનોમાં સમાંતર ફેરફારોની જરૂર રહેશે નહીં.

શાળા વ્યવસ્થાના બધા સોપાનોમાં અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્ર સુધારણાનો મુખ્ય હેતુ શિક્ષણ પ્રણાલીની વધુ અસરકારક સમજ અને કેવી રીતે શીખવું તે શીખવાની દિશા તરફ લઈ જવાનો અને વર્તમાન ગોખણપટ્ટી આધારિત અધ્યયનને દૂર કરવાનો છે. શિક્ષણના મુખ્ય ધ્યેય માત્ર બોધાત્મક વિકાસ જ નહીં, પણ ચારિત્ર્યનું નિર્માણ, સર્વાંગી વિકાસ અને ૨૧મી સદી માટે જરૂરી બધા કૌશલ્યોથી સજ્જ વ્યક્તિઓનું નિર્માણ કરવાનો રહેશે. જ્ઞાન એ અંતરના ઊંડાણમાં રહેલો ભીતરનો ખજાનો છે જે વ્યક્તિમાં પહેલેથી જ છે અને શિક્ષણ તેને સંપૂર્ણ રીતે અભિવ્યક્ત થવામાં મદદ કરે છે. આ નિર્ણાયક લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્ર ના તમામ પાસાઓને પુનઃગઠિત કરવામાં અને સુધારવામાં આવશે. પૂર્વપ્રાથમિક શાળાથી ઉચ્ચ શિક્ષણ સુધીના દરેક તબક્કે એક ચોક્કસ પ્રકારના મૂલ્યો અને કૌશલ્યોની યાદી તૈયાર કરવામાં આવશે જેને અભ્યાસક્રમ અને અધ્યાપન પદ્ધતિ સાથે સાંકળી લેવામાં આવશે. અધ્યયન અધ્યાપન પદ્ધતિઓ અને વર્ગવ્યવહારોમાંથી આ કૌશલ્યો અને મૂલ્યો વિદ્યાર્થીઓના જીવનમાં ઉતરે એ માટે વિશિષ્ટ રીતે અભ્યાસક્રમ માળખું અને શિક્ષણ પ્રક્રિયાઓ વિકસિત કરવામાં આવશે, NCERT આ આવશ્યક કૌશલ્યો

અને મૂલ્યોની યાદી તૈયાર કરશે અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા દ્વારા સમગ્ર શાળા શિક્ષણમાં તેને સમાવવા માટે તેમને વિદ્યાર્થીઓના જીવનમાં ઉતારવા માટેની પદ્ધતિઓનો દિશા નિર્દેશ કરશે, આવશ્યક અધ્યયન અને નિર્ણાયક વિચારસરણીને વધારવા માટે અભ્યાસક્રમની સામગ્રીમાં ઘટાડો કરશે.

વિશ્લેષણ આધારિત, ચર્ચા આધારિત, અન્વેષણ આધારિત, પ્રશ્નપદ્ધતિ આધારિત, વિવેચનાત્મક વિચારણા આધારિત અને સર્વાંગી અધ્યયન માટે જરૂરી સમય મળે તે માટે અભ્યાસક્રમના વિષયવસ્તુને ઘટાડી માત્ર ચાવીરૂપ અને અતિઆવશ્યક બાબતોનો જ સમાવેશ કરાશે. આ અતિઆવશ્યક વિષયવસ્તુ મુખ્ય સંકલ્પનાઓ, વિચારો, તેના ઉપયોજન અને સમસ્યા નિરાકરણ પર ધ્યાન કેન્દ્રિત કરશે, અધ્યાપન અને અધ્યયન વધુ દ્વિપક્ષી પ્રત્યાયન દ્વારા હાથ ધરવામાં આવશે; જેમાં પ્રશ્નો પૂછવા પ્રોત્સાહિત કરવામાં આવશે, અને વર્ગખંડના સત્રોમાં વિદ્યાર્થીઓના ઊંડાણપૂર્વક અને અનુભવ આધારિત અધ્યયન માટે નિયમિતપણે વધુ મનોરંજક, સર્જનાત્મક, સહયોગી, અન્વેષણાત્મક અને વધુ પ્રાયોગિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.

શાળા શિક્ષણના બધા તબક્કાઓમાં, અનુભવ આધારિત અધ્યયન અપનાવવામાં આવશે સાથેસાથે ક્રિયામૂલક શિક્ષણ, વિવિધ કલાઓ અને રમતોનો શિક્ષણમાં સમાવેશ, વાર્તાકથન દ્વારા અધ્યયન, વિવિધ વિષયો સાથેનો અનુબંધ સાધીને શિક્ષણ વિગેરે આવશે. અધ્યયન નિપજોને સિદ્ધ કરવામાં જે અધૂરપ રહી જાય છે તેને દૂર કરવા માટે ક્ષમતા આધારિત શિક્ષણ પદ્ધતિને અનુસરવામાં આવશે અને મૂલ્યાંકન પણ દરેક વિષય માટે નક્કી કરેલી ક્ષમતાઓ અને અધ્યયન નીપજોના આધારે જ કરવામાં આવશે.

કલા દ્વારા શિક્ષણ એ આંતર-અભ્યાસક્રમ અધ્યાપન અભિગમ છે જેમાં વિવિધ વિષયોની જુદી જુદી સંકલ્પનાઓ સમજવા માટે કલા અને સંસ્કૃતિના વિવિધ પાસાઓ અને સ્વરૂપોનો ઉપયોગ થાય છે. આનુભવિક અધ્યયનના ભાગ રૂપે, કલા દ્વારા શિક્ષણને વર્ગખંડમાં થતા અધ્યયનને વધુ આનંદપ્રદ બનાવવા માટે રોજબરોજના વર્ગવ્યવહારમાં સામેલ કરવામાં આવશે જેથી અધ્યયન અને અધ્યાપનમાં ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યોને જોડીને વિદ્યાર્થીઓના જીવનમાં તેને ઉતારી શકાય. કલા દ્વારા શિક્ષણનો આ અભિગમ શિક્ષણ અને સંસ્કૃતિના સંબંધને વધુ મજબૂત કરશે.

રમતગમત દ્વારા શિક્ષણ એ બીજો આંતર-અભ્યાસક્રમ અધ્યાપન અભિગમ છે જેમાં રમતગમતનો ઉપયોગ સંઘભાવના, સહકાર, સ્વ-પહેલ, સ્વાવલંબન, સ્વ-શિસ્ત, જવાબદારી, નાગરિકતા વિગેરે જેવા કૌશલ્યો વિકસાવવા માટે કરવામાં આવે છે. રોજિંદા વર્ગવ્યવહારમાં રમતગમત દ્વારા શિક્ષણને સામેલ કરીને વિદ્યાર્થીમાં જીવનભર શારીરિક રીતે સક્ષમ રહેવાનો, જીવનભર નિરોગી અને સ્વસ્થ રહેવાનો અભિગમ કેળવવામાં આવશે જે Fit India Movement અંતર્ગત નક્કી કરેલા બીજા જીવન કૌશલ્યો સિદ્ધ કરવામાં પણ મદદરૂપ થશે. શિક્ષણમાં રમતગમતનું આગવું મહત્વ સર્વવિદિત છે કારણ કે તેનાથી વિદ્યાર્થી શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહે છે તેમજ તેની કેટલીક બૌદ્ધિક ક્ષમતાઓનો પણ વિકાસ થાય છે.

વિદ્યાર્થીઓને અભ્યાસ માટે, ખાસ કરીને માધ્યમિક શાળામાં અભ્યાસ માટે વિષયોની વધુ અનુકૂળતા અને પસંદગી આપવામાં આવશે, જેમાં શારીરિક શિક્ષણ, કલા અને હસ્તકલા અને વ્યાવસાયિક કૌશલ્યોનો સમાવેશ થાય છે, જેથી તેઓ તેમના પોતાના અભ્યાસ અને ભાવિ જીવનનું આયોજન જાતે કરી શકે. સર્વાંગી વિકાસ અને દર વર્ષે વિષયો અને અભ્યાસક્રમોની વ્યાપક પસંદગી માધ્યમિક શાળા શિક્ષણની નવી વિશેષતા બની રહેશે. અભ્યાસિક પ્રવૃત્તિઓ, સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ' અથવા અભ્યાસેત્તર પ્રવૃત્તિઓ' વચ્ચે વધુ અંતર નહીં રહે, “કલા', 'માનવવિદ્યાઓ' અને વિજ્ઞાન' વચ્ચે વધુ અંતર નહીં રહે; વ્યાવસાયિક' અથવા 'શૈક્ષણિક' વિદ્યાશાખાઓ વચ્ચે પણ બહુ અંતર નહીં રહે. વિદ્યાર્થીઓની વયને અનુરૂપ, તેમની રસ, રુચિ અને સલામતીને ધ્યાનમાં રાખીને સમગ્ર શાળા શિક્ષણના બધા સોપાનો કે તબક્કાઓમાં ગણિત, વિજ્ઞાન અને માનવવિદ્યાઓ જેવા ફરજિયાત વિષયો ઉપરાંત શારીરિક શિક્ષણ, કલા અને હસ્તકલા અને વ્યાવસાયિક કૌશલ્ય જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવશે.

શાળા શિક્ષણના ચાર તબક્કામાંથી પ્રત્યેકમાં, વિવિધ પ્રદેશોમાં જો શક્ય હોય તો, એક સત્ર અથવા અન્ય એવી પ્રણાલી તરફ આગળ વધવા પર વિચાર થઈ શકે છે જેમાં નાના એકમ દ્વારા શિક્ષણ શક્ય બને અને આ કોર્સ એકાંતર દિવસોમાં ચલાવી શકાય જેથી વધારે વિષયો અને વધુ વિષય પસંદગીની તકો સુનિશ્ચિત કરી શકાય. કલા, વિજ્ઞાન, માનવવિદ્યાઓ, ભાષાઓ, રમતો અને વ્યાવસાયિક

વિષયો સહિતના ક્ષેત્રોમાં કોર્સની એક વિશાળ શ્રેણી અને તેમાં વિપુલ પ્રમાણમાં વિષય પસંદગીની તકો ઊભી કરવા માટે રાજ્ય સરકારો તેમની રીતે કોઈ નવીન પદ્ધતિઓ કે પ્રણાલીઓ વિકસાવે તે ઇચ્છનીય છે.

એ સર્વવિદિત છે કે નાના બાળકો તેમના ઘરમાં બોલાતી ભાષા એટલે કે માતૃભાષામાં મહત્તવના મૂર્ત કે અમૂર્ત ખ્યાલોને વધુ ઝડપથી શીખે છે અને ગ્રહણ કરે છે. ઘરોમાં સામાન્ય રીતે માતૃભાષા અથવા સ્થાનિક સમુદાયો દ્વારા બોલવામાં આવતી ભાષાનો ઉપયોગ થાય છે. જો કે, કેટલીક વખત બહુભાષી કુટુંબોમાં, કુટુંબના અન્ય સભ્યો દ્વારા બોલાતી ભાષા ઘરેલુ ભાષા હોઈ શકે છે, જે ક્યારેક માતૃભાષા અથવા સ્થાનિક ભાષાથી અલગ હોઈ શકે છે. જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી ઓછામાં ઓછા ધોરણ ૪ સુધી, પણ વધુ યોગ્ય તો ધોરણ ૮ સુધી, શિક્ષણનું માધ્યમ ઘરની ભાષા માતૃભાષા સ્થાનિક ભાષા પ્રાદેશિક ભાષા હશે. આ ધોરણો પછી પણ ઘરાસ્થાનિક ભાષાને શક્ય હોય ત્યાં સુધી શાળામાં એક વિષય તરીકે શીખવવામાં આવશે. સરકારી અને ખાનગી બંને પ્રકારની શાળાઓએ આ સૂચનાનું પાલન કરવાનું રહેશે. વિજ્ઞાન સહિત દરેક વિષયોના ઉચ્ચ ગુણવત્તાયુક્ત પાઠ્યપુસ્તકોને ઘરમાં બોલાતી ભાષા કે માતૃભાષામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. બાળક દ્વારા બોલાતી ભાષા અને શિક્ષણના માધ્યમ વચ્ચે કોઈ પણ અંતર હોય તો તેને સમાપ્ત કરવાના તમામ પ્રયાસો તાત્કાલિક ધોરણે કરવામાં આવશે. જ્યાં ઘરની ભાષા માતૃભાષામાં પાઠ્યપુસ્તક સામગ્રી ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સાઓમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે વ્યવહારની ભાષા, શક્ય હોય ત્યાં ઘરેલુ ભાષા/માતૃભાષા રહેશે. એવા વિદ્યાર્થીઓ જેના ઘરની ભાષા/માતૃભાષા શિક્ષણના માધ્યમથી ભિન્ન છે, તેમના માટે દ્વિભાષી અધ્યયન-અધ્યાપન સામગ્રી સહિત દ્વિભાષી અભિગમનો ઉપયોગ કરવા માટે શિક્ષકોને પ્રોત્સાહિત કરવામાં આવશે. બધી જ ભાષાઓ તમામ વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તા સાથે શીખવવામાં આવશે; એક ભાષાને સારી રીતે શીખવવા અને શીખવા માટે તેને શિક્ષણનું માધ્યમ બનાવવું જ પૂરતું નથી તેને એક વિષય તરીકે ઊંડાણપૂર્વક શીખવવી જોઇએ.

સંશોધનો સ્પષ્ટપણે દર્શાવે છે કે બાળકો ૨ થી ૮ વર્ષની ઉંમર વચ્ચે અત્યંત ઝડપથી ભાષાઓ શીખી લે છે અને બહુભાષિકતાથી આ ઉંમરના વિદ્યાર્થીઓને ઘણા બધા જ્ઞાનાત્મક લાભો થાય છે, પૂર્વપ્રાથમિક સોપાનની શરૂઆત અને તેના પછીથી જ બાળકોને વિભિન્ન ભાષાઓ(પરંતુ માતૃભાષા પર વિશેષ જોર આપવાની સાથે) શીખવવા શરૂઆત કરવામાં આવશે. દરેક ભાષાઓને એક મનોરંજક અને સવાદાત્મક શૈલીમાં ભણાવવામાં આવશે, જેમાં ઘણી બધી સંવાદાત્મક વાતચીત હશે અને શરૂઆતના વર્ષોમાં વાંચવા અને ત્યારબાદ માતૃભાષામાં લખવાની સાથે ધોરણ ૩ અને આગળની કક્ષાઓમાં અન્ય ભાષામાં વાંચવા અને લખવા માટે કૌશલ્યો વિકસિત કરવામાં આવશે. કેન્દ્ર અને રાજ્ય બને સરકારો તરફથી સમગ્ર દેશની તમામ પ્રાદેશિક ભાષાઓમાં અને વિશેષરૂપે બંધારણની આઠમી અનુસૂચિમાં વર્ણિત તમામ ભાષાઓમાં મોટી સંખ્યામાં ભાષાશિક્ષકોની ભરતી કરીને ભાષા શિક્ષણને વધુ સુદ્રઢ બનાવવાનો એક મહાપ્રયાસ થશે.

રાજ્ય, વિશેષરૂપે ભારતના વિભિન્ન ક્ષેત્રોના રાજ્ય, પોતપોતાના રાજ્યોમાં ત્રિભાષા સૂત્રને અપનાવવા માટે અને સાથે જ દેશભરમાં ભારતીય ભાષાઓના અધ્યયનને પ્રોત્સાહિત કરવા માટે મોટી સંખ્યામાં શિક્ષકોની નિયુક્તિ કરવા માટે એકબીજા સાથે દ્વિપક્ષીય સમજૂતી કરી શકે છે. વિવિધ ભાષાઓને શીખવા માટે તથા ભાષા શિક્ષણને લોકપ્રિય બનાવવા માટે તકનીકીનો વ્યાપક ઉપયોગ કરવામાં આવશે.

બંધારણીય જોગવાઈઓ, લોકોની આકાંક્ષાઓ, પ્રદેશો અને સંઘની આકાંક્ષાઓ અને બહુભાષાવાદ અને રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહિત કરવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ત્રિ-ભાષા સૂત્રનો અમલ ચાલુ રહેશે. જો કે, ત્રિ-ભાષા સૂત્રમાં વધુ લવચિકતા રાખવામાં આવશે અને કોઈ પણ રાજ્ય પર કોઈ ભાષા લાદવામાં આવશે નહીં. બાળકો દ્વારા શીખવામાં આવતી ત્રણ ભાષાઓના વિકલ્પ રાજ્યો, ક્ષેત્રો અને નિશ્ચિત રીતે વિદ્યાર્થીઓના પોતાના જ હશે, જેમાંથી ઓછામાં ઓછી ત્રણમાંથી બે ભાષાઓ ભારતીય ભાષાઓ હોવી જોઈએ, ખાસ કરીને, જે વિદ્યાર્થીઓ ત્રણમાંથી એક અથવા વધારે ભાષાને બદલવા માંગે છે, તેઓએ ધોરણ ૬ અથવા ૭ માં કરી શકે

છે પરંતુ આમ કરવા માટે એમણે ત્રણે ભાષામાંથી, કોઈપણ એક ભારતીય ભાષાને એના સાહિત્યના સ્તર પર અધ્યયન કરી પ્રાવીણ્ય મેળવવું ફરજિયાત રહેશે છે જે માધ્યમિક સોપાનના અંત સુધીમાં પ્રાપ્ત કરવાનું રહેશે.

વિજ્ઞાન અને ગણિતના અધ્યયન અને અધ્યાપન માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત વિભાષિક પાઠ્યપુસ્તકો અને અધ્યયન-અધ્યાપન સામગ્રી તૈયાર કરવા માટે તમામ પ્રયાસો કરવામાં આવશે, જેથી વિદ્યાર્થીઓ બંને વિષયો વિશે વિચારવા અને અભિવ્યક્ત કરવા માટે તેમની ઘરની ભાષા માતૃભાષા અને અંગ્રેજી બંનેમાં સક્ષમ બની શકે.

વિશ્વના ઘણા વિકસિત દેશોમાં આ જોવા મળ્યું છે કે, પોતાની ભાષા, સંસ્કૃતિ અને પરંપરાઓમાં સુશિક્ષિત હોવું એ કોઈ અડચણ નથી પરંતુ ખરેખર શૈક્ષણિક, સામાજિક અને તકનીકી પ્રગતિ માટે એનો મોટો ફાયદો મળે છે, ભારતની ભાષાઓ વિશ્વમાં સૌથી સમૃદ્ધ સૌથી વધુ વૈજ્ઞાનિક, સૌથી સુંદર અને સૌથી વધુ અભિવ્યક્તિ વૈભવ ધરાવનારી છે જેમાં પ્રાચીન તેમજ આધુનિક સાહિત્ય (ગદ્ય અને પદ્ય બંને) ના વિશાળ ભંડાર છે. આ ભાષામાં ફિલ્મ, સંગીત અને લખાયેલ સાહિત્ય ભારતની રાષ્ટ્રીય ઓળખ અને ધરોહર છે. સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધન માટે, રાષ્ટ્રીય એકતાની ભાવના જગાડવા માટે દરેક યુવા ભારતીયને પોતાના દેશની ભાષાઓ અને સાહિત્યરૂપી વિશાળ અને સમૃદ્ધ ખજાના વિશે માહિતીગાર અને સભાન થવું જોઈએ.

આમ, દેશનો દરેક વિદ્યાર્થી ૬-૮માં ભારતની ભાષાઓ પર, ક્યારેક 'એક ભારત શ્રેષ્ઠ ભારત પહેલ હેઠળ'ભારતની ભાષાઓ' પર ફન પ્રોજેક્ટ પ્રવૃત્તિમાં ભાગ લેશે. આ પ્રોજેક્ટ પ્રવૃત્તિમાં, વિદ્યાર્થીઓ મોટા ભાગની મુખ્ય ભારતીય ભાષાઓની નોંધપાત્ર એકતા વિશે શીખશે જેની શરૂઆત તેમના (ભાષાઓના) સામ્ય ધરાવતા ધ્વનિ એકમો અને વૈજ્ઞાનિક રીતે ગોઠવાયેલા મૂળાક્ષરો અને લિપિઓ, તેમના સામ્યતા ધરાવતા વ્યાકરણ માળખાઓ, સંસ્કૃત અને અન્ય શાસ્ત્રીય ભાષાઓમાંથી શબ્દભંડોળના સ્રોતોથી શરૂ થશે. તેઓ એ પણ શીખશે કે કયા પ્રદેશમાં કઈ ભાષા બોલાય છે, આદિવાસી ભાષાઓના પ્રકાર અને માળખાનો ખ્યાલ પણ મેળવશે અને ભારતની દરેક મુખ્ય ભાષામાં સામાન્ય રીતે બોલાતા વાક્યોને બોલતા પણ શીખશે અને દરેક ભાષાના સમૃદ્ધ અને ઊંચી કક્ષાના સાહિત્ય વિશે ભાષાંતર દ્વારા જાણકારી અપાશે), આવી પ્રવૃત્તિ તેમને ભારતની એકતા અને સુંદર સાંસ્કૃતિક વારસા અને વિવિધતા બંનેનો અહેસાસ કરાવશે અને ભારતના અન્ય ભાગોના લોકોને મળશે ત્યારે તેમનું સમગ્ર જીવન એકબીજા સાથે આત્મીયતાપૂર્ણ બની રહેશે. આ પ્રોજેક્ટ પ્રવૃત્તિ હશે અને તેમાં કોઈ પણ પ્રકારના મૂલ્યાંકનનો સમાવેશ થશે નહીં.

ભારતની શાસનીય ભાષાઓ અને સાહિત્યના મહત્વ, પ્રાસંગિકતા અને સૌંદર્યને પણ નજરઅંદાજ ન કરી શકાય સંસ્કૃત, જેનો ભારતના બંધારણની આઠમી અનુસૂચિમાં એક મહત્ત્વપૂર્ણ આધુનિક ભાષા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ખૂબ મોટા પ્રમાણમાં શાસ્ત્રીય અને પૌરાણિક સાહિત્ય ધરાવે છે જે લેટિન અને ગ્રીક કરતા વધુ પ્રમાણમાં છે. જેમાં ગણિત, તત્વજ્ઞાન, વ્યાકરણ, સંગીત, રાજકારણ, ચિકિત્સા,સ્થાપત્ય, ધાતુશાસ્ત્ર, નાટક, કવિતા, વાર્તા અને બીજું ઘણું (જેને સંસ્કૃત માન પ્રણાલી કહેવામાં આવે છે. સમાવિષ્ટ છે અને જેના સર્જનમાં બધા જ ધર્મોના લોકો, બધી જ જ્ઞાતિ જાતિના લોકો જુદાજુદા આર્થિક અને સામાજિક સ્તરોમાંથી આવતા લોકો તેમજ કોઈ પણ ધર્મમાં ન મનનાસ લોકો એમ તમામ પ્રકારના લોકોનું અમૂલ્ય યોગદાન રહેલું છે. આમ ત્રિ-માથા સૂત્રમાં વિકલ્પ સહિત વિદ્યાર્થીઓ માટે એક મહત્ત્વપૂર્ણ, સમૃદ્ધ વિકલ્પ તરીકે શાળા અને ઉચ્ચ શિક્ષણના તમામ સ્તરે સંસ્કૃત આપવામાં આવશે તેને રસપ્રદ અને અનુભવી તેમજ સમકાલીન અને પ્રસ્તુત રીતે શીખવવામાં આવશે, જેમાં સંસ્કૃત જ્ઞાન પ્રણાલીનો ઉપયોગ અને ખાસ કરીને ધ્વનિ એકમો અને ઉચ્ચારણશુદ્ધિની પણ ઉપયોગ ચકશે. પૂર્વપ્રાથમિક અને માધ્યમિક શાળા સ્તરે સંસ્કૃત પાઠ્યપુસ્તકો સાદા અને સરળ સંસ્કૃતમાં લખવામાં આવશે જેથી સંસ્કૃત દ્વારા જ સંસ્કૃત શીખવાનો આનંદ વિદ્યાર્થીઓને મળી શકે.

ભારત સંસ્કૃત સિવાયની અન્ય શાસ્ત્રીય ભાષાઓમાં પણ અત્યંત સમૃદ્ધ સાહિત્ય ધરાવે છે, જેમ શાસ્ત્રીય તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ, ઉડિયાનો સમાવેશ થાય છે. આ શાસ્ત્રીય ભાષાઓ ઉપરાંત પાલી, ફારસી અને પ્રાકૃત, અને તેમની સાહિત્ય કૃતિઓની પણ ભારત અને વિદ્યાની માવિ પેઢીના આનંદ, અને વિચારસમૃદ્ધિ માટે જાળવણી થવી જોઈએ. જેમ જેમ ભારત સંપૂર્ણપણે વિકસિત દેશ બનશે તેમ તેમ નવી પેઢી શાસ્તના વ્યાપક અને સુંદર તીય સાહિત્યથી સમૃદ્ધ બનતી જશે. સંસ્કૃત ઉપરાંત તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ, ઉડિયા, પાલી, ફારસી અને પ્રાકૃત સહિત ભારતની અન્ય શાસ્ત્રીય ભાષાઓ અને સાહિત્ય પણ વિદ્યાર્થીઓ માટે વિષયોના વિકલ્પ તરીકે વ્યાપકપણે ઉપલબ્ધ થશે, સમૃ મૌખિક અને લેખિત સાહિત્ય, સાસ્કૃતિક પરંપરાઓ અને જ્ઞાન ધરાવતી તમામ ભારતીય ભાષાઓ માટે પણ આવા જ પ્રયાસો કરવામાં આવશે.

બાળકોની શાનસમૃદ્ધિ માટે અને આ સમૃદ્ધ ભાષાઓ અને તેમના કલાત્મક ખજાનાની જાળવણી માટે, તમામ સરકારી કે ખાનગી શાળાઓમાં, તમામ વિદ્યાર્થીઓ પાસે ભારતની શાસ્ત્રીય ભાષા અને તેનું સાહિત્ય શીખવા માટે ધોરણ ૬-૧૨ ના સમયગાળા

દરમિયાન ઓછામાં ઓછા બે વર્ષનો વિકલ્પ રહેશે અને જો તે ઈચ્છે તો માધ્યમિક શાળા દરમિયાન પણ તે ભાષાનો ઉઠ્યા અભ્યાસ ચાલુ સખી શકશે અને આ વિશિષ્ટ વિકલ્પના અમલીકરણ માટે જરૂર પડયે તકનીકીની પણ મદદ લેવામાં આવશે.

એવા વિદ્યાર્થીઓ કે જેમને વિશ્વની બીજી ભાષાઓ અને સંસ્કૃતિઓ વિષે જાણવું છે કે જેમને વિશ્વ કક્ષાનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં રસ છે તેમણે ભારતીય ભાષાઓ અને અંગ્રેજીમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવા ઉપરાંત કોરિયન જાપાનીઝ, થાઈ, ફ્રેન્ચ, જર્મન, સ્પેનિશ, પોર્ટુગીઝ અને રશિયન જેવી વિદેશી ભાષાઓ શીખવાની વિકલ્પ પણ માધ્યમિક શાળા શિક્ષણના સ્તરે આપવામાં આવશે.

ફિલ્મો, નાટક, વાર્તા, કવિતા અને સંગીત જેવા ભાષાઓના સાંસ્કૃતિક પાસાંઓનો ઉપયોગ કરીને તેમજ ભાષારમતો અને ભાષા અધ્યયન માટેની એપ્લિકેશન્સ સહિતની નવીન અને અનુભવી પદ્ધતિઓનો ઉપયોગ કરીને, ભાષાઓને વિદ્યાર્થીઓના રોજબરોજના જીવન અનુભવો અને બીજા વિષયો સાથે સાંકળીને તમામ ભાષાઓના શિક્ષાને વધુ અસરકારક બનાવવામાં આવશે. આમ, ભાષાઓનું શિક્ષણ પણ આનુવિક શિક્ષણના અધ્યાપનશાસ્ત્ર પર આધારિત હશે.

સાંભળવાની ખામી ધરાવતા વિદ્યાર્થીઓ માટે સમગ્ર દેશમાં ભારતીય સાંકેતિક ભાષા (Imlian Sign Language)ની પ્રમાણીકરણ કરેલી આવૃતિ તૈયાર કરવામાં આવશે. સાથેસાથે જ્યાં શક્ય હોય અને પ્રસ્તુત હોય ત્યાં સ્થાનિક સાંકેતિક ભાષાનું પણ સન્માન કરવામાં આવશે અને શીખવવામાં આવશે.

વિદ્યાર્થીઓને તેમના વ્યક્તિગત અભ્યાસક્રમની પસંદગીમાં વધારે વિકલ્પ પસંદગીની તકો હોવી જોઈએ પરંતુ આજના ઝડપથી બદલાતા વિશ્વમાં સારા, સફળ, નવીન, અનુકૂલનશીલ અને કર્મઠ વ્યક્તિ બનવા માટે તમામ વિદ્યા પ્રાઓએ કેટલાક વિષયો, કૌશલ્યો અને ક્ષમતાઓ શીખવી જોઈએ. ભાષાઓમાં કુશળતા ઉપરાંત, આ કૌશલ્યોમાં વૈજ્ઞાનિક અભિગમ અને તાર્કિક પુરાવા આધારિત વિચારણાનો સમાવેશ થાય છેસર્જનાત્મકતા અને નવીનતા; સૌંદર્યશાસ્ત્ર અને કલાની ભાવના, મૌખિક અને લેખિત પ્રત્યાયન, સ્વાસ્થ્ય અને પૌષણ, શારીરિક શિક્ષણ, તંદુરસ્તી, શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય અને રમતગમત, મયોગ અને સંભાવના; સમસ્યાનું સમાધાન અને તાર્કિક વિચારણા, વ્યાવસાયિક અનુભવી અને કૌશલ્યો, ડિજિટલ સાક્ષરતા, કોડિંગ અને ગાણિતિક વિચારણા કૌશલ્યો નીતિગત અને નૈતિક તર્ક, માનવીય અને બંધારણીય મૂલ્યોનું જ્ઞાન અને વાણી-વર્તન-વ્યવહારમાં તેનું ઉપયોજન જાતીયતા પ્રત્યે સંવેદનશીલતા, મૂળભૂત ફરજો, નાગરિકતા કૌશલ્ય અને મૂલ્યો: ભારતીય જ્ઞાન, પર્યાવરણીય જાગૃતિ જેમાં જળ અને પર્યાવરણ સંસાધન સંરક્ષણ સ્વચ્છતાનો સમાવેશ થાય છે, સ્થાનિક સમુદાયો રાજ્યો, દેશ અને દુનિયા સામેના પડકારો, પ્રશ્નો અને વર્તમાન જગતમાં બનતી ઘટનાઓના ધનનો પણ સમાવેશ થાય છે.

શાળા શિક્ષણના ચારિત્ર્ય તબક્કે કૃત્રિમ બુદ્ધિમત્તા (AI), સંરચના વિચારણા, સર્વાંગીણ સ્વાસ્થ્ય, પ્રાકૃતિક જીવનશૈલી, પર્યાવરણ શિક્ષણ, વૈશ્વિક નાગરિકત્વનું શિક્ષણ (CED) વગેરે જેવાં સમકાલીન વિષયોની રજૂઆત સત સંકલિત અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્ર ને લગતી પહેલ હાથ ધરવામાં આવશે.

એક માન્યતા એવી પણ છે કે ભારતના વિશ્વ અને અસંખ્ય આગામી ક્ષેત્રો અને વ્યવસાયમાં ભારતના નેતૃત્વની ભૂમિકા માટે ગતિ અને ગાણિતિક વિચારસરણી અત્યંત મહત્ત્વપૂર્ણ બની રહેશે, જેમા કૃત્રિમ બુદ્ધિમત્તા (એઆઈ A), યંત્ર આધારિત અધ્યયન મીન લર્નિંગ) અને માહિતી વિજ્ઞાન (ડેટા સાયન્સ) વગેરેનો સમાવેશ થશે. વિવિધ નવીન પ્રધ્યાપન પદ્ધતિઓ દ્વારા શાળા શિક્ષણના પૂર્વ પ્રાથમિક તબક્કાથી જ ગણિત અને ગાણિતિક કૌશલ્યો શીખવવાની શરૂઆત કરવામાં આવશે તેમજ સમગ્ર શાળા શિક્ષણ સૌપાનીમાં તેના પર વધુ ધ્યાન આપવામાં આવશે ઉદાહરણ તરીકે, ગાણિતિક વિચારોને વધુ આનંદદાયક અને આકર્ષક બનાવતા કોયડાઓ અને રમતોના નિયમિત ઉપયોગ. માધ્યમિક તબક્કામાં કોડિંગ સાથે સંકલાયેલી પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવશે.

દરેક વિધાર્થી ધોરણ -૮ દરમિયાન એક આનંદપ્રદ અને રસપ્રદ અભ્યાસક્રમ હાસ મહત્ત્વપૂર્ણ વ્યાવસાયિક હસ્તકલાના નમૂના જેવા કે સુથારીકામ, ઈલેક્ટ્રિક વર્ક, મેટલ વર્ક, બાગકામ, માટી કામ વગેરેનો સર્વે કરશે તેમજ હાથવગો અનુભવ મેળવશે જે અંગે રાજ્ય સરકારો અને સ્થાનિક સમુદાયો નિર્ણય લેશે અને માળખું તૈયાર કરશે. એનસીએફએસઈ ૨૦૨૦-૨૧ રચના કરતી વખતે એનસીઆરટી NCERT દ્વારા ધોરણ ૮ માટે પ્રેક્ટિસ આધારિત અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવશે. તમામ વિદ્યાર્થીઓ ધોરણ ૨ દરમિયાન ૧૦ દિવસના દફ્તર વગરના નામ (Hand less Perind)માં ભાગ લેશે, જ્યા તેઓ સુથાર, માળી, કુમાર, કલાકારો

વગેરે જેવા સ્થાનિક વ્યાવસાયિક નિષ્ણાતોના માર્ગદર્શનમાં તાલીમ મેળવશે. વ્યાવસાયિક વિષયો શીખવા માટે આવી જ બીજી ઘણી ઈન્ટર્નશીપની તકો ધોરણ ૬-૧૦ મા વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવી શકાય જેમા રજાના સમયગાળાનો પણ સમાવેશ થાય છે. વ્યાવસાયિક અભ્યાસક્રમો ઓનલાઈન માધ્યમથી પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. કલા, ક્વિઝ, રમતગમત અને વ્યાવસાયિક હસ્તકલા સહિત વિવિધ પ્રકારની ક્ષમતાઓ વિકસિત કરનારી અથવા વધારનારી પ્રવૃત્તિઓ માટે સમગ્ર વર્ષ દરમિયાન દફ્તર વગરના (bag en) દિવસોને પ્રોત્સાહન આપવામાં આવશે. બાળકો ઐતિહાસિક, સાંસ્કૃતિક અને પ્રવાસનની દ્રષ્ટિએ મહત્તવના સ્થળો/સ્મારકોની મૂલાકાત લેશે, સ્થાનિક કલાકારો અને કારીગરોને મળશે, અને તેમના ગામ તાલુકા જિલ્લા રાજ્યમાં કચ્ચ શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લેશે.

"ભારતનું શાન" વિષય અંતર્ગત પ્રાચીન ભારતના શાન અને આધુનિક ભારતમાં તેના ધોગદાન તેની સફળતાઓ અને પડકારોનો સમાવેશ કરાશે તેમજ શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ વગેરે અંગે ભારતની ભવિષ્યની આકાંક્ષાઓની સ્પષ્ટ સમજનો પણ તેમાં સમાવેશ થશે. આ બાબતોને શાળાના સમગ્ર અભ્યાસક્રમમાં જ્યાં પ્રસ્તુત હોય ત્યાં સચોટ અને વૈજ્ઞાનિક રીતે સામેલ કરવામાં આવશે, ખાસ કરીને આદિવાસી લોકોનું જ્ઞાન અને સ્થાનિક તેમજ પરંપરાગન શિક્ષણ પદ્ધતિઓ રાહિત ભારતીય જ્ઞાન વ્યવસ્થાઓને ગણિત, ખગોળશાસ્ત્ર, તત્વજ્ઞાન, યોગ, સ્થાપત્ય ચિકિત્સા કૃષિ ઈજનેરી, ભાષાશાસ્ત્ર સાહિત્ય, રમતગમત, રમતોમાં તેમજ પ્રશાસન, રાજકારણ અને સંરક્ષણમાં આવરી લેવામાં આવશે. આદિવાસી લોકોની ઔષધિય પદ્ધતિઓ, વન વ્યવસ્થાપન, પરંપરાગત (ઓર્ગેનિક) પાકની ખેતી, કુદરતી ખેતી વગેરેના વિશિષ્ટ અભ્યાસક્રમો પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ભારતીય ધન પ્રણાલી પર બેક આકર્ષક અભ્યાસક્રમ પણ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને પસંદ તરીકે ઉપલબ્ધ કરાવવામાં આવી, ાળાઓમાં આનંદપ્રદ અને સ્વદેશી રમતો મારફતે વિવિધ મુદ્દાઓ અને વિષયો શીખવ માટે સ્પર્ધાઓ યોજવામાં આવશે. સમગ્ર શાળા અભ્યાસક્રમમાં ભારતના પ્રેરણાદાયી મહાનુભાવો, પ્રાચીન અને આધુનિક, વિજ્ઞાન અને તેના સિવાયના વિષયો પર દસ્તાવેજી ફિલ્મ કે વિડીયો શાળા શિક્ષણના દરેક તબક્કે વિદ્યાર્થીઓને બતાવવામાં આવશે. સાંસ્કૃતિક આદાન- પ્રદાન કાર્યક્રમોના ભાગરૂપે વિદ્યાર્થીઓનેવિવિધ રાજ્યોની મુલાકાત લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

વિદ્યાર્થીઓને નાની ઉંમરે જે યોગ્ય છે તે કરવાનું મહત્વ" શીખવવામાં આવશે અને નૈતિક નિર્ણયો લેવા માટે તાર્કિક માળ આપવામાં આવશે. પછીના વર્ષોમાં છેતરપિંડી, હિંસા, લખાણચોરી, ગંદકી કરવી વગેરે જેવી બદીઓ અને સહિષ્ણુતા, સમાનતા, સમાનુભૂતિ વગેરે જેવા મૂલ્યોને આવરી લેવામાં આવશે જેથી બાળકોને પોતાના જીવનનું સંચાલન કરવામાં, નીતિંગ નૈતિક મૂલ્યોને અપનાવવા સક્ષમ બનાવી શકાય, પોતાના નૈતિક મુદ્દાઓ અંગેનો માંદોલને બહુવિધ દ્રષ્ટિકોણથી સમજી શકે. આવા મૂળભૂત નૈતિક તર્કના પરિણામો તરીકે પરંપરાગત ભારતીય મૂલ્યો અને તમામ મૂળભૂત માનવ અને બંધારણીય મૂલ્ય (જેવા કે સેવા અહિંસા, સ્વચ્છતા, સત્ય, નિષ્કામ કર્મ, શાતિ, બર્લિદાન, મહિષ્ણુતા, વિવિધતા, બહુવચનવાદ, માયું વર્તન, જાતિયના પ્રત્યે સંવેદનશીલતા, વડીલો પ્રત્યે આદર, તમામ વ્યક્તિઓ અને તેમની જન્મજાત ક્ષમતાઓનો તેમની પૃષ્ઠભૂમિ ધ્યાને લીધા વિના આદર આપવો પર્યાવરણ પ્રત્યે આદર, મદરૂપ થવાની ભાવના, સીજન્ય, ધીરજ, મા, સમ્માનુભૂતિ, કરુણા, દેશભક્તિ, લોકશાહી દૃષ્ટિકોણ, સત્યનિષ્ઠા, સ્વાતંત્ર્ય, સમાનતા અને બંધુત્વ)નો વિદ્યાર્થીઓમાં વિકાસ કરવામાં આવશે. બાળકોને પંચતંત્ર જાત હિતોપદેશ અને ભારતીય પરંપરાની અન્ય રમુજી કથાઓ અને પ્રેરણાદાયક વાર્તાઓ વાચવાની અને શીખવાની તક મળશે અને વૈશ્વિક સાહિત્ય પર તેમના પ્રભાવના વિશે શીખવા મળશે. ભારતીય બંધારણના અંશોને તમામ વિદ્યાર્થીઓ માટે આવશ્યક વાચનમાં સમાવેશ કરવામાં ખાવશે. આરોગ્યની મૂળભૂત તાલીમ, જેમાં નિવારણાત્મક આરોગ્ય, માનસિક સ્વાસ્થ્ય સારું પોષણ, વ્યક્તિગત અને જાહેર સ્વચ્છત, આપત્તિ પ્રતિચાર અને પ્રાથમિક સારવારનો પણ અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવશે, તેમજ આલ્કોહોલ, તમાકુ અને અન્ય નશાઓની હાનિકારક અને નુકશાનકારક અસરોના વૈજ્ઞાનિક ખુલાસાઓનો સમાવેલ કરવામાં આવશે.

પૂર્વપ્રાથમિક તબક્કાથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધીના તમામ અભ્યાસક્રમો અને શિક્ષણને સંસ્કૃતિ, પરંપરાઓ, વારસા, રીત-રિવાજ, ભાષા, તત્વજ્ઞાન, ભૂગોળ, પ્રાચીન અને સમક્ષલીન જ્ઞાન, સામાજિક અને વૈજ્ઞાનિક જરૂરિયાત્તી, સામાજિક અને પરંપરાગત રીતે સુનિશ્ચિત કરવા માટે ભારતીય અને સ્થાનિક સંદર્ભમાં સારી રીતે પુનઃરચના કરવામાં આવશે. જે આપણા વિદ્યાર્થીઓના શિક્ષણ માટે સૌથી વધારે સંબંધિત, સુસંગત,રસપ્રદ અને અસરકારક હોય તેનું ધ્યાન રાખવામાં આવશે. વાર્તાઓ, કલા, રમતો, રમતગમત,

ઉદાહરણો,સમસ્યાઓ વગેરેની પસંદગી ભારતીય અને સ્થાનિક ભૌગોલિક સંદર્ભમાં શક્ય તેટલી વધુ કરવામાં આવશે. વિચારો, અમૂર્તતા અને સર્જનાત્મકતા ત્યારે જ ખીલે છે જયારે અધ્યયનના મૂળ તેમાં રોપાયેલા હોય.

શિક્ષણ માટે નવા અને વ્યાપક રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાની રચના, એનસીપએક એસઇ NCFSE 2012-૨૧, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના સિદ્ધાંતો, અભ્યાસક્રમની તાકીદની આવશ્યકતાઓ રાજ્ય સરકારો, મંત્રાલયો, કેન્દ્ર સરકાર સંબંધિત વિભાગ સહિતના હોદ્દેદારો અને અન્ય નિષ્ણાત સંસ્થાઓ આ તમામ સાથે ચર્ચા કર્યા પછી તેના આધારે એનસીઈઆરટી NCERT દ્વારા ાથ ધરવામાં આવશે અને બધી જ પ્રાદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. ત્યારબાદ એનસીપએક એસઇ NINE દસ્તાવેજ દર ૫૦ વર્ષમાં કરી હાથ પર લઈ જે તે સમયને અનુરૂપ થોડા સુધારાવધારા કરવામાં આવશે જેનો આધાર તત્કાલીન અભ્યાસક્રમ રહેશે.

શાળા પાઠ્યપુસ્તકોમાં બદલાવની સાથેસાથે શાળાના પાઠ્યક્રમ તેમજ વિષયવસ્તુના સારણમાં ઘટાડો, અભ્યાસક્રમની વધેલી લવચિકતા અને ગોખીને યાદ કરવાના બદલે સંરચનાત્મક અધ્યયન પર ભાર આપવો જરૂરી છે. તમામ પાઠ્યપુસ્તકોમાં રાષ્ટ્રીય સ્તર પર મહત્તવપૂર્ણ બાબતો (ચર્ચા, વિશ્લેષા, ઉદાહરણો અને ઉપયોગ સાથ સામેલ કરવા સાથે તેમાં સ્થાનિક સંદર્ભો અને આવશ્યકતાઓ અનુસારજરૂરી બાબતો સામેલ કરવી આવશ્યક છે, જ્યાં શક્ય હોય ત્યા શાળાઓ અને શિક્ષકો પાસે પણ એક જ વિષયના જુદા જુદા પાઠ્યપુસ્તકોમાંથી પસંદગીની તક હશે. તેમની પાસે જેમાં રાષ્ટ્રીય અને સ્થાનિક સામગ્રી સામેલ હોય તેવા અનેક પાઠ્યપુસ્તકો હશે. જેની મદદથી તેઓ તેમને અનુકૂળ અધ્યાપન પદ્ધતિ તેમજ વિદ્યાર્થીઓની અને સમુદાયની જરૂરિયાતો અનુસાર શિક્ષણ આપી શકશે.

વિદ્યાર્થીઓ અને શિક્ષણ વ્યવસ્થા પર પાઠ્યપુસ્તકોની કિંમતનો બોજ ઘટાડવા માટે ગુણવત્તાયુક્ત પાઠ્યપુસ્તકો ઓછામાં ઓછામાં ખર્ચે તૈયાર કરવા માટે તેના ઉત્પાદન અને મુદ્રણ ખર્ચને ઘટાડવામાંઆવશે. આ ઉદ્દેશ્ય એસસીઈઆરટી SCERTના સહયોગથી એનસીઈઆરટી NCERT દ્વારા નિર્મિત ઉચ્ચ ગુણવત્તાયુક્ત પાઠ્યપુસ્તક સામગ્રીના ઉપયોગ દ્વારા પૂરો કરી શકાય. વધારાની પાઠ્યપુસ્તક સામગ્રી માટે લોકકલ્યાણ સાથે સંકળાયેલ વ્યક્તિઓ અને સંસ્થાઓની ભાગીદારી અને જાહેર વિજાણુંતૈત દ્વારા ભંડોળ એકત્ર કરી શકાય જેથી નિષ્ણાતોને આ પ્રકારનું લખાણ લખવા માટે પ્રોત્સાહિત કરી શકાય. રાજ્યો પોતાનો અભ્યાસક્રમ તૈયાર કરશે. (જે એનસીઈઆરટી NCERT દ્વારા તૈયાર કરેલ અનસીપએફએસ NCSE પર આધારિત હતો.) અને રાજ્યની વિશેષતા અને જરૂરિયાત અનુસાર પાઠ્યપુસ્તકો તૈયાર કરાશે ( જે શક્ય હશે ત્યાં સુધી એનસીઈઆરટી NCERTની પાઠ્યપુસ્તક સામગ્રી પર અધારિત હશે.). આમ કરતી વખતે એ ધ્યાનમાં રાખવું આવશ્યક છે કે એનસીઈઆરટી NCERT અભ્યાસક્રમ રાષ્ટ્રીય સ્વીકાર્ય માપદંડ તરીકે લેવામાં આવશે, બધી પ્રાદેશિક ભાષાઓમાં આવા પાઠ્યપુસ્તકોની બધી જ શાળાઓમાં ઉપલબ્ધતાને પ્રાથમિકતા આપવામાં આવશે કે જેથી તમામ વિદ્યાર્થીઓ ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવી શકે, પર્યાવરણને સંરક્ષિત કરવા સારું અને વ્યવસ્થા પર ભારણ ઓછુ કરવા માટે બધાં જ રાજ્યો કેન્દ્રશાસિત પ્રદેશો કે એનસીઈઆરટી NCERT દ્વારા તમામ પાઠ્યપુસ્તકો ડાઉનલોડ કરી મુદ્રિત કરવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે

એનસીઈઆરટી એસીઈઆરટી NCERT, SCERT, શાળાઓ અને શિક્ષકો દ્વરા અભ્યાસક્રમ અને અધ્યાપન પદ્ધતિમાં યોગ્ય ફેરફારો કરીને દફતાર અને પાઠ્યપુસ્તકોના વજનમાં નોંધપાત્ર ઘટાડો કરવા માટે નક્કર પ્રયાસો કરવામાં આવશે.

આપણી શાળા પ્રણાલીની પરંપરાગત મૂલ્યાંકન પદ્ધતિ કે જે મુખ્યત્વે સમજ વિનાની ગોખવાની શક્તિ પર આધારિત અને વર્ષાંતે લેવાતી કસોટીઓ દ્વારા મૂલ્યાંકન કરે છે તેના બદલે નિયમિત સમયાતરે ક્ષમતા આધારિત અને અધ્યયનકની મૂલ્યાકન તરફ લઈ જવાનો રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો મુખ્ય ઉદ્દેશ છે જે ઉચ્ચ કક્ષાના બોધાત્મક કૌશલ્યો જેવા કે પૃથકકરણ, વિવેચનાત્મક ચિંતન અને સંકલ્પનાત્મક સ્પષ્ટતાનું મૂલ્યાંકન કરે. વિદ્યાર્થીના અધ્યયન અને વિકાસને મહત્તમ સંરકારક બનાવે એવી અધ્યયન અધ્યાપન પ્રક્રિયાઓને સતત પ્રેરિત કરવામાં અને તેમાં સુધારાવધારા કરવામાં મદદ કરવી એ મૂલ્યાકન પ્રણાલીનો મુખ્ય રંતુ હશે. શિક્ષણના તમામ સ્તરે મૂલ્યાંકન માટેનો આ મૂળ સિદ્ધાંત હશે.

શાળા આધારિત મૂલ્યાંકન માટેના તમામ વિદ્યાર્થીઓના પ્રગતિ કાર્ડ, જેને શાળાઓ શ માતાપિતાને આપવામાં આવે છે તેને સૂચિત રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર, એનસીઈઆરટી એસસીઈઆરટી NCERT અને CERTના માર્ગદર્શન હેઠળ રાજ્યો કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા સંપૂર્ણ રીતે પુનઃ રચના કરવામાં આવશે. પ્રગતિ કાર્ડ એક સમગ્રદર્શી અને 250 ડિગ્રીની, બહુપરિમાણ્વીય અહેવાલ હશે જેમાં

વિદ્યાર્થીના જ્ઞાનાત્મક, ભાવાત્મક અને મનોક્રિયાત્મક ક્ષેત્રના વિશ્વાસનું બારીકાઈપૂર્વક કરેલ વિશ્લેષણનું વર્ણન તેમજ તેની પ્રગતિ વિશિષ્ટતાને પ્રતિબિંબિત કરેલું હશે. તેમાં વિદ્યાર્થીના પ્રોજેક્ટ આધારિત, પૂછપરછ આધારિત અધ્યયન, ક્વીઝ, રૌલ પ્લે, જૂથ કાર્ય, પોર્ટફોલિયો વગેરેનું સ્વમુલ્યાંકન, સહપાઠી દ્વારા મૂલ્યાંકન અને શિક્ષક દ્વારા મુલ્યાકન સમાવિષ્ટ હશે. આ સમગ્રતાથી પ્રગતિકા વાલી અને શિક્ષક મુલાકાત ઉપરાંત શાળા અને ઘરને જોડતી એક મહત્તવની કડી રચશે. જેથી વાલીઓને બાળકના સર્વાંગી વિકાસમાં અને શિક્ષણમાં સક્રિય રીતે સામેલ કરી શકાય, પ્રગતિ કે શિક્ષકોને અને માતાપિતાને વર્ગખંડમાં અને વર્ગખંડ બહાર દરેક વિદ્યાધીને અધ્યયનમાં કેવી રીતે મદદ કરવી તે વિશેની મૂલ્યવાન માહિતી પ્રદાન કરો. માતાપિતા, શિક્ષકો અને સહપાઠી મિત્રોને પ્રશ્નાવલી આપી તે દ્વારા પોતાના અધ્યયન વિશે ક્ષમતાઓ અને રસ રુચિના ક્ષેત્રો વિશે કઈ દિશામાં સુધારણાની જરૂર છે તે વિશે માહિતી મેળવી કૃત્રિમ બુદ્ધિમત્તા (એઆઈ)ના ઉપયોગથી વિદ્યાર્થીઓ સૌફ્ટવેર બનાવી શકે જે તેમને અધ્યયનમાં પ્રગતિની સંભાળ લેવામાં અને શ્રેષ્ઠ કારકિર્દીની પસંદગી કરવામાં મદદરૂપ થઈ શકે

બોર્ડની પરીક્ષાઓ અને પ્રવેશ પરીક્ષાઓ સહિત માધ્યમિક શાળાની પરીક્ષાઓનું વર્તમાન સ્વરૂપ અને આજની કોર્મિંગ સંસ્કૃતિ - ખાસ કરીને માધ્યમિક શાળા કક્ષાએ ઘણું નુકસાન કરી રહી છે. સાચા અધ્યયન માટેના મૂલ્યવાન સમયને વિદ્યાર્થીઓ કોચિંગ અને વધુ પડતા પરીક્ષાઓમાં આપી રહ્યા છે. આ પરીક્ષાઓ વિદ્યાર્થીઓને ભવિષ્યની શિક્ષણ પ્રણાલીમાં મહત્તવપૂર્ણ બનનાર લવચિકતા અને પસંદૌની તક આપવાને બદલે એક જ પ્રવાહમાં ખૂબ જ સંકુચિત સામગ્રીના અધ્યયન માટે દબાણ કરે છે.

હાલની બોર્ડની અને પ્રવેશ પરીક્ષાઓની પ્રણાલીમાં કોટિંગ વર્ગો કરવાની જરૂરિયાતને દૂર કરવા માટે સુધારણા કરવામાં આવશે જ્યારે ધોરણ ૧૦ અને ૧૨ માટે બોર્ડની પરીક્ષા ચાલુ રાખવામાં આવશે. વર્તમાન મૂલ્યાંકન પ્રણાલીની આ હાનિકારક અસરોના નિર્મૂલન માટે અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહિત કરવા માટે બોર્ડની પરીક્ષાપીના માળખાની પુનઃરચના કરવામાં આવશે, વિદ્યાર્થીઓ તેમના વ્યક્તિગત હિતોને આધારે ઘણા વિષયોમાંથી બોર્ડની પરીક્ષાના વિયો પસંદગી કરી શકો બોર્ડની પરીક્ષાઓને પણ "સરળ બનાવવામાં આવ્યો. સરળ એ અર્થમાં કે તે પરીક્ષાઓ કોચિંગ કે ગોખવાને બદલે ક્ષમતાઓ અને ચોગ્યતાઓની પરીક્ષા કરો. કોઈપણ વિદ્યાર્થી કે જે શાળાએ જઈ રહ્યો છે અને સાળામાં અધ્યયન માટે પ્રયત્નો કરી રહે છે તે વધારાના પ્રયત્નો વગર બોર્ડની પરીક્ષા ઉત્તીણ કરી થકો અને સારો દેખાવ કરી શકશે. બોર્ડ પરીક્ષાઓના 'વર્ષ બગડવાના સંકટ' ને દૂર કરવા માટે, બધા વિદ્યાર્થીઓ કોઈપણ શાળાકીય વર્ષ દરમિયાન બે વખત બોર્ડની પરીક્ષા આપી શકશે, એક મુખ્ય પરીક્ષા અને એક સુધારણા માટે, જો ઈચ્છિત હોય તો વધુ લવચિકતા, વિદ્યાર્થીનિ પસંદગીની તક અને તેમના પરીક્ષાઓમાં કુલ પ્રદર્શનમાંથી કોઈપણ બે દેશ પ્રદર્શનના આધારે મૂલ્યાંકન, પાયાની મુખ્ય ક્ષમતાઓની ચકાસણી વગેરે જેવી બાબતો સુધારા સ્વરૂપે બધી જ બોર્ડ પરીક્ષાઓમાં અનુસરવી જોઈએ. આ સાથે બોર્ડ પરીક્ષાના વધુ વ્યવહારૂ મોડેલ વિકસાવી શકાય કે જેથી શ્રેચિંગની સંસ્કૃતિ અને પરીક્ષાના તણાવને ઘટાડી શકાય આવી કેટલીક શક્યતાઓમાં આ બાબતો ોઈ શકે છે. વાર્ષિક/સત્ર તાએકમ (Medalar) બોર્ડ પરીક્ષાઓની એક પદ્ધતિ વિકસિત થઈ શકે છે - કે જેમાં દરેક પરીક્ષણમાં પણી ઓછી સામગ્રી હોય અને શાળામાં સંબંધિત અભ્યાસક્રમ પછી તરત જ લેવામાં આવે કે જેથી માર્મિક સ્તર પર પરીક્ષાનો તણાવ યોગ્ય રીતે વિતરિત થાય તણાવની તીવ્રતા ઘટાડી શકાય, ગણિતથી લઈને દરેક વિષય સંબંધિત મૂલ્યાંકન બે સ્તર પર કરવામાં આવે, એક વર્ગ કક્ષાએ અને બીજું ઉચ્ચ કક્ષાએ, કેટલાક વિષયોમાં બ્લેડની પરીક્ષાઓ બે ભાગમાં સખી શકાય એક ભાગમાં બહુવિકલ્પ પ્રશ્નો હોય અને બીજા ભાગમાં વિસ્તૃત ઉત્તરના પ્રશ્નો રાખી શકાય

ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાનમાં રાખીને, એનસીઈઆરટી NCERT દ્વારા મુખ્ય હિતધારકો, જેમ કે એસસીઈઆરટી SCERT, બોર્ડ ઓફ એસેસમેન્ટ (BA), સૂચિત નવા રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર અને શિક્ષકો સાથે પરામર્શના આધારે દિશા નિર્દેશો તૈયાર કરવામાં આવશે જેથી શૈક્ષણિક સત્ર સરરર૩ સુધીમાં એનસીએફએસઇ NCSE ૨૦૨૦-૨૧ ને અનુરૂપ મૂલ્યાંકન પદ્ધતિને સંપૂર્ણ રીતે બદલી શકાય

શાળાના વર્ષો દરમિયાન વિદ્યાર્થીની પ્રગતિની દેખરેખ રાખવા માટે વિદ્યાર્થીઓ, માતાપિતા, શિક્ષકો, આચાર્યો અને સમગ્ર શાળાકીય પ્રણાલીના લાભ માટે, શાળાકીય આયોજન અને અધ્યાપન-અધ્યયન પ્રક્રિયાઓમાં સુધારણા માટે માત્ર ધોરણ ૧૦ અને ૧૨ નાં અંતમાં જ નરી પણ વિદ્યાર્થીઓ ધોરણ ૩, ૫ અને ૮ માં શાળા પરીક્ષા આપશે જે ચોગ્ય ઓથોરિટી દ્વારા લેવામાં આવશે. આ પરીક્ષાઓ પાયાની અધ્યયન નિપજોનું મૂલ્યાંકન કરી, સ્મૃતિ આધારિત ગોખણીયા નાનને બદલે પાયાની સંકલ્પનાઓનું મૂલ્યાંકન, સ્થાનિકથી લઈને રાષ્ટ્રીય સ્તરના અભ્યાસક્રમનું માન અને તેને અનુરૂપ ઉચ્ચ કક્ષાના બધાત્મક કૌશલ્યો જેવા કે નાનની વાસ્તવિક

જીવનમાં ઉપયોગ, વિવેચનાત્મક વિચારણા, સર્જનાત્મક વિચારણા વગેરેનું મૂલ્યાંકન કરવામાં આવશે. ખાસ કરીને ધોરણ 3 ની પરીક્ષા મૂળભૂત સાક્ષરતા, સંખ્યા જ્ઞાન અને અન્ય પાયાની કુશળતાનું પરીક્ષણ કરરો. માળા પરીક્ષાઓના પરિણામોનો ઉપયોગ ફા શાળા શિક્ષણ પ્રણાલીના વિકાસના હેતુ માટે કરવામાં આવશે, ઉપરાંત તેનો ઉપયોગ શાળાઓ દ્વારા તેમના વિદ્યાર્થીઓના પરિણામોની જાહેરાત કરવા માટે, સતત નિરીક્ષણ અને શાળા પ્રણાલીના સુધાર માટે કરવામાં આવશે.

એમએચઆરડી MHRD અંતર્ગત એક પ્રમાણભૂત-નિધારક સમિતિના રૂપમાં એક રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર PARAKTI (ક્ષમગ્ર વિકાસ માટે જ્ઞાનનું પ્રદર્શન મૂલ્યાંકન, સમીક્ષા અને વિશ્લેષણ), સ્થાપિત કરવાનો પ્રસ્તાવ છે જે ભારતના તમામ માન્યતા પ્રાપ્ત શાળા બોર્ડ માટે વિદ્યાર્થી મૂલ્યાકન અને મૂલ્યાંકન માટે માપદંડ, પ્રાણભૂત અને દિશાનિર્દેશ જેવા કેટલાક મૂળ ઉદ્દેશો પૂર્ણ કરશે. સાથેસાથે AAKH સ્ટેટ અચિવમેન્ટ સર્વે (SMS) નું માર્ગદર્શન અને નેશનલ અચિવમેન્ટ સર્વે (NAS)નું પણ સંચાલન કરશે. આ ઉપરાંત દેશમાં અધ્યયનના પરિણામોનું નિરીક્ષણ કરવું, આ નીતિમાં જણાવેલ ઉદ્દેશો મુજબ ૨૧મી સદીના વિવિધ કૌશલ્યોના અધ્યયનની આવશ્યકતાઓને પૂર્ણ કરવા તરફ પોતાની મૂલ્યાંકન પદ્ધતિને બદલવા માટે શાળા બોર્ડની સહાય કરવાની પણ ઉદ્દેશ રહેશે. આ કેન્દ્ર નવી મૂલ્યાંકન પદ્ધતિ સંબંધિત અને નવીનતમ સંશોધન માટે શાળા બોર્ડને પણ સલાહ આપો, શાળાના જુદાજુ દા બોર્ડ વચ્ચે પરસ્પર સંયોગને પ્રોત્સાહન આપશે. જુદા જુદા બોર્ડ એક બીજાની શ્રેષ્ઠ પ્રવૃત્તિઓ અને પ્રક્રિયાઓને જાણે તથા બધાં જ બોર્ડના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિહનું સ્તર સમાન રહે તે માટે રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર, Atik એક માધ્યમ બની રહેશે.

વિશ્વવિદ્યાલય પ્રવેશ પરીક્ષાઓ માટેના સિદ્ધાતો સમાન હશે. રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી (એનટીયો Naktikal Testing Agency) ઉચ્ચ ગુણવત્તાયુક્ત સામાન્ય અભિયોગ્યતા પરીક્ષા, તેમજ વિજ્ઞાન, માનવવિદ્યાઓ, ભાષા, વિવિધ કલાઓ અને વ્યાવસાયિક વિષયોમાં વિશિષ્ટ સામાન્ય વિષયની પરીક્ષાઓ વર્ષમાં ઓછામાં ઓછી બે વખત લેવાનું કામ કરશે. આ પરીક્ષાઓમાં સંકલ્પનાઓની સમજ અને જ્ઞાનના ઉપયોજન કરવાની ક્ષમતાનું પરીક્ષણ કરવામાં આવશે અને આ પરીક્ષાઓ માટે કોચિંગ લેવાની જરૂરિયાતને દૂર કરવા પર ભાર મૂકવામાં આવશે. વિદ્યાર્થીઓ જે વિષ્યમાં પરીક્ષા આપવા માટે ગયે ધરાવે છે તે વિષયોની પસંદગી કરી શકો અને દરેક વિશ્વવિદ્યાલય દરેક વિદ્યાર્થીની વ્યક્તિગત વિષય પોર્ટફોલિયો જોઈ શકરો અને વ્યક્તિગત રૂચિ અને પ્રતિભાના આધારે વિદ્યાર્થીઓને તેમના કાર્યક્રમોમાં પ્રવેશ આપી શકશે. National Testing agrey ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં અનુસ્નાતક અને સ્નાનમાં પ્રવેશ તેમજ ફેલોશિપ માટેની પ્રવેશ પરીક્ષાઓ યોજવા માટે પ્રમુખ, નિષ્ણાત, સ્વાયત્ત પરીક્ષણ સંસ્થા તરીકે સેવા આપશે. એનટીએ NTA પરીક્ષણ સેવાઓની ઉચ્ચ ગુણવત્તા, વિવિધતા અને સુગમતા મોટાભાગના વિશ્વવિદ્યાલયોને આ વિશિષ્ટ પ્રવેશ પરીક્ષાનો ઉપયોગ કરવામાં સક્ષમ બનાવો સેંકડો વિશ્વવિદ્યાલયો દરેક પોતપોતાની પ્રવેશ પરીક્ષાઓ યોજે તેના કરતા એનટીએ NTN દ્વારા આ શ્રમ કરવાી વિદ્યાર્થીઓ વિશ્વવિદ્યાલયો અને કોલેજો તેમજ સમગ્ર શિક્ષણ વ્યવસ્થા પરના ભારણમાં તીવ્ર ઘટાડો થઈ શકશે. NTA મૂલ્યાકનનો ઉપયોગ તેમની પ્રવેશ પરીક્ષા માટે કરવો કે નહીં તે નિર્ણય વ્યક્તિગત વિશ્વવિદ્યાલયો અને મહાવિદ્યાલયો સ્વતંત્ર રીતે લેશે.

દરેક વિદ્યાર્થીમાં જન્મજાત પ્રતિભાઓ હોય છે, જેને શોધવી જોઈએ, તેનું પોષણ કરવું જોઈએ, તેને પ્રોત્સાહન આપવું જોઈએ અને તેનો વિકાસ કરવો જોઇએ. આ પ્રતિભાઓ વ્યક્તિની વિવિધ રુચિઓ, સ્વભાવ અને ક્ષમતાઓ રૂપે વ્યક્ત થતી હોય છે, જે વિદ્યાર્થીઓ છાપેલ ક્ષેત્રમાં ખાસ કરીને વિશેષ રુચિ અને ક્ષમતા દર્શાવે છે, તેને સામાન્ય શાળાના અભ્યાસક્રમની બાર પણ અભ્યાસ કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. શિક્ષક પ્રશિક્ષણમાં વિદ્યાર્થીઓની પ્રતિમાઓ અને રચિઓની ઓળખ અને તેના પ્રોત્સાહન માટેની શિક્ષણ પદ્ધતિઓ સામેલ કરાશે. બ્રેનસીઈઆરટી NCERT અને એનસીટીઈ NCTE આવા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓના શિક્ષણ માટેની માર્ગદર્શિકા વિકસાવશે. બી.એડ્. અભ્યાસક્રમોમાં પણ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓના શિક્ષણમાં વિશેષતાની મંજૂરી આપી શકશે.

શિક્ષકોનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને પુરા અધ્યયન સામગ્રી, માર્ગદર્શન અને પ્રોત્સાન આપીને વર્ગમાં એમની પ્રતિમાને પ્રોત્સાહિત કરવાની રહેશે. વિષય-કેન્દ્રિત અને પ્રોજેક્ટ આધારિત ક્લબ્સ અને વર્તુળો, શાળા સંકુલો, જિલ્લાઓ અને આગળના સ્તરો પર અત્યંત પ્રોત્સાહિત કરવામાં આવશે અને તેમને પૂરી મદદ કરવામાં આવશે. ઉદાહરણ તરીકે, વિજ્ઞાન વર્તુળો, ગણિત વર્તુળો, સંગીત અને નૃત્ય પ્રદર્શન વર્તુળો, ચેસ વર્તુળો, કવિતા વર્તુળો, ભાષા વર્તુળો, નાટક વર્તુળો, ચર્ચ વર્તુળો, રમત વર્તુળો, ઈકો ક્લબ્સ, ખારોગ્ય અને સ્વાસ્થ્ય લખ, યોગા ક્લબ અને બીજા ઘણા વર્તુળોલ રચી શકાય. આ સાથે, વિવિધ વિષયોમાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ ગુણવત્તાવાળા રાષ્ટ્રીય નિવાસી ઉનાળું કાર્યક્રમોને પ્રોત્સાહિત કરવામાં આવશે, જેમાં દેશભરના ખૂબ જ શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ અને

શિક્ષકો, તેમજ સામાજિક આર્થિક રૂપથી વિત સમુદાયના વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ સામેલ કરો, તેમને આકર્ષિત કરવા ચુસ્ત રીતે ગુણવત્તા આધારિત પરંતુ યોગ્ય પ્રવેશ પ્રક્રિયા હશે.

દેશભરમાં વિવિધ વિષયોની લિમ્પિક અને સ્પર્ધાઓનું આયોજન કરાશે, જેમાં શાળાથી લઈને સ્થાનીય અને રાષ્ટ્રીય સ્તર પર જરૂરી સંકલન સાથે એ સુનિશ્ચિત કરવામાં આવશે કે તમામ વિદ્યાર્થીઓ પોતપોતાની લાયકાત અનુસાર જે તે સ્તરે ભાગ લઈ શકે. વ્યાપક ભાગીદારીની ખાતરી કરવા માટે ગ્રામીણ વિસ્તારો અને પ્રાદેશિક ભાષાઓમાં તેને ઉપલબ્ધ કરાવવા માટેના પ્રયાસો કરવામાં આવશે. જાહેર અને ખાનગી વિશ્વવિદ્યાલયો તથા III અને NIT જેવી અગ્રણી સંસ્થાઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિયાડ્ઝ અને અન્ય સબંધિત રાષ્ટ્રીય કાર્યક્રમના પરિણામોના ઉપયોગ પ્રવેશ સંબંધી માપદંડના ભાગરૂપે તેમના સ્નાતક કાર્યક્રમોમાં પ્રવેશ આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

જ્યારે એક વાર ઇન્ટરનેટ જોડાણવાળા સ્માર્ટફોન અથવા ટેબલેટ બધા જ પૌ અને/અથવા શાળાઓમાં ઉપલબ્ધ હશે તો ક્વિઝ, વિવિધ સ્પર્ધાઓ પૂરક અધ્યયન સામગ્રી, મૂલ્યાંકનપત્રો અને સમાન રશૈક્ષણિક અને સહદીક્ષણિક રુચિ ધરાવના લોકોના ઓનલાઇન સમુદાયો સાથે સંપર્ક થઈ શકે તેવી મોબાઇલ એપ્લિકેશન તૈયાર કરવામાં આવશે અને ઉપરોક્ત બધી બાબતોમાં વિકાસનું કાર્ય કરી જેનું માતા-પિતા અને શિક્ષકો દ્વારા યોગ્ય નિરીક્ષણ થશે. તબક્કાવાર રીતે સ્માર્ટ વર્ગખંડો વિકસિત કરાશે જેથી ઓનલાઇન અધ્યાપનશાસ્ત્રનો ઉપયોગ થઈ શકે અને તેના દ્વારા ઓનલાઇન સંસાધનો અને સહયોગની સાથે અધ્યયન અધ્યાપન પ્રક્રિયા વધુ અસરકારક અને ગુણવતાયુક્ત બનાવી શકાય.

### ૪.૨ NEP ૨૦૨૦: ભવિષ્યમાં આવનાર તાલીમી કોલેજોની વ્યવસ્થા

એવી ધારણા સાથે કે શિક્ષકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત સામગ્રી તેમજ શિક્ષણશાસ્ત્ર માં તાલીમની જરૂર પડશે, તે સ્વીકારીને વર્ષ ૨૦૩૦ સુધીમાં શિક્ષકોનું શિક્ષણ ધીમે ધીમે આંતર વિદ્યાશાખાકીય કોલેજો અને વિશ્વવિદ્યાલયોમાં તબદીલ કરવામાં આવશે. જેમ જેમ કોલેજો અને વિશ્વવિદ્યાલયો તમામ બહુવિદ્યાશાખાકીય બનવા તરફ આગળ વધશે ત્યારે તેમનો ઉદ્દેશ શિક્ષણમાં બી.એ., એમ.એડ્. અને પીએચ.ડી.ની ડિગ્રી પ્રદાન કરતા ઉત્કૃષ્ટ શિક્ષણ વિભાગોની સ્થાપનાનો છે.

વર્ષ ૨૦૩૦ સુધીમાં શિક્ષણ માટે લઘુત્તમ પદવી લાયકાત ૪ વર્ષની સંકલિત બી.એડ્.પદવી હશે, જેમાં વિસ્તૃત જ્ઞાનની સામગ્રી અને શિક્ષણની શ્રેણીથી શીખવવામાં આવશે અને સ્થાનિક શાળાઓમાં વિદ્યાર્થી-શિક્ષણના સ્વરૂપમાં મજબૂત વ્યાવહારિક તાલીમનો સમાવેશ થાય છે. જે ચાર વર્ષનો સંકલિત બી.એડ્. કોર્સ ઓફર કરે છે તે બી.એડ.ના ૨ વર્ષના કાર્યક્રમો પણ ઓફર કરશે, જે માત્ર અન્ય વિશિષ્ટ વિષયોમાં સ્નાતક પદવી મેળવનારા લોકો માટે જ હશે. આ બી.એડ્.કાર્યક્રમોને ૧ વર્ષના બી.એડ્. કાર્યક્રમો તરીકે પણ અનુકૂળ રીતે અપનાવી શકાય છે. જેમણે ૪ વર્ષની બહુશાખાકીય સ્નાતક પદવી પૂર્ણ કરી છે અથવા જેમણે વિશેષમાં અનુસ્નાતક પદવી મેળવી છે, તેમને જ પ્રદાન કરવામાં આવશે. આવી તમામ બી.એ.ની ડિગ્રીઓ માન્યતા પ્રાપ્ત બહુશાખાકીય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ દ્વારા જ આપવામાં આવશે, જે ૪ વર્ષના સંકલિત બી,એડ્. કાર્યક્રમો પ્રદાન કરે છે. ચાર વર્ષના વર્ગશિક્ષણના સંકલિત બી,એડ્ કાર્યક્રમ અને ODI મોડ માટે માન્યતા પરી પાડતી. બહુશિસ્તબદ્ધ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અંતરિયાળ અથવા દુર્ગમ સ્થળોએ વિદ્યાર્થીઓને મિશ્રિત અથવા ઓડીએલ ODI મોડમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત બી.એડ્.કાર્યક્રમો પણ આપી શકે છે.

જેના માટે કાર્યક્રમના વ્યાવહારિક પ્રશિક્ષણ અને વિદ્યાર્થીઓના શિક્ષણ ઘટક તથા માર્ગદર્શન હેતુ ઉપર મુજબની નક્કર વ્યવસ્થાઓ કરશે.

બી.એડ્.ના તમામ કાર્યક્રમોમાં શિક્ષણશાસ્ત્રની સમય અને તકનીકોની સાથો-સાથ તાજેતરની પદ્ધતિઓનો કસોટી કરીને સમાવેશ થશે. જેમાં પાયાની સાક્ષરતા અને અંકશાસ્ત્ર, બહુસ્તરીય શિક્ષણ અને મૂલ્યાંકન, વિકલાંગતા ધરાવતા બાળકોને શિક્ષણ, વિશેષ રસ અને ક્ષમતા ધરાવતા બાળકોને શિક્ષણ શૈક્ષણિક તકનીકનો ઉપયોગ અને વિદ્યાર્થી કેન્દ્રિત અને સહયોગાત્મક શિક્ષણનો સમાવેશ થાય છે. બી.એ.ના તમામ કાર્યક્રમોમાં સ્થાનિક શાળાઓમાં જઈને વર્ગખંડ શિક્ષણના વ્યાવહારિક પ્રશિક્ષણના મજબૂત સ્વરૂપનો સમાવેશ થશે. બી.એડ.ના તમામ કાર્યક્રમો વિષયને ભણાવવાની કોઈપણ પ્રક્રિયા દરમ્યાન ભારતીય બંધારણમાં દર્શાવેલ મૂળભૂત ફરજો (અનુચ્છેદ ૫૧૨) અને અન્ય બંધારણીય જોગવાઈઓના પાલન કરવા પર ભાર આપવામાં આવશે. આમાં પર્યાવરણ જાગૃતિ અને

તેના સંરક્ષણ અને સાતત્યપૂર્ણ વિકાસ પ્રત્યે સંવેદનશીલતાને પણ યોગ્ય રીતે જોડવામાં આવશે. જેથી પર્યાવરણનું શિક્ષણ શાળાના અભ્યાસક્રમનું અભિન્ન અંગ બનશે.

ખાસ ટૂંકાગાળાના સ્થાનિક શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમો BITE, DIET અથવા શાળા સંકુલમાં પણ ઉપલબ્ધ થશે. જેનાથી સ્થાનિક વ્યવસાયો, જ્ઞાન અને કૌશલ્યો જેવા કે સ્થાનિક કલા, સંગીત, કૃષિ, વ્યવસાય, રમત, સુથારીકામ અને અન્ય વ્યાવસાયિક કલાઓને પ્રોત્સાહન આપવાના હેતુસર નામના પાત્ર સ્થાનિક વ્યક્તિઓને શાળાઓ અથવા શાળા સંકુલોમાં 'મુખ્ય પ્રશિક્ષક' સ્વરૂપે ભણાવવા માટે નિયુક્ત કરવામાં આવશે.

બહુવિદ્યાશાખાકીય મહાવિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયોમાં બી.એડ.પછીના ટૂંકાગાળાના પ્રમાણપત્ર અભ્યાસક્રમો' પણ વ્યાપકપણે ઉપલબ્ધ કરાવવામાં આવશે, જે શિક્ષણના વિશિષ્ટ ક્ષેત્રોમાં આગળ વધવા ઈચ્છતા હોય તેઓને વિશિષ્ટ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓનું શિક્ષણ અથવા શાળા પ્રણાલીમાં નેતૃત્વ અને વ્યવસ્થાપકના પદ પર કે પાયાનું, પ્રારંભિક, ઉચ્ચતર પ્રાથમિક અને માધ્યમિક સ્તરો વચ્ચે એક સ્તરમાંથી બીજા સ્તરમાં જવા ઈચ્છતા હોય,

એ સ્વીકારવામાં આવ્યું છે કે વિશેષ વિષય શિક્ષણ માટે આંતરરાષ્ટ્રીય સ્તર પર અનેક અધ્યાપનશાસ્ત્ર અભિગમો હોઈ શકે છે. એનસીઈઆરટી NCERT વિભિન્ન વિષયોની શિક્ષણ વિધિઓનું અધ્યયન, સંશોધન, લેખન અને એકીકરણ કરશે. તેમજ ભલામણો કરશે કે આ પૈકી શું શીખીને તેને ભારતમાં વ્યવહારમાં ઉપયોગમાં લેવાતી વિધિઓમાં સામેલ કરી શકાય છે.

વર્ષ ૨૦૨૧ સુધીમાં એનસીટીઈ NCTE દ્વારા એનસીઈઆરટી NCERT સાથે પરામર્શ કરી નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ના સિદ્ધાંતોના આધાર પર એક નવી અને વિસ્તૃત શિક્ષક પ્રશિક્ષણના હેતુસર રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા એનસીએફટીઈ NCFTE ૨૦૨૧ માં તૈયાર કરવામાં આવશે. આ માળખું રાજ્ય સરકારો, કેન્દ્ર સરકારના સંબંધિત મંત્રાલયો/ વિભાગો અને વિવિધ નિષ્ણાત સંસ્થાઓ સહિત તમામ હિતધારકો સાથે ચર્ચા બાદ વિકસાવવામાં આવશે. અને તમામ પ્રાદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ આવશે. એનસીએફટીઈ NCFTE ૨૦૨૧ માં વ્યાવસાયિક શિક્ષણ માટે શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમની અપેક્ષાઓને પણ ધ્યાનમાં રાખવામાં આવશે. ત્યારબાદ સંશોધિત NCF માં પરિવર્તન અને શિક્ષક પ્રશિક્ષણની નવીન અપેક્ષાઓને દર્શાવતા એનસીએફટીઈ NCFTEમાં દર ૫-૧૦ વર્ષમાં સંશોધન કરવામાં આવશે.

છેવટે, શિક્ષક પ્રશિક્ષણ વ્યવસ્થાની પ્રામાણિકતાને સંપૂર્ણપણે જાળવી રાખવા દેશમાં ચલાવવામાં આવતા સબસ્ટાન્ડર્ડ સ્ટેન્ડ-અલોન ટીચર સંસ્થાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે, જેમાં જરૂર પડ્યે તેમને બંધ કરવાનો પણ સમાવેશ થાય છે.

### ૪.૩ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ (અર્થ,જરૂરિયાત,કલમો)

**પ્રાસ્તાવિક :**

ઈ.સ. 1947માં આપણે સ્વતંત્ર થયા ત્યારે ભારતનો સાક્ષરતા દર 12 ટકા હતો, જે ઈ.સ. 2011માં 74.04 ટકા થયો છે. આમ ભારતની કુલ વસતિના 26 ટકા લોકો એટલે કે લગભગ 26 કરોડ લોકો નિરક્ષર છે, જે લખી–વાંચી શકતા નથી, બંધારણની કલમ 45માં આપણે 6 થી 14 વર્ષનાં તમામ બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ આપવાનું સ્વીકાર્યું હતું. પરંતુ હજુ પણ 6 થી 14 વયની વયજૂથનાં તમામ બાળકોને શાળામાં લાવી શકાયાં નથી. આ માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે ઘણા પ્રયાસો કર્યા હોવા છતાં હજુ આ ધ્યેય સિદ્ધ થઈ શક્યું નથી. મધ્યાહ્ન ભોજન યોજના, ઓપરેશન રોક બોર્ડ, પછાત વર્ગના અને આદિવાસી બાળકોને શિષ્યવૃત્તિઓ, કન્યાઓને વિશિષ્ટ સુવિધાઓ, મ પાત્રપુસ્તકો, મત ગાવે, આશ્રમશાળાઓ, કન્યાઓ માટે છાત્રાલયો, પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમો અને છેલ્લે ભારતનાં વિવિધ રાજયોમાં પ્રારંભમાં પસંદગીના જિલ્લાઓ અને ત્યાર પછી તમામ જિલ્લાઓ DPEP યોજના અમલમાં મૂકી. આમ, બંધરાની ક્લમ 45 અનુસાર 6 થી 14 વર્ષની વર્ષનો તમામ બાળકોને શાળામાં લાવવા સરકારે ઘણા પ્રયાસો કર્યા છે. આમાં મોટો અવરોધ સમાજની જાગૃતિનો અભાવ છે એટલે જ કેન્દ્ર સરકારે ફરજિયાત અને નિશુલ્ક શિક્ષણ માટે પાર્લમેન્ટમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ (RTE) પસાર કર્યો.

**ભારતના બંધારણમાં જોગવાઈ**

ભારત સરકારના બંધારણની કલમ -15 મુજબ 6 થી 14 વર્ષની વયજૂથનાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષા પ્રાપ્ત થવું જોઈએ. જો માતા-પિતા બાળકને શાળામાં જતું અટકાવે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી થઈ શકે. પરંતુ આ કલમ અસરકારક અમલી બની નહીં, ગરીબી, નિર્વાહ માટે ભટકતુ જીવન ગાળતી જાતિઓ, આદિવાસીઓ, વિચરતી જાતિઓમાં ઘણાં બાળકોએ શાળાનું પગથિયું પણ થયું નથી.

આ સ્થિતિ નિવારવા અને કડક કાયદાકીય જોગવાઈ કરતો ધારો – રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ 2009માં પાર્લામેન્ટ પસાર કર્યો. તે અધિનિયમ 26 ઑગસ્ટ, 2009ના રોજ પ્રસિદ્ધ થયો, અને 1-14–2010 થી અમલી બન્યો છે.

આ નિયમ બાળકોને નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ અધિકાર નિયમ-2009 તરીકે ઓળખાય છે. આ અધિનિયમ જમ્મુ અને કાશ્મીર સિવાયનાં ભારતનાં તમામ રાજ્યોને લાગુ પડે છે.

**શિક્ષણહક્કો વિધેયક** :

બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અધિનિયમ – 2009

- 26મી ઓગસ્ટ - 2009 → રાષ્ટ્રપતિની બહાલી
- 27મી ઑગસ્ટ - 2009 → જનહિત માટે પ્રકાશિત
- કુલ પ્રકરણ - 7
- કુલ ક્લો – 38

| પ્રકરણ | કલમ | જોગવાઈઓ |
|---|---|---|
| 1. | 1 થી 2 | ટૂંકું શીર્ષક વ્યાપ અને પ્રારંભ અને વ્યાખ્યાઓ |
| 2. | 3 થી 5 | મફત અને ફરજિયાત શિક્ષણનો હક, પ્રવેશ અને શિક્ષણ માટે ખાસ જોગવાઈ, શાળાબદલીનો હક |
| 3. | 6 થી 11 | સરકાર સ્થાનિક સત્તાતંત્ર અને માતા-પિતાની ફરજો |
| 4. | 12 થી 28 | શાળા અને શિક્ષકોની જવાબદારીઓ |
| 5. | 29 થી 30 | અભ્યાસક્રમ અને પ્રાથમિક શિક્ષણ પૂરું કરવું. |
| 6. | 31 થી 34 | બાળકોના હક્કનું રક્ષણ |
| 7. | 35 થી 38 | પ્રકીર્ણ |

**પ્રકરણ - 1 પ્રારંભિક**

- શીર્ષક : આ અધિનિયમને બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ – 2009 કહેવામાં આવશે.
- વિવિધ વ્યાખ્યાઓ - દાખલા તરીકે... બાળક – 6 થી 14 વર્ષનો છોકરો અથવા છોકરી
- બાળકોના હકના રક્ષણ માટેનો રાષ્ટ્રીય આયોગ : એટલે બાળકોના હકના રક્ષણ માટેના આયોગ સમિનિયમ, 2005 (2006નો ચોથો)ની કલમ - 3 નીચે રચાયેલ બાળકોના હકના રક્ષણ માટેનો રાષ્ટ્રીય આયોગ.

**પ્રકરણ - 2 મફત અને ફરજિયાત શિક્ષણનો હક**

- 6 થી 14 વર્ષની ઉંમર
- પ્રવેશ ન અપાયેલ અથવા જેમણે પ્રાથમિક શિક્ષણ પૂરું ન કર્યું હોય તેવાં બાળકો માટે ખાસ યુવાઓ (ઉંમરને અનુરૂપ વર્ગમાં પ્રવેશ આપવો.)
- બીજી શાળામાં બદલી મેળવવાનો હક (બદલી પ્રમાણપત્ર/શાળાના મુખ્ય શિક્ષક બદલી પ્રમાણપત્ર કાઢી આપશે, વિલંબ કરનાર મુખ્ય શિક્ષક સામે શિસ્ત વિષયક પગલાં લઈ શકાશે.)

**પ્રકરણ - 3 યોગ્ય સરકાર, સ્થાનિક સત્તાતંત્ર અને માતા-પિતાની ફરજો**

**યોગ્ય સરકારની ફરજો** :

- શાળા સ્થાપવા માટે યોગ્ય સરકાર અને સ્થાનિક સત્તાતંત્રની ફરજો.
- આ અધિનિયમની શરૂઆતથી ત્રણ વર્ષની અંદર આવી શાળા સ્થપાઈ ન હોય તેવા વિસ્તાર અથવા નજીકની મર્યાદાની અંદર યોગ્ય સરકાર અને સ્થાનિક સત્તાતંત્ર શાળા સ્થપાશે.
- નાણાંકીય અને બીજી જવાબદારીઓનું વિભાજન
- આ અધિનિયમના અમલ માટે નાણાં પૂરાં પાડવાની કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની સહવર્તી જવાબદારી રહેશે.
- કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું વિકસાવશે.
- યોગ્ય સરકાર પ્રાથમિક શિક્ષણના કાર્યક્રમ અને અભ્યાસક્રમ અનુસાર સમયસર નિયત કરશે.
- શિક્ષકો માટે તાલીમની સગવડ પૂરી પાડશે.

**સ્થાનિક સત્તાતંત્રની ફરજો** :

- દરેક બાળકને મહત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવું.
- શાળાના મકાન સહિત આધાર માળખું, શૈક્ષણિક સ્ટાફ અને ભળવાની સામગ્રી પૂરી પાડી.
- સ્થળાંતરિત કુટુંબોના બાળકોને પ્રવેશ નિશ્ચિત કરી આપવો.
- શૈક્ષણિક કેલેન્ડર નક્કી કરવું.
- ત્રણ વર્ષથી ઉપરની વયનાં બાળકોને મફત પૂર્વશાળા શિક્ષણ પૂરું પાડવા માટે યોગ્ય સરકાર જરૂરી વ્યવસ્થા કરશે.

**માતા-પિતાની ફરજો** :

- પોતાના બાળક અથવા પાલ્યને નજીકની શાળામાં પ્રવેશ આપવા અથવા અપાવવાની ફરજ દરેક માતા-પિતાની રહેશે.

**પ્રકરણ 4 શાળા અને શિક્ષકની જવાબદારીઓ**

- પ્રવેશ માટે ઉંમરની સાબિતી (જન્મ-પ્રમાણપત્ર)
- પ્રવેશની ના પાડવી નહીં
- રોકી રાખવા અને કાઢી મૂકવાની મનાઈ
- બાળકોને શારીરિક દિશા અને માનસિક કનડગત ઉપર પ્રતિબંધ
- માન્યતા પ્રમાણપત્ર મેળવ્યા સિવાય કોઈ શાળા સ્થાપવી નહિ
- શાળા માટેનાં ધોરણ અને માપદંડ
- અનુસૂચિ સુધારવાની સત્તા

**શાળાવ્યવસ્થા સમિતિ** :

- સ્થાનિક સત્તાતંત્રના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને શાળામાં દાખલ કરેલાં બાળકોનાં માતા-િ અથા વાલી અને સિકોની બનેલી શાળા વ્યવસ્થા સમિતિ.
- 25% સભ્યો દાખલ કરેલાં બાળકોના માતા-પિતા અથવા વાલી રહેશે. પરંતુ, વધુમાં વંચિત જૂથ અને નબા ભાગના બાકીનાં માતા-પિતા અથવા વાલી રહેશે.
- આ સમિતિના 50 ટકા સભ્યો સીઓ હેશે.

**શાળાવ્યવસ્થા સમિતિનાં કાર્યો** :

- શાળાઓની કામગીરી પર દેખરેખ અને નિયંત્રળ રાખવું.
- શાળા વિકાસ યોજના તૈયાર કરી તેની ભલામણો કરવી.
- શાળાને મળેલી ગ્રાન્ટના ઉપયોગ પર દેખરેખ, નિયંત્રણ રાખવું.
- શિક્ષકોની ફરજો અને ફરિયાદોનું નિરાકરણ
- શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવી
- શિક્ષકોને બિન-શૈક્ષણિક હેતુ માટે મુકવા ઉપર પ્રતિબંધ.
- શિક્ષકોના ખાનગી ટ્યુશન ઉપર પ્રતિબંધ.

**પ્રકરણ - 5 અભ્યાસક્રમ અને પ્રાથમિક શિક્ષણ પૂરું કરવું**

- અભ્યાસક્રમ અને મૂલ્યાંકન કાર્ય-પદ્ધતિ (સતત સર્વગ્રાહી મૂલ્યાંકન)
- પરીક્ષા અને અભ્યાસ પૂરું કર્યાનું પ્રમાણપત્ર
- બાળકે પ્રાથમિક શિક્ષણ પૂરું થતા સુધીમાં બોર્ડની કોઈ પરીક્ષા પાસ કરવાની રહેશે નહીં
- પ્રાથમિક શિક્ષણ પૂરું કરનાર દરેક બાળકને નિયત કરવામાં આવે તેવા સ્વરૂપમાં પ્રમાણપત્ર આપવામાં આવશે.

**પ્રકરણ - 6 બાળકોના હકોનું રક્ષણ**

- બાળકોના શિક્ષણના હક પર દેખરેખ-નિયંત્રણ (હકોના રક્ષણ માટે રાજ્ય આયોગ)
- ફરિયાદ-નિવારણ (બાળકોના હકો માટે લેખિત ફરિયાદ સત્તાતંત્ર પક્ષકારને સાંભળવાની યોગ્ય તર્ક આપ્યા પછી ત્રણ મહિનાની અંદર તે બાબત નક્કી કરશે.)
- સ્થાનિક સત્તાતંત્રના નિર્ણયથી નારાજ થયેલી વ્યક્તિ, બાળકના હકના રક્ષણ માટેના રાજ્ય આયોગમાં અપીલ કરી શકશે.

**બાળકોના હકોના રક્ષણ માટે રાષ્ટ્રીય સલાહકાર પરિષદની રચના**

- પરિષદના ચેરપર્સન તરીકે માન. શિક્ષણમંત્રીશ્રી અને અન્ય 14 સભ્યોની કમિટી રહેશે.
- પ્રાથમિક શિક્ષણ અને બાળવિકાસમાં અનુભવી વ્યક્તિઓની અન્ય સભ્યો તરીકે નિમણૂક રાજય સરકાર કરશે.
- કુલ સભ્યોમાં 50 ટકા મહિલા અને 4 સભ્યો SC/ST ના રહેશે.
- SAC ને રાજ્ય શિક્ષણ વિભાગ જરૂરી સુવિધાઓ પૂરી પાડશે.
- પરિષદ ૩ માસમાં ઓછામાં ઓછી એક મિટિંગ કરશે.

**પ્રકરણ - 7 પ્રકીર્ણ**

- માર્ગદર્શક સૂચનાઓ આપવાની સત્તા
- ફોજદારી કાર્યવાહી (Prosecution) માટે પૂર્વ મંજૂરી
- શુભ આશયથી લીધેલાં પગલાં અંગે રક્ષણ.
- નિયમો બનાવવા માટે સરકારને સત્તા.

**૪.૪ RTE અંતર્ગત પ્રવેશની પ્રક્રિયાનો પરિચય**

**પ્રવેશ અને બદલી** :

- પ્રવેશ પ્રક્રિયામાં બાળકની ઉંમર માટે જન્મ પ્રમાણપત્ર અથવા અન્ય આધાર માન્ય ગણાશે.
- ઉંમરના પૂરાવાના અભાવે બાળકને પ્રવેશથી વંચિત રાખી શકાશે નહીં તથા સ્ત્રીની શરૂઆત રવા છતાં પણ પ્રવેશથી વિંચત રાખી શકાશે નહીં.
- બાળકની ઇચ્છાનુસાર તેને સ્થાનિક અથવા રાજ્ય કક્ષાએ શાળા બદલવાનો અધિકાર રહેશે.
- ફેરબદલી પ્રમાણપત્ર કાઢી આપવામાં વિલંબ કરનાર મુખ્ય શિક્ષક અથવા શાળાના પ્રભારી સામે તેમને લાગુ પડતા સેવા નિયમોનુસાર શિસ્ત વિધાયક પગલાં લઈ શકાશે.

**મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો હક્ક** :

- 6 થી 14 વર્ષની ઉંમરના દરેક બાળકોને તેની નજીકની શાળામાં પ્રાથમિક શિક્ષણ પૂરું થતાં સુધી મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો હક્ક રહેશે.
- સરકારશ્રી એ વાતની ખાત્રી કરશે કે, ફરજીયાત શિક્ષણનો લાભ તમામ બાળકોને મળે. તમામ એટલે કે વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો જેવાં કે માનસિક ક્ષતિ, માનસિક બીમારી, નેત્રહીન અને શ્રવણમંદને પણ આ અધિકાર મળવો જોઈએ.
- કોઈપણ ભાળકને શારીરિક શિક્ષા અથવા માનસિક કનડગત કરાશે નહીં.
- 6થી 14 વધુ ઉંમરના કોઈ ભાળકને શાળામાં પ્રવેશ ન અપાયો હોય અથવા પ્રવેશ અપાયા છતાં તે તેનું પ્રાથમિક શિક્ષણ પૂરું ન કરી શક્યો હોય તેને તેની ઉંમરને અનુરૂપ વર્ગમાં પ્રવેશ આપવામાં આવશે પરંતુ બાળકને તેની ઉંમર મુજબના વર્ગમાં પ્રત્યક્ષ પ્રવેશ અપાયો હોય ત્યાં તે બીજા સાથે સમાન રહી શકે તે માટે નિયત કરવામાં આવે તેવી રીતે એ તેવી મર્યાદાની અંદર ખાસ તાલીમ મેળવવાનો હક્ક રહેશે.
- શાળામાં દાખલ કરેલ કોઈ પણ બાળકને પ્રારંભિક શિક્ષણ પૂરું થતા સુધીમાં કોઈપણ ધોરણમાં બાળક રોકી શકાશે અથવા કાઢી મૂકી શકાશે નહીં.
- પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ અપાયેલ બાળક 14 વર્ષ પછી પણ પ્રાથમિક શિક્ષણ પૂરું કરતાં સુધી મફત શિક્ષણને પાત્ર રહેશે.
- પ્રાથમિક શિક્ષણ પૂરું કરનાર દરેક બાળકને નિયત કરવામાં આવે તેવા સ્વરૂપમાં તેવી રીતે પ્રમાણપત્ર આપવામાં આવશે.
- સુવિધાઓનો અમલ નહીં કરનાર જવાબદાર અધિકાર સેવાકીય નિયમાનુસાર શિસ્તભંગનાં પગલાં માટે જવાબદાર રહેશે.

**અભ્યાસક્રમ અને માન્યતા** :

- યોગ્ય સરકાર (કેન્દ્ર અથવા રાજ્ય) પ્રાથમિક શિક્ષણ માટેનો અભ્યાસક્રમ અને મૂલ્યાંકન કાર્યપદ્ધ વિકસાવવા માટે પોતાની શૈક્ષણિક જવાબદારી નિભાવશે.
- શૈક્ષણિક જવાબદારી નિભાવનાર તંત્ર અભ્યાસક્રમ વિશ્વાસ સમયે બંધારણીય જોગવાઈ બાળકેન્દ્રીય અને સુરક્ષિત શિક્ષણ તથા માતૃભાષાના ઉપયોગને ધ્યાનમાં રાખશો.
- ધારો જણાવે છે કે, તમામ શાળાઓ વિદ્યાર્થી-શિક્ષકનો ગુણોત્તર જળવાય તે નિશ્ચિત કરશે. તમામ ખાનગી શાળાઓ ભૌતિક સુવિધા અને શિક્ષક નિયમોનું પાલન કરશે, જેના ભંગ સ્વરૂપે તેઓની માન્યતા રદ થશે તથા થાળા બંધ કરવી પડશે.
- નિયમોની પૂર્તિ નહીં કરનાર શાળાઓને સ્થાપના અથવા માન્યતા પ્રાપ્ત કરી શકાશે નહીં. હાલમાં ચાલુ શાળાઓએ ત્રણ વર્ષમાં નિયમોની પૂર્તિ કરવાની રહેશે.

- શાળાઓની રજૂઆત સંભાળ્યા બાદ માન્યતા પછી ખેંચવાના નિર્ણયરૂપે સજા તરીકે રૂ. એક લાખ સુધીનો દંડ અને સતત ભૂલ બદલ રોજના દસ હજાર રૂપિયા લેખે જોગવાઈ રહેશે.

**ફરિયાદ :**

- બાળ અધિકાર રક્ષણ વિશેની રાષ્ટ્રીય સમિતિ ગારામાં ઉપલબ્ધ અધિકારોની ફેરતપાસણી કરશે. ફરિયાદોનું નિવારણ કરશે તથા તેને સિવિલ કોર્ટમાં પડકાર કરવાનો અધિકાર રહેશે.
- ફી લેવાના મામલે સરકારશ્રીના અધિકૃત અધિકારીશ્રીના માન્યતા મેળવવાની રહેશે.
- ફરિયાદ કરનાર કોઈપણ વ્યક્તિ સ્થાનિક સત્તાતંત્રને લેખિતમાં ફરિયાદ કરશે તથા સ્થાનિક સત્તાતંત્ર વહેલામાં વહેલી તકે તેનું નિવારણ કરશે. જેમાં સ્ટેટ કમિશનર અથવા નિતિ જવાબદાર તંત્ર ભાગ ભજવશે.

**આર્થિક જવાબદારી :**

- ધારી જણાવે છે કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર સંયુક્તપણે નાણાકીય જવાબદારી સંભાળશે.
- કેન્દ્ર સરકાર ખર્ચનો અંદાજ તૈયાર કરી રાજય સરકાર સાથે સંમતિ કેળવી રાજ્ય સરકારને ખર્ચના અમુક ટકા રકમ પૂરી પાડશે.
- ધારાના અમલ માટે કેન્દ્ર સરકાર નાણાકીય નિગમને વધારાની જરૂરિયાત માટે મદદરૂપી પાડવા માટે ભલામણ કરી શકશે.

**બાળકો માટે કરવામાં આવેલી જોગવાઈઓ :**

- શિક્ષણ મેળવવું એ દરેક બાળકનો અધિકાર છે.

- બાળકને નજીકની શાળામાં પ્રવેશ આપવો.

- બાળકને વયકક્ષા મુજબ ધોરણમાં પ્રવેશ મળશે, (દા.ત., કોઈ બાળક 6 વર્ષનું હોય તો તેને ધોરણ 1 માં 7 વર્ષનું હોય તો તેને ધોરણ 2 માં પ્રવેશ, 8 વર્ષનું હોય તો ધોરણ 3માં પ્રવેશ આમ ઉંભર મુજબ પ્રવેશ મળશે.)

- બાળકને કથા મુજબનું મિથ્સ આપવા માટે વિશેષ શિક્ષણ આપી જે તે કક્ષા અનુસાર સ્તર પર લાવવામાં આવશે. (શિક્ષણ ત્રણ મહિના કે રાજય સરકાર દ્વારા નક્કી કરેલ સમય સુધી રહેશે.)

- પ્રત્યેક ભાગને T. C. - (Transfer Certificate) પ્રાપ્ત કરવાનો અને કોઈપણ શાળામાં પ્રવેશ મેળવવાનો અધિકાર છે. TCC ના અભાવમાં બાળકને પ્રવેશથી વંચિત રાખી શકાશે નહીં અને જે શાળા TC. ના આપે તેના વિરુદ્ધ એવા નિયમો આધીન કાયદાકીય કાર્યવાહી થઈ શકે.
- પ્રત્યેક બાળક માટે પ્રાથમિક શિક્ષણ માટે 1 કિમીના અંતરમાં અને ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ માટે 3 કિમી અંતરમાં શાળા હશે. તેની જોગવાઈ રાજ્ય કક્ષાએ ત્રણ વર્ષ સુધીમાં કરવી.
- પ્રવેશ મેળવવા માટે જન્મનો દાખલો ન હોય તો પણ પ્રવેશ આપવો. બાળકની ઉંમરની સાબિતીના અભાવે શાળામાં પ્રવેશનો ઈન્કાર કરી શકાશે નહીં.
- 3 થી 6 વર્ષના બાળકોને પ્રાથમિક શિક્ષણ માટે તૈયાર કરવા માટે પ્રારંભિક શિક્ષાની વ્યવસ્થા ઊભી કરવી.
- Disadvantaged group & weaker section ના બાળકો નજીકની શાળામાં (અનુદાનિત / ગેર / બિનઅનુદાનિત) શાળામાં નિઃશુલ્ક પ્રવેશ મેળવી શકશે. કોઈપણ શાળાને કુલ નામાંકનના 25%ની સંખ્યા જેટલાં વિચતત્ત્વનાં બાળકોને પ્રવેશ આપવાનો છે.
- બાળકોનો શાળામાં પ્રવેશ રાજ્ય સરકાર દ્વારા નિશ્ચિત સમય થિંદા અથવા જરૂરિયાત મુજબ વર્ષપર્યન્ત પણ કરી શકશે.

- કોઈપણ બાળકને પ્રાથમિક શિક્ષણ (1 થી 8) દરમિયાન સુધી નાપાસ કરી શકાશે નહીં.
- બાળકોને શારીરિક, માનસિક ઇત્યાદિ કોઈપણ પ્રકારની સજા કરી શકાશે નહીં.
- બાળકોને તેમની રુચિ, સ્તર અને ગતિ અનુરૂપ કાર્ય કરવાની તક મળશે.
- બાળક પ્રાથમિક શિક્ષણ પૂરું કરે ત્યાં સુધીમાં બોર્ડની કોઈપણ પરીક્ષા પાસ કરવાની રહેશે નહીં.
- શિક્ષણનું માધ્યમ શક્ય હોય ત્યાં સુધી માતૃભાષામાં હશે.

**શિક્ષકો માટે કરવામાં આવેલી જોગવાઈઓ :**

- શિક્ષક કૌશલ્યપૂર્ણ હશે.
- શિક્ષકો નિર્ધારિત યોગ્યતા ધરાવતા જ હશે.
- શિક્ષકોએ નીચે મુજબનો મુખ્ય કાર્યો કરવાનાં રહેશે.

ü નિયમિતતા અને સમય જાળવવો.
ü પાઠ્યક્રમ નક્કી કરેલ સમયમર્યાદામાં પૂરો કરવો.
ü પ્રત્યેક બાળકના સ્તર અને ગતિ મુજબ જાળવું, નોંધવું અને શિક્ષણની યોજના બનાવવી
ü આવશ્યકતા અનુસાર વિશેષ વર્ગોનું આયોજન કરવું
ü વાલીઓને બાળકની નિયમિતતા અને પ્રગતિની માહિતી આપવી.
ü સરકાર દ્વારા નિશ્ચિત અન્ય શૈક્ષણિક કાર્યો કરવાં,
ü શિક્ષકની સમસ્યાઓનું નિશ્ચિત સમયમર્યાદામાં નિરાકરણ.
ü શિક્ષકની વસતિ ગણતરી, કુદરતી આફતો સમયે રાહતકાર્ય અને ચૂંટી સંદર્ભની કામગીરિ સિવાયની અન્ય કામગીરીથી મુક્ત કરવા.
ü શિક્ષક ટ્યુશન / પ્રાઈવેટ કોચિંગ કરી શકશે નહીં.

**સરકારી સત્તા અને સમિતિઓ :**

- ધારો સ્થાનિક સત્તાતંત્ર તથા કેન્દ્ર સરકારની કામગીરીની ફરજો દર્શાવે છે.
- કેન્દ્ર સરકારે બાળક-વિકાસ અને પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કાર્યરત એવા પંદર સભ્યોની રાષ્ટ્રીય સલાહકાર સમિતીની રચના કરવાની રહેશે.
- સમિતિ કાયદાના અમલ અંગે સરકારશ્રીને ભલામણ કરશે.

**સમુદાય / વાલી / S.M.C. માટે કરવામાં આવેલી જોગવાઈઓ :**

- પ્રત્યેક વાલીની જવાબદારી રહેશે કે પોતાના બાળકનો શાળામાં પ્રવેશ કરાવે અને શાળામાં નિયમિત મોકલશે.
- શાળામાં School Marutgement Committee (S.M.C.) ની રચના થશે, જેમાં ¾ સભ્યો બાળકોના વાલીઓ હશે.
- Weaker Section / પછાત વર્ગનાં બાળકોના માતા-પિતાની તેમની સંખ્યાના પ્રમાણમાં અનુપાતમાં ભાગીદારી રહેશે.
- 50% મહિલાઓ હશે.
- S.M.C. શાળાના કાર્યોની દેખરેખ રાખશે.
- પ્રાપ્ત ગ્રાન્ટનો ખર્ચ કરશે અને મોનિટરિંગ પણ કરશે.
- SM.C. શાળાની વિકાસ યોજના તૈયાર કરશે.

**પ્રશાસન માટે કરવામાં આવેલી જોગવાઈઓ :**

- રાજ્યકક્ષા ભાળકો માટે નજીકના સ્થળોમાં શાળાઓ ઉપલબ્ધ કરાવશે.
- બાળકોમાં જાતિ, લિંગ અનુસાર કોઈ ભેદભાવ ન હોય અને પ્રાથમિક શિક્ષણ પૂરું કરવામાં કોઈ બાધા ન હોય તેની જવાબદારી રાજ્ય સરકારની રહેશે.
- ભૌતિક અને માનવીય સુવિધાઓની ઉપધિ કરાવવી.

- ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણ સુનિશ્ચિત કરવું.
- શિક્ષકોની પ્રશિક્ષા સુવિધા પૂરી પાડવી.
- સ્થળાંતરિત (Migrated) બાળકોનો પ્રવેશ સુનિશ્ચિત કરવો.
- અધિકારીએ શાળામાં મોનિટરિંગ કરવું.
- શૈક્ષણિક કેલેન્ડર તૈયાર કરવું.

**પ્રાથમિક શિક્ષણ માટેનો પાઠ્યક્રમ અને મૂલ્યાંકન પ્રક્રિયા** :

- પાઠ્યક્રમ અને મૂલ્યાંકન પ્રક્રિયા સંવિધાન સંદર્ભિત મૂલ્યો પર આધારિત હોવી જોઈએ.
- બાળકોનો સર્વાંગી વિકાસ થાય
- બાળકોમાં જ્ઞાન, અંતઃશક્તિ અને યોગ્યતાનું નિર્માણ થાય.
- બાળકોની માનસિક અને શારીરિક ક્ષમતાઓના વધુમાં વધુ વિકાસનો અવકાશ હોય.
- શીખવા-શીખવવાની પ્રક્રિયા બાળકને અનુરૂપ પ્રવૃત્તિ આધારિત હશે.
- શિક્ષણનું માધ્યમ માતૃભાષા આધારિત હશે.
- શાળામાં ભયમુક્ત વાતાવરણ હશે. જેથી બાળકો સમજી-વિચારીને નિર્ણય લઈ શકે.
- શિક્ષણ પ્રક્રિયા દરમિયાન જ સતત સર્વગ્રાહી મૂલ્યાંકન (C.C.E.) થશે.

**અન્ય** :

- કોઈપણ શાળા પ્રવેશ પરીક્ષા લઈ શકશે નહીં. જો આવું થાય તો પ્રથમ વખતે રૂપિયા 25,000 /- નો દંડ અને બીજી વાર કરે તો રૂપિયા 50,000/- નો દંડ અને ત્રીજી વાર કરે તો એ શાળાની માન્યતા રદ થશે.
- કોઈપણ શાળા દ્વારા પ્રવેશ ફી લેવામાં આવશે નહીં. પ્રવેશ ફી લેવા બદલ દસ ગણી રકમ દંડ સ્વરૂપે લેવામાં આવશે. (ખાનગી શાળાઓમાં આ પ્રાવધાન રાજય સરકાર દ્વારા નીતિ-નિયમો અનુસાર લાગુ કરવામાં આવશે.)
- પ્રત્યેક ખાનગી શાળાએ સરકાર તરફથી માન્યતાનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. માન્યતા ન લેવા પર અથવા માપદંડ પુરા ન કરવા બદલ શાળાની માન્યતા રદ કરવામાં આવશે.